नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# આગમ- ૧

## આચાર

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]


'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ-૧

**नमो नमो निम्मलदंसणस्स**

**बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:**

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૧) આચાર

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉo દીપરત્નસાગર **[M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]**

**Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397**

**Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in**

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र- | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र- | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र- | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | --- | --------------- | ----- |

# આગમસૂત્ર- ૧ 'આચાર'

## અંગસૂત્ર- ૧ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | શ્રુતસ્કંધ- ૧ | ૦૦૬ | | શ્રુતસ્કંધ– ૨ | --- |
| ૦૧ | અધ્યયન-૧- શસ્ત્રપરિજ્ઞા | ૦૦૬ | ૧૩ | અધ્યયન–૪– ભાસજ્ઞાત | ૦૮૭ |
| ૦૨ | અધ્યયન-૨- લોકવિજય | ૦૧૪ | ૧૪ | અધ્યયન–૫– વસ્ત્રૈષણા | ૦૯૧ |
| 03 | અધ્યયન-૩- શીતોષ્ણીય | ૦૨૨ | ૧૫ | અધ્યયન–૬– પાત્રૈષણા | ૦૯૫ |
| ૦૪ | અધ્યયન-૪- સમ્યક્ત્વ | ૦૨૭ | ૧૬ | અધ્યયન–૭– અવગ્રહપ્રતિમા | ૦૯૭ |
| ૦૫ | અધ્યયન- ૫– લોકસાર | ૦૩૦ | ૧૭ | અધ્યયન–૮– સ્થાન | ૧૦૦ |
| ૦૬ | અધ્યયન –૬– ધૃત | ૦૩૬ | ૧૮ | અધ્યયન–૯– નૈષેધિકી | ૧૦૧ |
| ૦૭ | અધ્યયન–૭– વિચ્છેદ થયેલ છે, | ૦૪૦ | ૧૯ | અધ્યયન–૧૦– ઉચ્ચારપ્રસ્રવણ | ૧૦૨ |
| ૦૮ | અધ્યયન–૮– વિમોક્ષ | ૦૪૧ | ૨૦ | અધ્યયન–૧૧– શબ્દ | ૧૦૪ |
| ૦૯ | અધ્યયન–૯– ઉપધાનશ્રુત | ૦૫૦ | ૨૧ | અધ્યયન–૧૨– રૂપ | ૧૦૫ |
| | શ્રુતસ્કંધ– ૨ | ૦૫૭ | ૨૨ | અધ્યયન–૧૩– પરક્રિયા | ૧૦૬ |
| ૧૦ | અધ્યયન–૧– પિંડૈષણા | ૦૫૭ | ૨૩ | અધ્યયન–૧૪– અન્યોન્યક્રિયા | ૧૦૭ |
| ૧૧ | અધ્યયન–૨– શય્યા | ૦૭૩ | ૨૪ | અધ્યયન–૧૫– ભાવના | ૧૦૮ |
| ૧૨ | અધ્યયન–૩– ઈર્યા | ૦૮૧ | ૨૫ | અધ્યયન–૧૬– વિમુક્તિ | ૧૧૮ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય–સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્ર | સાહિત્ય નામ | ભ | ક્ર | સાહિત્ય નામ | ભ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | –1– आगमसुत्ताणि–मूलं print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ– (મૂળ) | 02 |
| | –2– आगमसुत्ताणि–मूलं Net | [45] | | -2- आगम विषयानुक्रम (सटीकं) | 04 |
| | –3– आगममञ्जूषा (मूल प्रत) | [53] | | -3- आगम सूत्र–गाथा अनुक्रम | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | –1– આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- आगमसूत्र हिन्दी अनुवाद Net | [47] | | -2- आगम संबंधी साहित्य | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | –3– ऋषिभाषित सूत्राणि | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી | [48] | | –4– आगमिय सूक्तावली | 01 |
| | –5– आगमसूत्र हिन्दी अनुवाद print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- आगमसूत्र सटीकं | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય– | 13 |
| | -2- आगम मूलं एवं वृत्ति –1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય– | 06 |
| | -3- आगम मूलं एवं वृत्ति –2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય– | 05 |
| | -4- आगम चूर्णि साहित्य | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય– | 04 |
| | -5- सवृत्तिक आगमसूत्राणि–1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય– | 09 |
| | -6- सवृत्तिक आगमसूत्राणि–2 | [08] | 6 | વિધિ સાહિત્ય– | 04 |
| | -7- सचूर्णिक आगमसुत्ताणि | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય– | 04 |
| | -1- आगम सद्दकोसो | [04] | 9 | પૂજન સાહિત્ય– | 02 |
| | -2- आगम कहाकोसो | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- आगम–सागर–कोष: | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય– | 05 |
| | -4- आगमशब्दादिसंग्रह (प्रा–सं–गु) | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | –5– आगम बृहत् नाम कोष: | [02] | | **આગમ સિવાયનું સાહિત્ય કૂલ** | 85 |

1–આગમ સાહિત્ય (કુલ પુસ્તક) 518

2–આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) 085

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603

# [૧] આચાર
## અંગસૂત્ર–૧– ગુજરાતી ભાવાનુવાદ

## શ્રુતસ્કન્ધ–૧

## અધ્યયન–૧ શસ્ત્રપરિજ્ઞા

### ઉદ્દેશક–૧ "જીવ અસ્તિત્વ"

**સૂત્ર–૧**

હે આયુષ્યમાન્ ! મેં સાંભળેલ છે કે તે ભગવંત મહાવીરે આમ કહ્યું હતું. સંસારમાં કેટલાક જીવોને આ સંજ્ઞા અર્થાત્ એ જ્ઞાન હોતું નથી કે–),

**સૂત્ર–૨**

તે આ પ્રમાણે – સંસારમાં દરેક જીવોને એ જ્ઞાન હોતું નથી અથવા– હું પૂર્વદિશામાંથી આવ્યો છું અથવા હું દક્ષિણ દિશામાંથી આવ્યો છું. અથવા હું પશ્ચિમ દિશાથી આવ્યો છું અથવા હું ઉત્તરદિશાથી આવ્યો છું અથવા હું ઊર્ધ્વ દિશાથી આવ્યો છું અથવા હું અધોદિશાથી આવ્યો છું અથવા કોઈ અન્ય દિશા કે વિદિશાથી આવેલ છું.

એ જ પ્રમાણે તે જીવોને એ જ્ઞાન નથી હોતું કે–

**સૂત્ર–૩**

કેટલાક જીવોને એ જ્ઞાન હોતું નથી કે– મારો આત્મા પુનર્જન્મ ધારણ કરનાર છે? અથવા મારો આત્મા પુનર્જન્મ ધારણ કરનાર નથી ? પુનર્જન્મમાં હું કોણ હતો ? અથવા અહીંથી ચ્યવીને કે મૃત્યુ પામીને હું પરલોકમાં શું થઈશ ?

**સૂત્ર–૪**

કોઈ જીવ પોતાના જાતિસ્મરણ જ્ઞાનથી, તીર્થંકર આદિના વચનથી કે અન્ય વિશિષ્ટજ્ઞાનીની પાસેથી સાંભળી જાણી શકે છે કે, હું પૂર્વદિશાથી આવ્યો છું – યાવત્ – અન્ય દિશા કે વિદિશાથી આવેલો છું. એ જ રીતે કેટલાક જીવોને એવું જ્ઞાન હોય છે કે મારો આત્મા પુનર્ભવ કરવાવાળો છે, જે આ દિશા–વિદિશામાં વારંવાર આવાગમન કરે છે. જે સર્વે દિશા અને વિદિશામાં આવાગમન કરે છે તે હું જ છું.

**સૂત્ર–૫**

પૂર્વાદિ દિશામાં જે ગમનાગમન કરે છે, તે આત્મા હું જ છું એવું જે જ્ઞાન કે એવો નિશ્ચય જેને થઈ જાય છે તે પોતાને નિત્ય અને અમૂર્ત લક્ષણવાળો જાણે છે, આ સોઽહં) 'તે હું જ છું' એવું જ્ઞાન જેને છે તે જ જીવ આત્મ–વાદી છે. જે આત્મવાદી છે તે લોક અર્થાત્ પ્રાણીગણનો પણ સ્વીકાર કરે છે તેથી તે લોકવાદી છે. લોક–પરિભ્રમણ દ્વારા તે ગતિ–આગતિરૂપ કર્મને પણ સ્વીકારે છે તેથી તે કર્મવાદી છે અને આ કર્મો મન–વચન–કાયાની ક્રિયાથી બંધાય છે, એ રીતે કર્મ ના કારણભૂત ક્રિયાને કહેવાથી તે જ ક્રિયાવાદી છે.

**સૂત્ર–૬**

કે મેં આ ક્રિયા કરી છે, હું કરાવું છું અને અન્ય કરનારને અનુમોદન આપીશ. એમ કહી ત્રણે કાળની ક્રિયાનો ઉલ્લેખ કરે છે, અને આ ક્રિયાનો કરનાર તે હું અર્થાત્ આત્મા છું, એમ કહી જીવનું અસ્તિત્વ જણાવે છે.

**સૂત્ર–૭**

લોકમાં એટલા જ કર્મસમારંભ અર્થાત્ કર્મબંધના હેતુભૂત ક્રિયાના ભેદો જાણવા જોઈએ.

સૂત્ર–૮

કર્મ અને કર્મબંધના સ્વરૂપને નહીં જાણનાર પુરૂષ અર્થાત્ આત્મા જ કર્મબંધના કારણે આ દિશા–વિદિશામાં વારંવાર આવાગમન કરે છે. અને પોતાનાં કર્મો અનુસાર સર્વે દિશા અને વિદિશામાં જાય છે.

સૂત્ર–૯

તે આત્મા અનેક પ્રકારની યોનિઓ અર્થાત્ જીવ–ઉત્પત્તિ સ્થાન સાથે પોતાનો સંબંધ જોડે છે અને વિરૂપ એવો સ્પર્શો અર્થાત્ સુખ અને દુઃખનું વેદન કરે છે.

સૂત્ર–૧૦

આ કર્મ અને સમારંભ અર્થાત્ કર્મબંધના કારણભૂતક્રિયાઓના વિષયમાં ભગવંતે 'પરિજ્ઞા' એટલે કે શુદ્ધ સમજણ અને તદનુસાર આચરણ કહેલ છે.

સૂત્ર–૧૧

આ જીવનના માટે, વંદન–સન્માન અને પૂજનને માટે તથા જન્મ અને મરણથી છૂટવાને માટે અને દુઃખોના વિનાશને માટે અનેક મનુષ્યો કર્મ સમારંભ અર્થાત્ હિંસાના કારણભૂત ક્રિયાઓમાં પ્રવર્તે છે.

સૂત્ર–૧૨

લોકમાં આ સર્વે કર્મસમારંભો જાણવા યોગ્ય છે કેમ કે આ ક્રિયાઓ જ કર્મબંધના હેતુરૂપ છે.

સૂત્ર–૧૩

લોકમાં જેણે આ કર્મ સમારંભોને જાણ્યા છે, તે નિશ્ચયથી પરિજ્ઞાતકર્મા છે એટલે કે કર્મબંધના હેતુઓને જાણનાર અને તેનો ત્યાગ કરનાર વિવેકી મુનિ છે – તેમ ભગવંત પાસેથી સાંભળીને હું તમને કહું છું.

અધ્યયન–૧ 'શસ્ત્રપરિજ્ઞા'ના ઉદ્દેશક–૧ 'જીવ અસ્તિત્વ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૧, ઉદ્દેશો–૨ "પૃથ્વીકાય"

સૂત્ર–૧૪

વિષયકષાયથી 'પીડિત', જ્ઞાનાદિ ભાવોથી 'હીન', મુશ્કેલીથી 'બોધ' પ્રાપ્ત કરનાર અજ્ઞાની જીવ આ લોકમાં ઘણા જ વ્યથિત છે. કામ, ભોગાદિ માટે આતુર થયેલા તેઓ ઘર બનાવવા આદિ ભિન્ન ભિન્ન કાર્યોને માટે સ્થાને સ્થાને પૃથ્વીકાયિક જીવોને પરિતાપ કે કષ્ટ આપે છે.

સૂત્ર–૧૫

— પૃથ્વીકાયિક જીવો પૃથક્ પૃથક્ શરીરમાં રહે છે અર્થાત્ તે પ્રત્યેક શરીરી છે.

— તેથી જ સંયમી જીવો પૃથ્વીકાય જીવોની હિંસા કરવામાં લજ્જા અનુભવે છે. અર્થાત્ પ્રાણીઓને પીડા આપ્યા વિના જીવન નિર્વાહ કરે છે તેને હે શિષ્ય તું જો.

— કેટલાક ભિક્ષુઓ–વેશધારીઓ કહે છે "અમે સાધુ છીએ." આવું કહેનારા અનેક પ્રકારના શસ્ત્રોથી પૃથ્વીકાય સંબંધી હિંસા કરે છે. તેમજ પૃથ્વીને આશરે રહેલ વનસ્પતિકાયાદિ અન્ય અનેક જીવોની હિંસા કરે છે.

સૂત્ર–૧૬

પૃથ્વીકાયના આરંભ વિષયમાં ભગવંતે પરિજ્ઞા એટલે કે શુદ્ધ સમજ બતાવી છે કે – આ જીવિતનો વંદન–માનન અને પૂજનને માટે, જન્મ–મરણથી છૂટવા માટે, દુઃખોનો નાશ કરવાને માટે તેઓ સ્વયં જ પૃથ્વીશસ્ત્રોનો સમારંભ કરે છે, બીજા પાસે પૃથ્વીશસ્ત્રનો સમારંભ કરાવે છે, પૃથ્વી–શસ્ત્રનો આરંભ કરનારની અનુમોદના કરે છે.

સૂત્ર–૧૭

પૃથ્વીકાયનો સમારંભ અર્થાત્ હિંસા, તે હિંસા કરનાર જીવોને અહિતને માટે થાય છે, અબોધી અર્થાત્ બોધી

બીજના નાશને માટે થાય છે. જે સાધુ આ વાતને સારી રીતે સમજે છે, તે સંયમ–સાધનામાં તત્પર થઈ જાય છે.

ભગવંત અને શ્રમણના મુખેથી ધર્મશ્રવણ કરીને કેટલાક મનુષ્યો એવું જાણે છે કે – આ પૃથ્વીકાયની હિંસા ગ્રંથિ અર્થાત્ કર્મબંધનું કારણ છે, મોહનું કારણ છે, મૃત્યુ નું કારણ છે અને નરક નું કારણ છે. છતાં પણ જીવ પોતાના કાર્યોમાં આસક્ત થઈને અનેક પ્રકારના શસ્ત્રો દ્વારા પૃથ્વીકર્મ સમારંભથી પૃથ્વીકાયના જીવોની તેમજ પૃથ્વીને આશ્રિત અન્ય અનેક પ્રકારના જીવોની હિંસા કરે છે.

હવે જે હું કહું છું તે સાંભળો – જેમ કોઈક જન્મથી અંધ આદિ મનુષ્યને–

— કોઈ ભેદે, કોઈ છેદે, પગને કોઈ ભેદે, કોઈ છેદે, ઘૂંટણને કોઈ ભેદે, કોઈ છેદે, જાંઘને કોઈ ભેદે, કોઈ છેદે, જાનુને કોઈ ભેદે, કોઈ છેદે, સાથળને કોઈ ભેદે, કોઈ છેદે, કમરને કોઈ ભેદે, કોઈ છેદે, નાભિને કોઈ ભેદે, કોઈ છેદે, ઉદરને કોઈ ભેદે, કોઈ છેદે, પડખાને કોઈ ભેદે, કોઈ છેદે; આ જ પ્રમાણે પીઠ, છાતી, હૃદય, સ્તન, ખભા, ભૂજા, હાથ, આંગળી, નખ, ગરદન, દાઢી, હોઠ, દાંત, જીભ, તાળવું, ગાલ, ગંડસ્થળ, કાન, નાક, આંખ, ભ્રૂકુટિ, લલાટ અને મસ્તકને કોઈ મનુષ્ય ભેદે, કોઈ છેદે, કોઈ મૂર્છિત કરે યાવત્ પ્રાણનો નાશ કરી દે. ત્યારે તેને જેવી વેદના થાય છે પણ તેઓ વેદનાને પ્રગટ કરી શકતા નથી તેવી જ રીતે –

પૃથ્વીકાયના જીવ પણ અવ્યક્ત રૂપથી વેદનાનો અનુભવ કરે છે પણ તેને પ્રગટ કરી શકતા નથી.

આ પ્રકારે પૃથ્વીશસ્ત્રનો સમારંભ કરનાર અજ્ઞાની જીવે આ આરંભ સારી રીતે જાણેલ નથી, સમજેલ નથી. તે તેનો અપરિજ્ઞાતા હોય છે અર્થાત્ હિંસાના પરિણામને જાણીને હિંસાનો ત્યાગ કરનાર હોતા નથી.

સૂત્ર–૧૮

જે પૃથ્વીકાય જીવો પર શસ્ત્રનો સમારંભ કરતા નથી, તે જ આ આરંભોનો પરિજ્ઞાતા–વિવેકી છે. આ પૃથ્વીકાયનો સમારંભ જાણીને બુદ્ધિમાન મનુષ્ય સાધુ) સ્વયં પૃથ્વીકાય શસ્ત્રનો સમારંભ હિંસા) કરે નહીં, બીજા દ્વારા પૃથ્વીકાય શસ્ત્રનો સમારંભ કરાવે નહીં અને પૃથ્વીકાય શસ્ત્રનો સમારંભ કરનારની અનુમોદના કરે નહીં.

જેણે આ પૃથ્વીકર્મ સમારંભ જાણી લીધો છે, જાણીને સમારંભને છોડેલ છે તે જ 'પરિજ્ઞાતકર્મા' એટલે કે કર્મબંધના હેતુઓને જાણનાર, તેનો ત્યાગ કરનાર વિવેકી મુનિ છે એમ ભગવંત પાસેથી સાંભળીને હું તમને કહું છું.

અધ્યયન–૧ 'શસ્ત્રપરિજ્ઞા'ના ઉદ્દેશક–૨ 'પૃથ્વીકાય'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૧, ઉદ્દેશો–૩ "અપ્કાય"

સૂત્ર–૧૯

મુનિના સ્વરૂપને વિશેષથી દર્શાવતા જણાવે છે – ભગવંત પાસેથી સાંભળીને હું તમને કહું છું.– જે સરળ આચરણવાળા છે, મોક્ષમાર્ગને પ્રાપ્ત કરેલ છે અને જેઓ કપટરહિત હોય છે તેને અણગાર અર્થાત્ સાધુ કહે છે.

સૂત્ર–૨૦

ગૃહ– ત્યાગ કરી જે શ્રદ્ધાથી સંયમ અંગીકાર કરેલ છે. તે સંયમમાં કોઈ પણ પ્રકારની શંકા નહીં કરતા યાવજ્જીવન તેટલી જ શ્રદ્ધાથી સંયમનું પાલન કરે.

સૂત્ર–૨૧

વીર પુરુષો મહાપથ–મોક્ષમાર્ગ પ્રતિ પુરુષાર્થ કરી ચૂક્યા છે અર્થાત્ આ સંયમ–માર્ગ આચરી ચુક્યા છે.

સૂત્ર–૨૨

ભગવંતની આજ્ઞાથી અપ્કાયના જીવોને જાણીને તેઓને ભયરહિત કરે અર્થાત્ તે જીવોને કોઈ પ્રકારે પીડા ન પહોંચાડે, તેમના પ્રત્યે સંયમી રહે.

સૂત્ર–૨૩

અપ્કાય સંબંધે વિશેષથી હું તને કહું છું કે – મુનિ સ્વયં અપ્કાય જીવોના અસ્તિત્વનો નિષેધ ન કરે એ રીતે

આત્માના અસ્તિત્વનો પણ નિષેધ ન કરે. જે અપ્કાય આદિ પ્રાણીઓના ચૈતન્યનો નિષેધ કરે છે, તે આત્માના ચૈતન્યનો નિષેધ કરે છે, જે આત્માનો ચૈતન્યનો નિષેધ કરે છે તે અપ્કાયના ચૈતન્યનો નિષેધ કરે છે

સૂત્ર–૨૪

હે શિષ્ય! સંયમી સાધુ હિંસાથી લજ્જા પામતા હોવાથી જીવ–હિંસા કરતા નથી તેને તું જો અને આ શાક્ય આદિ સાધુઓને તું જો ! કે જેઓ "અમે અણગાર છીએ" એમ કહીને અપ્કાયના જીવોની અનેક પ્રકારના શસ્ત્રો દ્વારા સમારંભ કરતા બીજા જીવોની પણ હિંસા કરે છે. આ વિષયમાં ભગવંતે પરિજ્ઞા અર્થાત્ વિવેક કહેલ છે.

અજ્ઞાની જીવ આ ક્ષણિક જીવિતના વંદન, માનન, પૂજનને માટે; જન્મ તથા મરણથી છૂટવા માટે અને દુઃખના વિનાશ માટે તે પોતે જળકાય જીવોની હિંસા કરે છે, બીજા દ્વારા જળકાય જીવોની હિંસા કરાવે છે, જળકાય જીવોની હિંસા કરતાઅન્યોનું અનુમોદન કરે છે. આ સમારંભ તેમના અહિત માટે અને બોધિદુર્લભતા માટે થાય છે.

આ વાતને જાણીને સંયમનો સ્વીકાર કરીને, ભગવંત કે તેમના સાધુ પાસે ધર્મ સાંભળીને આ વાત જાણે છે કે આ અપ્કાય સમારંભ નિશ્ચયથી કર્મબંધનું કારણ છે, મોહનું કારણ છે, મૃત્યુ નું કારણ છે અને નરક નું કારણ છે

– તો પણ વંદનાદિ લાલસામાં આસક્ત થઈને મનુષ્ય વિવિધ શસ્ત્રો દ્વારા અપ્કાયની હિંસામાં સંલગ્ન થઈને અપ્કાય જીવોની તથા તેના આશ્રિત અન્ય અનેક જીવોની હિંસા કરે છે.

હું કહું છું કે પાણીના આશ્રયે અન્ય પણ અનેક જીવો રહેલા છે.

સૂત્ર–૨૫

અહીં જિનપ્રવચનમાં નિશ્ચયથી હે શિષ્ય! સાધુઓને અપ્કાયને 'જીવ' રુપે જ ઓળખાવાયેલ છે. અપ્કાયના જે શસ્ત્રો છે, તેના વિશે ચિંતન કરીને જો.

સૂત્ર–૨૬

અપ્કાયના વિવિધ પ્રકારના શસ્ત્રો કહ્યા છે.

સૂત્ર–૨૭

અપ્કાયની હિંસા માત્ર હિંસા નહીં પણ અદત્તાદાન અર્થાત્ ચોરી પણ છે.

સૂત્ર–૨૮

અન્ય મતવાદીઓ કહે છે– અમને લોકોને પીવા માટે અથવા વિભૂષા માટે પાણી વાપરવામાં કોઈ દોષ નથી.

સૂત્ર–૨૯

તેઓ એમ કહીને વિવિધ પ્રકારના શસ્ત્રો વડે અપ્કાય જીવોની હિંસા કરે છે.

સૂત્ર–૩૦

અહીં તેમના શાસ્ત્રોમાં પણ તેમના આ હિંસા–કથનનો કોઈ નિશ્ચય થઈ શકતો નથી.

સૂત્ર–૩૧

જલકાય શસ્ત્રના સમારંભકર્તા મનુષ્ય પૂર્વોક્ત આરંભના ફળથી અજ્ઞાત છે.

જેઓ જલકાય શસ્ત્રનો સમારંભ નથી કરતા એવા મુનિ આરંભોના ફળના જ્ઞાતા છે.

આ જાણીને મેધાવી મુનિ અપ્કાય શસ્ત્રનો સમારંભ અર્થાત્ હિંસા જાતે કરતા નથી, બીજા પાસે કરાવતા નથી કે કરનારની અનુમોદના કરતા નથી.

જે મુનિએ આ બધાં અપ્કાય શસ્ત્ર સમારંભને જાણેલા છે, તે જ મુનિ પરિજ્ઞાતકર્મા– એટલે કે કર્મબંધના હેતુઓને જાણનાર અને તેનો ત્યાગ કરનાર વિવેકી મુનિ છે એમ ભગવંત પાસેથી સાંભળીને હું તમને કહું છું.

અધ્યયન–૧ 'શસ્ત્રપરિજ્ઞા'ના ઉદ્દેશક–૩ 'અપ્કાય'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૧, ઉદ્દેશો–૪ "અગ્નિકાય"

**સૂત્ર–૩૨**

અગ્નિકાય સંબંધે વિશેષથી હું તને કહું છું કે – સ્વયં કદી લોક અર્થાત્ અગ્નિકાયના સચેતનપણાનો નિષેધ ન કરે અને આત્માનો પણ અપ્લાપ ન કરે. જે અગ્નિકાયની સજીવતાનો નિષેધ કરે છે, તે આત્માનો નિષેધ કરે છે. જે આત્માનો નિષેધ કરે છે તે લોક અર્થાત્ અગ્નિકાયની સજીવતાનો નિષેધ કરે છે.

**સૂત્ર–૩૩**

જે દીર્ઘલોક એટલે વનસ્પતિ અને શસ્ત્ર અર્થાત્ અગ્નિનાં સ્વરૂપને જાણે છે, તે અશસ્ત્ર અર્થાત્ સંયમના સ્વરૂપને પણ જાણે છે. જે સંયમને જાણે છે તે દીર્ઘલોકશસ્ત્ર અર્થાત્ વનસ્પતિના શસ્ત્રરૂપ અગ્નિકાયને પણ જાણે છે.

**સૂત્ર–૩૪**

સદા સંયત, સદા અપ્રમત્ત અને સદા યતનાવાન્ એવા વીરપુરૂષોએ પરિષહ આદિ જીતી, ઘનઘાતિકર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન દ્વારા આ સંયમનું સ્વરૂપ જોયું છે.

**સૂત્ર–૩૫**

જે પ્રમાદી છે, રાંધવું–પકાવવું આદિ ગુણના અથવા ઇન્દ્રિય સુખોના અર્થી છે, તે જ દંડદેનાર અથવા હિંસક કહેવાય છે.

**સૂત્ર–૩૬**

તે 'દંડ'ને જાણીને અર્થાત્ અગ્નિકાયની હિંસાના દંડરૂપ ફળને જાણીને તે મેઘાવી સાધુ સંકલ્પ કરે કે મેં જે પ્રમાદને વશ થઈને પહેલા હિંસા કરેલ છે તે હિંસા હું હવે કરીશ નહીં.

**સૂત્ર–૩૭**

હે શિષ્ય! સંયમી સાધુ હિંસાથી લજ્જા પામતા હોવાથી જીવ–હિંસા કરતા નથી તેને તું જો અને આ શાક્ય આદિ સાધુઓને તું જો ! કે જેઓ "અમે અણગાર છીએ" એમ કહીને અનેક પ્રકારના શસ્ત્રોથી અગ્નિકાયના સમારંભ દ્વારા અગ્નિકાય જીવોની તથા અન્ય અનેક પ્રકારના જીવોની હિંસા કરે છે.

આ વિષયમાં ભગવંતે પરિજ્ઞા અર્થાત્ વિવેક કહેલ છે કે – કેટલાક મનુષ્યો આ જીવનને માટે, પ્રશંસા, સન્માન અને પૂજનને માટે; જન્મ–મરણથી મુક્ત થવા માટે, દુઃખોના પ્રતિકાર માટે અગ્નિકાયની હિંસા જાતે કરે છે, બીજા પાસે કરાવે છે અને અગ્નિકાયની હિંસા કરનારને અનુમોદે છે.

આ હિંસા અગ્નિકાયના હિંસકના અહિતને માટે, અબોધિના લાભને માટે થાય છે. તે સાધક આ સમારંભ અર્થાત્ હિંસાને સારી રીતે સમજીને સંયમ સાધના માટે તત્પર બને.

ભગવંત કે તેમના સાધુ પાસેથી ધર્મ સાંભળીને કેટલાકને એ સમજ પ્રાપ્ત થાય છે કે આ જીવહિંસા નિશ્ચયથી કર્મબંધનું કારણ છે, મોહનું કારણ છે, મૃત્યુ નું કારણ છે અને નરક નું કારણ છે, તો પણ મનુષ્ય વિષય–ભોગમાં આસક્ત થઈને વિવિધ પ્રકારના શસ્ત્રો વડે અગ્નિકાયની હિંસા કરે છે, તેમ કરતા અન્ય અનેક ત્રાસ આદિ જીવોની હિંસા કરે છે.

**સૂત્ર–૩૮**

તે હું તમને કહું છું કે – પૃથ્વી, તૃણ, પત્ર, લાકડું, છાણ અને કચરો એ સર્વેને આશ્રીને ત્રસ જીવો હોય છે, ઉડનારા જીવો પણ અગ્નિમાં પડે છે, આ જીવો અગ્નિના સ્પર્શથી સંકોચ પામે છે. અગ્નિમાં પડતા જ આ જીવો મૂર્છા પામે છે. મૂર્છા પામેલા તે મૃત્યુ પામે છે.

સૂત્ર–૩૯

અગ્નિકાયમાં શસ્ત્રનો સમારંભ ન કરનાર અર્થાત્ હિંસા ન કરનાર આ બધા આરંભનો અર્થાત્ હિંસાના પરિણામનો જ્ઞાતા હોય છે. આ આરંભને જાણીને મેધાવી સાધુ અગ્નિશસ્ત્ર સમારંભ જાતે કરે નહીં, બીજા પાસે કરાવે નહીં, કરનારની અનુમોદના કરે નહીં.

જેણે આ બધા અગ્નિકર્મ સમારંભના અશુભ પરિણામને જાણ્યા છે અને જાણીને તેનો ત્યાગ કર્યો છે, તે જ મુનિ પરિજ્ઞાતકર્મા એટલે કે કર્મબંધના હેતુઓને જાણનાર, તેનો ત્યાગ કરનાર વિવેકીમુનિ છે, આ પ્રમાણે હું કહું છું.

અધ્યયન–૧ 'શસ્ત્રપરિજ્ઞા'ના ઉદ્દેશક–૪ 'અગ્નિકાય'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૧, ઉદ્દેશો–૫ "વનસ્પતિકાય"

સૂત્ર–૪૦

સંયમના સ્વરૂપને સમજીને અને પ્રત્યેક જીવ અભય ઇચ્છે છે એ જાણીને જે બુદ્ધિમાન સાધુ એવો નિર્ણય કરે કે હું સંયમ અંગીકાર કરીને હું કોઇને પણ પીડા આપીશ નહી, તેઓ વનસ્પતિની હિંસા ન કરે. તે જ હિંસાથી નિવૃત્ત થવાથી વિરત કહેવાય છે અને જિનમતમાં જે પરમાર્થથી વિરત છે, તે જ અણગાર કહેવાય છે.

સૂત્ર–૪૧

જે શબ્દાદિ ગુણ અર્થાત્ શબ્દ આદિ વિષય છે તે જ આવર્ત અર્થાત્ સંસારના કારણો છે અને જે આવર્ત એટલે કે સંસારના કારણો છે તે જ ગુણ એટલે શબ્દ આદિ વિષયો છે.

સૂત્ર–૪૨

આ જીવ ઉર્ધ્વ, અધો, તિર્છું અને પૂર્વ આદિ દિશામાં અનેક પદાર્થોના સંપર્કમાં આવતા વિવિધ રૂપોને જુએ છે, સાંભળતો એવો તે શબ્દોને સાંભળે છે. ઉર્ધ્વ, અધો, તિર્છું અને પૂર્વ આદિ દિશામાં જોયેલ રૂપમાં અને સાંભળેલ શબ્દમાં આસક્ત થાય છે. આ આસક્તિ એ સંસાર કહેવાય છે.

સૂત્ર–૪૩

આ પ્રમાણે શબ્દ આદિ વિષયરૂપ 'લોક' કહ્યો. જે આ શબ્દાદિ વિષયોમાં પોતાની ચિત્ત–વૃત્તિનું ગોપન કરતા નથી, તે ભગવંતની આજ્ઞાથી બહાર છે.

સૂત્ર–૪૪

વારંવાર શબ્દાદિ વિષયોમાં ઈચ્છા રાખતા તે અસંયમનું આચરણ કરે છે.

સૂત્ર–૪૫

ઉપર કહેલ અસંયમી, પ્રમાદી બની ગૃહત્યાગી હોવા છતાં ગૃહસ્થભાવને લીધે જેમ ગૃહવાસી જ છે.

સૂત્ર–૪૬

હે શિષ્ય! સંયમી સાધુ હિંસાથી લજ્જા પામતા હોવાથી જીવ–હિંસા કરતા નથી તેને તું જો અને આ શાક્ય આદિ સાધુઓને તું જો ! કે જેઓ "અમે અણગાર છીએ" એમ કહીને અનેક પ્રકારના શસ્ત્રોથી વનસ્પતિ કર્મ સમારંભથી વનસ્પતિ જીવોની હિંસા કરતા બીજા પણ અનેક જીવોની હિંસા કરે છે.

આ વિષયમાં ભગવંતે પરિજ્ઞા અર્થાત્ વિવેક કહ્યો છે. આ જીવનને માટે પ્રશંસા સન્માન અને પૂજાને માટે, જન્મ–મરણથી મુક્ત થતા, દુઃખોના નિવારણાર્થે તેઓ વનસ્પતિ જીવોની હિંસા સ્વયં કરે છે, બીજા પાસે કરાવે છે. કરનારને અનુમોદે છે.

આ હિંસા વનસ્પતિકાયના હિંસકના અહિતને માટે, અબોધિના લાભને માટે થાય છે. તે સાધક આ સમારંભ અર્થાત્ હિંસાને સારી રીતે સમજીને સંયમ સાધના માટે તત્પર બને.

ભગવંત કે તેમના સાધુ પાસેથી ધર્મ સાંભળીને કેટલાકને એ સમજ પ્રાપ્ત થાય છે કે આ જીવહિંસા નિશ્ચયથી કર્મબંધનું કારણ છે, મોહનું કારણ છે, મૃત્યુ નું કારણ છે અને નરક નું કારણ છે, તો પણ મનુષ્ય વિષય–ભોગમાં આસક્ત થઈને વિવિધ પ્રકારના શસ્ત્રો વડે વનસ્પતિકાયની હિંસા કરે છે, તેમ કરતા અન્ય અનેક ત્રસ આદિ જીવોની હિંસા કરે છે.

**સૂત્ર–૪૭**

તે હું તમને કહું છું – માનવ શરીર સાથે વનસ્પતિકાયની સમાનતા દર્શાવતા કહે છે) જે રીતે માનવ શરીર જન્મ લે છે, વૃદ્ધિ પામે છે, ચેતનવંત છે, છેદાતા કરમાય છે, આહાર લે છે, અનિત્ય છે, અશાશ્વત છે, વધે–ઘટે છે અને વિકારને પામે છે એ જ રીતે વનસ્પતિ પણ ઉત્પન્ન થાય છે, વૃદ્ધિ પામે છે, ચેતનાયુક્ત છે, છેદાતા કરમાય છે, આહાર લે છે, અનિત્ય છે, અશાશ્વત છે, વધે–ઘટે છે અને વિકારને પામે છે. આ રીતે વનસ્પતિ પણ સચિત્ત જ છે.)

**સૂત્ર–૪૮**

વનસ્પતિકાયનો સમારંભ કરનાર તેના આરંભના પરિણામોથી અજાણ હોય છે અને વનસ્પતિશસ્ત્રનો સમારંભ ન કરનાર આ હિંસાજન્ય વિપાકોનો પરિજ્ઞાતા હોય છે અર્થાત્ ઉપર કહેલ હિંસા આદિ ક્રિયાઓ કર્મબંધનું કારણ છે એવો વિવેક તેને હોય છે. આવું જાણી મેધાવી પુરુષ વનસ્પતિકાયની હિંસા સ્વયં ન કરે, બીજા પાસે ન કરાવે, કરનારને અનુમોદે નહીં. જે આ વનસ્પતિકાયની હિંસાના અશુભ પરિણામનો જ્ઞાતા છે, તે જ મુનિ પરિજ્ઞાતકર્મા અર્થાત્ એટલે કર્મબંધના હેતુઓને જાણનાર, તેનો ત્યાગ કરનાર વિવેકી મુનિ છે આ પ્રમાણે હું કહું છું.

**અધ્યયન–૧ 'શસ્ત્રપરિજ્ઞા'ના ઉદ્દેશક–૫ 'વનસ્પતિકાય'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## અધ્યયન–૧, ઉદ્દેશો–૬ "ત્રસકાય"

**સૂત્ર–૪૯**

હું કહું છું કે – આ બધા ત્રસ પ્રાણી છે. તે આ પ્રમાણે – અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદજ, સંમૂર્ચ્છિમ, ઉદ્ભિજ્જ અને ઔપપાતિક. આ આઠ પ્રકારના ત્રસજીવોનો સમુદાય જ સંસાર કહેવાય છે.

**સૂત્ર–૫૦**

ઉપરોક્ત સંસાર મંદ અને અજ્ઞાની જીવને હોય છે અર્થાત્ અજ્ઞાની જીવોને આ સંસાર પરિભ્રમણ હોય છે.

**સૂત્ર–૫૧**

હું સારી રીતે ચિંતવીને અને જોઈને કહું છું – પ્રત્યેક પ્રાણી પોત–પોતાનું સુખ ભોગવે છે. બધાં પ્રાણી અર્થાત્ વિકલેન્દ્રિય, બધાં ભૂત અર્થાત્ વનસ્પતિ, બધાં જીવ અર્થાત્ પંચેન્દ્રિય, બધાં સત્ત્વ અર્થાત્ એકેન્દ્રિયને અશાતા અને અશાંતિ મહાભયંકર અને દુઃખદાયી છે. તેમ હું કહું છું. આ પ્રાણી દિશા–વિદિશાથી ભયભીત બની ત્રાસ પામે છે.

**સૂત્ર–૫૨**

તું જો, વિષય સુખના અભિલાષી મનુષ્ય અનેક સ્થાને આ જીવોને પરિતાપ–દુઃખ આપે છે. આ ત્રસકાયિક પ્રાણીઓ જુદા જુદા શરીરોને આશ્રીને સર્વત્ર રહેલા છે.

**સૂત્ર–૫૩**

હે શિષ્ય! સંયમી સાધુ હિંસાથી લજ્જા પામતા હોવાથી જીવ–હિંસા કરતા નથી તેને તું જો અને આ શાક્ય આદિ સાધુઓને તું જો ! કે જેઓ "અમે અણગાર છીએ" એમ કહીને અનેક પ્રકારના શસ્ત્રોથી ત્રસકાયના સમારંભ દ્વારા ત્રસકાય જીવોની હિંસા કરતા તેઓ બીજા અનેક પ્રકારના જીવોની પણ હિંસા કરે છે.

આ વિષયમાં નિશ્ચયથી ભગવંતે પરિજ્ઞા અર્થાત્ વિવેક કહ્યો છે. આ જીવનના નિર્વાહ અર્થે – પ્રશંસા,

સન્માન, પૂજન માટે; જન્મ–જરાથી છૂટવા માટે, દુઃખના નાશને માટે તેઓ ત્રસકાય જીવોની હિંસા સ્વયં કરે છે, બીજા પાસે કરાવે છે તથા હિંસા કરનારની અનુમોદના કરે છે. પણ તે તેમના અહિત અને અબોધિ માટે થાય છે.

આ સમારંભને જાણનારા સંયમી બની, તીર્થંકર કે શ્રમણો પાસે ધર્મ સાંભળીને એમ જાણે છે કે, આ સમારંભ નિશ્ચયથી કર્મબંધનું કારણ છે, મોહનું કારણ છે, મૃત્યુ નું કારણ છે અને નરક નું કારણ છે. આ સમારંભમાં આસક્ત લોકો વિવિધ પ્રકારના શસ્ત્રોથી ત્રસકાયના સમારંભ દ્વારા ત્રસકાયજીવની હિંસા કરતા અન્ય અનેક પ્રકારના પ્રાણીઓની પણ હિંસા કરે છે.

સૂત્ર–૫૪

હું કહું છું કે, કેટલાક લોકો દેવ–દેવીની પૂજાને માટે ત્રસકાય જીવોને હણે છે, કોઈ ચર્મને માટે, કોઈ માંસને માટે, કોઈ લોહી માટે, એ પ્રમાણે હૃદય, પિત્ત, ચરબી, પિંછા, પુચ્છ, વાળ, શીંગડું, વિષાણ, દાંત, દાઢા, નખ, સ્નાયુ, અસ્થિ, અસ્થિમિંજ માટે ત્રસકાયની હિંસા કરે છે. કોઈ સકારણ કે અકારણ હિંસા કરે છે. કોઈ મને માર્યો કે મને મારે છે કે મારશે એમ વિચારીને હિંસા કરે છે.

સૂત્ર–૫૫

આ ત્રસકાય હિંસામાં પ્રવૃત્ત જીવને તેના કટુ વિપાકો– કડવા ફળનું જ્ઞાન હોતું નથી.

ત્રસકાયની હિંસા ન કરનારને હિંસા કર્મબંધનું કારણ છે તેનું જ્ઞાન હોય છે. આવું જાણીને મેઘાવી મુનિ ત્રસકાય જીવોની હિંસા સ્વયં કરે નહીં, બીજા પાસે કરાવે નહીં, કરનારની અનુમોદના ન કરે.જે આ ત્રસકાય સમારંભનો પરિજ્ઞાતા છે, તે જ મુનિ પરિજ્ઞાતકર્મા અર્થાત્ વિવેકી મુનિ છે, આ પ્રમાણે હું તમને) કહું છું.

અધ્યયન–૧ 'શસ્ત્રપરિજ્ઞા'ના ઉદ્દેશક–૬ 'ત્રસકાય'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૧, ઉદ્દેશો–૭ "વાયુકાય"

સૂત્ર–૫૬

જે શારીરિક અને માનસિક પીડાઓને સારી રીતે જાણે છે અને હિંસાને અહિતકર સમજે છે, તે વાયુકાય જીવોની હિંસાની નિવૃત્ત થવામાં સમર્થ છે.

સૂત્ર–૫૭

જે પોતાના સુખ–દુઃખને જાણે છે તે બીજાના સુખ–દુઃખને પણ જાણે છે અને જે બીજાના સુખ–દુઃખને જાણે છે, તે પોતાના સુખ–દુઃખને પણ જાણે છે, તેથી પોતાને અને બીજાને પરસ્પર સમાન જાણી તેની તુલના કર.

સૂત્ર–૫૮

આ જૈનશાસનમાં આવેલ, શાંતિને પ્રાપ્ત થયેલ સંયમી મુનિ વાયુકાયની હિંસા કરી જીવવાની ઇચ્છા ન કરે.

સૂત્ર–૫૯

હે શિષ્ય! સંયમી સાધુ હિંસાથી લજ્જા પામતા હોવાથી જીવ–હિંસા કરતા નથી તેને તું જો અને આ શાક્ય આદિ સાધુઓને તું જો ! કે જેઓ "અમે અણગાર છીએ" એમ કહીને અનેક પ્રકારના શસ્ત્રોથી વાયુકાયનો સમારંભ કરતા વાયુજીવોની હિંસા કરવા વડે તેના આશ્રિત અન્ય અનેક જીવોની હિંસા કરે છે.

આ વિષયમાં ભગવંતે પરિજ્ઞા અર્થાત્ વિવેક બતાવેલ છે. આ જીવિતમાં વંદન–સન્માન–પૂજા માટે, જન્મ–મરણથી છૂટવા માટે, દુઃખના વિનાશ માટે તેઓ વાયુકાયની હિંસા જાતે કરે છે, બીજા પાસે કરાવે છે, કરનારને અનુમોદે છે. તે તેમને અહિતકર, અબોધિકર થાય છે.

આ પ્રમાણે બોધ પામેલા સંયમ અંગિકાર કરીને ભગવંત કે શ્રમણ પાસે ધર્મ સાંભળીને જાણે છે કે, આ હિંસા એ નિશ્ચયથી કર્મબંધનું કારણ છે, મોહનું કારણ છે, મૃત્યુ નું કારણ છે અને નરક નું કારણ છે. છતાં તેમાં આસક્ત

થઈ લોકો વિવિધ શસ્ત્રોથી વાયુકાય–હિંસા કરતા વાયુકાય–હિંસા કરતા અન્ય અનેક જીવોની હિંસા કરે છે.

સૂત્ર–૬૦

તે હું કહું છું – જે ઉડતા જીવ છે તે વાયુકાય સાથે એકઠા થઈને પીડા પામે છે. જેઓ આવા સંઘાતને પામે છે તે જીવો પરિતાપ પામે છે અને મૃત્યુ પામે છે. વાયુકાય–હિંસામાં પ્રવૃત્તને હિંસાદિ ક્રિયા કર્મબંધનું કારણ છે તેનું જ્ઞાન નથી. જેમણે આ શસ્ત્ર સમારંભનો ત્યાગ કર્યો છે તેઓ વાયુકાય હિંસાના પરિજ્ઞાતા છે.

આ પ્રમાણે પરિજ્ઞા અર્થાત્ વિવેક કરીને મેઘાવી મુનિ વાયુજીવોની હિંસા સ્વયં ન કરે, બીજા પાસે ન કરાવે અને હિંસા કરનારને અનુમોદે નહીં. જેમણે આ વાયુશસ્ત્રના સમારંભને પરિજ્ઞાત કરેલ છે તે જ મુનિ પરિજ્ઞાતા કર્મા એટલે કર્મબંધના હેતુઓને જાણનાર, તેનો ત્યાગ કરનાર વિવેકી મુનિ છે" છે. તેમ હું કહું છું.

સૂત્ર–૬૧

આ વાયુકાય તથા બીજા કાયોની હિંસા કરનારને જાણો. જે આચારમાં રહેતા નથી તેવા શાક્યાદિ આરંભને જ વિનય કહે છે. આવા સ્વચ્છંદાચારી, વિષયાસક્ત અને આરંભરક્ત જીવો કર્મબંધનો સંગ કરે છે. કર્મ બાંધે છે.)

સૂત્ર–૬૨

તે સંયમરૂપી ધનથી યુક્ત છે, જે સર્વ–પ્રકારે બોધ અને જ્ઞાનયુક્ત આત્મા ન કરવા યોગ્ય પાપકર્મ ન કરે. આ પાપકર્મને જાણીને મેઘાવી સાધુ છ જીવનિકાયની હિંસા સ્વયં કરે નહીં, બીજા પાસે કરાવે નહીં, કરનારને અનુમોદે નહીં. જેણે આ બધા છ જીવનિકાયશસ્ત્ર સમારંભ જાણ્યા છે, તે જ "પરિજ્ઞાતકર્મા" એટલે કે કર્મબંધના હેતુઓને જાણનાર અને તેનો ત્યાગ કરનાર વિવેકી મુનિ છે. એમ હું તમને કહું છું.

## શ્રુતસ્કંધ-૧-ના અધ્યયન-૧-નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# શ્રુતસ્કન્ધ–૧

## અધ્યયન–૨ લોકવિજય

### અધ્યયન–૨, ઉદ્દેશક–૧ "સ્વજન"

સૂત્ર–૬૩

જે શબ્દાદિ વિષય છે તે સંસારનું કારણ છે. અને જે સંસારના મૂળ કારણ છે, તે શબ્દાદિ વિષય છે, આ રીતે તે વિષય અભિલાષી પ્રાણી પ્રમાદી બની શારીરિક અને માનસિક પરિતાપ ભોગવે છે. તે આ પ્રમાણે માને છે કે – મારી માતા, મારા પિતા, મારો ભાઈ, મારી બહેન, પત્ની, પુત્ર, પુત્રી, પુત્રવધૂ, મિત્ર, સ્વજન, સંબંધી છે. મારા હાથી, ઘોડા, મકાન આદિ સાધન, મારી ધન–સંપતિ, ભોજન, વસ્ત્ર છે. આ પ્રમાણે મમત્વથી આસક્ત થઈ જીવનભર પ્રમાદી બની કર્મબંધ કરતો રહે છે.

તે પુરુષ રાત–દિવસ ચિંતાદિથી આકુળ થઈ કાળે કે અકાળે કુટુંબ અને ધન આદિમાં પ્રયત્નશીલ રહે છે. તે ધન–ધાન્યાદિ સંયોગ અથવા શબ્દ આદિ વિષયના સંયોગ માટે, રત્ન–કુપ્ય આદિ અર્થનો લોભી થઈ, તે લૂંટારો, દુઃસાહસી અને અનેક પ્રકારે અર્થ–ઉપાર્જનમાં દત્તચિત્ત થઈ વારંવાર હિંસા કરે છે.

સૂત્ર–૬૪

આ લોકમાં મનુષ્યનું આયુ ઘણું અલ્પ છે, તેમાં વૃદ્ધાવસ્થાને કારણે–કાન, આંખ, નાક, જીભ અને સ્પર્શનું જ્ઞાન પ્રતિદિન ઓછું થતું જાય છે. યૌવનને જલદીથી જતું જોઈને તે એક દિવસ મૂઢભાવને પામે છે.

સૂત્ર–૬૫

તે જેમની સાથે રહે છે, તે સ્વજન આદિ તેને અપમાનજનક વચનો કહે છે. પછી તે પણ સ્વજનોની નિંદા કરે છે. તેઓ તારી રક્ષા કરવા કે શરણ આપવા સમર્થ નથી. તું પણ તેની રક્ષા કરવા કે શરણ આપવા અસમર્થ છે.

તે વૃદ્ધ હાસ્ય, ક્રીડા, રતિ કે શૃંગારને યોગ્ય રહેતો નથી.

સૂત્ર–૬૬

આ પ્રકારે ચિંતન કરતો મનુષ્ય સંયમ પાલનમાં ક્ષત્રમાત્ર પણ પ્રમાદ ન કરે. આ જીવનને અવસર સમજી ધીરપુરૂષ ઉદ્યમ કરે. કેમ કે વય અને યૌવન બાલ્યવય પણ) વીતી રહી છે.

સૂત્ર–૬૭

જેને જીવનની ક્ષણભંગુરતાનું જ્ઞાન નથી તે અસંયમી જીવન પ્રતિ પ્રમત્ત બની છ કાયના જીવોનું હનન, છેદન, ભેદન કરે છે. લૂંટે છે, ધાડ પાડે છે, ઉપદ્રવ કરે છે , ત્રાસ આપે છે. આવું કરતો તે એમ માને છે કે, કોઈએ ન કર્યું હોય તેવું કામ કરીશ. જે સ્વજનાદિ સાથે વસે છે તેઓએ પૂર્વે મારું પોષણ કરેલ તેમ વિચારી પછી તું તારા સ્વજનોને પોષે છે. તો પણ મૃત્યુ કે રોગ આવે ત્યારે તે સ્વજનો તને રક્ષણ આપવા કે શરણ દેવા સમર્થ થતાં નથી. તેમજ તું પણ તેને રક્ષણ આપવા કે શરણ દેવા સમર્થ થતો નથી

સૂત્ર–૬૮

મનુષ્ય ઉપભોગ પછી બચેલી કે સંચિત કરી રાખેલી વસ્તુ બીજાને ઉપયોગી થશે તેમ માની રાખી મૂકે છે. પછી કોઈ વખતે તેને રોગની પીડા ઉત્પન્ન થાય છે, ત્યારે જે સ્વજનાદિ સાથે તે વસે છે તેઓ જ તેને ઘૃણા કરી પહેલા છોડી દે છે. પછી તે પણ નિરાશ થઈ પોતાના સ્વજન–સ્નેહીઓને છોડી દે છે, આ સમયે તે ધન કે સ્વજન તારી રક્ષા કરવા કે શરણ આપવા સમર્થ થતા નથી. ન તું તેની રક્ષા કરવા કે શરણ આપવા સમર્થ હોય છે.

સૂત્ર–૬૯

પ્રત્યેક પ્રાણીના સુખ, દુઃખ પોતાના છે તેમ જાણીને...

સૂત્ર–૭૦

વીતી ગઈ નથી તેવી ઉંમરને જોઈને યુવાનીમાં તું આત્મહિત કર.

સૂત્ર–૭૧

હે પંડિત ! અર્થાત્ હે જીવ ! તું ક્ષણને એટલે કે ધર્માનુષ્ઠાનના અવસરને ઓળખ.

સૂત્ર–૭૨

જ્યાં સુધી કાન, આંખ, નાક, જીભ અને સ્પર્શ એ પાંચે ઇન્દ્રિયોની જ્ઞાન શક્તિ પરિપૂર્ણ છે ત્યાં સુધીમાં આત્મહિતને માટે સમ્યક્ પ્રકારે પ્રયત્નશીલ બન – તેમ હું કહું છું.

અધ્યયન–૨ 'લોકવિજય'ના ઉદ્દેશક–૧ 'સ્વજન'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૨, ઉદ્દેશક–૨ "અદઢતા"

સૂત્ર–૭૩

અરતિ–સંયમમાં અરુચિથી નિવૃત્ત થયેલ બુદ્ધિમાન સાધક ક્ષણભરમાં વિષય,રતિ આદિથી મુક્ત થાય છે.

સૂત્ર–૭૪

વીતરાગની આજ્ઞાથી વિપરીત આચરણ કરનાર કોઈ અજ્ઞાની જીવ મોહનાં ઉદયે સંયમથી ભ્રષ્ટ થાય છે.. "અમે અપરિગ્રહી થઈશું" એમ બોલી દીક્ષિત થવા છતાં પ્રાપ્ત કામભોગોને સેવે છે અને વિતરાગની આજ્ઞાથી વિપરીતવર્તી મુનિવેશ લજવે છે. કામ–ભોગમાં વારંવાર લીન બની તે આ પાર કે પેલે પાર જઈ શકતા નથી.

સૂત્ર–૭૫

જે મનુષ્ય જ્ઞાન–દર્શન–ચારિત્રનાં પારગામી' છે તે જ ખરેખર પૂર્વ સંબંધોથી મુક્ત થાય છે.

અલોભથી લોભને પરાજિત કરનારો કામભોગ પ્રાપ્ત થાય તો પણ ન સેવે.

સૂત્ર–૭૬

જે લોભથી નિવૃત્ત થઈ પ્રવ્રજ્યા લે છે, તે કર્મરહિત થઈ સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે. જે લોભના વિપાકોનો વિચાર કરી, આકાંક્ષા–રહિત બને છે, તે જ સાચા અણગાર કહેવાય છે.

અજ્ઞાની જીવ રાતદિન દુઃખ પામતો, કાળ–અકાળની પરવા ન કરી સ્વજન તથા ધનાદિમાં આસક્ત બની ભોગવાંછુક, ધનલોભી, લૂંટારો, સહસાકાર્ય કરનાર, વ્યાકુળ ચિત્ત થઈ પુનઃ પુનઃ હિંસા કરે છે.

તે શરીરબળ, જ્ઞાતિબળ, મિત્રબળ, પરલોકબળ, દેવબળ, રાજબળ, ચોરબળ, અતિથિબળ, ભિક્ષુકબળ, શ્રમણબળ આદિ વિવિધ બળોની પ્રાપ્તિ માટે વિવિધ કાર્યો દ્વારા કોઈ અપેક્ષાથી, ભયથી, પાપમુક્તિની ભાવનાથી કે કોઈ પ્રકારે લાલસાથી જીવ હિંસા કરે છે.

સૂત્ર–૭૭

ઉપરોક્ત હિંસા અહિતરૂપ છે તેમ જાણીને મેઘાવી સાધક, સ્વયં હિંસા કરે નહીં, બીજા પાસે હિંસા કરાવે નહીં, હિંસા કરતા બીજાને અનુમોદે નહીં. આ અહિંસા–માર્ગ તીર્થંકરોએ બતાવ્યો છે. તેથી કુશળ પુરૂષો દંડ સમારંભ અર્થાત્ હિંસાદિ વૃત્તિ કે પ્રવૃત્તિમાં લેપાય નહીં. તેમ જે ભગવંતે કહ્યું તે હું તમને કહું છું.

અધ્યયન–૨ 'લોકવિજય'ના ઉદ્દેશક–૨ 'અદઢતા'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૨, ઉદ્દેશક–૩ "મદનિષેધ"

સૂત્ર–૭૮

આ આત્મા અનેકવાર ઉચ્ચગોત્ર અને નીચગોત્રમાં ઉત્પન્ન થયો છે. તેથી કોઈ નીચ નથી કે કોઈ ઉચ્ચ નથી.

એ જાણીને ઉચ્ચ ગોત્રની સ્પૃહા ન કરે.

આ જાણીને કોણ ગોત્રનો ગર્વ કરશે? કોણ અભિમાન કરશે? કોણ કોઈ એક ગોત્રમાં આસક્ત થશે ? તેથી બુદ્ધિમાને ઉચ્ચ ગોત્ર મળતા હર્ષ ન કરે કે નીચ ગોત્ર મળે તો રોષ ન કરે.

સૂત્ર–૭૯

પ્રત્યેક જીવને સુખ પ્રિય છે તે તું જાણ. તું આ વાત સમ્યક્ પ્રકારે વિચાર કે– અંધપણું, બધિરપણું, મૂકપણું, કાણપણું, લૂલાપણું, કુબડાપણું, કાળાપણું, કુષ્ટાદિ રોગત્વ આદિ પોતાના પ્રમાદથી જ પ્રાપ્ત થાય છે. પ્રમાદથી જ વિવિધ પ્રકારની યોનિમાં જાય છે અને વિવિધ વેદના અનુભવે છે.

સૂત્ર–૮૦

તે બોધ ન પામેલ જીવ રોગાદિથી પીડિત થઈ, અપયશથી કલંકિત થઇ જન્મ–મરણના ચક્રમાં વારંવાર ભટકે છે. ક્ષેત્ર–વાસ્તુ આદિમાં મમત્વ રાખનારને અસંયત જીવન જ પ્રિય લાગે છે. તે રંગબેરંગી મણિ, કુંડલ, સોનું, ચાંદી તથા સ્ત્રીઓમાં અનુરક્ત રહે છે. તેનામાં તપ, ઈન્દ્રિયદમન કે નિયમ દેખાતા નથી. તે અજ્ઞાની જીવો અસંયમી જીવનની કામના કરનાર, ભોગ લાલસાથી વિપરીત પ્રવૃત્તિને પ્રાપ્ત કરે છે.

સૂત્ર–૮૧

જે પુરૂષ ધ્રુવચારી અર્થાત્ શાશ્વત સુખના કેન્દ્રરૂપ મોક્ષ પ્રતિ ગતિશીલ એટલે કે સંયમશીલ છે. તે આવા અસંયમી જીવનની ઈચ્છા કરતા નથી. જન્મ–મરણના સ્વરૂપને સારીરીતે જાણીને ચારિત્રમાં દઢ થઈને વિચરે છે.

સૂત્ર–૮૨

મૃત્યુ માટે કોઈ અકાળ નથી, સર્વે પ્રાણીને આયુષ્ય પ્રિય છે, સર્વેને સુખ ગમે છે, દુઃખ પ્રતિકૂળ લાગે છે, બધાને જીવન પ્રિય છે, સૌ જીવવા ઈચ્છે છે.

પરિગ્રહમાં આસક્ત પ્રાણી દ્વિપદ, ચતુષ્પદને કામમાં જોડીને ધન સંચય કરે છે. પોતાના, બીજાના, ઉભયના માટે તેમાં મત્ત બની અલ્પ કે ઘણું ધન ભેગું કરી તેમાં આસક્ત થઈને રહે છે. વિવિધ ભોગ બાદ બચેલ સંપત્તિથી તે મહાન ઉપકરણવાળો બને છે. પછી કોઈ વખત તે સંપત્તિને સ્વજનો વહેંચી લે છે, ચોરો ચોરી લે છે કે રાજા લૂંટી લે છે. અથવા તે નાશ–વિનાશ પામે છે, આગ લાગવાથી બળી જાય છે.

આ રીતે તે અજ્ઞાની બીજાને માટે ક્રૂર કર્મો કરતો તે દુઃખથી મૂઢ બનીને વિપર્યાસને પામે છે. સર્વજ્ઞોએ આ પ્રમાણે બતાવેલ છે. આવો સ્વચ્છંદાચારી મનુષ્ય સંસાર તરવાને સમર્થ નથી, તે પાર પહોંચતો નથી, તે કિનારે પહોંચતો નથી. સત્ય માર્ગને પામીને પણ તે માર્ગે સ્થિર થતો નથી. વિષય–વૃત્તિ અને લાલસાથી સંસાર સમુદ્રમાં ગોથા ખાય છે મિથ્યા ઉપદેશ પામીને અસંયમમાં આસક્તરહે છે.

સૂત્ર–૮૩

દ્રષ્ટા અર્થાત્ તત્ત્વને સમજનાર માટે ઉપદેશની જરૂર નથી. પણ અજ્ઞાની જે સ્નેહ અને કામમાં આસક્ત છે, જેની ભોગેચ્છા અશાંત છે, તે દુઃખી થઈ દુઃખના આવર્તમાં ભ્રમણ કરે છે, તેને ઉપદેશની જરૂર છે તેમ હું કહું છું.

અધ્યયન–૨ 'લોકવિજય'ના ઉદ્દેશક–૩ 'મદનિષેધ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૨, ઉદ્દેશક–૪ "ભોગાસક્તિ"

સૂત્ર–૮૪

પછી તેને કોઈ વખતે રોગ ઉત્પન્ન થાય છે. જેની સાથે તે રહે છે તે જ સ્વજન કોઈ વખતે તેનો તિરસ્કાર–નિંદા કરે છે. પછી તે પણ તેઓનો તિરસ્કાર–નિંદા કરે છે. હે પુરૂષ !) તે તને શરણ આપવા કે રક્ષણ કરવા સમર્થ નથી. તું પણ તેને શરણ આપવા કે રક્ષણ કરવા સમર્થ નથી. સુખ–દુઃખ પ્રત્યેકના પોતાના જાણીને ઈન્દ્રિય વિજય

કર. કેટલાક મનુષ્યો, જે ઇન્દ્રિય વિજય નથી કરી શકતા તે વારંવાર ભોગોના વિષયમાં જ વિચરતા રહે છે.

સૂત્ર–૮૫

સ્વ, પર કે ઉભય ત્રણ પ્રકારે તેની પાસે થોડી કે ઘણી મિલકત થાય છે. તેમાં ભોગી આસક્ત બનીને રહે છે. એ રીતે કોઈ વખતે તેની પાસે ભોગવ્યા પછી બચેલી સંપત્તિ એકઠી થાય છે. તેને પણ કોઈ વખતે સ્વજનો વહેંચી લે છે, ચોરો ચોરી લે છે, રાજા લૂંટી લે છે, નાશ કે વિનાશ પામે છે. આગ લાગવાથી તે બળી જાય છે. તે અજ્ઞાની બીજાને માટે ક્રૂર કર્મો કરતો મૂઢ થઈ વિપરીત ભાવ પામે છે કે દુઃખથી મૂઢ બની વિપરીત પ્રવૃત્તિ કરે છે.

સૂત્ર–૮૬

હે ધીર પુરૂષ ! તું વિષયભોગની આશા અને સંકલ્પ છોડી દે – આ ભોગશલ્યનું સર્જન તેં જ કર્યું છે. જે ભોગથી સુખ છે, તેનાથી જ દુઃખ પણ છે. આ વાત મોહથી ઘેરાયેલો મનુષ્ય સમજી શકતો નથી.

આ સંસારના પ્રાણીઓ સ્ત્રીઓના મોહથી પરાજિત છે. હે પુરૂષ ! તે લોકો કહે છે કે આ સ્ત્રીઓ ભોગની સામગ્રી છે. આ કથન દુઃખ, મોહ, મૃત્યુ, નરકનાં કારણરૂપ છે. તથા નરકગતિ અને તિર્યંચગતિમાં ભ્રમણ કરાવનાર થાય છે. તો પણ આસક્તિમાં સતત મૂઢ રહેનાર જીવ ધર્મને જાણતો નથી.

ભગવંત મહાવીરે કહ્યું છે, સ્ત્રીરૂપ મહામોહથી બચવું જોઈએ.અપ્રમાદથી મોક્ષ અને પ્રમાદથી મરણ હોય છે. શાંતિ અર્થાત્ મો અને નાશવંત શરીરને જોઈને ચિંતવવું. વિષયભોગથી તૃપ્તિ થતી નથી. તેથી તેમાં આસક્તિ ન કરે.

સૂત્ર–૮૭

હે મુનિ ! આ ભોગોને મહાભયરૂપ સમજ. કોઈના પ્રાણની હિંસા ન કરો, જે સંયમથી ઉદ્વેગ ન પામે તે વીર પ્રશંસાને પામે છે. કોઈ કંઈ ન આપે તો કોપ ન કરે, અલ્પ પ્રાપ્ત થાય તો નિંદા ન કરે, ગૃહસ્થ ના પાડે ત્યારે ત્યાંથી પાછા ફરી જવું જોઈએ. મુનિ આ મુનિ ધર્મનું સમ્યક્ પાલન કરે. તેમ હું કહું છું.

**અધ્યયન–૨ 'લોકવિજય'ના ઉદ્દેશક–૪ 'ભોગાસક્તિ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## અધ્યયન–૨, ઉદ્દેશક–૫ "લોકનિશ્રા"

સૂત્ર–૮૮

ગૃહસ્થો વિવિધ શસ્ત્રો વડે પોતા કે અન્ય માટે લોકમાં કર્મ સમારંભ–પચન–પાચન કરે છે. તે આ પ્રમાણે – તે પોતાના પુત્રો, પુત્રી, પુત્રવધૂ, કુટુંબી, ધાઈ, રાજા, દાસ, દાસી, કર્મચારી, કર્મચારીણી, મહેમાન આદિને માટે, વિવિધ લોકોને દેવા માટે, સાંજ–સવારના ભોજન માટે, આ પ્રકારે આરંભ અર્થાત્હિંસા કરી આહારાદિનો સંનિધિ અને સંનિચય અર્થાત્ સંગ્રહ કરે છે.

સૂત્ર–૮૯

સંયમમાં ઉદ્યત, આર્ય, બુદ્ધિસંપન્ન, ન્યાયદર્શી, અવસરજ્ઞ, તત્ત્વજ્ઞ, અણગાર સદોષ આહાર ગ્રહણ કરે નહીં, કરાવે નહીં, અનુમોદે નહીં તે સર્વે પ્રકારના દૂષણો રહિત નિર્દોષપણે સંયમ પાળે–ભિક્ષાચરી કરે.

સૂત્ર–૯૦

મુનિ ક્રય–વિક્રયથી દૂર રહે. તે ક્રય–વિક્રય સ્વયં ન કરે, બીજા પાસેન કરાવે, કે કરનારને અનુમોદે નહીં. તે ભિક્ષુ કાલ, બલ, માત્રા, ક્ષેત્ર, ક્ષણ, વિનય, સ્વસમય–પરસમય અને ભાવને જાણનાર છે. પરિગ્રહનું મમત્વ ન રાખનાર, યથાકાળ અનુષ્ઠાન કરનાર મુનિ ભિક્ષાવૃતિમાં રાગયુક્ત સંકલ્પ ન કરે.

સૂત્ર–૯૧

ઉપર કહેલ મુનિ, રાગ–દ્વેષને છેદી અનાસક્ત બની મોક્ષમાર્ગે આગળ વધે, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક, અવગ્રહ, શય્યા અને આસનની ગૃહસ્થો પાસે યાચના કરે.

સૂત્ર–૯૨

આહાર પ્રાપ્તિ સમયે સાધુને પ્રમાણ–માત્રાનું જ્ઞાન હોવું જોઈએ. એમ ભગવંતે ફરમાવેલ છે. આહાર પ્રાપ્ત થતા મદ ન કરે, ન મળે તો શોક ન કરે. અધિક માત્રામાં મળે તો સંગ્રહ ન કરે, પરિગ્રહથી પોતાને દૂર રાખે.

સૂત્ર–૯૩

આ પ્રકારે જોઈને–વિચારીને અર્થાત્ ધર્મોપકરણને માત્ર સંયમનું સાધન સમજી પરિગ્રહનો ત્યાગ કરે. આ માર્ગ તીર્થંકરોએ બતાવેલ છે. જેથી કુશલ પુરૂષ પરિગ્રહમાં ન લેપાય. તેમ હું કહું છું.

સૂત્ર–૯૪

કામભોગોનો ત્યાગ ઘણો મુશ્કેલ છે. જીવનને લંબાવી શકાતું નથી. આ પુરૂષ કામભોગની કામના રાખે છે. પછી તેના જવા પર શોક કરે છે, વિલાપ કરે છે, મર્યાદા છોડી દે છે અને પરિતાપથી દુઃખી થાય છે.

સૂત્ર–૯૫

દીર્ઘદર્શી અર્થાત્ આ–લોક પર–લોકના દુઃખને જોનાર, અને લોકદર્શી અર્થાત્ લોકના સ્વરૂપને જાણનાર–પુરુષ લોકના અધોભાગને, ઉર્ધ્વભાગને, તિર્છાભાગને જાણે છે. વિષયમાં આસક્ત લોકો સંસારમાં વારંવાર ભ્રમણ કરે છે. જે 'સંધિ' અર્થાત્ ધર્મના અવસરને જાણીને વિષયોથી દૂર રહે તે વીર છે, પ્રશંસનીય છે. જે સંસાર બંધનમાં બંધાયેલને મુક્ત કરે છે. આ શરીર જેવું અંદર છે તેવું બહાર છે, જેવું બહાર છે તેવું અંદર છે આ શરીરમાં અશુદ્ધિ ભરી છે તે જુએ. આ શરીરમાંથી નીકળતી અશુચિને જોઈને બુદ્ધિમાન શરીરના યથાર્થ સ્વરૂપને સમજે.

સૂત્ર–૯૬

તે મતિમાન ઉક્ત વિષય જાણીને વમન કરેલા ભોગોને પુનઃ ન સેવે. પોતાને તિર્છા વિપરીત) માર્ગમાં ન ફસાવે. આવો કામાસક્ત પુરૂષ મેં કર્યું, હું કરીશ એવા વિચારોથી ઘણી માયા કરીને મૂઢ બને છે. પછી તે લોભ કરીને પોતાના વૈર વધારે છે, તેથી એમ કહેવાય છે કે ભોગાસક્ત પુરૂષ ક્ષણભંગુર શરીરને પુષ્ટ બનાવવા પ્રયત્ન કરે છે, જાણે કે તે અજર–અમર હોય તેવી શ્રદ્ધા રાખે છે. તું જો કે, તે પીડિત–દુઃખી છે. અજ્ઞાનતાથી રૂદન કરે છે.

સૂત્ર–૯૭

જે હું કહું છું તે તમે જાણો. પોતાને ચિકિત્સા પંડિત બતાવતા કેટલાક વૈદ્ય જીવહિંસામાં પ્રવૃત્ત હોય છે. તેઓ ચિકિત્સા માટે અનેક જીવોનું હનન, છેદન, ભેદનકરે છે, પ્રાણીના સુખનો નાશ કરે છે. અને પ્રાણવધ કરે છે. જે પૂર્વે કોઈએ નથી કર્યું એવું હું કરીશ એવું માનીને તે જેની ચિકિત્સા કરે છે, તે પણ જીવવધમાં સહભાગી થાય છે તેથી આવા અજ્ઞાનીથી દૂર રહેવું જોઈએ. આવા ચિકિત્સકનો સંગ કરવાથી શો લાભ ? જે ચિકિત્સા કરાવે તે પણ બાલઅજ્ઞાની છે. અણગાર આવી ચિકિત્સા ન કરાવે. ભગવંતે આ કહ્યું છે, તે હું તમનેકહું છું.

અધ્યયન–૨ 'લોકવિજય'ના ઉદ્દેશક–૫ 'લોકનિશ્રા'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૨, ઉદ્દેશક–૬ "અમમત્વ"

સૂત્ર–૯૮

પહેલા કહેલા વસ્તુ સ્વરૂપને સારી રીતે જાણીને જ્ઞાન આદિ સાધનામાં પ્રયત્નશીલ રહેનાર સાધક સ્વયં પાપકર્મ ન કરે, બીજા પાસે ન કરાવે.

સૂત્ર–૯૯

છ કાય જીવોમાંથી કોઈ એક કાયનો પણ સમારંભ અર્થાત્ હિંસા કરે, તો છ એ કાયના જીવોનો સમારંભ કરનારો ગણાય છે. સુખને ઈચ્છાનારો, સુખ માટે દોડધામ કરતો જીવ પોતે જાતે ઉભા કરેલા દુઃખથી મૂઢ બની વિશેષ દુઃખી થાય છે. તે પોતાના પ્રમાદને કારણે વ્રતોનો ભંગ કરે છે. જે દશામાં પ્રાણી અત્યંત દુઃખી થાય છે. એ

જાણીને પર–પીડાકારી પ્રવૃત્તિનો ત્યાગ કરે. આ જ પરિજ્ઞા અર્થાત્ વિવેક કહ્યો છે. તેનાથી જ કર્મો ઉપશાંત થાય છે.

સૂત્ર–૧૦૦

જે મમત્વ બુદ્ધિનો ત્યાગ કરે છે, તે મમત્વનો ત્યાગ કરે છે. જેને મમત્વ નથી તે જ મોક્ષમાર્ગને જાણનાર મુનિ છે, એવું જાણીને મેઘાવી મુનિ લોકના સ્વરૂપને જાણે, જાણીને લોકસંજ્ઞાનો ત્યાગ કરી સંયમમાં પુરૂષાર્થ કરે – એમ ભગવંતે કહ્યું તે હું તમને કહું છું.

સૂત્ર–૧૦૧

વીર સાધક અરતિ અર્થાત્ સંયમમાં ઉત્પન્ન થયેલ અરુચિને સહન કરતો નથી. રતિ અર્થાત્ બાહ્ય પદાર્થમાં થતી રુચિને પણ સહન કરતો નથી. તે વીર બંનેમાં અવિમનસ્ક–સ્થિર થઈ રતિ કે અરતિ–નિમિત્તમાં રાગ ન કરે.

સૂત્ર–૧૦૨

શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શજન્ય કષ્ટોને સહન કરતા હે મુનિ! આ લોકના પુદ્ગલજન્ય અર્થાત્ બાહ્ય આનંદરૂપ અસંયમ જીવિતથી વિરત થા. નિર્વેદભાવને પામ, હે મુનિ! સંયમને ગ્રહણ કરી કર્મ શરીરને ખંખેરી નાખ.

સૂત્ર–૧૦૩

રાગ–દ્વેષ રહિત કે પરમાર્થદષ્ટિવાળા તે મુનિ લૂખો–સૂકો કે નિરસ આહાર કરે છે. આવા રુક્ષ–આહારી તેમજ સમત્વસેવી મુનિ ભવસમુદ્રને તરેલા, મુક્ત અને વિરત કહેવાય છે. તેમ હું તમને કહું છું.

સૂત્ર–૧૦૪

જિન આજ્ઞા ન માનનાર, સ્વેચ્છાચારી મુનિ મોક્ષગમન માટે અયોગ્ય છે. તે ધર્મકથનમાં ગ્લાનિ પામે છે કેમ કે તે તુચ્છ છે અર્થાત્ જ્ઞાન આદિથી રહિત છે.

તે સાધક 'વીર' પ્રશસ્ય છે જે લોક સંયોગ અર્થાત્ ધન, પરિવાર આદિ સંસારની જંજાળથી દૂર થઇ જાય છે. તીર્થંકર દ્વારા પ્રરૂપિત આ જ માર્ગને ન્યાય્યમાર્ગ કહેલ છે.

સૂત્ર–૧૦૫

અહીં મનુષ્યોના જે દુઃખો અથવા દુઃખના કારણો બતાવ્યા છે. તેનાથી મુક્ત થવાનો માર્ગ તીર્થંકરો દેખાડે છે. દુઃખના આ કારણોને જાણીને, પ્રત્યાખ્યાન દ્વારા તેનો સર્વ પ્રકારે ત્યાગ કરવો સંયમ ગ્રહણ કરવો).

જૈન સિવાયના તત્ત્વને માને તે અન્યદર્શી અને વસ્તુ તત્ત્વનાં યથાર્થ સ્વરૂપને જાણનાર તે અનન્યદર્શી, આવો સમ્યગ્દ્રષ્ટિ, જિન પ્રવચનના તત્ત્વાર્થને જ માને છે. આવો અનન્યદર્શી મોક્ષમાર્ગ સિવાય બીજે રમણતા ન કરે. જે ભગવંતના ઉપદેશથી અન્યત્ર રમણ ન કરે તે અનન્યદર્શી અને અનન્યદર્શી છે તે બીજે રમણ ન કરે.

સાચા ઉપદેશક જે રીતે પુણ્યવાનને ઉપદેશ કહે છે, તે જ રીતે તુચ્છ અર્થાત્ સામાન્ય વ્યક્તિને ઉપદેશ કહે છે અને જેરીતે તુચ્છ–સામાન્ય વ્યક્તિને ઉપદેશ કરે છે, તે રીતે પુણ્યવાનને પણ ઉપદેશ કરે છે.

સૂત્ર–૧૦૬

ધર્મોપદેશ સમયે ક્યારેક કોઈ શ્રોતા પોતાનાં સિદ્ધાંત કે મતનો અનાદર થવાથી ક્રોધિત થઇ ઉપદેશકને મારવા લાગે, તો ધર્મકથા કરનાર એમ જાણે કે અહીં ધર્મકથા કરવી કલ્યાણકારી નથી. ઉપદેશકે પહેલાં એ જાણવું જોઈએ કે– શ્રોતા કોણ છે ? તે ક્યા દેવને કે ક્યા સિદ્ધાંતને માને છે?

ઉર્ધ્વદિશામાં રહેલ–જ્યોતિષ્ક આદિ, અધોદિશામાં રહેલ–ભવનપતિ આદિ, તિર્છીદિશામાં રહેલ–મનુષ્ય આદિને કર્મથી અથવા સ્નેહથી બંધાયેલ મનુષ્યોને ધર્મકથા વડે જે મુક્ત કરાવે તે 'વીર' પ્રશંસા યોગ્ય છે.

જે વીર–સાધક સર્વ પ્રકારે સંપૂર્ણ વિવેકજ્ઞાન સાથે સંયમ પાલન કરે છે, તે હિંસાના સ્થાનથી લેપાતા નથી. જે કર્મોને દૂર કરવામાં નિપુણ છે, કર્મોના બંધનથી મુક્ત થવાના ઉપાયને શોધનાર છે, તે મેધાવી છે.

કુશળ પુરૂષો કર્મોથી કદી બંધાતા નથી કે સંયમને કદી છોડતા નથી.

સૂત્ર–૧૦૭

તે કુશલ સાધક જે સંયમ અનુષ્ઠાનને સંપૂર્ણ ક્ષય માટે આદરે તેઓ આચરણ કરવા યોગ્યનું આચરણ કરે છે અને આચરણ ન કરવા યોગ્યનું આચરણ કરતા નથી, શાસ્ત્રમાં નિષેધ છે તેને ક્યારેય આચરતા નથી જે જે કાર્યોથી હિંસા થાય તેને જાણીને સર્વ પ્રકારે હિંસાનો અને લોકસંજ્ઞા અર્થાત્ વિષયસુખ ઈચ્છાનો ત્યાગ કરે.

સૂત્ર–૧૦૮

જે પરમાર્થદ્રષ્ટા–આત્મદ્રષ્ટા છે, તેવા વિવેકશીલ સાધકો માટે આ ઉપદેશ આવશ્યક નથી. પરંતુ જે અજ્ઞાની છે, વારંવાર વિષયોમાં આસક્તિ કરે છે તે કારણે તે દુઃખોનું શમન કરી શકતો નથી. દુઃખોથી દુઃખી બનેલો તે દુઃખોના ચક્રમાં જ પરિભ્રમણ કરે છે, તેવા હિતાહિતને ન સમજનાર માટે આ ઉપદેશ છે. તેમ હું કહું છું.

**અધ્યયન–૨ 'લોકવિજય'ના ઉદ્દેશક–૬ 'અમમત્ત્વ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

# શ્રુતસ્કંધ–૧ના અધ્યયન–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

----------0---------0---------0---------0---------0---------

# શ્રુતસ્કન્ધ–૩

## અધ્યયન–૩ શીતોષ્ણીય

### અધ્યયન–૩, ઉદ્દેશક–૧ "ભાવસુપ્ત"

**સૂત્ર–૧૦૯**

અમુનિ અર્થાત્ અજ્ઞાની સદા સૂતેલા છે. મુનિ અર્થાત્ જ્ઞાની સદા જાગતા છે.

**સૂત્ર–૧૧૦**

લોકમાં સર્વ પ્રાણીઓના વિષયમાં તું જાણ કે દુઃખ સર્વને માટે અહિતકર છે. લોકના આ હિંસામય આચારને જાણીને તું સર્વ જીવોની હિંસાનો ત્યાગ કર.

**સૂત્ર–૧૧૧**

જેણે આ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શને યથાર્થપણે જાણી લીધા છે. તે જ આત્મ સ્વરૂપનો જ્ઞાતા, જ્ઞાની, શાસ્ત્રવેત્તા, ધર્મવાન્, બ્રહ્મજ્ઞાની છે. તે પ્રજ્ઞા વડે સમગ્ર લોકને જાણે છે; તે મુનિ કહેવાય છે. તે ધર્મને જાણનાર, સરળ હૃદયી મુનિ સંસાર, આશ્રવ અને કર્મબંધનાં સ્વરૂપને જાણે છે.

**સૂત્ર–૧૧૨**

તે નિર્ગ્રન્થ–મુનિ સુખ–દુઃખના ત્યાગી છે, અરતિ–રતિ સહન કરે છે. તેઓ કષ્ટ અને દુઃખનું વેદન કરતા નથી. તેઓ સદા જાગૃત રહે છે, વૈરથી દૂર રહે છે. હે વીર ! એ રીતે સંસારરૂપ દુઃખથી મુક્તિ પામીશ.

વૃદ્ધત્વ અને મૃત્યુને વશ થયેલ મનુષ્ય સતત મૂઢ રહે છે તે ધર્મને જાણી શકતો નથી.

**સૂત્ર–૧૧૩**

સંસારમાં મનુષ્યને દુઃખથી પીડાતા જોઈને સાધક સતત અપ્રમત્ત બની સંયમમાં વિચરે.

હે મતિમાન્ ! મનન કરી તું આ દુઃખી પ્રાણીને જો. તેઓના આ બધાં દુઃખ આરંભ અર્થાત્ હિંસાજનિત છે. તે જાણી તું અનારંભી બન. માયાવી, પ્રમાદી કષાયી પ્રાણી વારંવાર જન્મ–મરણ કરે છે. પરંતુ જે શબ્દાદિ વિષયમાં રાગ–દ્વેષ કરતા નથી, ઋજુતા આર્જવતા આદિ ધર્મથી યુક્ત છે અને મૃત્યુની આશંકા રાખતા સંયમ તત્પર રહે છે, તે મૃત્યુના ભયથી મુક્ત થાય છે.

જે કામભોગ પ્રત્યે અપ્રમત્ત છે, પાપ કર્મોથી દૂર છે, તે વીર પુરુષ, આત્માને ગોપવનાર તથા સ્વ–પરના ખેદને જાણનાર છે.

જે પ્રાણીને ઉપઘાતકારી અનુષ્ઠાનને જાણે છે, તે સંયમને જાણે છે. જે સંયમને જાણે છે, તે પ્રાણીને ઉપઘાતકારી અનુષ્ઠાનને જાણે છે માટે સાધુ નીરવદ્ય અનુષ્ઠાનરૂપ સંયમને આદરે.

કર્મરહિત ને સાંસારિક વ્યવહાર હોતો નથી. કર્મોથીજ ઉપાધિ થાય છે. તે કર્મોના સ્વરૂપને જાણી, હિંસક વૃત્તિને કર્મનું મૂળ સમજીને તેનાથી દૂર રહે.

**સૂત્ર–૧૧૪**

કર્મનું મૂળ જાણીને હિંસાનું નિરીક્ષણ કરી સર્વ ઉપદેશ ગ્રહણ કરીને રાગ–દ્વેષ રૂપ બે છેડાથી દૂર રહે. મેધાવી સાધક તે રાગ–દ્વેષને અહિતકર જાણીને, રાગાદિના કારણે લોકને દુઃખમય જાણે અને લોકસંજ્ઞા અર્થાત્ સાંસારિક રુચિનો ત્યાગ કરી સંયમમાં પરાક્રમ કરે – તે પ્રમાણે ભગવંતે કહ્યું છે હું તમને કહું છું.

અધ્યયન–૩ 'શીતોષ્ણીય'ના ઉદ્દેશક–૧ 'ભાવસુપ્ત'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૩, ઉદ્દેશક–૨ “દુઃખાનુભવ”

સૂત્ર–૧૧૫

હે આર્ય ! આ સંસારમાં તું જન્મ અને વૃદ્ધિને જો. તું પ્રાણીઓને પોતાના સમાન જાણ, જેમ તને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે, તેમ અન્ય પ્રાણીઓને પણ સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે. આ રીતે કલ્યાણકારી મોક્ષના માર્ગને જાણીને સમત્વદર્શી પાપકર્મને કરતા નથી.

સૂત્ર–૧૧૬

આ મનુષ્યલોકમાં મનુષ્યો સાથેની સ્નેહજાળથી દૂર રહેવું. કેમ કે તેઓ હિંસા આદિ આરંભથી આજીવિકા કરે છે. અને ઉભયલોકમાં કામોભોગોની લાલસા કરે છે. કામભોગોમાં આસક્ત બની કર્મ બંધન કરે છે. તેમ કરીને વારંવાર જન્મ–મરણ કરે છે.

સૂત્ર–૧૧૭

અજ્ઞાની જીવો હાસ્ય, વિનોદ માટે જીવ વધ કરીને આનંદ મનાવે છે. એવા અજ્ઞાનીના સંગથી બચવું, તેનાથી અન્ય જીવો સાથે પોતાનું વેર વધે છે

સૂત્ર–૧૧૮

તેથી ઉત્તમ જ્ઞાની પુરુષ પરમ મોક્ષપદને જાણીને તથા નરકના દુઃખોને જાણીને પાપ–કર્મ ન કરે. હે ધીર ! તું અગ્ર અર્થાત્ ભવોપગ્રાહી કે મોહનીય અને મૂલ અર્થાત્ ઘાતી કે શેષ ૭ કર્મને દૂર કર. કર્મો તોડીને કર્મરહિત બન.

સૂત્ર–૧૧૯

તે અગ્રકર્મ અને મૂલકર્મના વિવેકને જાણનાર મુનિ મરણથી મુક્ત થાય છે, તે જ મુનિ સંસારના ભયથી લોકમાં મોક્ષનો દૃષ્ટા બને છે; રાગદ્વેષ રહિત જીવન વીતાવે છે. તે ઉપશાંત બની સમિતિ યુક્ત, જ્ઞાનાદિ ગુણ–યુક્ત થઈ, સદા યતનાવાન બને છે, પંડિતમરણને ઈચ્છતો એવો તે સંયમ–માર્ગમાં વિચરણ કરે છે.

સૂત્ર–૧૨૦

આ જીવે પૂર્વે ઘણા પાપકર્મોનો બંધ કર્યો છે. એ કર્મો નષ્ટ કરવા તું સંયમમાં દૃઢતા ધારણ કર. સંયમમાં લીન રહેનાર મેધાવી સાધક સર્વ પાપકર્મોનો ક્ષય કરી દે છે.

સૂત્ર–૧૨૧

સંસારનાં સુખના અભિલાષી તે અસંયમી પુરુષ અનેક પ્રકારે સંકલ્પ–વિકલ્પો કરે છે. તે ચાળણી વડે સમુદ્રને ભરવા ઈચ્છે છે. તે બીજાના અને જનપદ અર્થાત્ દેશના વધ, પરિતાપ અને આધિન કરવા પ્રવૃત્તિ કરે છે.

સૂત્ર–૧૨૨

વધ–પરિતાપ આદિનું આસેવન કરી, છેલ્લે તે સર્વેનો ત્યાગ કરી કેટલાયે પ્રાણી સંયમમાર્ગમાં ઉદ્યમવંત થયા છે. તેથી જ્ઞાની પુરુષો કામભોગને અસાર સમજી છોડ્યા પછી ફરી મૃષાવાદ આદિ અસંયમનું સેવન ન કરે.

હે જ્ઞાની મુનિ! વિષયોને સાર રહિત જાણો, દેવોના પણ ઉપપાત–ચ્યવન અર્થાત્ જન્મ અને મરણ નિશ્ચિત છે તે જાણીને હે માહણ ! તું અનન્ય સંયમરૂપ મોક્ષમાર્ગનું આચરણ કર.

આવા સંયમશીલ મુનિ કદાપી પ્રાણીઓની હિંસા સ્વયં ન કરે, ન અન્ય પાસે કરાવે અને ન અન્ય હિંસા કરનાર નું અનુમોદન કરે. હે સાધક! વિષયભોગ જનિત આનંદની જુગુપ્સા કર અને સ્ત્રીઓમાં રાગરહિત થા.

સમ્યગ્ દર્શન–જ્ઞાનાદિ યુક્ત મોક્ષદર્શી સાધક પાપકર્મોથી દૂર રહે છે.

સૂત્ર–૧૨૩

વીર પુરૂષ ક્રોધ અને માન આદિને મારે, લોભને દુઃખદાયી નરકરૂપે જુએ, લઘુભૂતગામી અર્થાત્ મોક્ષ કે સંયમનો અભિલાષી વીર, હિંસા આદિ પાપકર્મોથી વિરત થઈ વિષય વાસનાને છેદે.

સૂત્ર–૧૨૪

હે ધીર! ગ્રંથ અર્થાત્ પરિગ્રહને જાણીને આજે જત્યાગ કર. એ જ રીતે સંસારના સ્રોતરૂપ વિષયોને જાણીને ઇન્દ્રિયનું દમન કર. આ માનવજન્મમાં 'ઉન્મજ્જન'નો અર્થાત્ સંસાર–સાગર તરવાનો કે ઉંચે ઉઠવાનો અવસર મળેલ છે, તો પ્રાણીઓના પ્રાણનો સંહાર અર્થાત્ હિંસા ન કર. તે પ્રમાણે ભગવંતે કહ્યું છે, તે હું તમને કહું છું.

અધ્યયન–૩ 'શીતોષ્ણીય'ના ઉદ્દેશક–૨ 'દુઃખાનુભવ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૩, ઉદ્દેશક–૩ "અક્રિયા"

સૂત્ર–૧૨૫

હે સાધક! ધર્માનુષ્ઠાન–રૂપ સુઅવસર જાણીને પ્રાણીઓને દુખ આપવા રૂપ પ્રમાદ ન કરે. પ્રત્યેક જીવોને પોતાના આત્મા સમાન જ જુએ. તેથી સ્વયં જીવ હિંસા ન કરે, ન અન્ય પાસે હિંસા કરાવે.

શ્રમણ થઈ જે એકબીજાની આશંકાથી, શરમથી કે ભયથી પાપકર્મ કરતો નથી તો પાપકર્મ ન કરવાપણામાં શું એ તેનું મુનિપણું કારણભૂત કહેવાય? ના ન કહેવાય)

સૂત્ર–૧૨૬

સમતાનો વિચાર કરી આત્માને પ્રસન્ન રાખે. જ્ઞાની મુનિ સંયમમાં કદાપિ પ્રમાદ ન કરે. આત્માનું ગોપન કરી સદૈવ વીર બની દેહને સંયમયાત્રાનું સાધન માની નિર્વાહ કરે. નાના–મોટા રૂપોમાં આસક્તિ ન કરે, વિરક્ત રહે

સૂત્ર–૧૨૭

જીવોની ગતિ–આગતિ જાણીને જે સાધક રાગ–દ્વેષથી દૂર રહે છે તે સર્વ લોકમાં કોઈથી છેદાતા, ભેદાતા, બળાતા, મરાતા નથી રાગ–દ્વેષરહિત આત્મા દુઃખોથી મુક્ત થઇ જાય છે.

સૂત્ર–૧૨૮

કેટલાક મૂઢ જીવો ભૂતકાળ કે ભાવિના બનાવોને યાદ કરતા નથી કે આ જીવ પહેલાં કેવો હતો ? ભાવિમાં શું થનાર છે ?

કેટલાંક એવું માને છે કે જેવો તે ભૂતકાળમાં હતો તેવો ભાવિમાં થશે અર્થાત્ મનુષ્ય મરીને મનુષ્ય થશે, પશુ મારીને પશુ. પરંતુ .....

સૂત્ર–૧૨૯

તથાગત અર્થાત્ બૌદ્ધ દાર્શનિકો અતીત કે અનાગતના અર્થનું સ્મરણ કરતા નથી. પણ વિદ્યુતકલ્પી અર્થાત્ અનેક પ્રકારે આઠ કર્મને ધોવાના આચારવાળા સાધુઓ, શુદ્ધ સંયમપાલક મહર્ષિ ત્રણે કાળનું અન્વેષણ કરી, આ સત્યને જાણી તપના આચરણ દ્વારા કર્મનો ક્ષય કરે છે.

સૂત્ર–૧૩૦

તે વિધુતકલ્પીને અરતિ શું? અને આનંદ શું ? તે આવા હર્ષ અને શોકના પ્રસંગોમાં અનાસક્ત થઈ વિચરે. સર્વ હાસ્યાદિ પ્રમાદનો ત્યાગ કરે, અને કાચબાની જેમ અંગો સંકોચીને સદા સંયમ–પાલન કરતાં વિચરે.

હે જીવ ! તું સ્વયં જ તારો મિત્ર છે, તો બહારના અન્ય મિત્રને તું કેમ ઇચ્છે છે ?

સૂત્ર–૧૩૧

જે કર્મોને દૂર કરનાર છે તે મોક્ષને પ્રાપ્ત કરનાર છે અને જે મોક્ષને પ્રાપ્ત કરનાર છે તે કર્મોને દૂર કરનાર છે, એવું સમજીને હે પુરૂષ ! તું પોતાના આત્માનો નિગ્રહ કર, એમ કરવાથી તું દુઃખકર્મ) મુક્ત થઈશ.

તું સત્યનું સેવન કર. કેમ કે સત્યની આજ્ઞામાં રહેનાર મેધાવી સાધક સંસારને તરી જાય છે અને ધર્મનું યથાર્થ પાલન કરીને કલ્યાણ પ્રાપ્ત કરે છે.

સૂત્ર–૧૩૨

રાગ, દ્વેષથી કલુષિત જીવ આ ક્ષણભંગુર જીવન માટે, પોતાના કીર્તિ, માન અને પૂજાને માટે હિંસાદિ પાપ કરવામાં પ્રવૃત્ત થાય છે. કોઈ સાધક સન્માન આદિને માટે પ્રમાદ આચરણ અર્થાત્ પાપકારી પ્રવૃત્તિ કરે છે.

સૂત્ર–૧૩૩

જ્ઞાની–સાધક સાધના–માર્ગમાં આવતા દુઃખ કે પ્રલોભનોથી વ્યાકૂળ ન થાય. આવા આત્મદ્રષ્ટા પુરૂષ સંસાર અર્થાત્ લોકાલોકના સમસ્ત પ્રપંચોથી મુક્ત થાય છે – તેમ હું કહું છું.

અધ્યયન–૩ 'શીતોષ્ણીય'ના ઉદ્દેશક–૩ 'અક્રિયા'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૩, ઉદ્દેશક–૪ "કષાયવમન"

સૂત્ર–૧૩૪

હિંસાથી નિવૃત્ત થનાર તથા સર્વ કર્મનો અંત કરનાર સર્વજ્ઞ તીર્થંકરનો ઉપદેશ છે કે સાધક ક્રોધ, માન, માયા, લોભનો પૂર્ણપણે ત્યાગ કરે છે. અને કર્મના આસ્રવોનો નિરોધ કરીને પોતાના કરેલા કર્મોનો નાશ કરે છે.

સૂત્ર–૧૩૫

જે એક આત્મતત્ત્વને ને જાણે છે, તે સર્વને જાણે છે. જે સર્વને જાણે છે, તે એક આત્મતત્ત્વને જાણે છે.

સૂત્ર–૧૩૬

પ્રમાદી એવા સંસારીને બધી બાજુથી ભય હોય છે અપ્રમાદી એવા સંયમીને ક્યાયથી ભય હોતો નથી.

જે એક મોહનીયકર્મને અથવા અનંતાનુબંધીક્રોધને ખપાવે છે), તે જ્ઞાનાવરણીય આદિ અનેક કર્મને અથવા માન આદિને) ખપાવે છે, જે જ્ઞાનાવરણીય આદિ અનેક કર્મને નમાવે તે એક મોહનીયકર્મને ને નમાવે છે.

સંસારના દુઃખને જાણીને લોકસંયોગનો ત્યાગ કરી, ધીર સાધક મહાયાનને અર્થાત્ મોક્ષપથ–સંયમને પામે છે, તે મોક્ષમાર્ગમાં ઉત્તરોત્તર આગળ વધે છે, તેને અસંયમી જીવનની અભિલાષા રહેતી નથી.

સૂત્ર–૧૩૭

ક્ષપકશ્રેણીએ ચઢેલ સાધુ એક અનંતાનુબંધી ક્રોધને ખપાવતા બીજા દર્શનાદિને પણ ખપાવે છે. અથવા અન્યને ખપાવતા એક અનંતાનુબંધીને પણ અવશ્ય ખપાવે છે.

વીતરાગની આજ્ઞામાં શ્રદ્ધા રાખનાર મેધાવી સાધક છ–કાયરૂપ અથવા કષાય–લોકને જાણીને જિન–આગમ અનુસાર જીવોને ભય ન થાય તેમ વર્તે તેમ કરવાથી 'અકુતોભય' થાય છે.

શસ્ત્ર અર્થાત્ અસંયમ એકબીજાથી તેજ કે મંદ હોય છે, પણ અશસ્ત્ર અર્થાત્ સંયમમાં આ તરતમતા નથી.

સૂત્ર–૧૩૮

જે ક્રોધના અનર્થકારી સ્વરૂપને જાણે છે અને તેનો પરિત્યાગ કરે છે તે માનદર્શી છે અર્થાત્ માનને પણ જાણે છે અને ત્યાગ કરે છે, એ જ પ્રમાણે જે માનદર્શી છે તે માયાને જાણીને તજે છે, જે માયાદર્શી છે તે લોભદર્શી છે, જે લોભદર્શી છે તે રાગદર્શી છે, જે રાગદર્શી છે તે દ્વેષદર્શી છે, જે દ્વેષદર્શી છે તે મોહદર્શી છે, જે મોહદર્શી છે તે ગર્ભદર્શી છે, જે ગર્ભદર્શી છે તે જન્મદર્શી છે, જે જન્મદર્શી છે તે મરણદર્શી છે, જે મરણદર્શી છે તે નરકદર્શી છે, જે નરકદર્શી છે, તે તિર્યંચદર્શી છે, જે તિર્યંચદર્શી છે અર્થાત્ તિર્યંચસંબંધી કર્મથી મુક્ત થાય છે તે દુઃખથી મુક્ત થાય છે . હવે ક્રોધ આદિનું સાક્ષાત નિવર્તન કહે છે–

"તે મેધાવી ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, ગર્ભ, જન્મ, મૃત્યુ, નરક, તિર્યંચના દુઃખોથી નિવૃત્ત થાય. આ દ્રવ્ય–ભાવ શસ્ત્રથી રહિત, સંસારનો પાર પામેલા સર્વજ્ઞ–તીર્થંકરનું કથન છે.

જે સાધક કર્મના આસ્રવોને રોકે છે તે જ પોતે કરેલા કર્મોનું ભેદન કરી શકે છે.

શું સર્વજ્ઞને કોઈ ઉપાધિ હોય છે? નાં, તેઓને કેવળજ્ઞાન થવાથી સંસારની કોઈ ઉપાધિ નથી હોતી. તેમ હું કહું છું એ પ્રમાણે સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને કહ્યું.

**અધ્યયન–૩ 'શીતોષ્ણીય'ના ઉદ્દેશક–૪ 'કષાયવમન'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

# શ્રુતસ્કંધ–૧–ના અધ્યયન–૩–નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

---------0---------0---------0---------0---------0---------

# શ્રુતસ્કન્ધ–૧

## અધ્યયન–૪ સમ્યક્ત્વ

### અધ્યયન–૪, ઉદ્દેશક–૧ "સમ્યક્‌વાદ"

સૂત્ર–૧૩૯

હે જમ્બૂ! હું તીર્થંકરના વચનથી કહું છું – ભૂતકાળમાં થયેલા, વર્તમાનમાં છે તે અને ભાવિમાં થશે તે બધા તીર્થંકર ભગવંતો આ પ્રમાણે કહે છે, આવું બોલે છે, આવું પ્રજ્ઞાપન કરે છે, પ્રરૂપણા કરે છે કે સર્વે પ્રાણી, સર્વે ભૂતો, સર્વે જીવો અને સર્વે સત્ત્વોને મારવા નહીં, તેના પર હૂકમ ન કરવો, નોકરની જેમકબજામાં ન રાખવા, ન સંતાપ આપવો અને પ્રાણોનો વિનાશ ન કરવો.

આ અહિંસા ધર્મ શુદ્ધ છે, નિત્ય છે, શાશ્વત છે. ખેદજ્ઞ અર્થાત્ સંસારના દુઃખોને જાણનાર અરિહંતોએ લોકને સમ્યક્ રીતે જાણીને કહ્યું છે – જે ધર્માચરણને માટે તત્પર છે કે અતત્પર, ઉપસ્થિત છે કે અનુપસ્થિત, દંડ દેવા વડે ઉપરત છે કે અનુપરત, પરિગ્રહ સહિત છે કે રહિત, મમત્ત્વસંબંધમાં રત છે કે રત નથી. તે બધાને ભગવંતે સમાન ભાવે ઉપદેશ આપેલ છે. તે જ સત્ય છે, તે જ તથ્ય છે, તે આ જિનપ્રવચનમાં સમ્યક્ રૂપે કહેલ છે.

સૂત્ર–૧૪૦

ધર્મના યથાર્થ સ્વરૂપને જાણીને તેના પર શ્રદ્ધા કરી પ્રમાદી ન થાય, તેનો ત્યાગ ન કરે. ધર્મનું જેવું સ્વરૂપ છે, તેવું જાણીને તેનું આચરણ કરે, પ્રાપ્ત વિષયોમાં વિરક્તિ પ્રાપ્ત કરે અને લોકૈષણા–સંસારપ્રવાહમાં ભટકે નહીં.

સૂત્ર–૧૪૧

જે સાધકને લોકૈષણા અર્થાત્ કામ–ભોગ આદિ સંસાર–પ્રવાહ નથી તેનાથી અન્ય સાવદ્ય પ્રવૃત્તિ કેમ થઈ શકે ? આ જે અહિંસાધર્મ કહેવાયછે તે સર્વ ભગવંતોએ કેવળજ્ઞાન દ્વારા જોયેલ છે, શ્રોતા દ્વારા સાંભળેલ છે, ભવ્ય જીવોએ માનેલ છે, સર્વજ્ઞ એ અનુભવેલ છે

જે સંસારમાં અતિ આસક્ત, વિષયમાં લીન રહે છે તે વારંવાર સંસારમાં પરિભ્રમણ કરે છે.

સૂત્ર–૧૪૨

રાત–દિવસ મોક્ષમાર્ગમાં પ્રયત્નશીલ, તત્ત્વદર્શી, ધીર સાધક પ્રમાદીઓને ધર્મથી બહિર્મુખ જાણી, સ્વયં અપ્રમત્ત થઈ પરાક્રમ કરે. તેમ હું કહું છું.

અધ્યયન–૪ 'સમ્યક્ત્વ'ના ઉદ્દેશક–૧ 'સમ્યક્‌વાદ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

### અધ્યયન–૪, ઉદ્દેશક–૨ "ધર્મવાદી પરીક્ષા"

સૂત્ર–૧૪૩

જે આસ્રવના સ્થાન અર્થાત્ કર્મબંધનાં કારણો છે, તે પરિસ્રવના સ્થાન અર્થાત્ કર્મનિર્જરાના કારણો છે અને જે પરિસ્રવના સ્થાન છે તે આસ્રવના સ્થાન છે. જે અનાશ્રવ અર્થાત્ વ્રત–વિશેષ છે તે પણ ક્યારેક પ્રમાદના કારણે અપરિસ્રવ અર્થાત્ કર્મ–નિર્જરાનું કારણ ન બને અને જે અપરિસ્રવના સ્થાન છે તે પણ ક્યારેક કર્મ વૈચિત્ર્યથી અનાશ્રવ–કર્મબંધના કારણ થતા નથી. આ પદોને સમ્યક્ રીતે જાણી જિનાજ્ઞા મુજબ લોકને જાણીને આસ્રવો ન સેવે.

સૂત્ર–૧૪૪

જ્ઞાની આ વિષયમાં સંસાર સ્થિત, સારી રીતે સમજનાર, હિત–અહિતની સમજ રાખનાર મનુષ્યને ઉપદેશ આપે છે–જેના વડે આર્તધ્યાન પીડિત કે પ્રમાદી પણ ધર્માચરણ કરી શકે છે. આ યથાતથ્ય સત્ય છે. તેમ હું કહું છું.

જીવોને મૃત્યુ નહીં આવે એવું તો નથી છતાં ઇચ્છાવશ થઈ, અસંયમમાં લીન બનેલ પ્રાણી કાળના મુખમાં પડ્યો એવો કર્મનાં સંગ્રહમાં તલ્લીન બની વારંવાર જન્મ પરંપરા વધારે છે.

સૂત્ર–૧૪૫

આ સંસારમાં કેટલાક એવા પ્રાણી છે જેને નરકાદિ દુઃખોનો પરિચય છે, તેઓ નરક આદિ સ્થાનોમાં દુઃખોનું વેદન કરે છે. અત્યંત ક્રૂર કર્મ કરવાથી અતિ ભયંકર દુઃખવાળા સ્થાનમાં ઉત્પન્ન થાય છે અને અતિ ક્રૂર કર્મ ન કરનારાઓને એવા દુઃખમય સ્થાનમાં ઉત્પન્ન થવું પડતું નથી. આ પ્રમાણે જે શ્રુત કેવળી કહે છે તે જ કેવળજ્ઞાની કહે છે, જે કેવળજ્ઞાની કહે છે તે જ શ્રુતકેવળી કહે છે.

સૂત્ર–૧૪૬

આ લોકમાં કોઈ શ્રમણ–બૌદ્ધ સાધુ અને બ્રાહ્મણ પૃથક્ પૃથક્ રીતે ધર્મ–વિરુદ્ધ ભાષણો કરી કહે છે – અમે શાસ્ત્રમાં જોયું છે, સાંભળેલ છે, માન્યું છે, વિશેષ રૂપે જાણ્યું છે, વળી ઊંચી, નીચી, તીરછી બધી દિશાનું સમ્યક્ નિરીક્ષણ કરીને જાણ્યું છે કે સર્વે પ્રાણો, જીવો, ભૂતો, સત્ત્વોને મારવામાં, દબાવવામાં, પકડવામાં, પરિતાપવામાં કે પ્રાણરહિત કરવામાં કોઈ દોષ નથી. આ અનાર્ય લોકોનું કથન છે.

જે 'આર્ય' છે તે એમ કહે છે. તમારું દેખવું, સાંભળવું, માનવું, નિશ્ચિતરૂપે જાણવું એ સર્વે મિથ્યા છે. તેમજ ઉર્ધ્વ, અધો, તીરછી દિશામાં પરીક્ષા કરીને તમે જાણો છો તે સર્વે મિથ્યા છે. વળી તમે જે કહો છો–બોલો છો–પ્રરૂપો છો–પ્રજ્ઞાપના કરો છો કે સર્વે પ્રાણો–ભૂતો–જીવો–સત્ત્વોને મારવા ઇત્યાદિમાં કોઈ દોષ નથી તે અનાર્યકથન છે.

અમે એમ કહીએ છીએ – બોલીએ છીએ – પ્રરૂપીએ છીએ – પ્રજ્ઞાપના કરીએ છીએ કે કોઈ પ્રાણી આદિને મારવા–દબાવવા–પકડવા–પરિતાપવા–પ્રાણરહિત કરવા ન જોઈએ–તે દોષરહિત કાર્ય છે. એવું આર્યપુરૂષોનું કથન છે.

પહેલાં પ્રત્યેક મતવાળાના સિદ્ધાંતને જાણી અમે પૂછીએ છીએ કે, હે વાદીઓ ! તમને દુઃખ પ્રિય છે કે અપ્રિય ? સત્યને સ્વીકારી તેઓ એવું કહેવું પડશે કે સર્વે બધાં પ્રાણી અર્થાત્ વિકલેન્દ્રિય, બધાં ભૂત અર્થાત્ વનસ્પતિ, બધાં જીવ અર્થાત્ પંચેન્દ્રિય, બધાં સત્ત્વ અર્થાત્ એકેન્દ્રિયને દુઃખ અપ્રિય છે. મહાભયકારી છે, દુઃખરૂપ છે – એમ હું કહું છું.

અધ્યયન–૪ 'સમ્યક્ત્વ'ના ઉદ્દેશક–૨ 'ધર્મવાદી પરીક્ષા'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૪, ઉદ્દેશક–૩ "અનવદ્ય તપ"

સૂત્ર–૧૪૭

ધર્મથી વિમુખ લોકોની ઉપેક્ષા કરો. આમ કરનાર જ લોકમાં વિદ્વાનોમાં અગ્રણી છે. હે સાધક તું વિચાર કર અને જો! સત્ત્વશીલ સાધકો મન–વચન–કાયાથી દંડ અર્થાત્ હિંસાનો ત્યાગ કરે છે, તે જ કર્મનો ક્ષય કરે છે. જે શરીર પ્રત્યે અનાસક્ત છે, તે જ ધર્મને જાણી શકે છે. ધર્મને જાણનાર સરળ હોય છે.

દુઃખ હિંસાથી ઉત્પન્ન થાય છે, એ જાણીને હિંસાનો ત્યાગ કરવો આવું સમ્યક્ત્વદર્શીએ કહ્યું છે. તે બધા સમ્યક્ત્વદર્શી તીર્થંકરો પ્રતિપાદન કરે છે અર્થાત્ ઉપદેશ આપે છે કે દુઃખ–મુક્ત થવા કર્મબંધના સ્વરૂપને સર્વ પ્રકારે જાણીને, તેના ત્યાગ કરવો જોઈએ.

સૂત્ર–૧૪૮

આ સંસારમાં જિનાજ્ઞાનું પાલન કરવા ઈચ્છતા પંડિત સાધક રાગરહિત થઈ આત્માના એકત્વપણાને જાણી શરીરને કૃશ કરે છે. હે મુનિ પોતાના શરીરને કૃશ કર–જીર્ણ કર. જેમ અગ્નિ જીર્ણ કાષ્ઠને જલદી બાળે છે તેમ સદા ઉપયોગવાળા અપ્રમત્ત, આસક્તિરહિત સાધક કર્મોને જલ્દી નષ્ટ કરે છે સ્થિરતાપૂર્વક ક્રોધરૂપી શત્રુ નાશ કરે.

સૂત્ર–૧૪૯

આ મનુષ્યભવને અલ્પકાલીન જાણીને ક્રોધથી ઉત્પન્ન થનારા દુઃખો અને ભાવિમાં ઉત્પન્ન થનાર દુઃખોને જાણ. ક્રોધી જીવ ભિન્ન–ભિન્ન દુઃખોનો અનુભવ કરે છે. સંસારના દુઃખનો પ્રતિકાર કરવા માટે અહીં–તહીં ભાગદોડ કરતા જીવોને જો. જે પાપકર્મોથી નિવૃત્ત છે, તે અનિદાન અર્થાત્ કર્મોથી મુક્ત કહેવાય છે. તેથી હે અતિવિદ્વાન ! તું કષાય અગ્નિથી પ્રજ્વલિત ન થા અર્થાત્ ક્રોધ ન કર. તેમ હું કહું છું.

અધ્યયન–૪ 'સમ્યક્ત્વ'ના ઉદ્દેશક–૩ 'અનવદ્ય તપ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૪, ઉદ્દેશક–૪ "સંક્ષેપ વચન"

સૂત્ર–૧૫૦

મુનિ પૂર્વ સંયોગનો ત્યાગ કરી ઉપશમને પ્રાપ્ત કરી પહેલા અલ્પ અને પછી વિશેષ પ્રકારે દેહનું દમન કરે. છેવટે સંપૂર્ણ રૂપે દેહનું દમન કરે. આ રીતે તપ–આચરણ કરનાર મુનિ સદા સ્વસ્થચિત્ત રહે, તપ કરતા કદી ખેદિત ન થાય, પ્રસન્ન રહે, આત્મભાવમાં લીન રહે, સ્વમાં રમણ કરે, સમિતિ યુક્ત થઈ, યતનાપૂર્વક ક્રિયા કરે. અપ્રમત્ત બની સંયમ–સાધના કરનાર મોક્ષાર્થી વીર મુનિનો માર્ગ અતિ વિકટ છે, તેમાં માંસ અને લોહીને તપથી ઓછા કરી શરીરને કૃશ કરે અને બ્રહ્મચર્યમાં રહે. આ પુરૂષ સંયમી, વીર, ગ્રાહ્ય વચનવાળો, મોક્ષને યોગ્ય બને છે.

સૂત્ર–૧૫૧

નેત્રાદિ ઇન્દ્રિયના વિષયનો ત્યાગ કરીને જે ફરી કર્મના આશ્રવના કારણોમાં આસક્ત થાય છે, તે અજ્ઞાની કર્મબંધનથી મુક્ત થઈ શકતો નથી. તે ધન–ધાન્યાદિ સંયોગથી મુક્ત થતો નથી. મોહરૂપી અંધકારમાં પડેલ આવા અજ્ઞાની જીવને ભગવંતની આજ્ઞાનો લાભ થતો નથી – તેમ હું કહું છું.

સૂત્ર–૧૫૨

જેને પૂર્વભવમાં ધર્મ–આરાધન કરેલ નથી, ભાવિમાં પણ તેવી યોગ્યતા નથી તેને વર્તમાનમાં તો ધર્મારાધન ક્યાંથી હોય ? જે ભોગ આદિથી નિવૃત્ત છે, તે જ પ્રજ્ઞાવાન, બુદ્ધ અને હિંસાથી વિરત છે. આ જ સમ્યક્ વ્યવહારછે એવું તું જો. સાધક જુએ કે હિંસાને કારણે બંધન, વધ, પરિતાપ આદિ ભયંકર દુઃખો સહન કરવા પડે છે. તેથી પાપના બાહ્ય–અભ્યંતર કારણો દૂર કરીને આ મૃત્યુલોકમાં કર્મ–મુક્ત બનવું જોઈએ. કર્મોનું ફળ અવશ્ય મળે છે એ જાણીને તત્ત્વજ્ઞ પુરૂષ કર્મબંધનના કારણોથી સદા દૂર રહે.

સૂત્ર–૧૫૩

હે શિષ્ય ! જે વીર છે, સમિતિ યુક્ત છે, જ્ઞાનાદિ ગુણ–સહિત છે, સદા યતનાવાન છે, કલ્યાણ તરફ દઢ લક્ષ્ય રાખનાર છે, પાપકર્મથી નિવૃત્ત છે, લોકને યથાર્થરૂપે જોનાર છે, પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર એ ચારે દિશામાં વિચરતા સત્યમાં સદા સ્થિત છે; તે વીર, સમિતિ યુક્ત, જ્ઞાનાદિ ગુણ–સહિત, સદા યતનાવાન છે, કલ્યાણ તરફ દઢ લક્ષ્ય રાખનાર, પાપકર્મથી નિવૃત્ત, લોકને યથાર્થરૂપે જાણનારને કર્મજનિત કોઈ ઉપાધિ હોતી નથી. તેમ હું કહું છું.

અધ્યયન–૪ 'સમ્યક્ત્વ'ના ઉદ્દેશક–૪ 'સંક્ષેપ વચન'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# શ્રુતસ્કંધ–૧ના અધ્યયન–૪નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# શ્રુતસ્કન્ધ-૧

## અધ્યયન-૫ લોકસાર

### અધ્યયન-૫, ઉદ્દેશક-૧ "એકચર"

સૂત્ર-૧૫૪

આ લોકમાં જે કોઈ પ્રાણી સપ્રયોજન કે નિષ્પ્રયોજન જીવહિંસા કરે છે, તેઓ તે જીવોમાં વિવિધ રૂપોમાં ઉત્પન્ન થાય છે. તેમને વિષયભોગ છોડવા કઠિન છે, તેથી તે મૃત્યુની પકડમાં રહે છે. મોક્ષસુખથી દૂર રહે છે. તેઓ વિષયસુખને ભોગવી શકતા નથી કે વિમુખ પણ થઈ શકતા નથી.

સૂત્ર-૧૫૫

તે તત્ત્વદર્શી જાણે છે કે તૃણના અગ્રભાગે રહેલ, અસ્થિર અને વાયુથી કંપિત થઈને નીચે પડતાં જલબિંદુની માફક અજ્ઞાની, અવિવેકી, પરમાર્થને નહીં જાણતા જીવોનું જીવન પણ અસ્થિર છે. છતાં અજ્ઞાની જીવ ક્રૂર કર્મ કરતો, દુઃખથી મૂઢ બની વિપરીત દશા પામે છે. મોહના કારણે ગર્ભ અને મરણ પામે છે. આ મોહથી ફરી ફરી સંસારમાં ભમે છે.

સૂત્ર-૧૫૬

જે મોક્ષના ઉપાયરૂપ) સંશયને જાણે છે, તે સંસારના કારણરૂપ મિથ્યાત્વ આદિને જાણે છે, જે સંશયને નથી જાણતા તે સંસારને પણ નથી જાણતા.

સૂત્ર-૧૫૭

જે કુશળ છે તે મૈથુન સેવે નહીં, જે મૈથુન સેવીને પણ, ગુરુ જ્યારે પૂછે ત્યારેછૂપાવે છે, તે એ અજ્ઞાનીની બીજી મૂર્ખતા છે. દીર્ઘદૃષ્ટિથી વિચારીને અને કટુ વિપાકોને જાણીને, ઉપલબ્ધ કામભોગોનું સેવન ન કરે અને બીજાને પણ સેવન કરવાનો ઉપદેશન આપે. તેમ હું કહું છું.

સૂત્ર-૧૫૮

વિવિધ કામભોગોમાં આસક્ત જીવોને જુઓ. જે નરકાદિ યાતના સ્થાનમાં પકાવાઈ રહ્યા છે. લોકમાં જેટલા સાવદ્ય અનુષ્ઠાન કરનારા છે તે આ સંસારમાં દુઃખોને વારંવાર ભોગવે છે. સાવદ્ય અનુષ્ઠાન કરનારા અન્યતિર્થીક સાધુ કે શિથીલાચારી, ગૃહસ્થ સમાન જ દુઃખના ભાગી હોય છે. સંયમ અંગીકાર કરવા છતાં વિષયાભિલાષાથી પીડિત અજ્ઞાની જીવો અશરણને જ શરણ માની પાપકર્મોમાં રમણ કરે છે.

આ સંસારમાં કેટલાક સાધુ એકલા વિચરે છે. તેઓ અતિ ક્રોધ-માન-માયા-લોભ- પાપમાં રત-નટ જેવા-શઠ દુષ્ટ અધ્યવસાયવાળા. હિંસાદિ આસ્રવામાં ગૃદ્ધ, દુષ્કર્મયુક્ત, સ્વ પ્રશંસક, મને કોઈ દુષ્કર્મ કરતા જોઈ ન જાય તેમ વિચરે છે. અજ્ઞાન-પ્રમાદ દોષથી સતત મૂઢ બની ધર્મને જાણતા નથી. હે માનવ ! જે પાપાનુષ્ઠાનથી નિવૃત્ત નથી, કર્મબંધનમાં ચતુર છે, અવિદ્યાથી મોક્ષ પ્રાપ્તિ બતાવે છે, તે સંસારચક્રમાં જ પરિભ્રમણ કરે છે – તેમ હું કહું છું.

અધ્યયન-૫ 'લોકસાર'ના ઉદ્દેશક-૧ 'એકચર'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

### અધ્યયન-૫, ઉદ્દેશક-૨ "વિરતમુનિ"

સૂત્ર-૧૫૯

આ લોકમાં જેટલા પણ અનારંભજીવી સાધુ છે, તેઓ હિંસાદિ આરંભથી રહિત થઈ પાપકર્મનો ક્ષય કરી આ અપૂર્વ અવસર છે એમ વિચારે. આ ઔદારિક શરીર અને સંયમના અનુકૂળ સાધનો વારંવાર મળતા નથી  આ વાતનું

વારંવાર અન્વેષણ કરી અપ્રમત્ત રહે. આ માર્ગ તીર્થંકરોએ બતાવેલ છે, તેઓ કહે છે કે– પ્રત્યેક પ્રાણીના સુખ–દુઃખ પોતાના છે તેમ જાણી સંયમી પ્રમાદ ન કરે. આ સંસારમાં મનુષ્યના અભિપ્રાય અને દુઃખ ભિન્ન–ભિન્ન બતાવેલા છે. માટે જે કોઈ પ્રકારની હિંસા કરતા નથી, અસત્ય બોલતા નથી, પરીષહોને સમ્યક્ પ્રકારે સહન કરે છે. તે જ પ્રશંસનીય છે.

**સૂત્ર–૧૬૦**

આવા પરીષહ સહેનારા સાધુ સમ્યક્ પર્યાયવાળા કહેવાય છે. જે પાપકર્મોમાં આસક્ત નથી, તેને કદાચ આતંક પીડે ત્યારે તે દુઃખ સ્પર્શોને સહન કરે એવું ભગવંતે કહ્યું છે. આ દુઃખ પહેલાં કે પછી મારે જ સહન કરવાનું છે. આ ઔદારિક શરીર છિન્ન–ભિન્ન થનારું, વિધ્વંસન સ્વભાવવાળું, અધ્રુવ, અનિત્ય, અશાશ્વત છે. વધવા–ઘટવા વાળું અને નાશવંત છે. આ શરીરના સ્વરૂપનો અને અવસરનો વિચાર કર.

**સૂત્ર–૧૬૧**

સૂત્ર ૧૬૦ મા કહેલા) એવા વિચારથી દેહના સ્વરૂપને જોનારા, આત્મગુણોમાં રમણ કરનારા, શરીરાદિમાં અનાસક્ત, ત્યાગી સાધકને સંસાર ભ્રમણ કરવું નહીં પડે – તેમ હું કહું છું.

**સૂત્ર–૧૬૨**

આ જગતમાં જેટલા પણ પરિગ્રહવાળા છે, તે પરિગ્રહ થોડો હોય કે વધુ, સૂક્ષ્મ હોય કે સ્થૂલ, સચિત્ત હોય કે અચિત્ત તે પરિગ્રહ ધારી ગૃહસ્થ સમાન જ છે. આ પરિગ્રહ નરકાદિ મહાભયનું કારણ છે.

આહારાદિ લોકસંજ્ઞા પણ ભયરૂપ છે, તેથી તેનો ત્યાગ કરવો જોઈએ. દ્રવ્ય અને ભાવરૂપ પરિગ્રહ આદિને ધારણ ન કરનાર સંયમીનું ચારિત્ર પ્રશસ્ત છે.

**સૂત્ર–૧૬૩**

તે પરિગ્રહ છોડનારને જ સારી રીતે જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તી છે, તેમ જાણીને, હે માનવ! તમે સમ્યગ દ્રષ્ટિને ધારણ કરીને સંયમ કે કર્મક્ષયમાં પરાક્રમ કરો. પરિગ્રહ થી વિરત થનાર અને સમ્યકદ્રષ્ટિવાળા સાધકને જ પરમાર્થથી બ્રહ્મચર્ય છે. તેમ હું કહું છું.

મેં સાંભળ્યું છે, અનુભવ્યું છે કે બંધનથી છૂટકારો પોતાના આત્માથી જ થાય છે, માટે સાધક પરિગ્રહથી મુક્ત થઈ જીવનપર્યંત પરીષહોને સહન કરે, પ્રમાદીને ધર્મથી વિમુખ જોઈ અપ્રમત્ત થઈને સંયમમાં વિચરે. આ જિનભાષિત મુનિધર્મનું સમ્યક્ પાલન કરે. તેમ હું કહું છું.

**અધ્યયન–૫ 'લોકસાર'ના ઉદ્દેશક–૨ 'વિરત મુનિ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## અધ્યયન–૫, ઉદ્દેશક–૩ "અપરિગ્રહ"

**સૂત્ર–૧૬૪**

આ લોકમાં જે કોઈ અપરિગ્રહી છે, તે આ અલ્પાદિ દ્રવ્યના ત્યાગથી અપરિગ્રહી બને છે. મેધાવી સાધક) જિનવચન સાંભળીને તથા પંડિતોના વચન વિચારીને અપરિગ્રહી બને. તીર્થંકરોએ સમતામાં ધર્મ કહ્યો છે.

જે રીતે મેં જ્ઞાન–દર્શન–ચારિત્ર એ ત્રણેની સંધીરૂપ સાધના કરી કર્મોનો ક્ષય કહ્યો છે, તે રીતે બીજા માર્ગમાં કર્મો ક્ષીણ કરવા કઠિન છે. તેથી હું કહું છું કે મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી સાધક પોતાની શક્તિનું ગોપન ન કરતા કર્મોનો ક્ષય કરો અર્થાત્ સંયમમાં પરાક્રમ કરે.

**સૂત્ર–૧૬૫**

પ્રવ્રજ્યા લેનાર સાધકના ત્રણ પ્રકાર બતાવે છે–) ૧. કેટલાક પહેલા ત્યાગ–માર્ગ અંગીકાર કરે, પછી અંત સુધી સંયમ પાળે છે. ૨. કેટલાક પહેલા ત્યાગ–માર્ગ અંગીકાર કરે છે, પછી પતિત થાય છે. ૩. કેટલાક પહેલા પણ

ત્યાગ–માર્ગ અંગીકાર કરતા નથી, અને પછીથી પતિત પણ થતા નથી.

જે સંસારના પદાર્થોને જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી છોડે પછી ફરી તેની ઈચ્છા કરે છે, તે ગૃહસ્થ સમાન જ છે. એ પ્રમાણે કેવળજ્ઞાન દ્વારા જાણીને તીર્થંકર દેવોએ કહ્યું છે.

સૂત્ર–૧૬૬

આ ઉત્થાન–પતન)ને કેવલજ્ઞાનથી જાણી તીર્થંકરે કહ્યું છે કે ભગવદ્ આજ્ઞાના ઈચ્છુક સાધક કોઈ સ્થાને રાગ–ભાવ કરે નહિ. રાત્રિના પહેલા અને છેલ્લા ભાગમાં સદા સંયમ માટે પ્રયત્નશીલ રહે. સદા શીલનું અનુશીલન કરે. સંયમ–પાલનના ફળને સાંભળીને કામરહિત અને માયા–લોભેચ્છા રહિત બને. વિષય–કષાય મુક્ત બને)

સૂત્ર–૧૬૭

હે સાધક આ કર્મ–શરીર સાથે યુદ્ધ કર, બીજા સાથે લડતા શું મળશે ?

ભાવયુદ્ધ કરવા માટે જે ઔદારિક શરીર આદિ મળેલ છે, તે વારંવારપ્રાપ્ત થવા દુર્લભ છે. તીર્થંકરોએ આત્મયુદ્ધના સાધનરૂપે સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ આચારરૂપ વિવેક બતાવેલ છે.

ધર્મથી ચ્યુત અજ્ઞાની જીવ ગર્ભાદિમાં ફસાય છે. આ જિન–શાસનમાં એવું કહ્યું છે – જે રૂપાદિમાં આસક્ત થાય તે હિંસામાં પ્રવૃત્ત થાય છે. તે જ સાચા મુનિ છે, જે લોકોને વિપરીત માર્ગે જતા જોઈ તેમના દુઃખોનો વિચાર કરે. આ પ્રમાણે કર્મને સમ્યક્ પ્રકારે જાણીને તે સર્વ પ્રકારે હિંસા ન કરે. સંયમનું પાલન કરે અને ધૃષ્ટતા ન કરે.

પ્રત્યેક જીવનું સુખ પોત–પોતાનું છે, તેમ વિચારી પ્રશંસાનો અભિલાષી સાધક સમસ્ત લોકમાં કોઈપણ પ્રકારે પાપ–પ્રવૃત્તિ ન કરે, તે કેવળ મોક્ષ તરફ મુખ રાખી ચાલે, અહીં–તહીં ન ભટકે. સ્ત્રીઓમાં આસક્ત ન થાય, અને સર્વ આરંભો અર્થાત્ પાપ–પ્રવૃત્તિથી દૂર રહે.

સૂત્ર–૧૬૮

એવા સંયમવાન્ સાધુ સર્વ રીતે ઉત્તમ બોધને પ્રાપ્ત કરી ન કરવા યોગ્ય પાપકર્મ તરફ દૃષ્ટિ રાખતા નથી. જે સમ્યક્ત્વ છે અર્થાત્ સમ્યક્ આચરણવાળા છે તે મુનિધર્મ અર્થાત્ ભાવમુનિપણામાં છે અને જે 'ભાવમુનિપણામાં છે તે સમ્યક્ આચરણવાળા છે' એમ જાણો.

શિથિલાચારી, સ્નેહમાં આસક્ત, વિષય આસ્વાદનમાં લોલુપ, કપટી, અને પ્રમાદી, તથા ગૃહવાસી માટે આ સમ્યક્ત્વ કે મુનિત્વનું પાલન શક્ય નથી.

મુનિધર્મને ધારણ કરી મુનિ શરીરને કૃશ કરે, પ્રાંત અને લૂખું ભોજન કરે એવા સમત્વ–દર્શી વીર સંસાર સમુદ્રથી પાર પામે. સાવદ્ય અનુષ્ઠાનથી વિરત સાધક સંસારથી તરેલ અને મુક્ત કહેવાય છે, તેમ હું કહું છું.

અધ્યયન–૫ 'લોકસાર'ના ઉદ્દેશક–૩ 'અપરિગ્રહ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૫, ઉદ્દેશક–૪ "અવ્યક્ત"

સૂત્ર–૧૬૯

જે સાધુ જ્ઞાન અને વયથી અપરિપક્વ છે; તેનું એકલા ગ્રામાનુગ્રામ વિચરણ અયોગ્ય છે કેમ કે એકલો વિચરે તે નિંદનીય છે . તેનું તે દુ:સાહસ–પૂર્વકનું પરાક્રમ છે, કેમ કે તે તેને માટે ચારિત્રભ્રષ્ટ થવાનું કારણ છે.

સૂત્ર–૧૭૦

કેટલાક મનુષ્ય હિતશિક્ષાના વચનમાત્રથી ક્રોધિત થઈ જાય છે. પોતાને શ્રેષ્ઠ માનતા અભિમાની પુરૂષ સ્વલ્પ માન–અપમાનમાં મહામોહથી મૂઢ બને છે. એવા અજ્ઞાની, અતત્ત્વદર્શી પુરૂષને અનેક ઉપસર્ગ પરિષહ થકી વારંવાર બાધાઓ આવે છે, જેનો પાર પામવો તેના માટે કઠિન હોય છે. હે શિષ્ય !) તને એવું ન થાઓ.

આ જિનેશ્વરનું દર્શન છે. તેથી સાધક ગુરુ વચનમાં જ દૃષ્ટિ રાખે, તેમાં જ મુક્તિ માને, તેને જ આગળ રાખે,

તેનું જ સંજ્ઞાન–સ્મૃતિ રાખે, તેમના જ સાન્નિધ્યમાં રહે. સદા જયણાપૂર્વક વિચરે, ગુરુના અભિપ્રાયનું અનુસરણ કરે, માર્ગનું અવલોકન કરે, જીવ–જંતુ જોઈને પગને આગળ વધતા રોકે, માર્ગમાં આવતા પ્રાણીને જોઈને જયણાપૂર્વક વિહાર કરે.

**સૂત્ર–૧૭૧**

તે સાધુ જતા–આવતા, અવયવોને સંકોચતા–ફેલાવતા, હિંસાદિથી નિવૃત્ત થતા પ્રમાર્જનાદિ ક્રિયા કરતા સદા ગુરુઆજ્ઞા પૂર્વક વિચરે.

સદ્ગુણી અને યતનાપૂર્વક વર્તનાર મુનિના શરીરના સ્પર્શથી કદાચિત્ કોઈ પ્રાણી ઘાત પામે તો તેને આ જન્મમાં જ વેદન કરવા યોગ્ય કર્મનો બંધ થાય છે. જો કોઈ પાપ જાણીને કર્યું હોય તો તેને જ્ઞ પરિજ્ઞાથી જાણી પ્રાયશ્ચિત્ત દ્વારા દૂર કરવું. અપ્રમાદથી તે કર્મનો ક્ષય થાય છે. એમ આગમવેત્તા કહે છે.

**સૂત્ર–૧૭૨**

કર્મવિપાકના સ્વભાવને જોનાર , વિશિષ્ટજ્ઞાની અર્થાત્ સંસારના સ્વરૂપને જાણનાર, ઉપશાંત, સમિતિયુક્ત, જ્ઞાનાદિ સહિત, સદા યતનાશીલ મુનિ સ્ત્રીજનને જોઈને પોતે પોતાનું પર્યાલોચન કરે કે, આ સ્ત્રીજન મારું શું કલ્યાણ કરશે ? લોકમાં જે સ્ત્રીઓ છે તે ચિત્તને લોભાવનાર છે. આ પ્રમાણે તીર્થંકરે ફરમાવેલ છે. કદાચિત્ ઇન્દ્રિયોના વિષયોથી પીડિત થાય તો તે નિઃસાર આહાર કરે, ઉણોદરી કરે, ઉર્ધ્વ સ્થાને કાયોત્સર્ગ કરે, ગ્રામાનુગ્રામ વિહાર કરે, છેલ્લે આહાર ત્યાગ કરે પણ સ્ત્રીસંગમાં મનને ક્યારેય ફસાવા ન દે.

વિષયસેવનમાં પહેલાં ઘણા પાપ કરે પછી ભોગો ભોગવાય છે અથવા પહેલાં ભોગ ભોગવે અથવા પહેલા વિષય સેવે પછી દંડ ભોગવવા પડે. સ્ત્રીઓ કલહ અને રાગ ઉત્પન્ન કરનારી છે, એ જોઈને જાણીને પોતે પોતાને આજ્ઞા કરે કે 'સ્ત્રી સંગ ન કરવો જોઈએ'. તેમ હું કહું છું. બ્રહ્મચારી કામકથા ન કરે, તેના અંગોપાંગ ન જુએ, સંકેતો ન કરે, મમત્વ ન કરે સ્ત્રીની સેવા ન કરે, વાતચીતમાં મર્યાદા રાખે, મનને સંવૃત્ત રાખે, સદા પાપનો ત્યાગ કરે. આ પ્રકારે મુનિભાવની સમ્યક્ સાધના કરે – તેમ હું કહું છું.

**અધ્યયન–૫ 'લોકસાર'ના ઉદ્દેશક–૪ 'અવ્યક્ત'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## અધ્યયન–૫, ઉદ્દેશક–૫ "હ્રદ–ઉપમા"

**સૂત્ર–૧૭૩**

હું કહું છું –જેમ એક જળાશયહ્રદ) પરિપૂર્ણ છે, સમભૂભાગે સ્થિત છે, તેની રજ ઉપશાંત છે, તે જળાશય મધ્યે સ્થિત જળચરોનું સંરક્ષણ કરે છે, તેવી રીતે આચાર્યો જ્ઞાનરૂપી જળથી ભરેલ, સ્વભાવમાં સ્થિત, જીવોની રક્ષા કરતા નિર્દોષ ક્ષેત્રોમા વિચરે છે.

લોકમાં અનેક મહર્ષિઓ એવા છે જે જ્ઞાનવાન, શ્રદ્ધાળું, આરંભથી નિવૃત થઈ સમાધિ–મરણની અભિલાષાથી પુરૂષાર્થ કરે છે, તેમના તરફ તું જો – એમ હું કહું છું.

**સૂત્ર–૧૭૪**

વિચિકિત્સા અર્થાત્ 'ફળ મળશે કે નહી એવી શંકા રાખનાર' આત્માને સમાધિ પ્રાપ્ત થતી નથી. કોઈ ગૃહસ્થ આચાર્યના વચનને સમજે છે, કોઈ સાધુ પણ આચાર્યના વચનને સમજે છે. પણ સમજનારની સાથે રહીને કોઈ સાધુ ન સમજી શકે તો તેને અવશ્ય ખેદ થાય છે. પરંતુ તે સમયે જે સાધુ સમજે છે તેને તેને કહેવું કે–––

**સૂત્ર–૧૭૫**

તે નિઃશંક સત્ય છે, જે જિનેશ્વરે કહેલ છે.

સૂત્ર–૧૭૬

કોઈ શ્રદ્ધાવાન્ તીર્થંકર ભગવંતના વચનોને સત્ય માની પ્રવ્રજ્યા લે અને અંત સુધી સત્ય માને. કેટલાક દીક્ષા ગ્રહણ કરતા સમયે સત્ય માને પણ પછી અસત્ય માનવા લાગે. કેટલાક પૂર્વે શ્રદ્ધાળુ ન હોય પણ પછી શુદ્ધ શ્રદ્ધાવાન્ બને. કેટલાક પહેલા અશ્રદ્ધાળુ હોય અને પછી પણ અશ્રદ્ધાળુ રહે છે. જે સાધકની શ્રદ્ધા શુદ્ધ છે, તેને સમ્યક્ અથવા અસમ્યક્ સર્વે તત્ત્વો સમ્યક્ રૂપે જ પરિણમે છે. જે સાધકની શ્રદ્ધા મિથ્યા કે અશુદ્ધ છે તે કોઈ વસ્તુને અસમ્યક્ માને છે તે સમ્યક્ હોય કે અસમ્યક્ તેને માટે અસમ્યક્રૂપે જ પરિણમે છે.

શ્રદ્ધાળુ સાધક, મિથ્યાદષ્ટિને કહે છે કે– તમેસમ્યક્ પ્રકારે વિચાર કરો. આ પ્રમાણે સંયમમાં પ્રવૃત્તિ કરવાથી જ કર્મનો નાશ થાય છે. તમે શ્રદ્ધાળુ પુરુષની તથા શિથિલ–આચારીની ગતિને સારી રીતે જુઓ અને અસંયમમાં પોતાના આત્માને સ્થાપિત ન કરો.

સૂત્ર–૧૭૭

તું તે જ છે જેને તું હનન યોગ્ય માને છે, તું તે જ છે જેને તું આજ્ઞામાં રાખવા યોગ્ય માને છે, તું તે જ છે જેને તું પરિતાપ દેવા યોગ્ય માને છે, તું તે જ છે જેને તું ગ્રહણ કરવા યોગ્ય માને છે, તું તે જ છે જેને તું મારવા યોગ્ય માને છે. પણ જ્ઞાની પુરૂષ ઋજુ હોય છે. તેથી તે ઘાત કરતા નથી, કરાવતા નથી. કરેલા કર્માનુસાર પોતાને તેનું ફળ ભોગવવું પડે છે. તેથી કોઈને હણવાની ઈચ્છા ન કરવી.

સૂત્ર–૧૭૮

જે આત્મા છે તે વિજ્ઞાતા અર્થાત્ જાણનાર છે, જે જાણનાર છે તે આત્મા છે. જેના દ્વારા વસ્તુનું સ્વરૂપ જાણી શકાય છે, તે જ્ઞાન આત્માનો ગુણ છે. તે જ્ઞાનના આશ્રિત જ આત્માની પ્રતીતિ છે. જે આત્મા અને જ્ઞાનના સંબંધને જાણે છે) તે આત્મવાદી છે. તેનું સંયમાનુષ્ઠાન સમ્યક્ કહેલું છે – તેમ હું કહું છું.

અધ્યયન–૫ 'લોકસાર'ના ઉદ્દેશક–૫ 'હૃદ–ઉપમા'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૫, ઉદ્દેશક–૬ "ઉન્માર્ગવર્જન"

સૂત્ર–૧૭૯

કેટલાક સાધકો અનાજ્ઞામાં અર્થાત્ સંયમ વિપરીત આચરણ કરવામાં ઉદ્યમી હોય છે, કેટલાક આજ્ઞામાં અનુદ્યમી હોય છે અર્થાત્ સંયમાચરણમાં પ્રવૃત્તિ કરતા નથી. હે મુનિ !) તમારા જીવનમાં આ બંને ન થાઓ. આ માટે તીર્થંકરનો ઉપદેશ છે કે– સાધક ગુરુમાં કે આગમમાં જ પોતાની દૃષ્ટિ રાખે, આજ્ઞામાં જ મુક્તિ માને, સર્વકાર્યોમાં આજ્ઞાને જ આગળરાખે, તેમાં જ ચિત્ત સ્થિર કરે. અર્થાત્ ગુરુકુલ નિવાસી રહે.

સૂત્ર–૧૮૦

ઉપર કહેલ સાધુ કર્મો જીતીને તત્ત્વદષ્ટા બને છે, જે ઉપસર્ગથી પરાભૂત નથી થતા તે નિરાલંબતા પામવામાં સમર્થ થાય છે. જે હળુકર્મી છે તેનું મન સંયમથી બહાર જતું નથી. સર્વજ્ઞના ઉપદેશથી વિભિન્ન દાર્શનિક્ના મતનું પરિક્ષણ કરવું જોઈએ અથવા જાતિસ્મરણાદિ જ્ઞાન દ્વારા, સર્વજ્ઞના વચન દ્વારા કે અન્ય જ્ઞાની પાસે શ્રવણ કરીને પ્રવાદ અર્થાત્ સર્વજ્ઞની વાણીને જાણી શકાય છે.

સૂત્ર–૧૮૧

મેધાવી સાધક નિર્દેશ અર્થાત્ સર્વજ્ઞની આજ્ઞાનું અતિક્રમણ ન કરે. તે સર્વ પ્રકારે વિચાર કરીને સત્યને જાણે, સત્યને ગ્રહણ કરીને સર્વજ્ઞની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરે. સંયમને અંગીકાર કરી, જિતેન્દ્રિય બની પ્રવૃત્તિ કરે. મોક્ષાર્થી વીર સદા આગમ અનુસાર કર્મ નાશમાં પરાક્રમ કરે. એમ હું કહું છું.

સૂત્ર–૧૮૨

ઉપર, નીચે, તીરછી દિશામાં સર્વત્ર કર્મ બંધનના કારણો કહ્યા છે. આ કર્મના બંધનના કારણો પ્રવાહ સમાન

છે, તેથી તેને સ્રોત કહે છે. જ્યાં જ્યાં જીવની આસક્તિ છે, ત્યાં ત્યાં કર્મનું બંધન છે, તે તું જાણ.

સૂત્ર–૧૮૩

આશ્રવોને સંસાર પરિભ્રમણનું કારણ જાણી આગમવિદ્ પુરુષ તેનાથી વિરક્ત થાય. વિષયાસક્તિ વગેરે આશ્રવોના દ્વારનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા લઈ આ મહાપુરૂષ અ–કર્મા થઈને બધું જુએ અને જાણે. સારી રીતે વિચાર કરી પ્રાણીની આગતિ–ગતિને જાણીને વિષયજનિત સુખની આકાંક્ષા કરતા નથી.

સૂત્ર–૧૮૪

સંસારના આવાગમનને જાણી જન્મ–મરણના માર્ગને તે પાર કરી લે છે અને મોક્ષને પ્રાપ્ત કરે છે. તે મુક્ત આત્માનું સ્વરૂપ બતાવવા માટે કોઈ શબ્દ સમર્થ નથી. તર્કની ત્યાં ગતિ નથી. બુદ્ધિનો ત્યાં પ્રવેશ નથી તે આત્મા સર્વ કર્મમળથી રહિત જ્યોતિ સ્વરૂપ છે. સમગ્ર લોકનો જ્ઞાતા છે.

તે આત્મા લાંબો નથી, ટૂંકો નથી, ગોળ નથી, ત્રિકોણ નથી, ચોરસ નથી, મંડલાકાર નથી. કાળો, નીલો, લાલ, પીળો કે સફેદ નથી. સુગંધી કે દુર્ગંધી નથી. તે તીખો, કડવો, તૂરો, ખાટો, મીઠો નથી. તે કઠોર, કોમળ, ભારે, હલકો, ઠંડો, ગરમ, સ્નિગ્ધ કે રૂક્ષ નથી. તે શરીરધારી કે જન્મધર્મા નથી. તે સંગરહિત છે. તે સ્ત્રી–પુરૂષ કે નપુંસક નથી.

તે જ્ઞાતા છે, પરિજ્ઞાતા છે, તેના માટે કોઈ ઉપમા નથી. તે અરૂપી સત્તાવાળો છે, તે અવસ્થારહિત છે. તેનું વર્ણન કરવા કોઈ શબ્દો નથી.

સૂત્ર–૧૮૫

આ પ્રમાણે તે સિદ્ધ ભગવાન શબ્દ નથી, રૂપ નથી, ગંધ નથી, રસ નથી અને સ્પર્શ નથી. આ પ્રમાણે સિદ્ધોનું સ્વરૂપ છે. તેમ હું તમને કહું છું.

**અધ્યયન–૫ 'લોકસાર'ના ઉદ્દેશક–૬ 'ઉન્માર્ગવર્જન'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## શ્રુતસ્કંધ–૧–ના અધ્યયન–૫–નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# શ્રુતસ્કન્ધ–૧

## અધ્યયન–૬ ધુત

### અધ્યયન–૬, ઉદ્દેશક–૧ "સ્વજન વિધૂનન"

સૂત્ર–૧૮૬

કેવલજ્ઞાની પુરૂષ સંસારના સ્વરૂપને જાણીને જનકલ્યાણને માટે ઉપદેશ આપે છે. એકેન્દ્રિયાદિ જાતિને સારી રીતે જાણનાર શ્રુતકેવલી આદિ પણ અનુપમ બોધ આપે છે. જ્ઞાની પુરૂષ ત્યાગમાર્ગમાં ઉત્સાહિત થયેલા, હિંસક ક્રિયાઓથી નિવૃત્ત બનેલ, બુદ્ધિમાન અને સાવધાન, સાધકોને મુક્તિનો માર્ગ બતાવે છે. તેમાં જે મહાવીર છે, તે જ પરાક્રમ કરે છે. કેટલાક આત્મજ્ઞાન રહિત થઈ સંયમમાં વિષાદ પામે છે તે જુઓ.

હું કહું છું – જેમ કોઈ કાચબો શેવાળાદિથી આચ્છાદિત તળાવમાં ગૃદ્ધ થઈ બહાર નીકળવાનો માર્ગ મેળવી શકતો નથી. જેમ વૃક્ષ શીત તાપ આદિ અનેક દુઃખો ભોગવવા છતાં પોતાનું સ્થાન છોડી શકતું નથી, તેમ કેટલાયે વિવિધ પ્રકારના કુળમાં ઉત્પન્ન પુરુષ રૂપાદિ વિષયોમાં આસક્ત થઈ કરુણ વિલાપ કરે છે. પણ ગૃહત્યાગ કરી શકતા નથી એવા જીવો કર્મોથી છૂટી મોક્ષ પામી શકતા નથી. વળી જુઓ, પોતપોતાના કર્મોના ફળને ભોગવવા માટે વિવિધ કુળોમાં ઉત્પન્ન થાય છે.

સૂત્ર–૧૮૭

આ જીવોને થતા ૧૬ પ્રકારના રોગોના નામ જણાવે છે– ૧. કંઠમાળ, ૨. કોઢ, ૩. ક્ષય, ૪. મૂર્છા, ૫. કાળાપણું, ૬. હાથ–પગમાં શૂન્યતા, ૭. કુણિત્વ તથા ૮. કુબડાપણું અને...

સૂત્ર–૧૮૮

૯. ઉદર રોગ, ૧૦. મૂંગાપણું, ૧૧. સોજા આવવા, ૧૨. ભસ્મક રોગ, ૧૩. કંપવાત, ૧૪. પંગુતા, ૧૫. હાથીપગો, ૧૬. મધુમેહ...

સૂત્ર–૧૮૯

આ રીતે ક્રમશઃ ૧૬ મહારોગ કહ્યા છે. આ સિવાય અન્ય શૂલાદિ પીડા અને ઘાવાદિ ભયંકર દર્દ થાય છે.

સૂત્ર–૧૯૦

આ ૧૬ રોગ કે તેવા અન્ય રોગ આદિથી પીડિત તે મનુષ્યોના મૃત્યુનું નિરિક્ષણ કરીને વિચાર કે– જેમને રોગ નથી તેવા દેવોને પણ જન્મ અને મરણ થાય છે. તેથીકર્મોના વિપાકને સારી રીતે વિચારી તેના ફળને કહું છું તે સાંભળો. એવા પણ પ્રાણી છે જે કર્મના વશ થઈ અંધપણું પામે છે, ઘોર અંધકારમય સ્થાનોમાં રહે છે, તે જીવો ત્યાં જ વારંવાર જન્મ–મરણ કરતા દારુણ દુઃખનો અનુભવ કરે છે એ પ્રમાણે તીર્થંકરોએ આ સત્ય કહેલું છે.

એવા પ્રાણી પણ હોય છે. જેમ કે – વર્ષામાં ઉત્પન્ન થનાર, કડવો આદિ રસને જાણનાર, પાણીના જીવ, જલચર જીવ, આકાશમાં ઉડતા જીવો એક બીજા પ્રાણીને કષ્ટ આપે છે. તેથી તું લોકમાં મહાભય વર્તે છે તેમ જાણી હિંસા ન કર.

સૂત્ર–૧૯૧

જીવો બહુ દુઃખી છે, કામભોગોમાં આસક્ત મનુષ્યો આ નિર્બળ અને ક્ષણિક શરીર સુખ માટે અન્ય જીવ–વધની ઇચ્છા કરે છે, વેદનાથી પીડિત તે ઘણુ દુઃખ પામે છે. ઘણા દુઃખને પ્રાપ્ત કરનાર તે અજ્ઞાની જીવ શરીરમાં અનેક રોગો ઉત્પન્ન થયેલા જોઈને તેની ચિકિત્સામાં જીવોની હિંસા કરે છે. પણ તેમ કરવાથી પણ રોગ મટતો નથી. માટે હે મુનિ ! તું એવી પ્રવૃત્તિ ન કર. આ હિંસાને મહાભય રૂપ સમજીને કોઈપણ પ્રાણીની હિંસા ન કર.

સૂત્ર–૧૯૨

હે શિષ્ય ! સાંભળ અને સમજ ! હું ધૂતવાદ અર્થાત્ કર્મોને ક્ષય કરવાનો ઉપાય બતાવું છું. આ સંસારમાં કેટલાક જીવ પોતાના કરેલા કર્મોથી તે તે કુળોમાં માતાની રજ અને પિતાના શુક્રથી ઉત્પન્ન થયા, વૃદ્ધિને પ્રાપ્ત થયા, જન્મ્યા, મોટા થયા, પ્રતિબોધ પામી દીક્ષા લીધી અને ક્રમથી મહામુનિ બન્યા.

સૂત્ર–૧૯૩

તેઓ સંયમ અંગીકાર કરેત્યારે તેને માતા–પિતાદિ વિલાપ કરતા કહે છે – અમે તારી ઇચ્છાનુસાર ચાલનારા છીએ, તને આટલો પ્રેમ કરનારા છીએ. તું અમને ન છોડ. એ રીતે આક્રંદન કરતા કહે છે – જે માતા–પિતાને છોડી દે તે ન મુનિ થઈ શકે કે ન સંસાર તરી શકે. આવા વચનો સાંભળીને તેનો જે સ્વીકાર કરતા નથી, તે કઈ રીતે સંસારમાં રહે ? આ જ્ઞાન સદા ધ્યાનમાં રાખવું. તેમ હું તમને કહું છું.

અધ્યયન–૬ 'ધૂત'ના ઉદ્દેશક–૧ 'સ્વજન વિધૂનન'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૬, ઉદ્દેશક–૨ "કર્મવિધૂનન"

સૂત્ર–૧૯૪

કેટલાક વસુ અર્થાત્ સાધુ કે અનુવસુ અર્થાત્ શ્રાવક આ સંસારને દુઃખમય જાણી, માતા–પિતા–સ્વજન આદિ પૂર્વસંયોગોને છોડીને, ઉપશમ ભાવ ધારણ કરી, બ્રહ્મચર્ય ધારણ કરીને ધર્મને યથાર્થરૂપે જાણીને પણ કેટલાક ક્રમશ: પરિષહોથી ગભરાઈને શીલરહિત થઇ ધર્મપાલન કરતા નથી.

સૂત્ર–૧૯૫

સૂત્ર ૧૯૪માં કહ્યા તેવા કુશીલો) વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણને છોડી અનુક્રમે આવતા દુઃસહ પરીષહોને સહી ન શકવાથી કામભોગમાં મમત્વ કરે છે પણ થોડા જ સમયમાં આ ક્ષણભંગુર શરીરનો ત્યાગ થાય છે. આ પ્રકારે તે અનેક વિઘ્નો અને દ્વન્દ્વો કે અપૂર્ણતાથી યુક્ત કામભોગોથી અતૃપ્ત રહીને મરણ પામી સંસારમાં ભટકે છે

સૂત્ર–૧૯૬

કેટલાક લોકો ધર્મ પ્રાપ્ત કરીને ધર્મોપગરણથી યુક્ત થઈને સર્વજ્ઞ કથિત ધર્મ આચરે છે. લીધેલ પ્રતિજ્ઞામાં દ્દઢ રહે છે. સર્વ આસક્તિને દુઃખમય જાણી તેનાથી દૂર રહે તે જ મહામુનિ છે. તે સર્વે પ્રપંચોને છોડી "મારું કોઈ નથી–હું એકલો છું" એમ વિચારી પાપક્રિયાથી નિવૃત્ત થઈ, યતના કરતો અણગાર દ્રવ્ય અને ભાવથી મુંડિત થઈ વિચરે, અચેલક થઈ, સંયમમાં ઉદ્યત બની, ઉણોદરી તપ કરે, કોઈ તેની નિંદા કરે, પ્રહાર કરે, વાળ ખેંચે, પૂર્વે કરેલ કોઈ દુષ્કર્મ યાદ કરાવી અસભ્ય શબ્દો બોલે, દોષારોપણ કરે ત્યારે મુનિ સમ્યક્ ચિંતન દ્વારા સમભાવે સહન કરે. અનુકૂળ–પ્રતિકૂળ, મનોહારી–અનિષ્ટ પરીષહોને સમભાવે સહન કરે.

સૂત્ર–૧૯૭

સર્વ વિસ્રોતિકા અર્થાત્ શંકા કે વિકલ્પોને છોડીને સમ્યગ્ દર્શની મુનિ ઉત્પન્ન થયેલ દુઃખોને સમભાવે સહે. હે મુનિઓ ! જે ગૃહવાસ છોડીને ફરી તેમાં ફસાતા નથી તે જ સાચા મુનિ છે. હે શિષ્ય! 'આજ્ઞામાં મારો ધર્મ છે.' એ મનુષ્યો માટે ઉત્તમ વિધાન છે માટે વિષયોથી વિરમેલ સાધક સંયમલીન બની કર્મો ખપાવે છે. તે કર્મોના સ્વરૂપને જાણી સાધુપર્યાય દ્વારા કર્મોને દૂર કરે. અહીં કોઈ કોઈ સાધુ એકાકી ચર્યા કરે છે. આવા સાધુ વિભિન્ન કુળોમાંથી શુદ્ધ એષણા દ્વારા નિર્દોષ આહાર લઈ સંયમનું પાલન કરે છે. સુગંધી કે દુર્ગંધી આહાર ગ્રહણ કરે છે. એકાકી અવસ્થામાં જંગલી પશુ દ્વારા થતા ઉપદ્રવને ધૈર્યથી સહન કરે છે, એમ હું કહું છું.

અધ્યયન–૬ 'ધૂત'ના ઉદ્દેશક–૨ 'કર્મવિધૂનન'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૬, ઉદ્દેશક–૩ "ઉપકરણ–શરીર વિધૂનન"

સૂત્ર–૧૯૮

તીર્થંકર દ્વારા પ્રરૂપિત ધર્મમાં સ્થિત, સંયમમાં ઉપસ્થિત અને આચારનું સમ્યક પાલન કરનાર અને તપ દ્વારા કર્મોનો નાશ કરનાર મુની જ સાચા મુની છે. જે મુનિ અચેલક રહે છે, તેને એવી ચિંતા હોતી નથી કે મારું વસ્ત્ર જીર્ણ થયું છે, હું વસ્ત્રની યાચના કરીશ, સીવવા માટે સોય–દોરા લાવીશ. વસ્ત્ર સાંધીશ–સીવીશ, બીજું વસ્ત્ર જોડીશ, આ વસ્ત્રને નાનું કરીને પછી પહેરીશ કે શરીર ઢાંકીશ.

સંયમમાં પરાક્રમ કરનાર નિર્વસ્ત્ર મુનિને તૃણસ્પર્શનું દુઃખ, ઠંડી–ગરમી, ડાંશ, મસક આદિ દુઃખ પ્રાપ્ત થાય છે. તેને વસ્ત્રરહિત સાધક કર્મોની લાઘવતાનું કારણ જાણી સહન કરે. તે મુનિને તપની પ્રાપ્તિ થાય છે. ભગવંતે જે રીતે ફરમાવેલ છે, તેને સત્ય જાણી સર્વ પ્રકારે અને પૂર્ણરૂપે સમ્યક્ત્વ અનુકૂળ જ આચરણ કરવું જોઈએ. આ રીતે પૂર્વે કેટલાક મહાવીરપુરૂષોએ લાંબા સમય સુધી, પૂર્વો સુધી સંયમપાલન કરી જે પરીષહો સહન કર્યા છે, તેને તું જો

સૂત્ર–૧૯૯

તપ આચરણ વડે પ્રજ્ઞાવાન મુનિઓની ભૂજાઓ દુર્બળ થઈ જાય છે, તેના શરીરમાં માંસ અને લોહી અતિ અલ્પ હોય છે. રાગ–દ્વેષાદિ રૂપ સંસાર શ્રેણીનો સમભાવથી વિનાશ કરી, સમદૃષ્ટિથી તત્ત્વના જ્ઞાતા હોય છે, તેવા મુનિ સંસારથી તરેલા, ભાવ બંધનથી મુક્ત અને પાપકર્મથી નિવૃત્ત કહેવાય છે. એમ હું તમને કહું છું.

સૂત્ર–૨૦૦

જે અસંયમથી નિવૃત્ત છે, અપ્રશસ્ત ભાવોથી નીકળી પ્રશસ્ત ભાવમાં રમણ કરનાર છે, દીર્ઘકાળથી સંયમનું પાલન કરી રહ્યા છે. એવા સંયમી મુનિને અરતિ વિચલિત કરી શકાતી નથી. એવા સાવધાન મુનિ શુભ પરિણામોની શ્રેણી ચઢતા જાય છે. જેમ પાણીથી ક્યારેય ન ઢંકાતા દ્વીપ યાત્રિકોનું આશ્વાસન સ્થાન છે, તેમ તીર્થંકર ઉપદિષ્ટ ધર્મ મુનિને આશ્રય સ્થાન છે. મુનિ ભોગેચ્છા તથા હિંસા ન કરવાના કારણે લોકપ્રિય, મેધાવી અને પંડિત કહેવાય છે. જે પ્રમાણે પક્ષી પોતાના બચ્ચાનું પાલન–પોષણ કરી તેને સમર્થ બનાવે છે, તેવી રીતે ધર્મમાં ઉત્સાહવાળા ન હોય, તે શિષ્યને બુદ્ધિમાન આચાર્ય દિન–રાત સાવધાનીપૂર્વક શિક્ષા આપી ધર્મમાં કુશળ બનાવે છે. એમ હું કહું છું.

અધ્યયન–૬ 'ધૂત'ના ઉદ્દેશક–૩ 'ઉપકરણ–શરીર વિધૂનન'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૬, ઉદ્દેશક–૪ "ગૌરવત્રિક વિધૂનન"

સૂત્ર–૨૦૧

આ રીતે મહા–વીર અને બુદ્ધિવાન્ ગુરુ દિવસ–રાત સતત શિક્ષા આપી શિષ્યને પ્રશિક્ષિત કરે છે. તેમાંથી કેટલાક શિષ્ય ગુરુ પાસે જ્ઞાન પ્રાપ્ત કરી ઉપશમ ભાવ છોડી કઠોરતા પ્રાપ્ત કરે છે. કેટલાક શિષ્યો સંયમ અંગીકાર કર્યા પછી વડીલોની આજ્ઞાનો અનાદર કરે છે.

કેટલાક શિષ્યો કુશીલના દુષ્પરિણામ જોઈને, જિનભાષિત તત્ત્વને સાંભળી, સમજીને અમે સંયમી જીવન જીવીશું એમ વિચારી દીક્ષા લે છે. પણ મોક્ષમાર્ગમાં ન ચાલીને, કામભોગથી બળતા સુખમાં મૂર્ચ્છિત થઈને વિષયોનો વિચાર કરતા સમાધિને પ્રાપ્ત કરતા નથી. ઊલટું હિતશિક્ષા આપનાર મુનિને કઠોર વચન કહે છે.

સૂત્ર–૨૦૨

કેટલાક પોતે જ ભ્રષ્ટ હોવા છતાં પણ બીજા શીલવાન્, ઉપશાંત અને વિવેકથી વર્તતા મુનિને કુશીલ કહે છે. આ તે મૂર્ખની બીજી અજ્ઞાનતા છે.

સૂત્ર–૨૦૩

કેટલાક સંયમથી નિવૃત્ત હોવા છતાં સંયમના આચાર–ગોચર બરાબર કહે છે. કોઈ કોઈ જ્ઞાનથી ભ્રષ્ટ

સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ પુરુષ વિધ્વંસક થઈને આચાર્ય આદિને નમસ્કાર કરવા છતાં પણ પોતાના સંયમી જીવનને દૂષિત કરે છે.

સૂત્ર–૨૦૪

કેટલાક સાધકો પરીષહોથી ડરી અસંયમિત જીવન જીવવા માટે સંયમ છોડે છે. તેમની દીક્ષા કુદીક્ષા છે. કેમ કે તે સાધારણજન દ્વારા પણ તે નિંદિત થાય છે. પુનઃ પુનઃ જન્મ ધારણ કરે છે. નીચો હોવા છતાં પણ એ પોતાને વિદ્વાન માને છે કે, "જે છું તે હું જ છું" તેવો ગર્વ કરે છે. જે સાધક રાગ–દ્વેષ રહિત છે સાધકને કઠોર વચન કહે છે. તેમના પૂર્વ જીવનનું કથન કરે છે, જૂઠા આરોપથી નિંદા કરે છે. પણ બુદ્ધિમાન સાધક ધર્મને સારી રીતે જાણે છે

સૂત્ર–૨૦૫

સંયમને અંગીકાર કરવા છતાં પાપાચરણ કરનારને સાચો સંયમી આ પ્રમાણે ઉપદેશ આપે કે– તું અધર્મનો અર્થી છે, અજ્ઞાની છે, આરંભ અને પરિગ્રહનો અર્થી છે. 'પ્રાણીને મારો' એવો ઉપદેશ આપે છે, હિંસાની અનુમોદના કરે છે. જ્ઞાનીઓએ કઠીન ધર્મની પ્રરૂપણા કરી છે, પણ તું તેની આજ્ઞાની ઉપેક્ષા કરી રહ્યો છે. ધર્મની ઉપેક્ષા કરનાર આવા સાધુ કામભોગમાં મૂર્ચ્છિત અને હિંસામાં તત્પર કહેવાય છે. તેમ હું કહું છું.

સૂત્ર–૨૦૬

કેટલાક સાધક વિચારે છે આ સ્વજનોથી મારું શું કલ્યાણ થવાનું છે? એવું માનતા અને કહેતા કેટલાક લોકો માતા, પિતા, જ્ઞાતિજન અને પરિગ્રહનો ત્યાગ કરી, વીર પુરુષ સમાન આચરણ કરતા દીક્ષા લે છે, અહિંસક બને છે, સુવ્રતધારી બને છે, જિતેન્દ્રિય બને છે. છતાં અશુભકર્મના ઉદયથી સંયમથી પતિત થઈ તે દીન બને છે, તેવા વિષયોથી પીડિત અને કાયર મનુષ્યો વ્રતોના નાશક બને છે, તે તું જો. પછી લોકમાં તેની અપકીર્તિ થાય છે. લોકો કહે છે કે– જુઓ આ ભગ્ન શ્રમણ છે અર્થાત્ આ સાધુ બન્યા પછી પાછો ગૃહસ્થ થઈ ગયો છે.

વળી જુઓ કેટલાક સાધુ ઉત્કૃષ્ટ આચારવાળા મધ્યે રહેવા છતાં શિથિલાચારી, વિનયવાન્ મધ્યે રહેવા છતાં અવિનયી, વિરત મધ્યે રહેવા છતાં અવિરત, પવિત્ર મધ્યે રહેવા છતાં અપવિત્ર બને છે. આ સર્વે જાણીને પંડિત, બુદ્ધિમાન્, મોક્ષાર્થી, વીર મુનિ, સદા આગમાનુસાર પરાક્રમ કરે. એમ હું કહું છું.

અધ્યયન–૬ 'ધૂત'ના ઉદ્દેશક–૪ 'ગૌરવત્રિક વિધૂનન'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૬, ઉદ્દેશક–૫ "ઉપસર્ગ સન્માન વિધૂનન"

સૂત્ર–૨૦૭

તે શ્રમણ ઘરોમાં, ઘરોની આસપાસમાં, ગામોમાં, ગામોના અંતરાલમાં, નગરોમાં, નગરોના અંતરાલમાં, જનપદોમાં, જનપદોના અંતરાલમાં, ગામ અને નગરોના અંતરાલમાં, ગામ અને જનપદોના અંતરાલમાં અથવા નગર અનેજનપદોના અંતરાલમાં વિચરતા કે કાયોત્સર્ગ સ્થિત મુનિને જોઈને કેટલાક લોકો હિંસક બની જાય છે. તેઓ ઉપસર્ગ કરે છે. ત્યારે અથવા કોઈ સંકટ આવી જાય તો ધીર મુનિ તેને સમભાવે સહન કરે. તે સમદષ્ટિ હોય.

આગમ જ્ઞાતા મુનિ પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર દિશામાં સ્થિત જીવોને અનુકંપા બુદ્ધિએ ધર્મોપદેશ આપે. ધર્મના ભેદ–પ્રભેદોને સમજાવે અને ધર્મનો મહિમા બતાવે. તે મુનિ ધર્મશ્રવણની ઈચ્છાવાળા કે સેવા–શુશ્રૂષા કરનાર મુનિઓ ગૃહસ્થોને શાંતિ, વિરતિ, ક્રોધાદિ ઉપશમ, મોક્ષસ્વરૂપ, પવિત્રતા, માયાત્યાગ, અહંકારત્યાગ, પરિગ્રહત્યાગ નો યથાર્થ ઉપદેશ આપે છે. તે ભિક્ષુ બધાં પ્રાણી અર્થાત્ વિકલેન્દ્રિય, બધાં ભૂત અર્થાત્ વનસ્પતિ, બધાં જીવ અર્થાત્ પંચેન્દ્રિય, બધાં સત્ત્વ અર્થાત્ એકેન્દ્રિયને ધર્મનું વ્યાખ્યાન કરે.

સૂત્ર–૨૦૮

વિચાર કરી ધર્મ કહેનાર મુનિ એ ધ્યાનમાં રાખે કે તે ઉપદેશ આપતા પોતાના આત્માની આશાતના ન કરે,

બીજાની આશાતના ન કરે કે અન્ય પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વની આશાતના ન કરે. આ રીતે સ્વયં આશાતના ન કરતા, બીજા પાસે ન કરાવતા તે મુનિ વધ્યમાન પ્રાણી અર્થાત્ વિકલેન્દ્રિય, ભૂત અર્થાત્ વનસ્પતિ, જીવ અર્થાત્ પંચેન્દ્રિય, સત્ત્વ અર્થાત્ એકેન્દ્રિયને માટે અસંદીન અર્થાત્ પાણીની બાધા રહિત દ્વીપ માફક શરણભૂત થાય છે – એ પ્રમાણે તે સંયમમાં સાવધાન રહી, મોક્ષમાર્ગમાં આત્માને સ્થિત કરનાર, રાગ–દ્વેષ રહિત, પરિષહોથી ચલિત ન થઈને, વિહાર ચર્યા કરનાર, સંયામાનુષ્ઠાનમાં વિચરણ કરે.

જે મુનિ આ પવિત્ર ધર્મને જાણીને સદનુષ્ઠાન આચરે છે, તે મુક્તિ પામે છે. તે માટે આસક્તિના વિપાકને જુઓ. પરિગ્રહમાં ગૃદ્ધ બનેલ મનુષ્યો કામોથી આક્રાન્ત થાય છે. માટે સંયમથી ગભરાવું ન જોઈએ. જે વિવેકહીન તથા હિંસક વૃત્તિવાળા પાપ કર્મોને કરતા ભયભીત થતા નથી, જ્ઞાનીજન તે આરંભોનો સર્વથા ત્યાગ કરે. તે ક્રોધ, માન, માયા, લોભનો ત્યાગ કરીને કર્મબંધનથી મુક્ત થાય છે. તેમ હું કહું છું.

**સૂત્ર–૨૦૯**

દેહનાશના ભય પર વિજય પ્રાપ્ત કરવો એ સંગ્રામશીર્ષ અર્થાત્ કર્મયુદ્ધનો મુખ્ય મોરચો કહ્યો છે. તે શરીર નો ત્યાગ કરનાર મુનિ જ સંસાર પારગામી છે. તે કષ્ટોથી પીડિત થવા છતાં લાકડાના પાટિયાની જેમ અચલ રહે છે. મૃત્યુકાળ આવવા પર જ્યાં સુધી જીવ અને શરીર ભિન્ન–ભિન્ન ન થાય ત્યાં સુધી મરણકાળ ની પ્રતીક્ષા કરે. એ પ્રમાણે હું તમને કહું છું.

**અધ્યયન–૬ 'ધૂત'ના ઉદ્દેશક–૫ 'ઉપસર્ગ સન્માન વિધૂનન'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## આચારાંગ સૂત્ર–શ્રુતસ્કંધ–૧ના અધ્યયન–૬નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૭ ''મહાપરિજ્ઞા'' હાલ ઉપલબ્ધ નથી

# શ્રુતસ્કન્ધ–૧

## અધ્યયન–૮ વિમોક્ષ

### અધ્યયન–૮, ઉદ્દેશક–૧ "અસમનોજ્ઞ વિમોક્ષ"

**સૂત્ર–૨૧૦**

હું કહું છું– સમનોજ્ઞ અર્થાત્ જેના આચાર–વિચાર સમાન છે પણ આહાર–વ્યવહારની મર્યાદા નથી તે અને અસમનોજ્ઞ અર્થાત્ જેના આચાર–વિચાર સમાન નથી તે. આવા સાધુને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક આદરપૂર્વક ન આપે, તે માટે નિમંત્રણ ન કરે, તેમની વેયાવચ્ચ ન કરે. તેમ હું કહું છું.

**સૂત્ર–૨૧૧**

કદાચ તે શાક્યાદિ અન્ય શ્રમણ કહે કે, હુ મુનિઓ! તમે નિશ્ચિત સમજો કે– અમારે ત્યાં તમારે આવવાનું તમને અશન યાવત્ પાદપ્રોંછનક મળે કે ન મળે, તમે ભોગવ્યું હોય કે ન ભોગવ્યું હોય, માર્ગ સીધો હોય કે વક્ર હોય તો પણ અવશ્ય આવવું. આ રીતે જુદા ધર્મને પાળનારા આવતા કે જતા સમયે કંઈ આપે, આપવા નિમંત્રણ કરે કે, વૈયાવૃત્ય કરે તો સદાચારી મુનિ તેનો સ્વીકાર ન કરે – તેમ હું કહું છું.

**સૂત્ર–૨૧૨**

આ મનુષ્યલોકમાં કેટલાક સાધુઓને આચાર–ગોચરનું યોગ્ય જ્ઞાન હોતું નથી. તેઓ આરંભાર્થી થઈ અન્યમતવાળાનું અનુકરણ કરી "પ્રાણીને મારો" એવું કહી બીજા પાસે હિંસા કરાવે છે, હિંસા કરનારની અનુમોદના કરે છે. અદત્તને ગ્રહણ કરે છે અથવા અનેક પ્રકારના વચનો બોલે છે – જેમ કે, કોઈ કહે છે લોક છે, કોઈ કહે છે લોક નથી, એ પ્રમાણે લોક નિત્ય છે, લોક અનિત્ય છે, લોક સાદિ છે, લોક અનાદિ છે, લોક અંતવાળો છે, લોક અનંત છે, સારું કર્યું, ખરાબ કર્યું, કલ્યાણરૂપ છે, પાપરૂપ છે, સાધુ છે, અસાધુ છે, સિદ્ધિ છે, સિદ્ધિ નથી, નરક છે, નરક નથી. આ પ્રમાણે વાદી જે વિવિધ પ્રકારે પરસ્પર વિરોધી વાતો કરે છે. પોત–પોતાના મતને જ સાચો બતાવે છે, તેમનું કથન નિર્હેતુક છે. આ એકાંતવાદ છે. તેમનું કથન યુક્તિસંગત નથી, સારી રીતે પ્રરુપણા કરાયેલ નથી.

**સૂત્ર–૨૧૩**

જે પ્રકારે આસુપ્રજ્ઞ અર્થાત્ નિરાવરણ અને સતત ઉપયોગવાળા ભગવંત મહાવીરે જ્ઞાન–દર્શન ઉપયુક્ત થઈ આ ધર્મ કહ્યો છે, મુનિ તે જ પ્રમાણે નિરૂપણ કરે અથવા મૌન ધારણ કરે. તેમ હું કહું છું. પૂર્વોક્ત વાદીઓને સાધુ સંક્ષેપથી કહે કે સર્વત્ર સંમત એવા પાપકર્મને મેં છોડી દીધું છે. આ મારો વિવેક કહ્યો છે.

ધર્મ ગામમાં થાય કે અરણ્યમાં? તે ન ગામમાં થાય, ન અરણ્યમાં. તેને જ ધર્મ જાણો જે મતિમાન મહામાનવ ભગવંતે બતાવેલ છે. તે ભગવંતે ત્રણ યામ– અહિંસા, સત્ય, અપરિગ્રહ કહેલ છે. આર્યપુરૂષ તેને સારી રીતે સમજી તેમાં સદા સાવધાન રહે. જે પાપકર્મોથી નિવૃત્ત છે તેને નિદાન અર્થાત્ કર્મ રહિત કહેલા છે.

**સૂત્ર–૨૧૪**

ઊંચી, નીચી, તીરછી અને સર્વે દિશા–વિદિશાઓમાં પ્રત્યેક જીવમાં કર્મ સમારંભ રહેલો છે. તે જાણીને મેધાવી સાધક સ્વયં છ કાય જીવની હિંસા સ્વયં ન કરે, બીજા પાસે હિંસા ન કરાવે, હિંસા કરનારની અનુમોદના ન કરે. જેઓ આ છ કાયનો ઘાત કરે છે, તે જોઈ અમે લજ્જા પામીએ છીએ. એ જાણી મેધાવી મુનિ હિંસા કે અન્ય પાપકર્મોનો આરંભ ન કરે. તેમ હું તમને કહું છું.

અધ્યયન–૮ 'વિમોક્ષ'ના ઉદ્દેશક–૧ 'અસમનોજ્ઞ વિમોક્ષ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૮, ઉદ્દેશક–૨ "અકલ્પનીય વિમોક્ષ"

સૂત્ર–૨૧૫

તે ભિક્ષુ સ્મશાનમાં, શૂન્યગૃહમાં, પર્વત ગુફામાં, વૃક્ષમૂળમાં કે કુંભારના ખાલી ઘરમાં ફરતો હોય, ઊભો હોય, બેઠો હોય, સૂતો હોય કે બીજે ક્યાંય વિચરતો હોય તે સમયે કોઈ ગૃહસ્થ તેની પાસે આવીને કહે, હે આયુષ્માન્ શ્રમણ હું આપના માટે અશન, પાન, ખાદિમ સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ કે રજોહરણ, પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વોનો સમારંભ કરી આપને ઉદ્દેશીને, ખરીદીને, ઉધાર લઈને, છીનવીને, બીજાની વસ્તુ તેની આજ્ઞા વિના લાવીને, સન્મુખ લાવીને કે ઘેરથી લાવીને આપને આપું છું અથવા આપના માટે આવાસ બનાવી આપું છું કે, સમારકામ કરાવી આપું છું. તમે તેને ભોગવો – ત્યાં રહો.

હે આયુષ્માન્ શ્રમણો ! તે સાધુ સરળ ભાવોથી અને યોગ્ય શબ્દોથી નિષેધ કરતા તેગૃહપતિને આ પ્રમાણે કહે કે, હે આયુષ્માન્ ગૃહપતિ ! હું આપના વચનનો આદર કે સ્વીકાર કરતો નથી. જે તમે મારા માટે અશનાદિ અને વસ્ત્રાદિને પ્રાણ આદિની હિંસા કરી મને ઉદ્દેશીને, ખરીદીને, ઉધાર લઈને યાવત્ ઘેરથી લાવીને મને આપવા ઈચ્છો છો કે મારા માટે આવાસ બનાવવા ઈચ્છો છો. હે આયુષ્માન્ ગૃહપતિ ! હું આવા કાર્યોથી દૂર રહેવા જ વિરત–ત્યાગી બન્યો છું માટે તે ન સ્વીકારી શકું.

સૂત્ર–૨૧૬

તે મુનિ સ્મશાનાદિમાં ફરતા હોય અથવા અન્ય ક્યાંય વિચરતા હોય, તેની પાસે આવીને કોઈ ગૃહસ્થ પોતાના આત્મગત ભાવોને પ્રગટ કર્યા વિના મુનિના માટે આરંભ કરી અશન આદિ, વસ્ત્રાદિ આપે કે મકાન બનાવે; એ વાત મુનિ સ્વ બુદ્ધિએ, બીજાના કહેવાથી કે કોઈ પાસે સાંભળીને જાણી લે કે આ ગૃહસ્થે મારા માટે આહાર, વસ્ત્ર યાવત્ મકાન બનાવેલ છે; તો એવું જાણી તે મુનિ ગૃહસ્થને સ્પષ્ટ સૂચના કરે કે હું મારા નિમિત્તે તૈયાર કરેલ આ બધું વાપરી શકતો નથી. તે પ્રમાણે હું તમને કહું છું.

સૂત્ર–૨૧૭

કોઈ ગૃહસ્થ સાધુને પૂછીને કે પૂછ્યા વિના ઘણું દ્રવ્ય ખર્ચી આહારાદિ બનાવે. જ્યારે મુનિ એ ન લે ત્યારે) કદાચ તે ગૃહસ્થ ક્રોધાવેશથી સાધુને મારે અથવા કહે કે, આને મારો, પીટો, હાથ–પગ છેદો, બાળો, પકાવો, લૂંટી લો, બધું છીનવી લો, પ્રાણરહિત કરી દો. અનેક પ્રકારે પીડા પહોંચાડો. આવા કષ્ટોને તે ધીર સાધુ સહન કરે અથવા તેને આચારગોચર સમજાવે અથવા મૌન રહે. પોતાના આચાર–ગોચરનું સમ્યક્ પ્રકારે પાલન કરે. એમ જ્ઞાની પુરૂષોએ કહ્યું છે.

સૂત્ર–૨૧૮

તે સમનોજ્ઞ અર્થાત્ તીર્થંકરની આજ્ઞાનું પાલન કરનાર સાધુ મુનિ આદરપૂર્વક અસમનોજ્ઞ અર્થાત્ કુશીલ આદિને – આહાર વગેરે ન આપે, ન નિમંત્રણા કરે, વૈયાવચ્ચ ન કરે. તેમ હું કહું છું.

સૂત્ર–૨૧૯

મતિમાન્ ભગવંતે જે ધર્મ કહ્યો છે, તે બરાબર સમજો. સમનોજ્ઞ સાધુ સમનોજ્ઞ સાધુને અતિ આદરપૂર્વક અશનાદિ આપે યાવત્ વૈયાવચ્ચ કરે. તે પ્રમાણે હું તમને કહું છું.

અધ્યયન–૮ 'વિમોક્ષ'ના ઉદ્દેશક–૨ 'અકલ્પનીય વિમોક્ષ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૮, ઉદ્દેશક–૩ "અંગચેષ્ટાભાષિત"

સૂત્ર–૨૨૦

કોઈ મધ્યમ વયમાં પ્રતિબોધ પામી ચારિત્રધર્મ માટે ઉદ્યત બને છે. મેધાવી સાધક પંડિતોના વચન સાંભળી

તથા સમજીને સમભાવ ધરે. તીર્થંકરોએ સમતામાં ધર્મ કહ્યો છે. સમભાવી સાધુ કામભોગોની ઇચ્છાથી નિવૃત્ત થઈ પ્રાણીની હિંસા ન કરે, પરિગ્રહ ન રાખે, તેથી સમગ્ર લોકમાં અપરિગ્રહી કહેવાય છે. જે પ્રાણીની હિંસાનો ત્યાગ કરે છે તે કારણે પાપકર્મ નથી કરતા. તેથી તે મહાન નિર્ગ્રન્થ કહેવાય છે. એવા સાધુ સંયમમાં કુશળ બને છે અને અંતમાં રાગ–દ્વેષ રહિત થઈ જ્યોતિર્મય બની જાય છે. દેવોના જન્મ–મરણ જાણીને પાપકર્મ વર્જનાર બને છે.

**સૂત્ર–૨૨૧**

શરીર આહારથી વૃદ્ધિ પામે છે અને પરીષહોથી ક્ષીણ થાય છે. છતાં જુઓ કાયર મનુષ્ય શરીર ગ્લાન થતા સર્વ ઇન્દ્રિયોની ગ્લાનિને અનુભવે છે. તો પણ દયાવાન, રાગ–દ્વેષ રહિત ભિક્ષુ કોઇપણ સ્થિતિમાં સંયમ પાળે છે.

**સૂત્ર–૨૨૨**

જે ભિક્ષુ કર્મરૂપ સંનિધાનના શસ્ત્ર અર્થાત્ સંયમને સારી રીતે સમજે છે તે નિપુણ ભિક્ષુ અવસરને, પોતાની શક્તિને, પરિમાણને, અભ્યાસકાળને, વિનયને તેમજ સિદ્ધાંતને સારી રીતે જાણે છે. તે ભિક્ષુ પરિગ્રહની મમતા છોડીને યથાસમય યથોચિત અનુષ્ઠાન કરી, મિથ્યા આગ્રહયુક્ત પ્રતિજ્ઞા રહિત બની, રાગદ્વેષના બંધનોનો નાશ કરી સંયમની સાધના દ્વારા મોક્ષ તરફ પ્રયાણ  કરે છે.

**સૂત્ર–૨૨૩**

શીતસ્પર્શથી ધ્રૂજતા મુનિ પાસે જઈને કોઈ ગૃહસ્થ કહે કે, હે આયુષ્માન્ શ્રમણ ! આપને ઇન્દ્રિયવિષય તો પીડતા નથી ને? ત્યારે ભિક્ષુ કહે, હે આયુષ્માન્ ગૃહપતિ ! મને કામ પીડા નથી પણ હું ઠંડી સહન નથી કરી શકતો. અગ્નિને એક વખત કે વારંવાર સળગાવીને શરીરને તપાવવું કે તેમ બીજાને કહીને કરાવવું મને કલ્પતુ નથી.

સાધુની આ વાત સાંભળીને કદાચ તે ગૃહસ્થ અગ્નિ સળગાવી, પ્રજ્વલિત કરી મુનિના શરીરને તપાવવા પ્રયત્ન કરે તો સાધુ તેને કહી દે કે, મારે અગ્નિનું સેવન કરવું કલ્પતું નથી. તે પ્રમાણે હું તમને કહું છું.

**અધ્યયન–૮ 'વિમોક્ષ'ના ઉદ્દેશક–૩ 'અંગચેષ્ટાભાષિત'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## અધ્યયન–૮, ઉદ્દેશક–૪ "વેહાસનાદિમરણ"

**સૂત્ર–૨૨૪**

જે ભિક્ષુ ત્રણ વસ્ત્ર અને એક પાત્ર રાખવાની પ્રતિજ્ઞા કરે છે. તેને એવો વિચાર નથી હોતો કે હું ચોથું વસ્ત્ર યાચું. તે જરૂર હોય તો એષણીય વસ્ત્રની યાચના કરે અને જેવું વસ્ત્ર મળે તેવું ધારણ કરે. તે વસ્ત્ર ધોવે નહીં, ન રંગે કે ન ધોયેલ અને રંગેલ વસ્ત્ર ધારણ કરે. એવા હલકા વસ્ત્ર રાખે કે જેથી ગામ જતા રસ્તામાં સંતાડવા ન પડે. આ નિશ્ચિતરૂપે વસ્ત્રના અભિગ્રહધારીનો આ આચાર છે.

**સૂત્ર–૨૨૫**

મુનિ જાણેકે હેમંત ઠંડી)ની ઋતુ વીતી ગઈ છે, ગ્રીષ્મઋતુ આવી છે, તો પહેલાંના જીર્ણ વસ્ત્રો પરઠવી દે. અથવા જરૂર હોય તો ઓછા કરે અથવા એક જ વસ્ત્ર રાખે કે અચેલક થઈ જાય.

**સૂત્ર–૨૨૬**

આ રીતે અલ્પ–ઉપધિરૂપ લાઘવતાને પ્રાપ્ત કરતા તે વસ્ત્રત્યાગી મુનિ સહજતાથી કાયક્લેશ તપ પામે છે.

**સૂત્ર–૨૨૭**

ભગવંતે જે રીતે વસ્ત્ર પ્રતિજ્ઞા પ્રતિપાદન કર્યું છે, તેના રહસ્યને સમજી સર્વ પ્રકારે સંપૂર્ણરૂપે સમત્વને સમ્યક્ પ્રકારે જાણે અને સેવન કરે.

**સૂત્ર–૨૨૮**

જે સાધુને એમ સમજાય કે હું શીતાદિ અર્થાત્ સ્ત્રી વગેરે પરીષહોથી આક્રાંત થયો છું. હું આ ઉપસર્ગ સહન

કરવા અસમર્થ છું, ત્યારે તે સંયમી સાધુ પોતાની બુદ્ધિથી વિચારી, અકાર્ય નહીં કરતા સંયમમાં જ સ્થિત રહે. જો સંયમજીવનની રક્ષાનો સંભવ ન હોય તો તપસ્વી માટે વૈહાસનાદિ અર્થાત્ ગળે ફાંસો ખાઈને વગેરે મરણ શ્રેષ્ઠ છે. આ મરણ કોઈ કોઈ સ્વીકારે છે. આ મરણ પણ તેના માટે યોગ્ય સમયના મરણ સમાન છે. આ પ્રકારે મૃત્યુ પામનાર પણ કર્મોનો ક્ષયકર્તા થાય છે. આ મરણ મોહરહિતતાનું સ્થાન છે, તે ભિક્ષુને માટે હિતકર છે, સુખકર છે, યોગ્ય છે, મોક્ષનું કારણ છે, કલ્યાણકારી છે અને ભવાંતરમાં પણ પુણ્યનું કારણ છે, તેમ હું કહું છું.

અધ્યયન–૮ 'વિમોક્ષ'ના ઉદ્દેશક–૪ 'વેહાસનાદિમરણ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૮, ઉદ્દેશક–૫ "ગ્લાનભક્તપરિજ્ઞા"

### સૂત્ર–૨૨૯

જે ભિક્ષુએ બે વસ્ત્ર અને ત્રીજું પાત્ર રાખવાની મર્યાદા કરી છે તેને એવું થતું નથી કે હું ત્રીજું વસ્ત્ર યાચું. તે અભિગ્રહધારી સાધુ પોતાની આચાર-મર્યાદા અનુસાર એષણીય વસ્ત્રની યાચનાં કરે સૂત્ર ૨૨૪ અનુસાર તે સાધુનો આચાર છે. જ્યારે એ ભિક્ષુ જાણે કે હેમંતઋતુ ગઈ, ગ્રીષ્મ આવી તો જીર્ણ વસ્ત્રોને પરઠવી દે અથવા જરૂર હોય તો વસ્ત્ર ધારણ કરે કે એકનો ત્યાગ કરે કે વસ્ત્રરહિત પણ થઈ જાય. એ રીતે અલ્પઉપધિ રૂપ લાઘવ ગુણ સાથે તપની પ્રાપ્તિ થાય છે. જે રીતે આ ભગવંતે કહ્યું છે તે સારી રીતે સમજી સંપૂર્ણ ભાવથી સર્વ અવસ્થામાં સમભાવ રાખે.

જે સાધુને એવું લાગે કે હું રોગથી નિર્બળ થયો છું. ભિક્ષા માટે અનેક ઘરોમાં જવા માટે અસમર્થ છું. એવું કહેતા સાંભળીને કોઈ ગૃહસ્થ સાધુ માટે સામેથી લાવીને આહારાદિ આપે તો સાધુ પહેલાં જ કહી દે કે, હે આયુષ્માન્ ! સામેથી લાવેલ આહાર કે આ પ્રકારનો અન્ય કોઈ પદાર્થ મને ખાવો–પીવો ન કલ્પે.

### સૂત્ર–૨૩૦

જે સાધુની એવી પ્રતિજ્ઞા હોય કે હું બીમાર થાઉં તો બીજા સાધુને સેવા કરવાનું કહીશ નહીં પણ સમાન સામાચારીવાળા નીરોગી સાધુ કર્મનિર્જરાના ઉદ્દેશથી સ્વેચ્છાપૂર્વક મારી સેવા કરે તો હું સ્વીકારીશ અને જો હું સ્વસ્થ હોઉં તો બીજા સહધર્મી અસ્વસ્થ શ્રમણની સ્વેચ્છાપૂર્વક અને કર્મનિર્જરાર્થે સેવા કરીશ. બીજાઓ માટે આહારાદિ લાવીશ અને બીજા સાધુઓ લાવ્યા હોય તે સ્વીકારીશ.૧) બીજા સાધુ માટે આહારાદિ લાવીશ, પણ બીજા સાધુઓ લાવ્યા હોય તે લઈશ નહીં ૨). હું બીજા સાધુઓ માટે નહીં લાવું પણ બીજા લાવ્યા હશે તે સ્વીકારીશ ૩). હું બીજા માટે લાવીશ નહીં અને બીજા લાવ્યા હશે તે સ્વીકારીશ નહીં ૪).

આ ચાર પ્રતિજ્ઞાઓમાંથી જે અંગિકાર કરી હોય તેનું પૂર્ણ રીતે પાલન કરે. એવા સાધુ શાંત, વિરત, વિશુદ્ધ લેશ્યાવાળા થઈ દેહનો ત્યાગ કરે પણ પ્રતિજ્ઞા ભંગ ન કરે. તેમ કરતા તેનું મરણ થઈ જાય તો તેનું મરણ અનશન પ્રાપ્ત મરણ સમાન છે. તે કર્મક્ષયનું કારણ છે. તે નિર્મોહપણાનું સ્થાન છે, તે હિતકર છે, સુખકર છે, તે યોગ્ય છે, તે કલ્યાણકર છે અને સાથે આવનાર છે. તેમ હું કહું છું.

અધ્યયન–૮ 'વિમોક્ષ'ના ઉદ્દેશક–૫ 'ગ્લાનભક્તપરિજ્ઞા'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૮, ઉદ્દેશક–૬ "એકત્વભાવના–ઇંગિતમરણ"

### સૂત્ર–૨૩૧

જે ભિક્ષુ એક વસ્ત્ર અને બીજું પાત્ર રાખવાની પ્રતિજ્ઞા કરે તેને એવો વિચાર હોતો નથી કે હું બીજા વસ્ત્રની યાચના કરું. તેને જરૂર હોય તો એષણીય વસ્ત્રની યાચના કરે અને જેવું વસ્ત્ર મળે તેવું ધારણ કરે યાવત્ ગ્રીષ્મઋતુ આવી ગઈ છે એમ જાણી સર્વથા જીર્ણ વસ્ત્રને પરઠવી દે અથવા તે એક વસ્ત્રને રાખે કે અચેલક થઈ જાય. આ રીતે અલ્પ ઉપધિરૂપ લાઘવગુણ પામે યાવત્ સમભાવ ધારણ કરે.

સૂત્ર–૨૩૨

જે ભિક્ષુને એવી ભાવના થાય કે, હું એકલો છું, મારું કોઈ નથી, હું પણ કોઈનો નથી. તે ભિક્ષુ આત્માના એકાકીપણાને જાણી લઘુકર્મતા ગુણને પ્રાપ્ત કરીને તપની પ્રાપ્તિ કરે છે યાવત્ સમભાવ ધારણ કરે.

સૂત્ર–૨૩૩

તે સાધુ કે સાધ્વી અશનાદિ આહાર કરતા સ્વાદ લેવા માટે આહારને ડાબા જડબાથી જમણે જડબે ન લાવે કે જમણા જડબાથી ડાબા જડબે ન લાવે. આ રીતે સ્વાદ નહીં લેવાથી લઘુકર્મતા ગુણ પ્રાપ્ત થાય છે. તેનાથી તપની પ્રાપ્તિ થાય છે. માટે ભગવંત દ્વારા કહેલ તત્ત્વને સારી રીતે સમજી સમભાવ ધારણ કરવો.

સૂત્ર–૨૩૪

જે ભિક્ષુને એમ થાય કે, હવે આ શરીરને ટકાવવા હું અસમર્થ થઈ રહ્યો છું. તો તે અનુક્રમે આહારને ઓછો કરે, આહાર ઓછો કરી કષાયોને પાતળા કરે, તેમ કરીને શરીર વ્યાપાર નિયમિત કરી લાકડાના પાટિયા સમાન નિશ્ચેષ્ટ થઈ, શારીરિક સંતાપરહિત થઈ પંડિતમરણ અર્થાત્ સમાધિમરણને માટે તૈયાર થાય.

સૂત્ર–૨૩૫

તે સમાધિમરણ ઈચ્છુક મુનિએ ગામ, નગર, ખેડ, કસબો, મડંબ, પાટણ, બંદર, આકર, આશ્રમ, સંનિવેશ, નિગમ કે રાજધાનીમાં પ્રવેશ કરીને ઘાસની યાચના કરવી. ઘાસ લઈને એકાંત સ્થાને જવું. ત્યાં ઇંડા, પ્રાણી, બીજ, લીલોતરી, ઝાકળ, પાણી, કીડીના દર, લીલ–ફૂગ, ભીની માટી, કરોળિયાના જાળા આદિથી રહિત જમીનનું વારંવાર પડિલેહણ અને પ્રમાર્જન કરે. ઘાસની શય્યા બનાવે. ત્યાં ઇંગિતમરણ નામે સંલેખના વિશેષને સ્વીકારે.

તે ઇંગિતમરણ સત્ય છે, તેને સ્વીકારનાર સત્યવાદી છે, પરાક્રમી છે, સંસારથી તરેલા સમાન છે, 'હું ઇંગિત મરણ કેમ કરીશ' એવા ડર અને નિરાશાથી રહિત, સારી રીતે વસ્તુના સ્વરૂપને જાણનાર, સાંસારિક બંધનોથી મુક્ત, શરીરના મમત્વ ત્યાગીને અનેક પરીષહ ઉપસર્ગની અવગણના કરી, તથા સર્વજ્ઞપ્રણીત આગમમાં શ્રદ્ધા કરી આ ઘોર અનશનનું અનુપાલન કરે. આવું મરણ કાલપર્યાય મરણ સમાન છે. તે હિતકર, સુખકર, કલ્યાણકર યાવત્ અનુગામિક છે એમ હું કહું છું.

અધ્યયન–૮ 'વિમોક્ષ'ના ઉદ્દેશક–૬ 'એકત્વભાવના–ઇંગિતમરણ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૮, ઉદ્દેશક–૭ "પાદપોપગમન"

સૂત્ર–૨૩૬

જે ભિક્ષુ અચેલ–કલ્પમાં સ્થિત છે, તેને એવો વિચાર હોય છે કે, હું તૃણ સ્પર્શ, શીત સ્પર્શ, ઉષ્ણ સ્પર્શ, ડાંસ–મચ્છર સ્પર્શ સહન કરી શકું છું. એક કે અનેક પ્રકારની વિવિધરૂપ વેદનાને સહન કરી શકું છું. પણ લજ્જાના કારણે વસ્ત્રનો ત્યાગ કરવા અસમર્થ છું. એવા સાધુને કટિવસ્ત્ર ચોલપટ્ટક) ધારણ કરવું કલ્પે છે.

સૂત્ર–૨૩૭

અથવા – અચેલકત્વમાં વિચરનાર સાધુ જો તૃણસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, દંશ–મશગ સ્પર્શ અનુભવે, એક યા અનેક પ્રકારે કષ્ટો આવે તેને સારી રીતે સહન કરે, અચેલક સાધુ ઉપકરણ અને કર્મભારથી હળવો થાય છે, તેને તપની પ્રાપ્તિ થાય છે યાવત્ સમભાવ રાખે.

સૂત્ર–૨૩૮

કોઈ મુનિને એવી પ્રતિજ્ઞા હોય કે હું બીજા મુનિઓને અશનાદિ લાવી આપીશ અને બીજા મુનિ દ્વારા લાવેલ અશનાદિ સ્વીકારીશ ૧).

કોઈ મુનિને એવી પ્રતિજ્ઞા હોય કે હું અશનાદિ લાવી બીજા મુનિને આપીશ પણ તે મુનિ દ્વારા લાવેલ

અશનાદિ સ્વીકારીશ નહીં ૨).

કોઈ મુનિને એવી પ્રતિજ્ઞા હોય કે હું અશનાદિ લાવી આપીશ નહીં પણ બીજા મુનિ લાવ્યા હશે તો તેનો સ્વીકાર કરીશ ૩).

કોઈ મુનિને એવી પ્રતિજ્ઞા હોય કે હું અશનાદિ લાવી નહીં આપું કે બીજા મુનિએ લાવેલા નહી સ્વીકારુ ૪).

પોતાના ઉપભોગ પછી વધેલા, વિધિપૂર્વક ગ્રહણ કરેલા, એષણીય અશનાદિ વડે પોતાના કર્મોની નિર્જરા માટે સમાન આચારવાળા સાધુની હું વૈયાવચ્ચ કરીશ અને બીજા મુનિઓના ઉપભોગ પછી વધેલા વિધિપૂર્વક લાવેલા એષણીય અશનાદિને તેઓએ નિર્જરાની અભિલાષાથી આપેલ હશે તો ગ્રહણ કરીશ. આવી પ્રતિજ્ઞા કરનાર મુનિને કર્મોની લઘુતા આવે છે, તપની પ્રાપ્તિ થાય છે યાવત્ મુનિ સમભાવ ધારણ કરે.

સૂત્ર–૨૩૯

જ્યારે મુનિને એમ થાય કે હવે હું આ શરીરને અનુક્રમથી ધારણ કરવામાં અસમર્થ છું ત્યારે તે ક્રમશઃ આહારને ઓછો કરીને કષાયોને કૃશ કરે. શરીરના વ્યાપારનું નિયમન કરીને લાકડાના પાટિયાન જેમ સહનશીલ બની મૃત્યુ માટે તૈયાર થઈ, શરીર શુશ્રૂષાનો ત્યાગ કરી ગામ, નગર યાવત્ રાજધાનીમાં જઈને ઘાસની યાચના કરી યાવત્ સંથારો કરે. યોગ્ય સમયે ત્યાં બેસી શરીરનો, શરીરના વ્યાપારનો અને સૂક્ષ્મ હલનચલનનો ત્યાગ કરે.

તે મરણ સત્ય છે, તેને સત્યવાદી, પરાક્રમી, રાગદ્વેષરહિત, સંસાર પારગામી, ભય અને શંકાથી મુક્ત, જીવાદિ સ્વરૂપના જ્ઞાતા, સમસ્ત પ્રયોજનોથી રહિત મુનિ શરીરનો ત્યાગ કરી, વિવિધ પરીષહો અને ઉપસર્ગોની અવગણના કરી, ભગવદ્ વચન પર શ્રદ્ધા રાખી કાયરજનો દ્વારા આચરી ન શકાય તેવા પાદપોપગમન અર્થાત્ વૃક્ષ ના ઠુંઠા માફક ઉભું રહેવા રૂપ સંલેખના મરણને સ્વીકારે. આ મરણ કાળપર્યાય મરણ સમાન છે. હિતકર છે – સુખકર છે – યોગ્ય છે – કલ્યાણકર છે – આનુગામિક છે. આવા મરણને પ્રાપ્ત કરનાર કર્મો ખપાવે છે) અંતક્રિયા કરનાર છે – તેમ હું કહું છું.

અધ્યયન–૮ 'વિમોક્ષ'ના ઉદ્દેશક–૭ 'પાદપોપગમન'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૮, ઉદ્દેશક–૮ "અનશન–મરણ"

સૂત્ર–૨૪૦

દીક્ષા ગ્રહણ આદિના અનુક્રમથી મોહરહિત ભક્તપરિજ્ઞાદિ મરણને પ્રાપ્ત કરી ધીર, સંયમી અને મતિમાન મુનિ સર્વ કૃત્ય–અકૃત્યને જાણી અદ્વિતીય એવી સમાધિનું પાલન કરે.

સૂત્ર–૨૪૧

શ્રુત–ચારિત્રરૂપ ધર્મના પારગામી, તત્ત્વના જ્ઞાતા મુનિઓ બાહ્ય અને અભ્યંતર તપને જાણી, અનુક્રમે શરીર ત્યાગનો અવસર જાણી, સંલેખના સ્વીકારી શરીરના પોષણરૂપ આરંભને છોડી દે છે.

સૂત્ર–૨૪૨

સંલેખના ધારક મુનિ કષાયોને પાતળા કરી, અલ્પાહારી બની ક્ષમાશીલ રહે. અલ્પાહારને કારણે જો ગ્લાન થઈ જાય તો આહારનો સર્વથા ત્યાગ કરી, અનશન સ્વીકારે.

સૂત્ર–૨૪૩

સંલેખના સ્થિત મુનિ જીવવાની અભિલાષા ન કરે. કષ્ટથી ભયભીત બની મરણની પ્રાર્થના ન કરે. જીવન કે મરણ બેમાંથી એકેમાં આસક્ત ન થાય.

સૂત્ર–૨૪૪

તે મધ્યસ્થભાવમાં સ્થિત અને નિર્જરાનો અભિલાષી મુનિ સમાધિનું પાલન કરે. અભ્યંતર અને બાહ્ય

ઉપધિનો ત્યાગ કરી પોતાના અંતકરણને વિકાર રહિત બનાવી આત્મચિંતન કરે.

**સૂત્ર–૨૪૫**

સંલેખના કરી રહેલ મુનિને કદાચિત પોતાના આયુષ્યનો અંત લાવવાનું કોઈ કારણ જણાય તો બુદ્ધિમાન સાધુ સંલેખનાના મધ્યમાં જ જલદી ભક્તપરિજ્ઞા–આદિ કોઈપણ પંડિત મરણને સ્વીકારે.

**સૂત્ર–૨૪૬**

ભક્તપરિજ્ઞા આદિ મરણ સ્વીકારનાર મુનિ ગામ કે નિર્જન ભૂમિમાં જઈને સ્થંડિલ ભૂમિની પડિલેહણા કરે, તેને જીવ–જંતુ રહિત જાણીને ઘાસનો સંથારો બિછાવે.

**સૂત્ર–૨૪૭**

તે સાધુ ત્રિવિધ કે ચતુર્વિધ આહારનો ત્યાગ કરી, તે ઘાસના સંથારા પર સૂઈ જાય. આવનાર પરીષહ–ઉપસર્ગને સહન કરે. મનુષ્યકૃત્ ઉપસર્ગોમાં પણ મર્યાદા ન ઓળંગે.

**સૂત્ર–૨૪૮**

જમીન પર ચાલતા કીડી આદિ ફરતા જંતુઓ, આકાશમાં ગીધ આદિ ઊડતા પક્ષીઓ કે બિલમાં રહેનારા પ્રાણી તે સંથારા આરાધકનું માંસ ખાય કે લોહી પીવે તો પણ તે મુનિ તેમની હિંસા ન કરે કે તેને દૂર ન કરે.

**સૂત્ર–૨૪૯**

તે આરાધક મુનિ વિચારે કે આ પ્રાણીઓ મારા દેહની જ હિંસા કરે છે, જ્ઞાનાદિ ગુણોની નહીં. તે સ્થાનથી બીજે ક્યાંય ન જાય. આસ્રવોથી દૂર રહી તૃપ્તિ અનુભવતો તે પરિષહ આદિ વેદનાને સહન કરે.

**સૂત્ર–૨૫૦**

તે બાહ્ય અભ્યંતર ગ્રંથિઓને છોડી આયુષ્ય કાળનો પારગામી બને. અહીં સુધી ભક્તપરિજ્ઞાનું કથન કર્યું. હવે 'ઇંગિત અર્થાત્ ચેષ્ટા' મરણ કહે છે – આ ઇંગિતમરણ ગીતાર્થ સંયમી સાધકે ગ્રહણ કરવા યોગ્ય છે.

**સૂત્ર–૨૫૧**

જ્ઞાતપુત્ર મહાવીરે ઇંગિતમરણમાં વિશિષ્ટતા બતાવી છે. આત્મ વ્યાપાર સિવાય અર્થાત્ ઉઠવા–બેસવા આદિ ક્રિયાઓમાં પોતાના સિવાય બીજા પાસે મન–વચન–કાયાથી કરવું–કરાવવું–અનુમોદવું રૂપ વૈયાવૃત્ય ન કરાવે.

**સૂત્ર–૨૫૨**

તે મુનિ લીલોતરી પર ન સૂવે, લીલોતરી તેમજ જીવ–જંતુ રહિત શુદ્ધ ભૂમિ જાણીને સૂવે. તે આહારનો ત્યાગી ભિક્ષુ બાહ્ય તેમજ અભ્યંતર ઉપધીરૂપ પરિગ્રહનો ત્યાગ કરી અને તે ભિક્ષુ ભૂખ–તરસ આદિ પરિગ્રહો અને ઉપસર્ગોને સહન કરે.

**સૂત્ર–૨૫૩**

નિરાહાર રહેવાથી ઇન્દ્રિયો શિથિલ બને તો પણ સમભાવમાં રહે. તે હલનચલન આદિ ક્રિયાઓ કરે યતના પૂર્વક કરે. તે સમાધિભાવમાં મનને જોડેલું રાખે. પરીમીત–ભૂમિમાં શરીર ચેષ્ટા કરે તે નીંદનીય નથી,

**સૂત્ર–૨૫૪**

ઇંગિતમરણરૂપ અનશનમાં સ્થિત મુનિ શરીરની સુવિધા માટે નિયતભૂમિમાં જઈ અને પાછો ફરી શકે છે. પોતાના અંગોપાંગને સંકોચી કે પસારી શકે અથવા જો શરીરમાં શક્તિ હોય તો નિશ્ચેષ્ટ થઈને પણ રહે.

**સૂત્ર–૨૫૫**

અનશનમાં રહેલ આ મુનિ સૂતા કે બેઠા થાકી જાય તો નિયત પ્રદેશમાં ચાલે, ચાલતા થાકી જાય તો સીધા ઊભા રહે કે સીધા સૂઈ જાય. ઊભા ઊભા થાકી જાય તો અંતે બેસી જાય.

સૂત્ર–૨૫૬

આવા અનુપમ મરણને સ્વીકારી મુનિ પોતાની ઇન્દ્રિયોને વિષયોથી નિવૃત્ત કરી સંયમમાં સ્થિર કરે. ટેકો લેવા માટે જો પાટિયું રાખેલ હોય, તેમાં જીવજંતુ હોય તો તેને બદલીને નિર્દોષ પાટિયાની ગવેષણા કરે.

સૂત્ર–૨૫૭

જે વસ્તુના અવલંબનથી પાપની ઉત્પત્તિ થાય તેનું અવલંબન ન લે, પોતાના આત્માને પાપમય વ્યાપારથી દૂર કરે અને આવતા પરીષહ–ઉપસર્ગોને સમભાવપૂર્વક સહન કરે.

સૂત્ર–૨૫૮

આ પાદપોપગમન નામક અનશન પૂર્વોક્ત ભક્તપરિજ્ઞા અને ઇંગિતમરણની અપેક્ષાએ વિશિષ્ટતર છે જે તેનું વિધિ સહ પાલન કરે છે, તે શરીરમાં તીવ્ર વેદના થવા છતાં પણ તે સ્થાનથી દૂર જતા નથી.

સૂત્ર–૨૫૯

આ પાદપોપગમન અનશન ઉત્તમ ધર્મ છે કેમ કે પુર્વોક્ત ભક્તપરિજ્ઞા અને ઇંગિતમરણ બંને મરણ કરતા અધિક પ્રયત્નથી ગ્રાહ્ય છે. મુનિ નિર્દોષ ભૂમિને જોઈને પાદપોપગમનની વિધિનું પાલન કરે અને કોઈપણ અવસ્થામાં સ્થાનાંતર ન કરે.

સૂત્ર–૨૬૦

નિર્જીવ સ્થાન અને પાટિયા આદિને પ્રાપ્ત કરી તેના પર મુનિ સ્થિત થાય. શરીર મમત્વનો સર્વથા ત્યાગ કરે અને પરિષહ આવે ત્યારે વિચારે કે આ શરીર મારૂ નથી તો મને પરીષહ–આદિ જનિત દુખ થાય જ કઈ રીતે?

સૂત્ર–૨૬૧

આ શરીર અને જીવન છે ત્યાં સુધી પરીષહ અને ઉપસર્ગો આવવાના જ છે, એમ જાણી, શરીરને સંકોચીને રહેનાર બુદ્ધિવાન ભિક્ષુ શરીર ભેદ પર્યન્ત અર્થાત્ છેલ્લા શ્વાસ સુધી તેને સમભાવે સહન કરે.

સૂત્ર–૨૬૨

શબ્દ–આદિ સર્વકામભોગોને નાશવંત જાણી તે ગમે તેટલા પ્રમાણમાં પ્રાપ્ત થાય તો પણ મુનિ તેમાં રાગ ન કરે. શાશ્વત મોક્ષને સમ્યક પ્રકારે વિચારીને તે મુનિ કોઈ પ્રકારે ઇચ્છા અર્થાત્ નિદાન ન કરે.

સૂત્ર–૨૬૩

આવા મુનિને કોઈ શાશ્વત વૈભવ માટે નિમંત્રણ કરે કે દિવ્ય માયા કરે, તો પણ તેના પર શ્રદ્ધા ન કરે. તે મુનિ સમસ્ત માયાને કર્મબંધનું કારણ જાણી તે માયાને દૂર કરે અને સત્ય સમજી સમાધિભાવમાં સ્થિર રહે.

સૂત્ર–૨૬૪

મુનિ શબ્દ–આદિ પાંચ પ્રકારના કામ–ગુણોમાં આસક્તિ ન રાખે, જીવનપર્યંત તેનાથી નિવૃત્ત રહે. સહિષ્ણુતાને સર્વોત્તમ સમજી, ઉક્ત હિતકારી ત્રણે પંડિત મરણમાંથી કોઈ એકને હિતકર જાણી સ્વીકાર કરે. તેમ ભગવંતે કહ્યું તે હું તમને કહું છું.

અધ્યયન–૮ 'વિમોક્ષ'ના ઉદ્દેશક–૮ 'અનશન–મરણ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## આચારાંગ સૂત્ર–શ્રુતસ્કંધ–૧ના અધ્યયન–૮નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

----------0---------0---------0---------0---------0---------

# શ્રુતસ્કન્ધ–૧

## અધ્યયન–૯ ઉપધાન શ્રુત

### અધ્યયન–૯, ઉદ્દેશક–૧ "ચર્યા"

**સૂત્ર–૨૬૫**

જે રીતે શ્રમણ ભગવન્ મહાવીર કર્મક્ષય માટે તૈયાર થયા. વસ્તુ સ્વરૂપને જાણી હેમંતઋતુમાં દીક્ષા લઈ તત્કાળ વિહાર કર્યો; એ સર્વ વૃત્તાંત મેં જેવું સાંભળેલ છે, તે તમને કહીશ.

**સૂત્ર–૨૬૬**

સર્વ પ્રકારે વસ્ત્ર–અલંકાર આદિ ઉપધિને છોડીને નીકળેલા ભગવંતના ખભે ઈન્દ્રે દેવદૂષ્ય– વસ્ત્ર મૂક્યું, પણ ભગવંતે એવું ન વિચાર્યું કે, હું હેમંતઋતુમાં આ વસ્ત્રથી શરીરને ઢાંકીશ. કેમ કે ભગવંત જીવનપર્યંત પરીષહોને સહન કરનારા હતા. તેમનું વસ્ત્ર ધારણ કરવું તે તેમની અનુધર્મિતા અર્થાત્ પૂર્વવર્તી તીર્થંકરો દ્વારા આચરેલ હતુ.

**સૂત્ર–૨૬૭**

દીક્ષા અવસરે ભગવંતને શરીરે લગાડાયેલ સુગંધી દ્રવ્યોને કારણે ભ્રમર આદિ આવીને તેમના શરીર પર ચઢી જતાં, ફરતા અને ડંખ મારતા હતા. આ ક્રમ ચાર માસ કરતા વધુ સમય ચાલ્યો.

**સૂત્ર–૨૬૮**

એક વર્ષ અને સાધિક એક માસ ભગવંતે વસ્ત્રનો ત્યાગ ન કર્યો. પછી વસ્ત્ર છોડીને તે અણગાર સર્વથા અચેલક થઈ ગયા.

**સૂત્ર–૨૬૯**

ભગવંત પૌરુષી અર્થાત્ પોતાના શરીર પ્રમાણથી ગાડાના ધુંસરી પ્રમાણ માર્ગને ઉપયોગપૂર્વક જોતા ચાલતા હતા. આ રીતે તેમને ગમન કરતા જોઈને ભયભીત બનેલા બાળકો મારો મારો કહી કોલાહલ કરતા હતા.

**સૂત્ર–૨૭૦**

ગૃહસ્થના સંસર્ગવાળા સ્થાનમાં રહેતા ત્યારે કામવિહ્વળ સ્ત્રીઓ ભોગની પ્રાર્થના કરતી. પણ ભગવંત તેને કલ્યાણમાર્ગમાં વિઘ્ન કરનાર જાણી, કામ–ભોગ સેવન ન કરતા. આત્મામાં લીન બની ધ્યાન કરતા હતા.

**સૂત્ર–૨૭૧**

ભગવંત ગૃહસ્થયુક્ત સ્થાને જાય તો તેઓનો સંપર્ક છોડીને ધ્યાનમાં જ લીન રહેતા હતા. કોઈ ગૃહસ્થ કંઈ પૂછે તો પણ ઉત્તર ન આપતા. પોતાના માર્ગે ચાલતા. એ રીતે સરળ ચિત્તવાળા ભગવંત મોક્ષમાર્ગ ન ઉલ્લંઘતા.

**સૂત્ર–૨૭૨**

ભગવંત અભિવાદન કરનારને આશીર્વચન કહેતા ન હતા અને પુણ્યહીન લોકો દંડથી મારે કે વાળ ખેંચે તો તેમને શાપ આપતા ન હતા, પણ મૌન ધારણ કરીને રહેતા હતા.

**સૂત્ર–૨૭૩**

ભગવંત દુઃસહ કઠોર શબ્દાદિની પરવા ન કરતા સંયમમાં પરાક્રમ કરતા હતા. તેમને કથા, નૃત્ય, ગીત, દંડયુદ્ધ, મુષ્ટિયુદ્ધ આદિમાં કંઈ આશ્ચર્ય કે કુતૂહલ થતું ન હતું.

**સૂત્ર–૨૭૪**

કોઈ વખતે પરસ્પર કામાદિ કથાઓમાં લીન લોકોને જોઈને જ્ઞાતપુત્ર મહાવીર હર્ષ કે શોક ન કરતા મધ્યસ્થ ભાવમાં રહેતા. અનુકૂળ–પ્રતિકૂળ ભયંકર પરીષહ–ઉપસર્ગ આવે તો પણ તેનું સ્મરણ ન કરી સંયમમાં વિચરતા.

સૂત્ર–૨૭૫

દીક્ષા પૂર્વે બે વર્ષથી કાંઈક વધુ સમય ભગવંતે સચિત્ત જળનો ઉપભોગ ન કર્યો. ગૃહસ્થાવસ્થામાં પણ એકત્વ ભાવનાનું ચિંતન કરતા હતા. ક્રોધાદિ કષાયને શાંત કરી, સમ્યક્ત્વ ભાવનાથી ભાવિત થઈ રહેતા હતા. તેમના ઇન્દ્રિય અને મન શાંત હતા.

સૂત્ર–૨૭૬

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, લીલ–ફુગ, બીજ–હરિતકાય તથા અન્ય વનસ્પતિકાય અને ત્રસકાયને સર્વ પ્રકારે જાણીને–

સૂત્ર–૨૭૭

આ સર્વેમાં જીવ છે તે જોઈને, ચેતના છે તે જાણીને તેની હિંસાનો ત્યાગ કરીને ભગવંત વિચરવા લાગ્યા.

સૂત્ર–૨૭૮

સ્થાવર જીવ ત્રસરૂપે અને ત્રસજીવ સ્થાવર રૂપે ઉત્પન્ન થાય છે. અથવા સંસારી જીવ સર્વે યોનિમાં ઉત્પન્ન થઈ શકે. અજ્ઞાની જીવ પોત–પોતાના કર્માનુસાર પૃથક્ પૃથક્ યોનિઓને ધારણ કરે છે.

સૂત્ર–૨૭૯

ભગવંતે વિચારપૂર્વક જાણ્યું કે– દ્રવ્ય અને ભાવ ઉપધિ વડે જીવો કર્મોથી લેપાઈને દુઃખ પામે છે. તેથી કર્મના રહસ્યને સારી રીતે જાણીને કર્મના કારણરૂપ પાપનો ત્યાગ કર્યો હતો.

સૂત્ર–૨૮૦

જ્ઞાની અને મેધાવી ભગવંતે ઇન્દ્રિય આશ્રવ, હિંસાદિ આશ્રવ અને યોગઆશ્રવ જાણી, સારી રીતે વિચારીને ઈર્યાપથિક અને સાંપરાયિક બે પ્રકારના કર્મોને સારી રીતે જાણીને તેનાથી મુક્ત થવા માટે અનુપમ સંયામાનુષ્ઠાનનું પ્રતિપાદન કર્યું છે.

સૂત્ર–૨૮૧

ભગવંતે સ્વયં નિર્દોષ અહિંસાનો આશ્રય લઈ બીજાને પણ હિંસા ન કરવા સમજાવ્યું. જેણે સ્ત્રીઓને સમસ્ત કર્મોનું મૂળ જાણી છોડી દીધી તે જ સાચા પરમાર્થદર્શી છે. ભગવંતે એવું જ કર્યું.

સૂત્ર–૨૮૨

આધાકર્મી અર્થાત્ સાધુ–સાધ્વી નિમિત્તે બનેલ આહારને કર્મબંધનું કારણ જાણી ભગવંત તેનું સેવન કરતા ન હતા. તે સંબંધી કોઈપણ પાપકર્મનું આચરણ ન કરતા ભગવંત પ્રાસુક–નિર્દોષ આહાર જ ગ્રહણ કરતા હતા.

સૂત્ર–૨૮૩

ભગવંત બીજાના વસ્ત્રો વાપરતા ન હતા અને બીજાના પાત્રમાં ભોજન કરતા ન હતા કેમ કે અચેલક અને કરપાત્રી હતા. તેઓ અપમાનનો વિચાર કર્યા વિના દૈન્યરહિત થઈ ભોજનસ્થાનમાં ભિક્ષાર્થે જતા.

સૂત્ર–૨૮૪

ભગવંત અશન–પાનના પરિમાણને જાણતા હતા. રસલોલૂપ ન હતા. તે માટે પ્રતિજ્ઞા પણ ન કરતા. આંખમાં રજ પડે તો પ્રમાર્જના ન કરતા. ચળ આવે તો શરીર ખંજવાળતા નહીં.

સૂત્ર–૨૮૫

ભગવંત ચાલતી વખતે જમણે, ડાબે, તીરછુ કે પીઠ પાછળ જોતા ન હતા. કોઈ બોલાવે તો બોલતા નહીં, જયણાપૂર્વક માર્ગને જોતા ચાલતા.

સૂત્ર–૨૮૬

દેવદૂષ્ય–વસ્ત્ર છોડ્યા પછી શિશિર ઋતુમાં રસ્તે ચાલતા ભગવંત બંને બાહુ ફેલાવીને ચાલતા હતા. સહિત

થી વ્યાકુળ થઈ હાથ સંકોચીને અથવા ખભા પર રાખી ચાલતા ન હતા.

સૂત્ર–૨૮૭

મતિમાન માહણ ભગવંત મહાવીરે કોઈપણ આકાંક્ષા ન કરતા પૂર્ણ નિષ્કામભાવે આ વિધિનું અનુસરણ કરે છે. મુમુક્ષુઓએ પણ આ વિધિનું અનુસરણ કરવું જોઈએ. તેમ હું કહું છું.

**અધ્યયન–૯ 'ઉપધાનશ્રુત'ના ઉદ્દેશક–૧ 'ચર્યા'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## અધ્યયન–૯, ઉદ્દેશક–૨ "શય્યા"

સૂત્ર–૨૮૮

હે ભંતે! ચર્યાની સાથે આપે એક વખત આસન અને શયન બતાવેલા. આપ મને તે શયન–આસન વિશે કહો જેનું સેવન ભગવંત મહાવીરે કરેલું.

સૂત્ર–૨૮૯

ભગવંત ક્યારેક ખાલી ઘરોમાં, ધર્મશાળામાં કે પાણીની પરબોમાં, તો ક્યારેક દુકાનોમાં, લુહારની કોઢમાં કે ઘાસના બનાવેલા મંચોની નીચે રહેતા હતા તથા)...

સૂત્ર–૨૯૦

વળી ભગવંત ક્યારેક યાત્રીગૃહમાં, આરામગૃહમાં કે નગરમાં તો ક્યારેક સ્મશાનમાં, ખંડેરમાં કે વૃક્ષની નીચે રહેતા હતા.

સૂત્ર–૨૯૧

આ રીતે ભગવંત ઉક્ત શય્યા–સ્થાનોમાં તેર વર્ષથી કંઈક ઓછો સમય રહ્યા. મનને સ્થિર કરી, રાત–દિવસ અપ્રમત્ત બનીને સમાહિતપણે ધ્યાનમાં લીન રહ્યા.

સૂત્ર–૨૯૨

ભગવંતે દિક્ષા લીધા પછી બહુ નિદ્રા લીધી ન હતી. પોતાના આત્માને જાગૃત રાખતા 'હવે હું સૂઈ જાઉં' એ ભાવથી ભગવંત ક્યારેય ન સૂતા.

સૂત્ર–૨૯૩

ભગવંત નિદ્રા આવવા લાગે તો ઊભા થઈ જતા અને રાત્રે બહાર નીકળી મુહૂર્ત્ત પર્યન્ત ફરી નિદ્રા ઉડાડી પાછા ધ્યાનસ્થ થતા.

સૂત્ર–૨૯૪

શૂન્યગૃહ આદિ વસતિમાં ભગવંતને અનેક પ્રકારે ભયંકર ઉપસર્ગો થતા હતા. સાપ આદિ પ્રાણી અને ગીધ આદિ પક્ષી પીડા આપતા.

સૂત્ર–૨૯૫

અથવા ચોર કે લંપટ તેમને કષ્ટો આપતા કે હાથમાં શસ્ત્ર લઈ ફરતા ગ્રામરક્ષકો પીડા પહોંચાડતા. ક્યારેક કામાસક્ત સ્ત્રી કે પુરૂષો તેમને ઉપસર્ગ કરતા હતા.

સૂત્ર–૨૯૬

ભગવંતે આ લોક અને પરલોક સંબંધી અનેક પ્રકારના ભયંકર ઉપસર્ગો સહન કર્યા. અનેક પ્રકારની સુગંધ–દુર્ગંધ તથા પ્રિય–અપ્રિય શબ્દોમાં ભગવંત હર્ષ–શોકથી રહિત મધ્યસ્થ ભાવે રહેતા હતા.

સૂત્ર–૨૯૭

ભગવંતે સદા સમિતિયુક્ત બનીને અનેક પ્રકારના કષ્ટોને સમભાવે સહન કર્યા. વિષાદ અને હર્ષને અર્થાત્

રતિ–અરતિને દૂર કરી ભગવંત બહુ બોલતા ન હતા એટલે કે ઘણું કરીને મૌન રહેતા હતા.

સૂત્ર–૨૯૮

ભગવંત જ્યારે નિર્જન સ્થાનમાં સ્થિત હોય ત્યારે એકલા વિચરનાર ચોર, લંપટાદિ ભગવંતને પૂછતા કે, તું કોણ છે ? અહીં શા માટે ઊભો છે ? ભગવંત કંઈ ઉત્તર ન આપે ત્યારે ક્રોધિત થઈ ભગવંતને પીટતા હતા. તો પણ ભગવંત પ્રતીકાર ન કરતા, સમાધિમાં લીન રહેતા.

સૂત્ર–૨૯૯

ભગવંત અંતર–આવાસમાં રહેલા હોય અને કોઈ પૂછે કે અંદર કોણ છે ? ભગવંત કહેતા હું ભિક્ષુ છું. પૂછનાર ક્રોધિત થઈ કહે કે, જલદી અહીંથી ચાલ્યો જા. ત્યારે ભગવંત ચાલ્યા જતા. અથવા માર–પીટ કરે તો ભગવંત આ ઉત્તમ ધર્મ છે એમ સમજી મૌન રહેતા અને ધ્યાનમાં લીન રહેતા.

સૂત્ર–૩૦૦

જ્યારે શિશિર ઋતુમાં ઠંડો પવન ફૂંકાતો અને બધા પ્રાણીઓ ધ્રૂજતા ત્યારે બીજા સાધુઓ પવનહીન બંધ સ્થાન શોધતા.

સૂત્ર–૩૦૧

હિમજન્ય શીત સ્પર્શ અતિ દુઃખદાયી છે એમ વિચારી કોઈ સાધુ વિચારતા કે કપડા–કામળીમાં ઘૂસી જઈએ કે કાષ્ઠ જલાવીએ કે કામળી ઓઢી લઈએ. ઈત્યાદિ.

સૂત્ર–૩૦૨

આ રીતે ઠંડી સહન કરવી અસહ્ય જણાતી ત્યારે ભગવંત ઈચ્છારહિત થઈ કોઈ વૃક્ષાદિ નીચે ખુલ્લા સ્થાનમાં રહી, કાયોત્સર્ગ કરતા અને ઠંડીને સમભાવે સહન કરીને પાછા અંદર આવી ધ્યાનમાં લીન બની જતા.

સૂત્ર–૩૦૩

મતિમાન્ માહણ અપ્રતિજ્ઞ, કાશ્યપ, મહર્ષિ ભગવંત) મહાવીરે આ ઉક્ત) વિધિનું આચરણ કર્યું. બીજા મુમુક્ષુ સાધકો પણ આ વિધિનું પાલન કરે. તેમ હું કહું છું.

અધ્યયન–૯ 'ઉપધાનશ્રુત'ના ઉદ્દેશક–૨ 'શય્યા'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૯, ઉદ્દેશક–૩ "પરીષહ"

સૂત્ર–૩૦૪

ભગવંત મહાવીરે સદા સમભાવમાં રહી તૃણ–શીત–ઉષ્ણ સ્પર્શો ડાંસ મચ્છરોના ડંશો તથા વિવિધ પ્રકારના સ્પર્શ અર્થાત્ દુઃખોને સહ્યા.

સૂત્ર–૩૦૫

ભગવંત દુર્ગમ્ય લાઢ દેશની વજ્ર ભૂમિ અને શુભ્રભૂમિમાં વિચર્યા. ત્યાં તેમણે ઘણા તુચ્છ સ્થાનો અને કઠિન આસનો સેવ્યા.

સૂત્ર–૩૦૬

લાઢ દેશમાં ભગવંતે ઘણા ઉપસર્ગો સહ્યા. ત્યાં આહાર લૂખો–સૂકો મળતો, ત્યાંના નિવાસી અનાર્યો ભગવંતને મારતા અને ત્યાંના કૂતરા ભગવંત ઉપર તૂટી પડતા અને કરડતા.

સૂત્ર–૩૦૭

ભગવંતને કરડતા કૂતરાને તે અનાર્ય દેશમાં કોઈક જ રોકતું. મોટા ભાગે તો લોકો કૂતરાને છૂ–છૂ કરીને તે કુતરાઓને ભગવંતને કરડવા પ્રેરીત કરતા હતા.

સૂત્ર–૩૦૮

તે વજ્રભૂમિમાં આવા સ્વભાવવાળા ઘણા લોકો હતા, ત્યાં ભગવંતે અનેકવાર વિચરણ કર્યું. ત્યાંના લોકો રુક્ષ ભોજી અને સ્વભાવથી ક્રોધી હતા. ત્યાં શાક્યાદિ શ્રમણ શરીર પ્રમાણ કે શરીરથી ચાર આંગળ લાંબી લાકડી લઈને વિચરતા હતા.

સૂત્ર–૩૦૯

આ રીતે લાકડી લઈને વિહાર કરવા છતાં તે અન્યતીર્થિક સાધુઓને કૂતરા કરડી ખાતા અને ક્યારેક ચામડી ઉતરડી નાંખતા હતા તેથી તે લાઢ દેશમાં વિચરવું મુશ્કેલ હતું.

સૂત્ર–૩૧૦

અણગાર ભગવંત મહાવીર પ્રાણીઓની હિંસાનો ત્યાગ કરી, પોતાના શરીરની મમતાને છોડી, પરીષહોને સમભાવથી સહી, કર્મ નિર્જરાનું કારણ જાણી, અનાર્યજનોના કઠોર શબ્દો તથા અન્ય પરિષહો સમભાવે સહ્યા.

સૂત્ર–૩૧૧

જે રીતે સંગ્રામમાં અગ્રભાગે રહી ઉત્તમ હાથી યુદ્ધમાં જય પામે છે, તે રીતે ભગવંત મહાવીર ઉપસર્ગો અને પરિષહો ઉપર જય પામતા. ક્યારેક લાઢ દેશમાં ભગવંતને રહેવા માટે લાંબા અંતર સુધી ગામ પણ મળતું નહીં.

સૂત્ર–૩૧૨

નિયત નિવાસાદિનો સંકલ્પ ન કરેલ ભગવંત ભોજન કે સ્થાન ગવેષણાના વિચારથી ગામ નજીક પહોંચે ન પહોંચે ત્યાં કેટલાક અનાર્યો ગામ બહાર નીકળી સામે જઈ ભગવંતને મારવા લાગતા, કહેતા–અહીંથી ચાલ્યા જાઓ.

સૂત્ર–૩૧૩

તે લાઢ દેશમાં ભગવંતને કોઈ દંડાથી કે મુટ્ઠીથી કે ભાલા આદિની અણીથી, તો કોઈ ઇંટ–પથ્થર કે ઠીકરાથી મારતા હતા. તે અનાર્ય લોકો માર મારી કોલાહલ કરતા હતા.

સૂત્ર–૩૧૪

ક્યારેક તે અનાર્ય લોકો ભગવંતનું માંસ કાપી લેતા, ક્યારેક ભગવંતને અનેક પ્રકારના કષ્ટ આપતા હતા. ક્યારેક ધૂળ ફેંકતા.

સૂત્ર–૩૧૫

ક્યારેક અનાર્ય લોકો ભગવંતને ઊંચે ઉપાડી નીચે નાખતા. આસન ઉપરથી પાડી દેતા. પરંતુ શરીરની મમતાના ત્યાગી ભગવંત કોઈ પ્રતીકારની ભાવના ન રાખી તે દુઃખોને સહેતા હતા.

સૂત્ર–૩૧૬

જેમ કવચયુક્ત યોદ્ધો સંગ્રામના અગ્રભાગે રહીને શસ્ત્રો વડે વિદ્ધ થતા વિચલિત થતો નથી, તેમ સંવર કવચ પહેરેલ ભગવંત પરીષહોને સહેતા જરા પણ વિચલિત થતા ન હતા.

સૂત્ર–૩૧૭

મતિમાન્ માહણ ભગવંત મહાવીરે ઇચ્છારહિત થઈ ઉક્ત વિધિનું આચરણ કર્યું છે. અન્ય મુમુક્ષુ પણ આવું જ આચરણ કરે.

અધ્યયન–૯ 'ઉપધાનશ્રુત'ના ઉદ્દેશક–૩ 'પરીષહ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૯, ઉદ્દેશક–૪ "આતંકિત"

સૂત્ર–૩૧૮

ભગવંત મહાવીર રોગ ન હોય ત્યારે પણ ઉણોદરી અર્થાત્ અલ્પ–આહાર કરતા હતા. તેમને રોગ હોય કે ન

હોય તેઓ ચિકિત્સાની ઈચ્છા ન રાખતા.

સૂત્ર–૩૧૯

દેહાધ્યાસથી રહિત ભગવંતે વિરેચન, વમન, તેલમર્દન, સ્નાન અને પગચંપી આદિ પરિકર્મ તથા દંત પ્રક્ષાલનનો ત્યાગ કર્યો હતો.

સૂત્ર–૩૨૦

ઈન્દ્રિયોના વિષયોથી વિરક્ત ભગવંત અલ્પભાષી થઈ વિચરતા હતા. ક્યારેક શિયાળામાં છાયામાં બેસી ધર્મધ્યાન કે શુક્લધ્યાન કરતા હતા.

સૂત્ર–૩૨૧

ભગવંત ઉનાળામાં તાપ સન્મુખ ઉત્કટ આસને બેસતા અને આતાપના લેતા હતા. શરીર નિર્વાહ માટે તેઓ લૂખા ભાત અને બોરનું ચૂર્ણ તથા અડદના બાકળાનો આહાર કરતા હતા.

સૂત્ર–૩૨૨

ભગવંતે ઉક્ત ત્રણે વસ્તુ આઠ માસ સુધી વાપરી હતી. ભગવંતે ક્યારેક પંદર દિવસ તો ક્યારેક મહિના સુધી પાણી પણ પીધું જ ન હતું અર્થાત્ નિર્જળ ઉપવાસ કર્યા હતા.

સૂત્ર–૩૨૩

ભગવંતે ક્યારેક બે માસથી અધિક સમય, ક્યારેક છ માસ સુધી આહાર–પાણીનો ત્યાગ કર્યો હતો. રાત–દિવસ ઈચ્છા–રહિત થઈ વિચર્યા હતા. પારણે ભગવંતે સદા નીરસ ભોજન કર્યું હતું.

સૂત્ર–૩૨૪

ભગવંત પોતાની સમાધિનો વિચાર કરી, નિષ્કામ ભાવથી ક્યારેક છઠ્ઠ, ક્યારેક અઠ્ઠમ, ક્યારેક ચાર કે પાંચ ઉપવાસ કરી પારણું કરતા હતા.

સૂત્ર–૩૨૫

હેય–ઉપાદેયને જાણીને ભગવંતે સ્વયં પાપ ન કર્યું, બીજા પાસે પણ ન કરાવ્યું અને પાપકર્મ કરનારને અનુમોદ્યા નહીં.

સૂત્ર–૩૨૬

ભગવંત ગામ કે નગરમાં જઈ બીજા માટે બનાવેલ આહારની ગવેષણા કરતા હતા અને સુવિશુદ્ધ આહાર ગ્રહણ કરી મન–વચન–કાયાને સંયત કરી, તે આહારનું સેવન કરતા હતા.

સૂત્ર–૩૨૭

ભિક્ષા લેવા જતા ભગવંત રસ્તામાં ભૂખ્યા કાગડા વગેરે કે બીજા રસલોલૂપ પક્ષીઓ જમીન ઉપર ભેગા થયેલા દેખાય તો– અથવા.....

સૂત્ર–૩૨૮

કોઈ બ્રાહ્મણ, શાક્યાદિ શ્રમણ, ભિખારી, અતિથી, ચાંડાલ, બિલાડી કે કૂતરાને માર્ગમાં બેઠેલા જોઈને અથવાબીજા કોઈ પ્રાણીને સામે ઉભેલા જોઇને....

સૂત્ર–૩૨૯

તેઓની તે કાગડા આદિ, બ્રાહ્મણ આદિની) આજીવિકામાં વિચ્છેદ ન થાય, તેમને અપ્રીતિ ન થાય તે રીતે, કોઈ પણ પ્રાણીની હિંસા નહી કરતા, ભગવંત ધીરે–ધીરે નીકળી; આહારની ગવેષણા કરતા હતા.

સૂત્ર–૩૩૦

ભિક્ષામાં પ્રાપ્ત થયેલ આહાર દૂધ–ઘીથી યુક્ત હોય કે રુક્ષ–સૂકો હોય, શીત હોય કે ઘણા દિવસના અડદ

હોય કે જૂનું ધાન્ય–જવ આદિ હોય; તે પણ મળે કે ન મળે ભગવંત સમભાવ ધારણ કરતા હતા.

**સૂત્ર–૩૩૧**

ભગવંત મહાવીર ઉકડુ આદિ આસનોમાં સ્થિત અને સ્થિર ચિત્ત થઈને ધ્યાન કરતા હતા. ઉર્ધ્વ–અધો–તિર્છાલોકમાં સ્થિત દ્રવ્યાદિનું ધ્યાન કરતા સમાધિમાં સ્થિત રહેતા.

**સૂત્ર–૩૩૨**

ભગવંત કષાયરહિત, આસક્તિરહિત થઈ, શબ્દ અને રૂપમાં અમૂર્છિત થઈ ધ્યાન કરતા. છદ્મસ્થ હોવા છતાં સંયમમાં પ્રબળ પુરૂષાર્થ કરતા ભગવંતે એક પણ વખત પ્રમાદનું સેવન કર્યું ન હતું.

**સૂત્ર–૩૩૩**

સ્વતઃ તત્ત્વોને સારી રીતે જાણીને ભગવંતે આત્મશુદ્ધિ દ્વારા સ્વયં જ મન–વચન–કાયાને સંયમિત કરી, માયાદિ કષાયોના વિજેતા બન્યા. તેઓ જીવનપર્યંત સમિતિયુક્ત રહ્યા.

**સૂત્ર–૩૩૪**

અપ્રતિજ્ઞ, મતિમાન, માહણ, ભગવંત મહાવીરે આ વિધિનું વારંવાર આચરણ કરેલું છે, બીજા મુમુક્ષુ પણ આ રીતે આચરણ કરે. તેમ હું તમને કહું છું.

**અધ્યયન–૯ 'ઉપધાનશ્રુત'ના ઉદ્દેશક–૪ 'આતંકિત'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## આચારાંગ સૂત્ર–શ્રુતસ્કંધ–૧ના અધ્યયન–૯નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## આચારાંગ સૂત્રના શ્રુતસ્કંધ-૧ "બ્રહ્મચર્ય"નો
## મુનિ દીપરત્નસાગર કૃત અનુવાદ પૂર્ણ

# શ્રુતસ્કન્ધ–૨ "આચારાગ્ર"

## શ્રુતસ્કન્ધ–૨ ચૂડા–૧

## ચૂડા–૧, અધ્યયન–૧/[૧૦] "પિંડૈષણા"

### ઉદ્દેશક–૧

**સૂત્ર–૩૩૫**

ભિક્ષા ગ્રહણ કરવાના ઉદ્દેશ્યથી કોઈ સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે અને તેઓ જાણે કે આ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ રસજ પ્રાણીઓ કે લીલ–ફૂગના જીવોના સંસર્ગવાળો છે, બીજ કે દુર્વાદિ લીલોતરીથી મિશ્રિત છે, સચિત્ત જલથી ભીના છે અથવા સચિત્ત રજયુક્ત છે, તો તેવા પ્રકારના અશન, પાન, ખાદિમ, સ્વાદિમને – જો કે તે આહાર ગૃહસ્થના હાથમાં હોય કે પાત્રમાં સ્થિત હોય તેને અપ્રાસુક અને અનેષણીય માની મળવા છતાં પણ ગ્રહણ ન કરે.

કદાચ અસાવધાનીથી એવો આહાર ગ્રહણ થઈ ગયો હોય તો તે આહારને લઈને એકાંતમાં જાય, જઈને ઉદ્યાન કે ઉપાશ્રયમાં જ્યાં ઇંડા, પ્રાણીઓ, બીજો, હરિતકાય, ઓસ, જલ, ઉત્તિંગ, પંચવર્ણી લીલ–ફૂગ, સચિત્ત જલવાળી માટી અને કરોળિયાના જાળા આદિથી રહિત ભૂમિમાં તે જીવોથી ભેળસેળવાળા આહાર આદિ પદાર્થોને અલગ અલગ કરી કરીને તે મિશ્રિત આહાર શોધી–શોધીને પછી જયણાપૂર્વક ખાય કે પીવે.

જો તે ખાવા–પીવા સમર્થ ન હોય તો એકાંત સ્થાને જઈને ત્યાં બળેલી ભૂમિ, હાડકાનો ઢગ, લોઢાના કચરામાં, ફોતરાનો ઢગ, છાણાનો ઢગલો કે તેવી જાતના કોઈ નિર્દોષ સ્થાનની વારંવાર પ્રતિલેખના કરી, વારંવાર પ્રમાર્જન કરી, યતનાપૂર્વક આહારને પરઠવે.

**સૂત્ર–૩૩૬**

તે સાધુ કે સાધ્વી ભિક્ષા માટે ગૃહસ્થના ઘેર પ્રવેશીને શાલિબીજ આદિ ઔષધિના વિષયમાં એમ જાણે કે આ પ્રતિપૂર્ણ છે, તેની યોનિ નષ્ટ થઈ નથી, તેના બે દળ કરેલ નથી, તેનું તિર્છુ છેદન થયું નથી, તે જીવરહિત છે એવી અણ છેદાયેલી તરૂણ વનસ્પતિ કે મગ વગેરેની શીંગો શસ્ત્ર પ્રહાર ન પામી હોય કે તોડીને કકડા કરેલ ન હોય, તેવી ફલીને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થાય તો પણ ગ્રહણ ન કરે.

તે સાધુ કે સાધ્વી – × - જો એમ જાણે કે તે ઔષધિ ખંડિત છે, તેના બે કે વધુ ટૂકડા થયા છે, તેનું તીરછુ છેદન થયું છે, તે અચિત્ત છે. તે ઔષધિ તથા શીંગોને અચિત્ત તેમજ ભાંગેલી જોઈને અને એષણીય જાણી પ્રાપ્ત થાય ત્યારે ગ્રહણ કરે.

**સૂત્ર–૩૩૭**

સાધુ–સાધ્વી યાવત્ જે ઔષધિ અનાજ)ના વિષયમાં એમ જાણે કે શાલિ આદિની પલંબ ધાણી–મમરા) ઘણા ફોતરાવાળી વસ્તુ કે અર્ધપક્વ કે ચૂર્ણ કે ચોખા–ચોખાના લોટ એકવાર આગમાં શેકાયેલો કે અર્ધ કાચો છે તો તેને અપ્રાસુક અને અનેષણીય માની મળે તો ન લે. પણ જો તેને બે–ત્રણ વખત શેકાયેલ અને પ્રાસુક તથા એષણીય જાણે તો ગ્રહણ કરે.

**સૂત્ર–૩૩૮**

સાધુ કે સાધ્વી આહાર પાણીની અભિલાષાથી ગૃહસ્થના ઘેર પ્રવેશવા ઇચ્છતા હોય ત્યારે અન્યતીર્થિકો કે ગૃહસ્થ સાથે પ્રવેશ ન કરે. ઉદ્યુક્ત વિહારી સાધુ, અપારિહારિક અર્થાત્ પાસત્થા, કુશીલ, સંસક્ત વગેરે સાથે ભિક્ષા માટે ગૃહસ્થના ઘેર પ્રવેશ ન કરે કે ન સાથે બહાર નીકળે. એ જ રીતે બહાર વિચારભૂમિ અર્થાત્ સ્થંડીલ જવાની જગ્યા કે વિહારભૂમિ અર્થાત્ સ્વાધ્યાયભૂમિમાં પ્રવેશતા કે નીકળતા અન્યતીર્થિક કે ગૃહસ્થ સાથે ન નીકળે કે ન

પ્રવેશ કરે. અથવા ઉદ્યુક્ત વિહારી સાધુ, અપારિહારિક અર્થાત્ પાસત્થા, કુશીલ, સંસક્ત વગેરે સાથે વિચારભૂમિ કે વિહારભૂમિમાં ન પ્રવેશે કે ન નીકળે. એ જ રીતે એક ગામથી બીજે ગામ ન જાય.

સૂત્ર–૩૩૯

તે સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘેર પ્રવેશીને અન્યતીર્થિક કે ગૃહસ્થને તથા ઉગ્રવિહારી સાધુ, શિથિલાચારીને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર ન પોતે આપે કે ન બીજા પાસે અપાવે.

સૂત્ર–૩૪૦

સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષાને માટે પ્રવેશીને જાણે કે આ અશનાદિ "આ સાધુ નિર્ધન છે" એમ વિચારીને કોઈ એક સાધર્મિક સાધુ માટે પ્રાણી–ભૂત–જીવ–સત્ત્વનો અર્થાત્ એકેન્દ્રિયાદિ જીવોનો આરંભ કરીને તૈયાર કર્યો છે, ઉદ્દિષ્ટ છે, ખરીદ્યો છે, ઉધાર લીધો છે, છીનવેલો છે, બધાં સ્વામીની અનુજ્ઞા વિના આપેલ છે, સામો લાવેલ છે; તો તેવા પ્રકારના અશનાદિ ચાહે તે ગૃહસ્થે બીજા પુરૂષને આધિન કરેલ હોય કે પોતે જ આપી રહ્યો હોય, ઘરથી બહાર લાવ્યો હોય કે અંદર હોય, દાતાએ તેને પોતાનો કરીને રાખેલ હોય કે ન રાખેલ હોય, દાતાએ તેનો પરિભોગ કર્યો હોય કે ન કર્યો હોય, તેનું સેવન કર્યું હોય કે ન કર્યું હોય પરંતુ તેને અપ્રાસુક અને અનેષણીય જાણી ગ્રહણ ન કરે.

આ પ્રમાણે ૨. ઘણા સાધર્મિક સાધુઓ માટે, ૩. એક સાધ્વી માટે, ૪. ઘણા સાધ્વીને ઉદ્દેશીને બનાવેલ હોય, એ પ્રમાણે ચાર આલાપક કહેવા જોઈએ.

સૂત્ર–૩૪૧

તે સાધુ–સાધ્વી યાવત્ જે આહારના વિષયમાં એમ જાણે કે આ અશનાદિ ઘણા જ શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ કે વનીપક માટે ગણી ગણીને તેમને ઉદ્દેશીને પ્રાણી આદિ જીવોનો સમારંભ કરીને બનાવેલ છે તેવો આહાર યાવત્ અપ્રાસુક અને અનેષણીય માનીને મળવા છતાં સાધુ તે ગ્રહણ ન કરે.

સૂત્ર–૩૪૨

સાધુ–સાધ્વી ગૃહસ્થના ઘેર પ્રવેશીને જાણે કે તે અશનાદિ ઘણા શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વનીપકને ઉદ્દેશીને યાવત્ બનાવેલ છે. તે અશનાદિ બીજા પુરૂષને સોંપેલ ન હોય, બહાર કાઢેલ ન હોય, નિશ્રામાં લીધેલ ન હોય, ભોગવેલ ન હોય, સેવેલ ન હોય; તો તેવું અપ્રાસુક અને અનેષણીય જાણી ગ્રહણ ન કરે. પણ એમ જાણે કે પુરૂષાંતરકૃત અર્થાત્ અન્ય પુરુષને સુપરત કરી દીધેલ છે, બહાર લાવેલ છે. દાતાએ સ્વીકારેલ છે, પોતે વાપર્યો છે, ભોગવ્યો છે સેવ્યો છે, તો તે આહારને પ્રાસુક અને એષણીય જાણી ગ્રહણ કરે.

સૂત્ર–૩૪૩

જે સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘેર આહારને માટે પ્રવેશ કરવાની ઇચ્છાવાળા હોય તે એમ જાણે કે – આ કુલો ઘરો)માં નિત્ય પીંડ અપાય છે, અગ્રપીંડ દેવાય છે, નિયત ભાગ દેવાય છે, અપાર્ધ ભાગ દેવાય છે, તે પ્રકારના કુળોમાં નિત્ય દાન અપાય છે – ઘણા ભિક્ષુઓ આવે છે; એવા કુળોમાં આહારપાણીને માટે પ્રવેશ કે નિર્ગમન ન કરે. આ ખરેખર સાધુ–સાધ્વીઓનો આચાર છે કે તે બધી વસ્તુઓમાં સમભાવી થઈ જ્ઞાનાદિની રક્ષા કરતા સંયમમાં યત્ન કરે – તેમ હું કહું છું.

ચૂલિકા–૧ અધ્યયન–૧ 'પિંડ–એષણા'ના ઉદ્દેશક–૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૧, ઉદ્દેશક–૨

સૂત્ર–૩૪૪

તે સાધુ કે સાધ્વી આહાર અર્થે ગૃહસ્થને ઘેર પ્રવેશીને અશનાદિના વિષયમાં એમ જાણે કે આઠમના પૌષધના સંબંધમાં, પાક્ષિક–માસિક–દ્વિમાસિક–ત્રિમાસિક–ચાતુર્માસિક–પંચમાસિક–છમાસિક ઉપવાસના

પારણાના સંબંધમાં, ઋતુ, ઋતુસંધી કે ઋતુ પરિવર્તનના ઉપલક્ષ્યમાં ચૂર્ણિકારના મતે નદી આદિના ઉપલક્ષ્યમાં) બનાવેલ છે અને અનેક શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વનીપકને એક વાસણમાંથી, બે કે ત્રણ વાસણમાંથી કાઢીને અપાય છે, કુંભીના મુખમાંથી કે ગોળીમાંથી સંચિત કરેલ ગોરસાદી પદાર્થો અપાય છે; તેવા પ્રકારના અશનાદિ પુરુષાંતરકૃત્ થયા નથી યાવત્ આસેવિત થયા નથી તો અપ્રાસુક, અનેષણીય જાણીને ગ્રહણ ન કરે.

જો પુરુષાંતરકૃત્ કે આસેવિત થયા જાણે તો પ્રાસુક જાણી લે.

સૂત્ર–૩૪૫

તે સાધુ કે સાધ્વી જાણે કે આ ઉગ્રકુલ, ભોગકુલ, રાજન્યકુળ, ક્ષત્રિયકુલ, ઇક્ષ્વાકુકુલ, હરિવંશકુળ, ગોપકુળ, વૈશ્યકુળ, ગંડકકુળ, કોટ્ટણકુલ, ગ્રામ રક્ષકકુલ, બુક્કસકુળ કે તેવા પ્રકારના બીજા અતિરસ્કૃત્ અનિંદિત કુળોમાં, જેના આચાર ઉત્તમ હોય તેવા કુળોમાં અશનાદિ આહારલેવા જાય, ત્યારે પ્રાસુક અને એષણીય જાણીને ગ્રહણ કરે.

સૂત્ર–૩૪૬

તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે અશનાદિ માટે અહીં ઘણા લોકો એકઠા થયેલ છે, પિતૃ ભોજન છે કે ઇન્દ્ર–સ્કંદ–રુદ્ર–મુકુંદ–ભૂત–યક્ષ–નાગ–સ્તૂપ–ચૈત્ય–વૃક્ષ–પર્વત–ગુફા–કૂવા–તળાવ–દ્રહ–નદી–સરોવર–સાગર–આગર કે તેવા અન્ય પ્રકારના વિવિધ મહોત્સવ થઈ રહ્યા છે તેમાં શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વનીપકોને એક વાસણ કે બે વાસણ આદિમાંથી કાઢીને ભોજન પીરસાઈ રહ્યું છે.

તે જોઈને તે અશનાદિ પુરુષાંતરકૃત્ નથી તેમ જાણીને યાવત્ ગ્રહણ ન કરે. પરંતુ જો એમ જાણે કે જેમને આપવાનું હતું તે અપાઈ ગયું છે હવે તેમને ભોજન કરતા જોઈને અને ગૃહસ્થ પત્ની–બહેન–પુત્ર–પુત્રી–પુત્રવધૂ–ધાત્રી–દાસ–દાસી–નોકર કે નોકરાણી તે આહારને ભોગવી રહ્યા છે તો તેમને કહે કે, હે આયુષ્મતી બહેન ! મને આ ભોજનમાંથી કંઈ આપશો ? સાધુ આમ કહે ત્યારે કોઈ અશનાદિ લાવીને આપે, તેવા અશનાદિ સાધુની યાચનાથી કે યાચના વિના આપે તો ગ્રહણ કરે.

સૂત્ર–૩૪૭

સાધુ કે સાધ્વી અડધા યોજન જેટલું દૂર સંખડી જમણવાર) છે તેમ જાણે તો સંખડી નિષ્પન્ન આહાર લેવા જવાનો વિચાર ન કરે.

સાધુ–સાધ્વી પૂર્વ દિશામાં સંખડી છે તેમ જાણીને તેનો અનાદર કરી પશ્ચિમમાં જાય, પશ્ચિમમાં સંખડી જાણે તો પૂર્વ દિશામાં જાય. દક્ષિણમાં સંખડી જાણી ઉત્તરમાં જાય, ઉત્તરમાં જાણે તો દક્ષિણમાં આહાર માટે જાય.

તે સંખડી જ્યાં હોય – જે ગામ, નગર, ખેટ, કર્બટ, મડંબ, પટ્ટણ, આગર, દ્રોણમુહ, નૈગમ, આશ્રમ, સંનિવેશ યાવત્ રાજધાનીમાં સંખડી જમણવાર) હોય; ત્યાં જવાનો વિચાર પણ ન કરે. કેવળી ભગવંતે કહ્યું છે કે, આ કર્મબંધનું કારણ છે. જો સાધુ સંખડીમાં જવાના વિચારથી જાય તો તેને આધાકર્મી, ઔદ્દેશિક, મિશ્રજાત, ક્રીતકૃત, પ્રામીત્ય, આચ્છેદ્ય, અનિસૃષ્ટ કે આહૃત આહાર સેવન કરવો પડે. કેમ કે–

ગૃહસ્થો ભિક્ષુની સંખડીમાં આવવાની શક્યતાથી નાનામાંથી મોટા કે મોટામાંથી નાના દ્વાર બનાવશે. વિષમ સ્થાનને સમ કે સમ સ્થાનને વિષમ બનાવશે. હવાવાળા સ્થાનને નિર્વાત કે નિર્વાતને વાયુવાળા કરશે. ઉપાશ્રયની અંદર અને બહાર વનસ્પતિને કાપી–કાપી, છેદી–છેદીને તે સ્થાનમાં સંસ્તારક બિછાવશે. એ પ્રમાણે સાધુને અનેક દોષ લાગશે.

તેથી સંયમી નિર્ગ્રન્થ આ પ્રકારની પૂર્વ કે પશ્ચાત્ સંખડીમાં જવાની ઇચ્છા ન કરે. આ સાધુ–સાધ્વીનો આચાર છે યાવત્ તેમ હું કહું છું.

ચૂલિકા–૧ અધ્યયન–૧ 'પિંડ–એષણા'ના ઉદ્દેશક–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૧, ઉદ્દેશક–૩

**સૂત્ર–૩૪૮**

કદાચિત્ સાધુ કોઈ સંખડી જમણવાર)માં જાય. ત્યાં અધિક ખાય કે પીવે. તેનાથી તે સાધુને દસ્ત કે વમન થાય, ભોજનનું બરાબર પરિણમન ન થાય અને વિશૂચિકા આદિ રોગ કે શૂલાદિ આતંક ઉત્પન્ન થાય. માટે કેવલી ભગવંતે જમણવારીમાં જવું તે કર્મના આશ્રવનું કારણ કહ્યું છે.

**સૂત્ર–૩૪૯**

સંખડીમાં જવાથી ગૃહસ્થ કે ગૃહસ્થ પત્ની, પરિવ્રાજક કે પરિવ્રાજિકા સાથે એક સ્થાને ભેગા થઈ નશીલા પીણા પીને, તે બહાર નીકળી ઉપાશ્રય શોધશે. ઉપાશ્રય ન મળતા તે ગૃહસ્થાદિ સાથે જ હળીમળીને રહી જશે. તેઓ અન્યમનસ્ક થઈ મત્ત બની પોતાને ભૂલી જશે. સાધુ પણ પોતાને ભૂલીને સ્ત્રી કે નપુંસક પર આસક્ત થઈ જશે. અથવા સ્ત્રી કે નપુંસક આસક્ત થઈને કહે છે કે, હે શ્રમણ ! આપણે બગીચા કે ઉપાશ્રયમાં રાત્રે કે સંધ્યાકાળે એકાંતમાં ભોગ ભોગવીશું. તે એકલો સાધુ તેમની ભોગ પ્રાર્થના સ્વીકારી પણ લે. આ બધું અકરણીય છે, તે જાણીને સંખડીમાં ન જાય. ત્યાં જવાથી કર્મબંધ થાય છે. તેથી સંયત નિર્ગ્રન્થ તેવી પૂર્વ કે પશ્ચાત્ સંખડીમાં જવાનું ન વિચારે.

**સૂત્ર–૩૫૦**

તે સાધુ કે સાધ્વી કોઈ પ્રકારની સંખડી જમણવાર) સાંભળીને, લક્ષ્યમાં રાખી ઉત્કંઠિત ચિત્તવાળા થઈને તે તરફ જલદીથી જશે અને વિચારશે કે નક્કી ત્યાં સંખડી છે. તે ભિન્ન ભિન્ન કુલોમાંથી સામુદાયિક ભિક્ષા લાવીને આહાર કરવાનો પરિશ્રમ નહીં કરે, પણ સંખડીનો સદોષ આહાર લાવીને કરશે. તે માયા સ્થાન સ્પર્શશે. સાધુએ આવું ન કરવું જોઈએ. પણ ભિક્ષા કાળે ઘણા ઘરોથી દોષરહિત ભિક્ષા લાવીને સાધુએ) આહાર કરવો જોઈએ.

**સૂત્ર–૩૫૧**

તે સાધુ કે સાધ્વી એમ જાણે કે આ ગામ યાવત્ રાજધાનીમાં સંખડી–જમણવાર થશે, તો તે ગામ યાવત્ રાજધાનીમાં સંખડીમાં સંખડી લેવાનો વિચાર પણ ન કરે. કેવલી ભગવંતે કહ્યું છે કે, એમ કરવાથી કર્મબંધન થાય. તે જમણવારમાં ઘણી ભીડ હશે કે થોડા માટે ભોજન બનાવવા પર ઘણા લોકો પહોંચી જશે તો ત્યાં પગથી પગ ટકરાશે, હાથથી હાથ, મસ્તકથી મસ્તકનું સંઘટ્ટન થશે. કાયાથી કાયાને વિક્ષોભ થાય, બીજા લોકો પણ સાધુને દંડથી, હાડકાથી, મુટ્ઠીથી, ઢેફાથી, ઠીકરાથી પણ પ્રહાર કરે, તેમના પર સચિત્ત પાણી ફેંકે, ધૂળ વડે ઢાંકી દે, વળી તેને અનેષણીય જમવું પડે, બીજાને દેવાનું વચ્ચેથી લેવું પડે. તેથી તે સંયમી નિર્ગ્રન્થ તે પ્રકારના જનાકીર્ણ કે હીન સંખડીમાં જવાનો વિચાર જ ન કરે.

**સૂત્ર–૩૫૨**

તે સાધુ કે સાધ્વી આહાર અર્થે ગૃહસ્થને ઘેર પ્રવેશીને અશનાદિના વિષયમાં એમ જાણે કે અશનાદિ નિર્દોષ છે કે સદોષ ? એષણીય છે કે અનેષણીય? તેનું ચિત્ત આશંકાથી યુક્ત થાય, તેની ચિત્તવૃત્તિ અશુદ્ધ આહાર લેવાની થાય, તો એવો આહાર મળે તો પણ ન લે.

**સૂત્ર–૩૫૩**

તે સાધુ કે સાધ્વી ૧– આહાર પ્રાપ્તિના ઉદ્દેશથી ગૃહસ્થના ઘેર પ્રવેશ કરે કે નીકળે. ૨– બહાર વિહારભૂમિ કે વિચારભૂમિમાં પ્રવેશ કરે કે નીકળે. ૩– એક ગામથી બીજે ગામ વિચરણ કરે. ત્યારે પોતાના બધાં ધર્મોપકરણ સાથે લઈને જાય.

**સૂત્ર–૩૫૪**

સાધુ કે સાધ્વી જો એમ જાણે કે ઘણા વિશાળ ક્ષેત્રમાં વરસાદ વરસતો દેખાય છે, ઘણે દૂર સુધી ધુમ્મસ છે,

ઝાકળ પડે છે, મોટા વંટોળ વડે ધૂળ ઉછળી રહી છે અથવા ઘણા ત્રસ જીવો ઉડીને પડે છે; તો આ રીતે જાણીને સર્વે ધર્મ ઉપકરણ સહિત આહારાર્થે ગૃહસ્થના ઘરમાં ન પ્રવેશે કે ન નીકળે. વિહાર કે વિચારભૂમિમાં પ્રવેશ કે નિર્ગમન ન કરે. એક ગામથી બીજે ગામ વિચરણ ન કરે.

સૂત્ર–૩૫૫

તે સાધુ–સાધ્વી આ કુળોને જાણે કે– ચક્રવર્તી આદિ ક્ષત્રિયો, સામાન્ય રાજાઓ, ઠાકોર, સામંત, રાજભૃત્ય કે રાજવંશસ્થના કુળ; આ કુળ–ઘરની બહાર કે અંદર જતા, ઊભતા, બેસતા, નિમંત્રણ હોય કે ન હોય, ત્યાંથી પ્રાપ્ત અશનાદિ પ્રાપ્ત થવા છતાં ગ્રહણ ન કરે. તે પ્રમાણે હું તમને કહું છું

ચૂલિકા–૧ અધ્યયન–૧ 'પિંડ–એષણા'ના ઉદ્દેશક–૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૧, ઉદ્દેશક–૪

સૂત્ર–૩૫૬

જે સાધુ–સાધ્વી આહાર માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરીને યાવત્ એમ જાણે કે અહીં માંસ કે મત્સ્યપ્રધાન ભોજન છે, અથવા માંસ કે મત્સ્યોના ઢગલા રાખેલ છે અથવા વિવાહ સંબંધી–કન્યાવિદાયનું–મૃત કે સ્વજન સંબંધી ભોજન થઈ રહેલ છે. તે નિમિત્તે ભોજન લઈ જવાઈ રહેલ છે, માર્ગમાં ઘણા પ્રાણી, ઘણા બીજ, ઘણી લીલોતરી, ઘણા ઝાકળબિંદુ, ઘણું પાણી, ઘણાં જ કીડીયારા–કીચડ–લીલફૂગ–કરોળિયાના જાળા આદિ છે; ત્યાં ઘણાં શ્રમણ–બ્રાહ્મણ–અતિથિ–કૃપણ–વનીપક આવ્યા છે, આવે છે કેઆવવાના છે. તેમની ઘણી જ ભીડ જામી છે. તેથી પ્રાજ્ઞ સાધુનો નિષ્ક્રમણ–પ્રવેશ મુશ્કેલ છે, ત્યાં વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા પ્રવૃત્તિ થઈ શકે તેમ નથી.

એવું જાણીને તેવા પ્રકારની પૂર્વ સંખડી કે પશ્ચાત્ સંખડી જમણવારી)માં જવાનો વિચાર સાધુ મનથી પણ ન કરે. પરંતુ જો સાધુ–સાધ્વી એમ જાણે કે અહીં માંસ કે મત્સ્યપ્રધાન ભોજન છે યાવત્ કોઈ ભોજન લઈ જવાઈ રહ્યું છે, પણ માર્ગમાં પ્રાણી, બીજ આદિ નથી, ઘણા શ્રમણાદિ યાવત્ આવ્યા કે આવવાના નથી, પ્રાજ્ઞ સાધુને વાંચના, પૃચ્છનાદિ માટે ત્યાં અવકાશ છે તો એવું જાણીને પ્રાજ્ઞ સાધુ અપવાદ માર્ગે પૂર્વ સંખડી કે પશ્ચાત્ સંખડીમાં જવાનું વિચારી શકે છે.

સૂત્ર–૩૫૭

જે સાધુ–સાધ્વી આહાર માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરીને યાવત્ એમ જાણે કે અહીં દુઝણી ગાયો દોહવાઈ રહી હોય, અશનાદિ રાંધવાની ક્રિયા ચાલુ હોય અથવા રાંધેલમાંથી કોઈ બીજાને અપાયુ નથી આ પ્રમાણે જાણીને ગૃહસ્થના ઘરમાં આહાર પ્રાપ્તિ અર્થે ન નીકળે કે ન પ્રવેશ કરે. કદાચ ગૃહસ્થના ઘેર સાધુ પહોંચી ગયા હોય તો ઉક્ત કોઈપણ કારણ જોઈને એકાંતમાં ચાલ્યા જાય, જ્યાં આવાગમન ન હોય, કોઈ જોતુ ન હોય એવા સ્થાને ઊભા રહે. જ્યારે એમ જાણે કે દુઝણી ગાયો દોહવાઈ ગઈ છે, ભોજન રંધાઈ ગયું છે કે તેમાંથી બીજાને અપાઈ ગયેલ છે, ત્યારે સંયમપૂર્વક આહારપાણી માટે નીકળે કે ગૃહસ્થને ત્યાં પ્રવેશ કરે.

સૂત્ર–૩૫૮

સ્થિરવાસ કરનાર કે માસકલ્પથી વિચરનાર કોઈ મુનિ, આગંતુક મુનિને કહે કે, આ ગામ નાનું છે, તેમાં પણ કેટલાક ઘર સૂતક આદિ કારણે રોકાયેલા છે. આ ગામ મોટું નથી. તેથી હે પૂજ્ય ! આપ ભિક્ષાચરી માટે બીજે ગામ પધારો. માનો કે ત્યાં રહેતા કોઈ મુનિના પૂર્વ કે પશ્ચાત્ પરિચિત રહે છે. જેમ કે – ગૃહસ્થ, ગૃહસ્થપત્ની, તેના પુત્ર–પુત્રી–પુત્રવધૂ–દાસ–દાસી–કર્મકર કે કર્મકરી.

જો કોઈ સાધુ એમ વિચારે કે મારા પૂર્વ કે પશ્ચાત્ પરિચિત એવા ઉક્ત ઘરોમાં પહેલા જ ભિક્ષા માટે પ્રવેશ

કરીશ, જેથી મને અન્ન, રસમય પદાર્થ, દૂધ, દહીં, માખણ, ઘી, ગોળ, તેલ, મધુ, મદ્ય, માંસ, પૂરી, રાબ, માલપૂઆ કે શ્રીખંડ આદિ ઉત્તમ ભોજન મળશે. તે આહાર પહેલાં જ લાવી ખાઈ–પીને પાત્રને ધોઈ–લૂંછીને સાફ કરીશ. પછી બીજા સાધુ સાથે આહાર માટે ગૃહસ્થના ઘેર પ્રવેશ કરીશ કે નીકળીશ.

આ રીતે તે માયા–કપટ કરે છે, તેમ કરવું ન જોઈએ. પરંતુ તે ભિક્ષુએ બીજા સાધુઓ સાથે ભિક્ષાકાળે ગૃહસ્થના ઘેર જઈ અનેક ઘરેથી શુદ્ધિપૂર્વક નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરી આહાર કરવો જોઈએ. સાધુ–સાધ્વીનો આ જ આહાર ગ્રહણ કરવાનો આચાર છે.

**ચૂલિકા–૧ અધ્યયન–૧ 'પિંડ–એષણા'ના ઉદ્દેશક–૪નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## ચૂલિકા–૧, અધ્યયન–૧, ઉદ્દેશક–૫

**સૂત્ર–૩૫૯**

જે સાધુ–સાધ્વી આહાર માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરીને તે યાવત્ એમ જાણે કે અગ્રપિંડ કઢાતુ દેખાય છે, અગ્રપિંડ રખાતુ–લઈ જવાતુ–વહેંચાતુ–ખવાતુ કે ફેંકાતુ જોઈને અથવા પહેલા બીજા લોકોએ) જમી લીધુ છે કે કેટલાક ભિક્ષાચર પહેલા લઈને જઈ રહ્યા છે. અથવા બીજા શ્રમણ, બ્રાહ્મણ આદિ અગ્રપિંડ લેવા જલદી જલદી આવી રહ્યા છે તે જોઈને કોઈ સાધુ–સાધ્વી એમ વિચારે કે તે ભોજન લેવા હું પણ જલદી જાઉં, તો તે માયા કરે છે – તેથી એ પ્રમાણે  ન કરવું જોઈએ.

**સૂત્ર–૩૬૦**

સાધુ કે સાધ્વી ભિક્ષાર્થે મોહલ્લામાં, ગલીમાં કે ગ્રામ આદિમાં પ્રવેશ કરતા રસ્તામાં ટેકરા, ખાઈ, કોટ, તોરણદ્વાર, અર્ગલા કે અર્ગલા–પાશક અથવા આગળની દિવાલ કે વાડ કે આગળીયો હોય તો પોતાનું સામર્થ્ય હોવા છતાં તેવા માર્ગે ન ચાલે પણ બીજો માર્ગ હોય તો સંયમી સાધુ બીજા માર્ગે જાય, તે સીધા માર્ગે ન જાય. કેવલી કહે છે કે તે કર્મબંધનું કારણ છે.

તે વિષમ માર્ગે જતાં તે સાધુ લપસી જાય, ડગી જાય કે પડી જાય. લપસતા–ડગતા કે પડતા તેની કાયા મળ, મૂત્ર, કફ, લીંટ, વમન, પિત્ત, પરુ, વીર્ય કે લોહીથી ખરડાઈ જાય. કદાચ તેમ થઈ જાય તો તે સાધુ શરીરને સચિત્ત પૃથ્વીથી, ભીની માટીથી, સચિત્ત શીલાથી, સચિત્ત માટીના ઢેફાથી, ઉધઈવાળા કાષ્ઠથી, ઇંડા–પ્રાણી કે જાળાયુક્ત કાષ્ઠથી શરીને લૂંછે નહીં, સાફ ન કરે, ન ખણે, ન ખોતરે, મર્દન ન કરે, ન તપાવે પરંતુ તે ભિક્ષુ પહેલા સચિત્ત રજથી રહિત તૃણ, પાન, કાષ્ઠ, કંકર આદિની યાચના કરે. યાચીને એકાંતમાં જાય. ત્યાં દગ્ધ ભૂમિ કે તેવા પ્રકારની અન્ય ભૂમિનું વારંવાર પ્રતિલેખન અને પ્રમાર્જન કરીને યતનાપૂર્વક શરીરને ઘસે યાવત્ સ્વચ્છ કરે.

**સૂત્ર–૩૬૧**

તે સાધુ કે સાધ્વી ભિક્ષા લેવા જતા એમ જાણે કે માર્ગમાં દુષ્ટ મદોન્મત્ત સાંઢ, પાડો ઊભો છે, એ જ પ્રમાણે મનુષ્ય, અશ્વ, હાથી, સિંહ, વાઘ, દીપડો, રીંછ, તરચ્છ, અષ્ટાપદ, શિયાળ, બિલાડો, કૂતરો, વરાહ, સૂવર, લોમડી, ચિત્તો, ચિલ્લલક, સાપ આદિ માર્ગમાં રહેલા હોય તો તે સીધે રસ્તે ન જતા, બીજા રસ્તેથી જાય.

તે સાધુ–સાધ્વી ભિક્ષાર્થે માર્ગમાં જતા હોય ત્યારે વચ્ચે ખાડા, ઠૂંઠા, કાંટા, જમીનનો ઢોળાવ, તીરાડ, વિષમતા, કીચડ આદિ હોય તો તેવા માર્ગે નહીં ચાલતા બીજા માર્ગે તે સંયમી જાય, સીધા માર્ગે ન જાય.

**સૂત્ર–૩૬૨**

તે સાધુ–સાધ્વી ગૃહસ્થના ઘરના દ્વારભાગને કાંટાની ડાળીથી ઢાંકેલ જોઈને પહેલાં ગૃહસ્વામીની અનુજ્ઞા લીધા વિના, પડિલેહણ અને પ્રમાર્જના કર્યા વિના દ્વાર ઉઘાડીને તેમાં પ્રવેશ કે નિષ્ક્રમણ ન કરે. પહેલાં ઘરના સ્વામીની આજ્ઞા લે, પછી પડિલેહણ કરી–કરીને, પ્રમાર્જન કરી–કરીને યતનાપૂર્વક ખોલીને પ્રવેશ કરે કે નીકળે.

સૂત્ર–૩૬૩

તે સાધુ–સાધ્વી જો એમ જાણે કે તે ગૃહસ્થને ઘેર કોઈ શ્રમણ, બ્રાહ્મણ, ભિક્ષુક કે અતિથિ પહેલેથી પ્રવેશેલ છે, તે જોઈને તેમની સામે કે જે દ્વારેથી તેઓ નીકળતા હોય તે દ્વારે ઊભા ન રહે. પરંતુ કોઈને પહેલાં આવેલા જાણીને એકાંત સ્થાનમાં ચાલ્યા જાય, એકાંતમાં જઈને મુનિ એવા સ્થાને ઊભા રહે કે જ્યાં બીજાનું આવાગમન ન હોય, બીજા જોઈ ન શકે. કદાચ કોઈ ગૃહસ્થ ત્યાં રહેલા સાધુને અશનાદિ લાવીને આપે અને કહે કે, હે આયુષ્માન્ શ્રમણ ! આપ બધા લોકો માટે આ આહાર મેં આપ્યો છે તો આપ સર્વે ખાઓ અથવા વહેંચી લો.

ગૃહસ્થનું આ કથન સાંભળીને સાધુ મૌન રહીને વિચારે કે આ આહાર મારો જ છે, તો તે માયા સ્થાનને સ્પર્શે છે, તેથી સાધુ એવું ન કરે. તે સાધુ આ આહાર લઈને જ્યાં શ્રમણ આદિ છે ત્યાં જાય, જઈને કહે કે, હે આયુષ્માન્ શ્રમણો ! તમે જ આ અશનાદિ બધા લોકો માટે આપેલ છે. તેથી બધા ખાઓ કે વિભાગ કરો. તેમને એવું કહેતા સાંભળી જો બીજા એમ કહે કે હે શ્રમણ ! તમે જ બધાને આ અશનાદિ વહેંચી આપો.

ત્યારે વિભાગ કરતી વેળાએ સાધુ પોતાને માટે જલદી–જલદી સારું–સારું પ્રચૂર માત્રામાં સ–રસ, મનોજ્ઞ, સ્નિગ્ધ આહાર અને રુક્ષ આહાર ન રાખે. પરંતુ તે સાધુ આહારમાં "મૂર્ચ્છાભાવ ન રાખતો, અગૃદ્ધ થઈને, આસક્તિનો ત્યાગ કરી, લોલુપતા ધારણ ન કરતા" આ બધા સમાનાર્થી શબ્દો છે) તે અત્યંત સમાન ભાગ કરે. વિભાગ કરતી વેળા બીજા શ્રમણ આદિ કદાચિત એમ કહે કે– હે શ્રમણ ! તમે તેનો વિભાગ ન કરો, આપણે બધા ભેગા થઈને ખાઈએ–પીએ. એવી રીતે ખાતા પણ સ–રસ યાવત્ રુક્ષ ભોજન જલદી ન ખાઈ જાય પણ તેમાં અમૂર્ચ્છિત યાવત્ અલોલૂપ થઈ સમ માત્રામાં ખાય–પીવે.

સૂત્ર–૩૬૪

તે સાધુ–સાધ્વી એમ જાણે કે કોઈ શ્રમણ, બ્રાહ્મણ, યાચક, અતિથિ પૂર્વે ગૃહસ્થના ઘેર પ્રવેશેલ છે, તો તે જોઈને તેઓને ઉલ્લંઘીને ઘરમાં દાખલ થવું નહીં, તેમ પાછળ રહી યાચના ન કરવી. પણ એકાંત સ્થાને જઈને જ્યાં કોઈ આવે નહીં કે જુએ નહીં તેવા સ્થાને રહેવું. જ્યારે તે એમ જાણે કે ગૃહસ્થે શ્રમણાદિને આહારદાનનો ઇન્કાર કર્યો છે કે આપી દીધું છે, તો તેમના પાછા ફરી ગયા પછી જ યતના સહિત તેણે પ્રવેશવું કે બોલવું. આ ખરેખર તે સાધુનો આચાર કે સામાચારી છે. એ પ્રમાણે તીર્થંકરોએ કહેલું છે તે હું તમને હું કહું છું.

ચૂલિકા–૧ અધ્યયન–૧ 'પિંડ–એષણા'ના ઉદ્દેશક–૫નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૧, ઉદ્દેશક–૬

સૂત્ર–૩૬૫

તે સાધુ કે સાધ્વી ગૌચરીએ જતા એમ જાણે કે રસાન્વેષી ઘણા પ્રાણી આહારાર્થે એકત્રિત થયા છે, જેમ કે – કૂકડાની જાતિના અર્થાત્ દ્વિપદ, શૂકર જાતિના અર્થાત્ ચતુષ્પદ અથવા અગ્રપીંડ માટે કાગડા આદિ એકઠા થયેલા જોઈને સંયત સાધુ કે સાધ્વી અન્ય માર્ગ હોય તો યતનાપૂર્વક અન્ય માર્ગેથી જાય. પણ તે દ્વિપદ આદિને ભય અને અંતરાય ઉત્પન્ન કરવાવાળા સીધા માર્ગે તેમની સામે ન જાય.

સૂત્ર–૩૬૬

તે સાધુ–સાધ્વી યાવત્ ગૃહસ્થના ઘેર બારસાખનો વારંવાર સહારો લઈને ઊભા ન રહે. એ જ રીતે ગૃહસ્થના ગંદુ પાણી ફેંકવાના સ્થાને, આચમન સ્થાને, સ્નાન કે શૌચ જવાના સ્થાને કે જવા–આવવાના સ્થાને ઊભા ન રહે. વળી તે ઘરના સમારેલ ભાગને, દીવાલોની સંધિને, જલગૃહને, વારંવાર હાથ ફેલાવીને, આંગળા ચીંધીને, પોતે નીચે નમીને કે ઊંચુ મુખ કરીને મુનિએ અવલોકવા નહીં. ગૃહસ્થ પાસે આંગળી ચીંધીને યાચના ન કરે, આંગળીથી ભય દેખાડી ન યાચે, તેના શરીરને આંગળી વડે સ્પર્શ કરીને કે ગૃહસ્થની પ્રશંસા કરીને ન યાચે. કદાચ ગૃહસ્થ ન આપે તો તેને કઠોર વચન ન કહે.

સૂત્ર–૩૬૭

ભિક્ષા માટે ગયેલ સાધુ–સાધ્વી ત્યાં ગૃહસ્થ યાવત્ નોકરાણીને ભોજન કરતા જુએ, તો પહેલાં વિચારીને કહે કે, હે આયુષ્માન્ ભાઈ ! કે બહેન ! આમાંથી મને કંઈ ભોજન આપશો ? મુનિના એ પ્રમાણે કહેવાથી તે ગૃહસ્થ હાથ, થાળી, કડછી કે અન્ય પાત્ર સચિત્ત કે ઉષ્ણ જલથી એક કે અનેક વાર ધોવા લાગે તો સાધુએ પહેલાં જ તેને કહી દેવું જોઈએ કે, હે આયુષ્માન્ ભાઈ ! કે બહેન ! તમે તમારા હાથ વગેરેને ઠંડા કે ગરમ પાણીથી ધોશો નહીં. જો તમે મને ભોજન આપવા ઈચ્છતા હો તો એમ જ આપો. સાધુએ આમ કહેવા છતાં તે ગૃહસ્થ ઠંડા કે ગરમ પાણીથી હાથ વગેરે ધોઈને કે વિશેષ ધોઈને આપે–

તો આવા પૂર્વ કર્મવાળા હાથ આદિથી અશન આદિ લેવું તે અપ્રાસુક અને અનેષણીય છે યાવત્ તે લેવું ન જોઈએ. વળી જો સાધુ એમ જાણે કે પૂર્વ કર્મથી નહીં પણ એમ જ હાથ વગેરે ભીના છે, તો પણ તે અશનાદિને અપ્રાસુક અને અનેષણીય જાણીને ગ્રહણ ન કરે તેમજ એમ જાણે કે હાથ આદિ ભીના તો નથી પણ સસ્નિગ્ધ– સચિત્તરજ, ભીનાશ, માટી, ઓસ, હડતાલ, હિંગુલ, મનશીલ, અંજન, મીઠું, ગેરુ, પીળી માટી, સફેદ માટી, ગોપી– ચંદન, તાજો લોટ, તાજી કણકી, ચૂર્ણ આદિથી લિપ્ત છે તો પણ તેવા હાથ વગેરેથી અપાયેલ આહાર સાધુ ન લે.

પરંતુ જો એમ જાણે કે દાતાના હાથ સચિત્ત વસ્તુથી લિપ્ત નથી, પણ અચિત્ત લિપ્ત છે તો તે અશનાદિ પ્રાસુક તથા એષણીય જાણીને યાવત્ ગ્રહણ કરે.

સૂત્ર–૩૬૮

તે ભિક્ષુ ભિક્ષાર્થે ગૃહસ્થના ઘેર પ્રવેશી એવું જાણે કે કોઈ અસંયમી ગૃહસ્થે સાધુ નિમિત્તે ધાણી, મમરા, પોંક, ચાવલ આદિ તૈયાર કર્યા છે. તે સચિત્ત શિલા પર તથા બીજવાળી, વનસ્પતિવાળી યાવત્ જાળાવાળી શિલા પર કૂટ્યા છે, કૂટે છે અને કૂટશે. ઝાટક્યા છે, ઝાટકે છે અને ઝાટકશે. આ પ્રકારે પૃથક્ કરેલ ચાવલ આદિને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.

સૂત્ર–૩૬૯

તે સાધુ–સાધ્વી ગૌચરી માટે ગૃહસ્થના ઘેર પ્રવેશતા એમ જાણે કે બિલ અર્થાત્ ખાણમાંથી નીકળતું મીઠું, કે ઉદ્‌ભિજ અર્થાત્ ખારા પાણીમાંથી બનાવેલું મીઠું, અસંયમી ગૃહસ્થે સાધુના નિમિત્તે સચિત્ત યાવત્ જીવજંતુવાળી શિલા પર વાટેલ છે, વાટે છે કે વાટશે. પીસેલ છે, પીસે છે કે પીસશે તો તેવા મીઠાને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.

સૂત્ર–૩૭૦

ભિક્ષાર્થે ગયેલ) સાધુ કે સાધ્વી એમ જાણે કે અશનાદિ આહાર અગ્નિ પર રાખેલ છે, તો તેવા પ્રકારના અશનાદિને અપ્રાસુક જાણીને ગ્રહણ ન કરે, કેવળી ભગવંત કહે છે કે, તે કર્મબંધનું કારણ છે, કેમ કે ગૃહસ્થ સાધુના નિમિત્તે અગ્નિ પર રાખેલ આહારમાંથી થોડો ભાગ કાઢે છે કે તેમાં નાંખે છે, હાથ લૂંછે કે વિશેષથી સાફ કરે, પાત્રને નીચે ઉતારે કે ચડાવે અને એ રીતે અગ્નિજીવની હિંસા કરે છે. હવે સાધુની એ જ પ્રતિજ્ઞા, એ જ હેતુ, એ જ કારણ, એ જ ઉપદેશ છે કે તે અગ્નિ પર રાખેલ અશનાદિને હિંસાનું કારણ જાણી અપ્રાસુક હોવાથી ગ્રહણ ન કરે. આ જ સાધુનો ભિક્ષાનો આચાર કે સામાચારી છે.

ચૂલિકા–૧ અધ્યયન–૧ 'પિંડ–એષણા'ના ઉદ્દેશક–૬નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૧, ઉદ્દેશક–૭

સૂત્ર–૩૭૧

ગૃહસ્થના ઘેર ભિક્ષાર્થે પ્રવેશ કરેલ સાધુ કે સાધ્વી જાણે કે અશન આદિ દીવાલ–સ્તંભ–મંચ–માળ– પ્રાસાદ–હવેલીની છત કે અન્ય તેવા પ્રકારના ઊંચા સ્થાને રાખેલ છે, તો એવા સ્થાનોથી લાવીને અપાતું અશનાદિ

અપ્રાસુક જાણીને તેવો આહાર ગ્રહણ ન કરે. કેવલી કહે છે કે એ કર્મબંધનું કારણ છે. કેમ કે ગૃહસ્થ સાધુના નિમિત્તે પીઠ, ફલક, નીસરણી કે ઉખલ આદિ લાવીને તેને ઊંચો કરીને ઉપર ચડશે. તેમ ઉપર ચડતા તે લપસે કે પડે. જો તે લપસે કે પડે તો તેના હાથ, પગ, ભૂજા, છાતી, પેટ, મસ્તક કે શરીરનું કોઈ અંગ ભાંગે અથવા પ્રાણી–જીવ–ભૂત–સત્ત્વની હિંસા કરશે, તેઓને ત્રાસ થશે, કચડાશે, અંગોપાંગ ટૂટશે, ટકરાશે, મસળાશે, અથડાશે, ઘસાશે, સંતાપ પામશે, કીલામણા પામશે, એક સ્થાનથી બીજા સ્થાને પડશે. તેથી આવા પ્રકારના માલોપહૃત અશનાદિ મળવા છતાં ગ્રહણ ન કરે.

ગૃહસ્થના ઘેર ગયેલ સાધુ–સાધ્વી જાણે કે આ અશનાદિ કોઠીમાંથી, ગૃહસ્થે સાધુ નિમિત્તે ઊંચા થઈને, નીચા નમીને, શરીર સંકોચી કે આડા પડીને આહાર લાવીને આપે તો તે અશનાદિ ગ્રહણ ન કરે.

સૂત્ર–૩૭૨

અશન આદિને માટે ગૃહસ્થને ઘેર ગયેલ સાધુ–સાધ્વી યાવત્ એમ જાણે કે અશનાદિ આહાર માટી વડે લિપ્ત વાસણમાં છે, તો તેવા અશનાદિ મળવા છતાં ન લે. કેવલી ભગવંત તેને કર્મબંધનું કારણ કહે છે. કેમ કે ગૃહસ્થ સાધુને આહાર અથવા માટીથી લિપ્ત વાસણને ખોલતા પૃથ્વી–અપ્–તેઉ–વાયુ–વનસ્પતિ કાય અને ત્રસકાયની હિંસા કરશે, ફરી લિંપીને પશ્ચાત્ કર્મ કરશે.

તેથી સાધુનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે કે માટીથી બંધ કરેલ ભાજન આદિમાંથી અપાતો આહાર મળવા છતાં ગ્રહણ ન કરે. તે ભિક્ષુ એ પ્રમાણે જાણે કે અશનાદિ પૃથ્વીકાય પર રાખેલ છે, તો તેવા અશનને અપ્રાસુક જાણીને ગ્રહણ ન કરે. તે ભિક્ષુ એ પ્રમાણે જાણે કે અશનાદિ અપ્કાય કે અગ્નિકાય પર રહેલ હોય તો પણ ગ્રહણ ન કરે. કેવળી ભગવંત તેને કર્મબંધનું કારણ કહે છે. કેમ કે ગૃહસ્થ સાધુના નિમિત્તે અગ્નિને તેજ કરશે, લાકડાં વગેરે બહાર કાઢશે, પાત્રને ઊતારીને આહાર આપશે તેથી સાધુ આવો આહાર અપ્રાસુક અને અનેષણીય જાણી ગ્રહણ ન કરે.

સૂત્ર–૩૭૩

ગૃહસ્થના ઘેર ભિક્ષાર્થે પ્રવેશ કરેલ સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે આ અશનાદિ અતિ ઉષ્ણ છે, ગૃહસ્થ સાધુ નિમિત્તે તે આહારને) સુપડા–વીંઝણા–તાડપત્ર–શાખા –શાખાનો ટૂકડો–મોરના પંખ–તે પંખનો બનેલ પંખો–વસ્ત્ર કે વસ્ત્રના ટૂકડા વડે અથવા હાથ કે મુખથી ફૂંકે કે હવા નાંખે, તો સાધુ વિચારીને કહે કે, હે આયુષ્માન્ ! ભાઈ કે બહેન ! તમે આ અતિ ઉષ્ણ આહારને સુપડા યાવત્ ફૂંકીને કે હવા નાંખીને મને આપવા ઈચ્છતા હો તો ન આપો.

એમ કહેવા છતાં ગૃહસ્થ સુપડા આદિ યાવત્ હવા નાંખીને તે આહાર લાવીને આપે તો તેવા અશનાદિ અપ્રાસુક જાણી ન લે.

સૂત્ર–૩૭૪

ગૃહસ્થના ઘેર ભિક્ષાર્થે પ્રવેશ કરેલ સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે અશનાદિ વનસ્પતિકાય પર રાખેલ છે, તો તેવા અશનાદિ મળવા છતાં ગ્રહણ ન કરે.

એવી જ રીતે ત્રસકાય પ્રતિષ્ઠિત આહાર પણ ગ્રહણ ન કરે.

સૂત્ર–૩૭૫

તે સાધુ કે સાધ્વી યાવત્ જે આ પાણીને જાણે, જેમ કે – લોટનું ધોવાણ, તલનું ધોવાણ, ચોખાનું ધોવાણ અથવા તેવા પ્રકારના બીજા ધોવાણ જે તુર્તના હોય, સ્વાદ બદલાયો ન હોય, અચિત્ત ન હોય, શસ્ત્ર પરિણત ન હોય, વિધ્વસ્ત ન હોય તો તેને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.

પરંતુ જો સાધુ એમ જાણે કે આ ધોવાણ લાંબા સમયનું છે, સ્વાદ બદલાયો છે, અચિત્ત છે, પરિણત છે, વિદ્ધત્થ છે તો ગ્રહણ કરે.

જો કોઈ પાણીના વિષયમાં જાણે કે – આ પાણી તલનું, તુષનું, જવનું, કાંજીનું કે ચોખાનું ધોવાણ છે, શુદ્ધ ઉકાળેલ છે અથવા અન્ય તેવા પ્રકારનું છે, તો તેવું પાણી જોઈને પહેલાં જ કહી દે કે હે આયુષ્માન્ ! બહેન ! તમે આમાંથી કોઈ પાણી મને આપશો ? એમ કહેતા સાધુને કદાચ દાતા એમ કહે કે, તમે પોતે જ તમારા પાત્રથી કે પાત્ર ઊંચું કરીને કે નમાવીને લઈ લો, તો એવું પ્રાસુક પાણી મળે તો તે સ્વયં અથવા બીજા આપે તો પણ ગ્રહણ કરે.

સૂત્ર–૩૭૬

ગૃહસ્થના ઘેર ભિક્ષાર્થે પ્રવેશ કરેલ સાધુ કે સાધ્વી પાણીના વિષયમાં જાણે કે – તે અચિત્ત) પાણી સચિત્ત પૃથ્વી યાવત્ જાળાયુક્ત પદાર્થ પર રાખેલ છે. અથવા સચિત્ત પદાર્થ યુક્ત વાસણમાંથી કાઢીને રાખેલ છે, ગૃહસ્થે સાધુને આપવા માટે સચિત્ત) ટપકતા પાણીવાળા કે ભીના હાથે, સચિત્ત પૃથ્વી યુક્ત પાત્રથી કે સચિત્ત પાણી મેળવીને આપે તો તેવા પાણીને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે. એ સાધુની સામાચારી છે.

**ચૂલિકા–૧ અધ્યયન–૧ 'પિંડ–એષણા'ના ઉદ્દેશક–૭નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## ચૂલિકા–૧, અધ્યયન–૧, ઉદ્દેશક–૮

સૂત્ર–૩૭૭

ગૃહસ્થના ઘેર ભિક્ષાર્થે પ્રવેશ કરેલ સાધુ કે સાધ્વી યાવત્ આવા પાનકને જાણે, જેમ કે – આંબાનું પાણી, અંબાડગ પાણી, કોઠાનું પાણી, બીજોરાનું પાણી, દ્રાક્ષનું ધોવાણ, દાડમનું ધોવાણ, ખજૂરનું ધોવાણ, નાળિયેરનું પાણી, કેરનું, બેરનું, આંબળાનું કે આંબલીનું પાણી અથવા તે પ્રકારનું બીજું કોઈ પાણી કે ધોવાણ જો ગોઠલી–છાલ કે બીજ સહિત હોય અને ગૃહસ્થ સાધુ નિમિત્તે ચાલણી વસ્ત્ર વાલક કે ગરણીથી એક કે અનેક વાર મસળીને, છણીને અને બીજ આદિ અલગ કરીને લાવીને આપે તો તેવા પ્રકારના પાનકને અપ્રાસુક જાણીને મળવા છતાં પણ ગ્રહણ ન કરે.

સૂત્ર–૩૭૮

તે સાધુ કે સાધ્વી ધર્મશાળા, ઉદ્યાનગૃહો, ગૃહસ્થના ઘર કે ભિક્ષુક આદિના મઠોમાં અન્નની કે પાણીની કે અન્ય સુરભિ ગંધોને સૂંઘી–સૂંઘીને તેના આસ્વાદનની ઇચ્છાથી તેમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, ગ્રથિત અને આસક્ત થઈ અહો ગંધ ! અહો ગંધ ! કહેતો, તે 'ગંધ'ને ન સૂંઘે.

સૂત્ર–૩૭૯

તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે, કમલકંદ, પલાશકંદ, સરસવની દાંડલી કે તેવા પ્રકારના અન્ય કાચા કંદ જે શસ્ત્ર પરિણત ન હોય તે કંદાદિને અપ્રાસુક જાણી દાતા આપે તો પણ ગ્રહણ ન કરે.

તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે પીપર, પીપરચૂર્ણ, મરી, મરીચૂર્ણ, શૃંગબેર, શૃંગબેરચૂર્ણ કે તેવા પ્રકારની અન્ય કાચી વનસ્પતિ શસ્ત્ર પરિણત ન હોય તો તેને અપ્રાસુક જાણી મળે છતાં ગ્રહણ ન કરે.

તે સાધુ કે સાધ્વી યાવત્ ફળના વિષયમાં એમ જાણે કે આંબો, અંબાડ, તાલ, વલ્લી, સુરભિ, સલ્લકીના ફળ તથા તેવા પ્રકારના કોઈ ફળ કાચા હોય શસ્ત્ર પરિણત ન હોય તો તેને અપ્રાસુક જાણી મળે છતાં ગ્રહણ ન કરે.

તે સાધુ કે સાધ્વી યાવત્ કૂંપળના વિષયમાં એમ જાણે કે, પીંપળ, વડ, પિલુંખ, નંદીવૃક્ષ, શલ્લકીની કે તેવા પ્રકારની અન્ય કૂંપળ સચિત્ત હોય, શસ્ત્ર પરિણત ન હોય તો અપ્રાસુક જાણી મળે છતાં ગ્રહણ ન કરે.

તે સાધુ કે સાધ્વી યાવત્ કોમળ ફળના વિષયમાં એમ જાણે કે – શલાદ, કોઠા, દાડમ, બિલ્વ કે તેવા પ્રકારના અન્ય કોમળ ફળ જે સચિત્ત હોય, શસ્ત્ર પરિણત ન હોય તો અપ્રાસુક જાણી મળે છતાં ગ્રહણ ન કરે.

તે સાધુ કે સાધ્વી યાવત્ ચૂર્ણના વિષયમાં જાણે કે, ઉંબર, વડ, પીપર, પીપળાનું કે તેવા પ્રકારનું અન્ય ચૂર્ણ સચિત્ત હોય, થોડું પીસેલ હોય, જેનું બીજ નષ્ટ ન થયેલ હોય તેને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.

સૂત્ર–૩૮૦

તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે ત્યાં કાચી ભાજી, સડેલો ખોળ, મધ, મદ્ય, ઘી નીચે જૂનો કચરો છે, જેમાં જીવોની પુનઃ ઉત્પત્તિ થાય છે. તેમાં જીવો જન્મે છે, વૃદ્ધિ પામે છે, વ્યુત્ક્રમણ થતું નથી, શસ્ત્ર પરિણત નથી થતાં એ પ્રાણી વિધ્વસ્ત નથી. તો તેને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.

સૂત્ર–૩૮૧

તે સાધુ કે સાધ્વી જાણે કે – શેરડીના ટૂકડા, અંક કારેલા, કસેરુક, સિંઘોડા, પૂતિઆલુક કે તેવા પ્રકારની બીજી કોઈ વનસ્પતિ જે અપક્વ હોય, શસ્ત્રપરિણત ન હોય તો અપ્રાસુક જાણી ન લે.

તે સાધુ કે સાધ્વી જાણે કે – ઉત્પલ, ઉત્પલની દાંડી, પદ્મ, પદ્મની દાંડી, પુષ્કર કે તેના ટૂકડા અથવા તેવા પ્રકારના બીજા કમળ સચિત્ત હોય તો અપ્રાસુક જાણીને મળવા છતાં ગ્રહણ ન કરે.

સૂત્ર–૩૮૨

તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે અગ્રબીજ, મૂલબીજ, સ્કંધબીજ, પર્વબીજ અથવા અગ્ર, મૂળ, સ્કંધ, પર્વ–જાત અથવા અન્યત્ર નહીં પણ એ જ વૃક્ષો પર ઉત્પન્ન કંદલી ગર્ભ, કંદલી ગુચ્છ, નારિયેલનો ગર્ભ, ખજૂરનો ગર્ભ, તાડનો ગર્ભ કે તેવી અન્ય વનસ્પતિ યાવત્ ગ્રહણ ન કરે.

તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે શેરડી, છિદ્રવાળી પોલી–સડેલી, અંગાર, ફાટેલ છોતાવાળી, શિયાળ આદિની થોડી થોડી ખાધેલી શેરડી, નેતરનો અગ્રભાગ, કંદલી ગર્ભ કે અન્ય તેવા પ્રકારની કોઈ વનસ્પતિ, શસ્ત્ર પરિણત ન હોય તો અપ્રાસુક જાણીને મળવા છતાં પણ ગ્રહણ ન કરે.

તે સાધુ કે સાધ્વી યાવત્ એમ જાણે કે લસણ, લસણના પાન, લસણની દાંડી, લસણનો કંદ, લસણની છાલ કે તેવી કોઈ વનસ્પતિ સચિત છે, શસ્ત્ર પરિણત થયેલ નથીતો તેને અપ્રાસુક અનેષણીય જાણીને, મળે છતાં ન લે.

તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે કુંભિમાં પકાવેલ અચ્છિય ફળ, તિંદુક, તેલુંક, શ્રીપર્ણી કે તેવા અન્ય પ્રકારના ફળ સચિત્ત હોય, શસ્ત્રથી પરિણત ન હોય તો તેને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.

તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે ધાન્યના કણ, દાણાથી ભરેલ કુસકા, દાણાવાળી રોટલી, ફોતરાવાળા ચોખા, ચોખાનો તાજો લોટ, તલ, તલનો લોટ, તલપાપડી કે તે પ્રકારની અન્ય વસ્તુ શસ્ત્ર પરિણત ન હોય તો મળવા છતાં ગ્રહણ ન કરે. આ જ સાધુ સાધ્વીનો આચાર કે સામાચારી છે. જેનું સાધુ–સાધ્વીઓએ સમિતિ યુક્ત થઈ જ્ઞાન આદિ ઉપયોગ સહિત થઈને પાલન કરવું જોઈએ.

ચૂલિકા–૧ અધ્યયન–૧ 'પિંડ–એષણા'ના ઉદ્દેશક–૮નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૧, ઉદ્દેશક–૯

સૂત્ર–૩૮૩

અહીં પૂર્વાદિ ચારે દિશામાં કોઈ શ્રદ્ધાવાન ગૃહસ્થ યાવત્ કર્મચારિણીઓ હોય છે. તેઓ પહેલાં એમ કહે છે – આ શ્રમણ, ભગવંત, શીલવાન, વ્રતી, ગુણી, સંયમી, સંવૃત્ત, બ્રહ્મચારી છે અને મૈથુન ધર્મના ત્યાગી છે. તેમને આધાકર્મિક અશનાદિ આહાર ખાવો–પીવો કલ્પતો નથી. તેથી અમારા માટે જે આહાર બનાવેલો છે, તે બધો આહાર તેમને આપી દો. પછી આપણા માટે ફરી અશનાદિ બનાવી લઈશું. આવા વચનો સાંભળીને અને સમજીને એવા અશનાદિ અપ્રાસુક અને અનેષણીય જાણીને દાતા આપે તો પણ ગ્રહણ ન કરે.

સૂત્ર–૩૮૪

તે સાધુ કે સાધ્વી સ્થિરવાસ હોય કે એક ગામથી બીજે ગામ વિચરતા હોય, તે ગામ યાવત્ રાજધાનીમાં

પહોંચે. તે ગામ કે રાજધાનીમાં તે સાધુના માતા–પિતા આદિ પૂર્વ પરિચિત કે શ્વશુર આદિ પશ્ચાત્ પરિચિત રહેતા હોય. જેમ કે ગૃહસ્થ યાવત્ કર્મચારિણી. તો આવા ઘરોમાં ભિક્ષાકાળ પૂર્વે આહારાર્થે આવે–જાય નહીં. કેમ કે કેવલી ભગવંતે તેને કર્મબંધનું કારણ કહ્યું છે. તેમને પહેલાં આવેલા જોઈને ગૃહસ્થો સાધુ નિમિત્તે રસોઈની સામગ્રી એકઠી કરશે કે બનાવશે.

હવે સાધુને પૂર્વોપદિષ્ટ મર્યાદા છે કે આવા ઘરોમાં આહાર–પાણી માટે ભિક્ષાના સમય પહેલાં પ્રવેશ કે નિષ્ક્રમણ ન કરે. કદાચ ક્યારેક જવાનો પ્રસંગ આવે તો જ્યાં સંબંધીજનોનું આવાગમન ન હોય, કોઈ તેને દેખે નહીં તેવા એકાંત સ્થાને ઊભા રહે અને ભિક્ષાકાળે જ ત્યાં પ્રવેશ કરે. સ્વજનાદિથી ભિન્ન અન્યાન્ય ઘરોમાં સામુદાનિક રૂપે એષણીય અને વેષમાત્રથી પ્રાપ્ત નિર્દોષ આહારની ગવેષણા કરીને તેવો આહાર કરે.

સૂત્ર–૩૮૫

તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે અતિથિ માટે – માંસ કે મત્સ્ય–વનસ્પતિ વિશેષ ભૂંજાઈ રહ્યા છે અથવા અતિથી માટે તેલમાં તળેલ પૂરી કે પૂડલા બની રહ્યા છે, તે જોઈને અતિ શીઘ્રતાથી પાસે જઈને યાચના ન કરે. ગ્લાન સાધુ માટે આવશ્યક હોય તો જાય.

સૂત્ર–૩૮૬

તે સાધુ કે સાધ્વી કોઈપણ પ્રકારના ભોજનને ગ્રહણ કરીને સારો–સારો આહાર ખાઈને ખરાબ કે નિઃસ્વાદ આહાર પરઠવી દે તો તે માયાસ્થાનને સ્પર્શે છે, તેણે આમ ન કરવું જોઈએ. સારું કે ખરાબ બધું જ ખાવું જોઈએ, કંઈપણ પરઠવવું ન જોઈએ.

સૂત્ર–૩૮૭

તે સાધુ કે સાધ્વી કોઈપણ જાતનું પાણી ગ્રહણ કરીને મધુર–મીઠું પાણી પીવે અને કસેલું–અમનોજ્ઞ વર્ણ–ગંધવાળું પાણી પરઠવી દે, તો માયા–સ્થાનને સ્પર્શે છે, તે સાધુ એવું ન કરે. પુષ્પિત કે કાસાયિત અર્થાત્ સારા વર્ણ કે ગંધવાળું હોય અથવા ખરાબ વર્ણ કે ગંધવાળું હોય, તે બધું જ પાણી પી જાય તેમાંથી કિંચિત પણ ન પરઠવે.

સૂત્ર–૩૮૮

તે સાધુ કે સાધ્વી યાવત્ ઘણા ભોજનાદિને ગ્રહણ કરી લાવેલ હોય અને આવશ્યકતાથી અધિક હોય તો ત્યાં જે સાધર્મિક, સાંભોગિક, સમનોજ્ઞ તથા અપરિહારિક નિકટમાં હોય, તેમને પૂછ્યા કે નિમંત્રિત કર્યા વિના જો સાધુ આહાર પરઠવે તો તે માયાસ્થાનને સ્પર્શે છે, સાધુએ તેમ ન કરવું. પરંતુ આહાર લઈને ત્યાં જાય, તેમને બતાવીને કહે કે હે શ્રમણો ! આ અશનાદિ ઘણા વધુ છે, તે તમે વાપરો. તે એવું કહે ત્યારે બીજા સાધુ એમ કહે કે, હે શ્રમણ ! આ આહારમાંથી અમારાથી જેટલું ખાઈ–પી શકાશે તેટલું વાપરીશું, જો બધું વપરાશે તો બધું ખાઈશું–પીશું, તો તે આહાર આદિ તેને આપી દે.

સૂત્ર–૩૮૯

તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે આ અશનાદિ બીજાને ઉદ્દેશીને બહાર લાવેલ છે અને તેમણે મને આપવાની અનુમતિ આપી નથી અથવા અનિસૃષ્ટ છે અર્થાત્ આપનાર કે લેનાર બેમાંથી એકની ઈચ્છા નથી તો તેવા અશનાદિને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે. પરંતુ જેના માટે તે આહાર પાણી લાવ્યા હોય તેમની આજ્ઞાથી આપે અથવા તેમનો ભાગ આપી દીધા પછી દાતા આપે તો તેને પ્રાસુક માનીને યાવત્ ગ્રહણ કરે, આ જ તે સાધુ–સાધ્વીનો આચાર કે સામાચારી છે. જેનું સાધુ–સાધ્વીઓએ સમિતિ યુક્ત થઇ જ્ઞાન આદિ ઉપયોગ સહિત થઈને પાલન કરવું જોઈએ.

ચૂલિકા–૧ અધ્યયન–૧ 'પિંડ–એષણા'ના ઉદ્દેશક–૯નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૧, ઉદ્દેશક–૧૦

સૂત્ર–૩૯૦

કોઈ સાધુ એકલો બધા સાધુ માટે સાધારણ આહાર લાવેલ હોય અને તે સાધર્મિકને પૂછ્યા વિના જેને–જેને ઈચ્છે તેને–તેને ઘણું ઘણું આપે તો માયાસ્થાનને સ્પર્શે છે. તેણે એમ ન કરવું જોઈએ. તે આહાર લઈને સાધુ ત્યાં જઈને એમ કહે કે, હે આયુષ્માન્ શ્રમણો ! અહીં મારા પૂર્વ કે પશ્ચાત્ પરિચિત છે. જેમ કે – આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણી, ગણધર કે ગણાવચ્છેદક છે. તેઓને હું પર્યાપ્ત–અપર્યાપ્ત આહાર આપું ? તેને એમ કહેતા સાંભળી સાધુને આચાર્યાદિ કહે, હે આયુષ્માન્ ! તમે તમારી ઈચ્છાનુસાર યથાપર્યાપ્ત આહાર આપો. એ પ્રમાણે તેમની આજ્ઞાનુસાર જેટલો દેવાની આજ્ઞા આપે તેટલો આહાર દેવો. જો તેઓ બધો આહાર દેવાની આજ્ઞા કરે તો બધો આહાર આપી દેવો.

સૂત્ર–૩૯૧

તે ભિક્ષુ ભિક્ષામાં મનોજ્ઞ ભોજન ગ્રહણ કરીને તે આહારને તુચ્છ ભોજનથી ઢાંકી દે અને એમ વિચારે કે આ મનોજ્ઞ આહાર દેખાડીશ તો આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પોતે જ લઈ લેશે. આ ઉત્તમ ભોજનમાંથી મારે કોઈને કંઈ નથી આપવુ. એમ કરે તો તેમ કરનાર અને વિચારનાર સાધુ માયાસ્થાનને સ્પર્શે છે, સાધુએ આવું ન કરવું જોઈએ. પરંતુ મુનિ તે આહાર લઈને આચાર્યાદિ પાસે જાય, પાત્ર ખુલ્લું રાખી હાથથી આહારને ઊંચા કરી 'આ છે આ છે' એમ કહીને બધો આહાર દેખાડે, કંઈ પણ ન છૂપાવે.

કોઈ સાધુ કંઈ ભોજન લાવીને માર્ગમાં) સારું–સારું ખાઈ લે અને વિવર્ણ તથા વિરસ આહાર આચાર્યાદિને દેખાડે તો તે માયા સ્થાનને સ્પર્શે છે. સાધુએ તેવું ન કરવું જોઈએ.

સૂત્ર–૩૯૨

તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે શેરડીની ગાંઠનો મધ્ય ભાગ, શેરડીની ગંડેરી–ટૂકડા–પૂંછડું–શાખા કે ડાળી, મગ આદિની ભૂંજેલ ફળી કે ઓળા એ બધાં તથા એવા પ્રકારના કોઈ પદાર્થ જેમાં ખાવા યોગ્ય થોડું અને ફેંકી દેવા જેવું ઘણું હોય તો તે અપ્રાસુક જાણી ન લે.

સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે આ દળદાર ફળમાં ઘણી ગુટલી છે અને ઘણા કાંટાવાળી મત્સ્ય વનસ્પતિ જેમાં ખાવું થોડું અને નાંખી દેવાનું વધુ હોય તેવા ફળ કે વનસ્પતિ અપ્રાસુક સમજી ન લે.

કોઈ ગૃહસ્થ સાધુ કે સાધ્વીને ઘણા ગોઠલીવાળા દળ કે મત્સ્ય વનસ્પતિ માટે નિમંત્રણ આપે કે – હે આયુષ્માન્ શ્રમણ ! આપ આ બહુ ગોઠલીવાળા ફળને આપ લેવા ઈચ્છો છો ? આવા શબ્દો સાંભળી અને સમજીને મુનિ પહેલાં જ કહી દે કે, હે આયુષ્માન્ ! કે બહેન ! મને બહુ ગુટલીવાળા ફળ લેવા ન કલ્પે, દેવા ઈચ્છતા હો તો આ જેટલો ગર્ભ–સારભાગ છે તે મને આપો, ઠળીયા ન આપો. એમ કહેવા છતાં ગૃહસ્થ પોતાના પાત્રમાં ઠળિયાવાળા ગર્ભને લાવીને દેવા લાગે તો આવો ગર્ભ ગૃહસ્થના હાથમાં કે પાત્રમાં હોય તો અપ્રાસુક જાણી ન લે.

કદાચ ગૃહસ્થ જબરદસ્તીથી આપી દે તો હા–હૂં ન કરે, ધિક્કારે નહીં પણ તે લઈને એકાંતમાં જાય, જઈને ઉદ્યાન કે ઉપાશ્રયમાં ઇંડારહિત યાવત્ જીવજંતુરહિત ભૂમિ જોઈને ગર્ભ કે મત્સ્ય વનસ્પતિ ખાઈને ઠળિયા તથા કાંટાને લઈને એકાંતમાં જાય, જઈને દગ્ધાદિ અચિત્તભૂમિમાં યાવત્ પ્રમાર્જન કરીને પરઠવી દે.

સૂત્ર–૩૯૩

તે સાધુ કે સાધ્વી યાવત્ કોઈ ગ્લાન સાધુ માટે ખાંડ આદિની યાચના કરે ત્યારે ગૃહસ્થ પોતાના પાત્રમાં વિટલૂણ કે ઉદ્‌ભિજ મીઠું લાવીને તેને વિભક્ત કરીને થોડો ભાગ કાઢીને દેવા લાગે તો તેવુ મીઠું ગૃહસ્થના પાત્રમાં કે હાથમાં હોય ત્યારે જ તેને અપ્રાસુક જાણીને ગ્રહણ ન કરે. કદાચિત્ અજાણતા લેવાઈ જાય અને પછી થોડે દૂર જઈને ખ્યાલ આવે તો તેને લઈને ગૃહસ્થના ઘેર પાછા ફરીને તેને સાધુ પૂછે કે, હે આયુષ્યમાન્ ! તમે આ જાણીને આપ્યું કે

અજાણતા ? જો તે એમ કહે કે મેં જાણી જોઈને નથી આપ્યુ, અજાણતા આપેલ છે. હે આયુષ્યમાન્ ! તે આપને કામ આવે તો આપને સ્વેચ્છાએ આપું છું. આપ તે ઉપભોગ કરો કે પરસ્પર વહેંચી લો.

આ પ્રમાણે તે ગૃહસ્થે વસ્તુની અનુજ્ઞા આપી હોય, સમર્પિત કરી હોય તેને યતનાપૂર્વક ખાય કે પીવે. અથવા પોતે તે ખાવા કે પીવા સમર્થ ન હોય તો ત્યાં વસતા સાધર્મિક, સાંભોગિક, સમનોજ્ઞ અને અપરિહારિકને આપે અથવા ત્યાં કોઈ સાધર્મિક આદિ ન હોય તો વધારાનો આહાર યથા–વિધિ પરઠવી દે. આ જ સાધુ–સાધ્વીનો આચાર છે. જેનું સાધુ–સાધ્વીઓએ સમિતિ યુક્ત થઇ જ્ઞાન આદિ ઉપયોગ સહિત થઈને પાલન કરવું જોઈએ. આ એષણાવિધિ વિવેક છે.)

ચૂલિકા–૧ અધ્યયન–૧ 'પિંડ–એષણા'ના ઉદ્દેશક–૧૦નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૧, ઉદ્દેશક–૧૧

### સૂત્ર–૩૯૪

એક સ્થાને સ્થિર કે ગ્રામાનુગ્રામ વિચરતા આવેલ સંભોગી કે વિસંભોગી સાધુ ભિક્ષામાં મનોજ્ઞ ભોજન પ્રાપ્ત કરીને કોઈ સાધુને કહે– આ આહાર આપ લઈ લેજો અને આપની સાથે જે સાધુ ગ્લાન છે, તેને આપજો, જો તે ગ્લાન સાધુ ન વાપરે તો તમે વાપરજો. તે મુનિ આવું મનોજ્ઞ ભોજન લઈને એમ વિચારે કે હું એકલો જ આ આહાર વાપરીશ અને તેને છૂપાવી બીમાર મુનિને કહે કે, આ ભોજન લૂખું છે, કડવું છે, તુરું છે, તીખું છે, ખાટું છે, મીઠું છે, બીમાર માટે યોગ્ય નથી. તો તે પાપાચારી સાધુ માયાસ્થાનને સ્પર્શે છે, તેણે એમ કરવું જોઈને નહીં, પણ જેવું ભોજન લાવેલ હોય, તેવું જ બીમારને બતાવે અને આહાર જેવો હોય તેવો જ કહે. જેમ કે– તીખાને તીખું, કડવાને કડવું, તુરું હોય તો તુરું વગેરે.

### સૂત્ર–૩૯૫

એક સ્થાને સ્થિર કે ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ ભિક્ષામાં મનોજ્ઞ ભોજન પ્રાપ્ત કરીને કોઈ સાધુને કહે, ગ્લાન સાધુ માટે આ મનોજ્ઞ આહાર લઈ જાઓ, જો તે સાધુ ન વાપરે, તો તમે મને પાછો આપજો. ત્યારે લેનાર મુનિ કહે કે, જો કોઈ વિઘ્ન નહીં હોય તો આપને પાછો આપી જઈશ. પછી પોતે ખાઈ જાય તો તે કર્મબંધનું કારણ છે, માટે તેમ ન કરવું.

### સૂત્ર–૩૯૬

સંયમશીલ સાધુ સાત 'પિંડૈષણા' અને સાત 'પાનૈષણા' જાણે. તે આ પ્રમાણે –

૧. અસંસૃષ્ટ અર્થાત્ કોઈ વસ્તુથી ખરડાયેલ ન હોય તેવા હાથ, અસંસૃષ્ટ પાત્ર, તે પ્રકારના અસંસૃષ્ટ હાથ કે પાત્ર હોય તો અશનાદિ સ્વયં યાચે કે ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને ગ્રહણ કરે તે પહેલી 'પિંડૈષણા'.

૨. સંસૃષ્ટ અર્થાત્ અચિત વસ્તુ વડે ખરડાયેલ  હાથ, સંસૃષ્ટ પાત્ર – હોવા તે બીજી 'પિંડૈષણા'.

૩. પૂર્વાદિ દિશામાં ઘણા શ્રદ્ધાળુ ગૃહસ્થ યાવત્ કર્મકારિણી રહે છે – તેમને ત્યાં વિવિધ વાસણો જેવા કે, થાળી, તપેલી, કથરોટ, સુપડા, ટોકરી, મણિજડિત વાસણોમાં પહેલાંથી ભોજન રખાયેલ હોય, પછી સાધુ એમ જાણે કે, અલિપ્ત હાથ–લિપ્ત વાસણ, લિપ્ત હાથ–અલિપ્ત વાસણ છે તો તે પાત્રધારી કે કરપાત્રી પહેલાં જ કહી દે કે, હે આયુષ્યમાન્ ! તમે મને અલિપ્ત હાથ–લિપ્ત વાસણ કે લિપ્ત હાથ અલિપ્ત વાસણથી અમારા પાત્ર કે હાથમાં લાવીને આપે. તો તેવું ભોજન સ્વયં કે યાચીને મળે તો પણ અપ્રાસુક અને અનેષણીય સમજીને ન લે તે ત્રીજી 'પિંડૈષણા'.

૪. તે સાધુ યાવત્ જાણે કે, તુષરહિત મમરા યાવત્ ખાંડેલા ચોખા ગ્રહણ કરવાથી પશ્ચાત્ કર્મદોષ નથી, ફોતરા ઉડાડવા પડે તેમ નથી તો તેવા પ્રકારના મમરા યાવત્ ખાંડેલા ચોખા સ્વયં યાચે કે ગૃહસ્થ આપે તો પ્રાસુક અને એષણીય સમજી મળે તો લો. આ ચોથી 'પિંડૈષણા'.

૫. સાધુ યાવત્ જાણે કે, ગૃહસ્થે પોતા માટે શકોરા, કાંસાની થાળી કે માટીના વાસણમાં ભોજન કાઢેલ હોય, પછી સાધુ એમ જાણે કે તે પાણીથી ધોયેલ પણ હવે લિપ્ત નથી તો તેવા પ્રકારના આહારને યાવત્ અપ્રાસુક જાણી ગ્રહણ કરે, આ પાંચમી 'પિંડૈષણા'.

૬. તે સાધુ યાવત્ જાણે કે ગૃહસ્થ પોતા માટે કે બીજા માટે વાસણમાં ભોજન કાઢેલ હોય, પણ જેને માટે કાઢેલ છે તેણે ગ્રહણ કરેલ ન હોય, તેવા પ્રકારનું ભોજન ગૃહસ્થના પાત્ર કે હાથમાં હોય તે પ્રાપ્ત થવા પર પ્રાસુક અને એષણીય જાણી ગ્રહણ કરે, આ છઠ્ઠી 'પિંડૈષણા'.

૭. તે સાધુ યાવત્ પ્રતિજ્ઞા કરે કે, હું ફેંકી દેવા યોગ્ય આહાર યાચીશ. જે બીજા ઘણા દ્વિપદ, ચતુષ્પદ, શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, વનીપક પણ ન ઇચ્છે. આવું ઉજ્ઝિતધર્મીય અર્થાત્ ફેંકી દેવા યોગ્ય ભોજન સ્વયં યાચે કે બીજા આપે તો યાવત્ તેને ગ્રહણ કરે. આ સાતમી 'પિંડૈષણા'.

આ પ્રમાણે સાત 'પિંડૈષણા' કહી. હવે સાત 'પાનૈષણા' કહે છે. તેમાં આ પહેલી પાનૈષણા - અસંસૃષ્ટ અર્થાત્ લિપ્ત ન હોય તેવા હાથ, અસંસૃષ્ટ વાસણ. શેષ વર્ણન પૂર્વવત્ જાણવું. ચોથી પાનૈષણામાં એટલું વિશેષ કે, તે સાધુ–સાધ્વી પાણીના વિષયમાં એમ જાણે કે તલ આદિનું ધોવાણ ગ્રહણ કર્યા પછી પશ્ચાત્ કર્મ ન લાગે તો તેવા પ્રકારના પાનકને પ્રાસુક જાણી ગ્રહણ કરે.

સૂત્ર–૩૯૭

આ સાત પિંડૈષણા તથા સાત પાનૈષણામાંથી કોઈપણ એક પ્રતિમાને ધારણ કરનાર મુનિ એવું ન કહે કે, આ બધાં સાધુઓએ મિથ્યારૂપથી પ્રતિમા અંગીકાર કરી છે, હું એકલો જ શુદ્ધ પ્રતિમા–અભિગ્રહ)ને વહન કરું છું. પરંતુ તે એમ કહે કે–) જે આ સાધુ ભગવંતો આ પ્રતિમા સ્વીકારીને વિચરે છે અને જે હું પણ આ પ્રતિમાને સ્વીકારીને વિચરું છું તે બધાં જિનાજ્ઞામાં ઉદ્યત છે તે અન્યોન્ય સમાધિસહ વિચરે છે. આ જે તે સાધુ–સાધ્વીની સમગ્રતા–સાધુપણું છે. એ પ્રમાણે તીર્થંકરોએ ખેલ છે.

ચૂલિકા–૧ અધ્યયન–૧ 'પિંડ–એષણા'ના ઉદ્દેશક–૧૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૧–નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# શ્રુતસ્કંધ-૨, ચૂલિકા-૧ અધ્યયન-૨

## ચૂલિકા-૧, અધ્યયન-૨/[૧૧] "શય્યૈષણા"

### ઉદ્દેશક-૧

સૂત્ર-૩૯૮

તે સાધુ કે સાધ્વી ઉપાશ્રયની ગવેષણા કરવા ઇચ્છે તો ગામ યાવત્ રાજધાનીમાં પ્રવેશીને તે જાણે કે આ ઉપાશ્રય ઇંડા યાવત્ જાળાથી યુક્ત છે, તો તેવા પ્રકારના ઉપાશ્રયમાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે. પણ જે ઉપાશ્રયને ઇંડા યાવત્ જાળાથી રહિત જાણે તે પ્રકારના ઉપાશ્રયનું સારી રીતે પડિલેહણ-પ્રમાર્જન કરી ત્યાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય કરે.

સાધુ-સાધ્વી એવા ઉપાશ્રયને જાણે કે કોઈ એક સાધુના નિમિત્તે ગૃહસ્થે પ્રાણી-ભૂત-જીવ-સત્ત્વોનો સમારંભ કરી બનાવેલ છે, ખરીદેલ છે, ઉધાર લીધેલ છે, છીનવેલ છે, અનિસૃષ્ટ અર્થાત્ બળજબરીથી છીનવી લીધેલ છે કે અભિહૃત અર્થાત્ સામેથી આવીને બનાવેલ છે તો આ પ્રકારનો ઉપાશ્રય પુરુષાંતર કૃત્ હોય કે અપુરુષાંતર કૃત્ અર્થાત્ આવો ઉપાશ્રય કદાચ તેના માલિકે બીજાને સોપી દીધેલ હોય, તેને હજી તે ઉપાશ્રયનું સેવન કરેલ ન હોય યાવત્ તે અનાસેવિત- તેને હજી તે ઉપાશ્રયનું સેવન કરેલ ન હોય તો ત્યાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે.

એ જ રીતે ૧- ઘણા સાધુ, ૨- એક સાધ્વી, ૩- ઘણા સાધ્વી એવા ત્રણ આલાપકો જાણવા. આ ત્રણેમાં સાધુ સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે.

તે સાધુ કે સાધ્વી ઉપાશ્રય વિષે જાણે કે તે ઘણા શ્રમણ, વનીપક આદિને ગણી-ગણીને તેઓના નિમિત્તે બનાવેલ છે ઇત્યાદિ પૂર્વ આલાપક મુજબ જાણવુ યાવત્ તે અકલ્પનીય છે, તેમાં સ્વાધ્યાયાદિ ન કરે.

તે સાધુ કે સાધ્વી એમ જાણે કે આ ઉપાશ્રય ઘણા શ્રમણાદિને ઉદ્દેશીને પ્રાણી આદિ હિંસા કરીને બનાવેલ છે તે પ્રકારનો ઉપાશ્રય અપુરુષાંતર કૃત્ યાવત્ અનાસેવિત છે, તો ત્યાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે. પરંતુ જો તે પુરુષાંતર કૃત્ છે એમ જાણે યાવત્ આસેવિત હોય તો તેનું પ્રતિલેખન-પ્રમાર્જન કરી ઉપયોગમાં લે.

તે સાધુ કે સાધ્વી જાણે કે આ ઉપાશ્રય ગૃહસ્થે સાધુના નિમિત્તે બનાવેલ છે, કાષ્ઠાદિ લગાવી સંસ્કારેલ છે, વાંસ આદિથી બાંધેલ છે. આચ્છાદિત કરેલ છે, લીંપેલ છે, સંવારેલ છે, ઘસેલ છે, ચીકણો કરેલ છે, સુવાસિત કર્યો છે, તેવા પ્રકારનો ઉપાશ્રય અપુરુષાંતર કૃત્ યાવત્ અનાસેવિત હોય તો ત્યાં સ્થાન, શય્યા, સ્વાધ્યાયાદિ ન કરે. પણ જો તે પુરુષાંતર કૃત્ યાવત્ આસેવિત હોય તો પ્રતિલેખના કરી ઉપયોગ કરે.

સૂત્ર-૩૯૯

તે સાધુ કે સાધ્વી એમ જાણે કે ગૃહસ્થે સાધુ નિમિત્તે ઉપાશ્રયના નાના દ્વારોને મોટા કર્યા છે ઇત્યાદિ પિંડૈષણા અધ્યયન મુજબ જાણવું. આવો ઉપાશ્રય બીજા પુરુષે કામમાં લીધો ન હોય ત્યાં સુધી સાધુ યાવત્ ત્યાં સંથારો ન કરે, પુરુષાંતરકૃત્ હોય તો યાવત્ સંથારો કરે. એ જ રીતે વનસ્પતિ આદિ ઉખેડી બહાર લઈ જવાય છે તે જુએ તો તેવા ઉપાશ્રયમાં યાવત્ સ્થાનાદિ ન કરે, પણ જો કોઈએ તેને ઉપયોગમાં લીધો હોય તો યતનાપૂર્વક પડિલેહણ કરી યાવત્ સ્થાનાદિ કરે.

તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે ગૃહસ્થે સાધુ નિમિત્તે પાણીથી ઉત્પન્ન કંદ, મૂલ, પાન, પુષ્પ, ફળ, બીજ કે વનસ્પતિ એક સ્થાનેથી બીજે સ્થાને લઈ જઈ રહ્યા છે. તે ઉપાશ્રય અપુરુષાંતરકૃત્ હોય તો ત્યાં સ્થાનાદિ ન કરે, જો પુરુષાંતરકૃત્ હોય તો ત્યાં સ્થાનાદિ કરે. .... તે સાધુ કે સાધ્વી જાણે કે ગૃહસ્થ સાધુ નિમિત્તે બાજોઠ, પાટિયું, નિસરણી કે ખાંડણિયો એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જાય છે તો તેવા પ્રકારનો ઉપાશ્રય યાવત્ અપુરુષાંતરકૃત્ હોય તો ત્યાં સ્થાનાદિ ન કરે, પુરુષાંતરકૃત્ હોય તો યાવત્ સાધુ તેમાં સ્થાનાદિ કરે.

સૂત્ર–૪૦૦

તે સાધુ કે સાધ્વી જાણે કે આ ઉપાશ્રય સ્થંભ, માંચડા, માળ, પ્રાસાદ, મંજીલ કે પ્રાસાદતલ ઉપર અથવા કોઈ ઊંચા સ્થાને બનાવેલ છે તો અત્યંત ગાઢ કારણ વિના તે સ્થાને વાસ ન કરે, કદાચ ત્યાં રહેવું પડે તો ત્યાં પ્રાસુક શીતલ જળથી હાથ, પગ, આંખ, દાંત કે મુખ એક વખત કે વારંવાર સાફ ન કરે તથા મળ, મૂત્ર, કફ, લીંટ, ઉલટી, પીત, પરુ, લોહી કે શરીરના અન્ય ભાગેથી નીકળતી અશુચિનો ત્યાગ ન કરે. કેમ કે કેવલી ભગવંતે તેને કર્મબંધનું કારણ કહ્યું છે. વળી સંભવ છે કે ઉપરથી ફેંકવા જતા સાધુ લપસે કે પડે. લપસવા કે પડવાથી તેના હાથ યાવત્ મસ્તક કે શરીરનો અન્ય કોઈ ભાગ તૂટી જાય. તેમજ ત્યાં રહેલા પ્રાણી આદિની હિંસા યાવત્ મૃત્યુ થાય.

સાધુની પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે તેવા પ્રકારના ઊંચા ઉપાશ્રયમાં સ્થાન, શયન, સ્વાધ્યાયાદિ ન કરવા.

સૂત્ર–૪૦૧

તે સાધુ કે સાધ્વી એમ જાણે કે ઉપાશ્રય સ્ત્રીઓ, બાળકો, ક્ષુદ્ર પશુ–પ્રાણીથી યુક્ત છે, પશુઓના ભોજન પાણીથી યુક્ત છે, તો આવા ગૃહસ્થ સંસર્ગવાળા મકાનમાં સ્થાન, સ્વાધ્યાય ન કરે. એમ કરતા કર્મબંધન થાય છે; ગૃહસ્થ સંસર્ગવાળી વસતિમાં સાધુને અલસગહાથ પગ શૂન્ય થવાથી થનારી એક બીમારી), વિશૂચિકા, વમન કે બીજી કોઈ વ્યાધિ થાય કે તેવા કોઈ દુઃખ કે રોગાંતક ઉત્પન્ન થાય ત્યારે ગૃહસ્થ કરુણાથી પ્રેરાઈને તે સાધુના શરીર પર તેલ, ઘી, માખણ કે ચરબીથી માલીશ કે મર્દન કરશે, સ્નાન કરાવશે, કલ્ક–લોધ્ર–વર્ણ–ચૂર્ણ કે પદ્મ આદિ થી ઘસી–ઘસીને માલીશ કરશે, મસળશે–મર્દન કરશે. ઠંડા કે ગરમ પાણીથી પ્રક્ષાલન કરશે, સ્નાન કરાવશે, સિંચશે; લાકડાં પરસ્પર ઘસી અગ્નિ પ્રગટાવશે – પ્રજ્વલિત કરશે, આગ જલાવીને શરીરને સેકશે–તપાવશે. તેથી સાધુનો પૂર્વોપદિષ્ટ આચાર છે કે તેવા પ્રકારના ગૃહસ્થયુક્ત ઉપાશ્રયમાં સાધુ–સાધ્વી સ્થાન, શય્યા, સ્વાધ્યાયાદિ ન કરે.

સૂત્ર–૪૦૨

ગૃહસ્થના સંસર્ગવાળા મકાનમાં રહેવું તે સાધુ માટે કર્મબંધનું કારણ છે, કેમ કે ગૃહસ્થથી માંડીને કર્મચારિણી આદિ પરસ્પર આક્રોશ કરતા હોય, કુવચન બોલતા હોય, એકબીજાને રોકતા હોય, ઉપદ્રવ કરતા હોય; આવું બધું જોઈને સાધુનું મન ઊંચું નીચું થઈ જાય અને મનમાં વિચારે કે આ લોકો ઝઘડે તો સારું અથવા ન ઝઘડે તો સારું યાવત્ મારે તો સારું કે ન મારે તો સારું. તેથી સાધુ માટે આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે તેવા ગૃહસ્થયુક્ત સ્થાનમાં સ્થાનાદિ ન કરે.

સૂત્ર–૪૦૩

ગૃહસ્થ સાથે વાસ કરનાર સાધુને કર્મબંધ થાય. કેમ કે ગૃહસ્થ પોતાના માટે આગ પ્રગટાવશે, પ્રજ્વલિત કરશે કે બુઝાવશે. તે જોઈ મુનિનું મન ઊંચું–નીચું થશે. તે વિચારશે કે આ અગ્નિકાયને પ્રગટાવે–ન પ્રગટાવે, પ્રજ્વલિત કરે–ન કરે, ઠારે–ન ઠારે તો સારું. તેથી સાધુની પૂર્વોપદિષ્ટ આચાર–પ્રતિજ્ઞા છે, એ જ હિતકર છે કે સાધુ તેવા ઉપાશ્રયમાં ન રહે, શયન–આસન આદિ ન કરે.

સૂત્ર–૪૦૪

ગૃહસ્થ સાથે નિવાસ કરનાર સાધુને કર્મબંધ થાય છે. કેમ કે – ગૃહસ્થના કુંડલ, કંદોરો, મણિ, મોતી, હિરણ્ય, સુવર્ણ, કડા, બાજુબંધ, ત્રિસરો હાર, પ્રલંબ હાર, અર્ધહાર, એકાવલી, કનકાવલી, મુક્તાવલી, રત્નાવલી આદિથી સજ્જ તરુણી કે કુમારીને અલંકૃત – વિભૂષિત જોઈને સાધુનું મન ઊંચું–નીચું થાય, વિચારે કે આ સુંદર લાગે છે – નથી લાગતી, ઉપભોગ્ય છે કે નથી. તે આવું બોલે, અનુમોદે. તેથી સાધુનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે એ જ હિતકર છે કે સાધુ તેવા ઉપાશ્રયમાં ન રહે, શયન–આસન આદિ ન કરે.

સૂત્ર–૪૦૫

સાધુ કે સાધ્વીને ગૃહસ્થ સાથે વસતા કર્મબંધ થાય છે. જેમ કે – અહીં ગૃહસ્થની પત્ની કે પુત્રવધૂ, પુત્રી,

ધાત્રી, દાસી, નોકરાણી મુનિને જોઈને પરસ્પર વાર્તાલાપ કરશે કે જે આ શ્રમણ ભગવંત મૈથુન ધર્મથી વિરત છે, તેમને મૈથુન સેવન કે તેની અભિલાષા પણ ન કલ્પે. આવા સાધુ સાથે કોઈ સ્ત્રી મૈથુન સેવે તો તેણીને પુત્ર પ્રાપ્તિ થાય. જે ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી, યશસ્વી, દેખાવડો અને વિજયી હોય. આવા પ્રકારની વાત સાંભળી, સમજી તેમાંની કોઈ સ્ત્રી તે તપસ્વી ભિક્ષુને મૈથુન ધર્મ માટે પ્રલોભન આપી આકર્ષીત કરશે. તેથી સાધુનો પૂર્વોપદિષ્ટ આચાર છે કે સાધુ તેવી વસતીમાં સ્થાન, શય્યા, સ્વાધ્યાય ન કરે, તે જ ભિક્ષુધર્મ છે. તેમ તીર્થંકરે કહેલ છે.

ચૂલિકા-૧ અધ્યયન-૨ 'શય્યૈષણા'ના ઉદ્દેશક-૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા-૧, અધ્યયન-૨, ઉદ્દેશક-૨

સૂત્ર-૪૦૬

કોઈ ગૃહસ્થ શૂચિ સમાચાર અર્થાત્ બાહ્ય શુદ્ધિનું પાલન કરનાર હોય, સાધુ તો સ્નાનત્યાગી હોય તેમાં કોઈ મોક પ્રતિમાધારી હોય અર્થાત્ સ્વ મૂત્રનો ઉપયોગ કરનારા હોય, તે ગંધ ગૃહસ્થને દુર્ગંધ, પ્રતિકૂળ, અપ્રિય લાગે. તેમજ સાધુને કારણે ગૃહસ્થ પહેલાં કરવાનું કાર્ય પછી, પછી કરવાનું કાર્ય પહેલાં કરે, વળી ભોજનાદિ કાર્ય કરે કે ન કરે. તેથી સાધુની આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે તે આવી વસતીમાં વાસ ન કરે.

સૂત્ર-૪૦૭

ગૃહસ્થ સાથે રહેનાર સાધુને કર્મબંધ થાય છે. ગૃહસ્થ પોતા માટે વિવિધ પ્રકારનું ભોજન બનાવેલ હશે. તે સાધુ નિમિત્તે પોતાની સાથે વસતા સાધુને જોઇને તેના માટે પણ અશનાદિ બનાવશે કે લાવશે. સાધુ તે ખાવા કે પીવાની ઇચ્છા કરશે. અથવા આહાર લોલૂપ બની ત્યાં જ રહેશે. તેથી સાધુની આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે સાધુ આવા સ્થાનમાં વાસ ન કરે.

સૂત્ર-૪૦૮

ગૃહસ્થ સાથે રહેનાર મુનિને કર્મબંધ થાય છે. ગૃહસ્થ પેતાના માટે વિવિધ પ્રકારના કાષ્ઠ પહેલાંથી કાપી રાખે છે. પછી તે સાધુ નિમિત્તે વિવિધ પ્રકારે કાષ્ઠ કાપે, ખરીદે કે ઉધાર લે. લાકડાં સાથે લાકડું ઘસીને આગ સળગાવે કે પ્રજ્વલિત કરે. આ જોઈ સાધુને અગ્નિનો આતાપ-પ્રતાપ લેવાની ઇચ્છા થાય, ત્યાં રહેવાની કામના કરે. તેથી સાધુની આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે સાધુ આવા સ્થાનમાં વાસ ન કરે.

સૂત્ર-૪૦૯

ગૃહસ્થ સાથે એક વસતીમાં રહેનાર સાધુ કે સાધ્વી મળ-મૂત્રની બાધા થતાં રાત્રે કે વિકાલે ગૃહસ્થના ઘરનું દ્વારભાગ ખોલશે, ત્યારે કદાચિત અવસર શોધતો કોઈ ચોર ઘરમાં પ્રવેશી જાય, ત્યારે તે સાધુને એમ કહેવું ન કલ્પે કે ચોર પ્રવેશી રહ્યો છે કે નહીં, છૂપાઈ રહ્યો છે કે નહીં, આવે છે કે નહીં, બોલે છે કે નથી બોલતો. તેણે ચોરી કરી કે બીજાએ કરી, આ ચોર છે કે તેનો સાથી છે, આ ઘાતક છે, એમણે આ કાર્ય કર્યું છે; મુનિ પોતાના આચાર અનુસાર કઈ કહી ન શકે. તે તપસ્વી સાધુ પર ગૃહસ્થને ચોર હોવાની શંકા થાય છે. તેથી સાધુનો એ પૂર્વોપદિષ્ટ આચાર છે કે ગૃહસ્થયુક્ત સ્થાનમાં નિવાસ આદિ ન કરે.

સૂત્ર-૪૧૦

તે સાધુ-સાધ્વી યાવત્ જાણે કે ઘાસ કે પલાલના ઢેર, ઇંડા યાવત્ જાળા છે, તો તેવા ઉપાશ્રયમાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે. પણ જો સાધુ-સાધ્વી જાણે કે ઘાસ આદિ નથી તો તે સ્થાને નિવાસ કરે.

સૂત્ર-૪૧૧

સાધુ-સાધ્વી ધર્મશાળા, ઉદ્યાનગૃહ, ગૃહસ્થના ઘર કે તાપસના મઠમાં જ્યાં વારંવાર બીજા સાધુઓ આવતા હોય ત્યાં રહેવું નહીં.

સૂત્ર–૪૧૨

જે ધર્મશાળા આદિમાં જે સાધુ ઋતુબદ્ધ કાળ કે વર્ષાવાસ રહ્યા હોય ત્યાં જ ફરી નિવાસ કરે તો હે આયુષ્યમાન શ્રમણો! કાલાતિક્રમ દોષ લાગે છે.

સૂત્ર–૪૧૩

હે આયુષ્યમાન્ ! જે સાધુ ધર્મશાળાદિમાં ઋતુબદ્ધ કે વર્ષાવાસ કલ્પ વીતાવે તેના કરતા બમણો–ત્રણગણો કાળ વ્યતીત કર્યા વિના ત્યાં ચોમાસું કે માસકલ્પ કરે તો તેને 'ઉપસ્થાન ક્રિયા' અર્થાત્ 'કાલ–મર્યાદા પૂર્ણ થયા વિના ત્યાં આવીને રહેવું' નામનો દોષ લાગે.

સૂત્ર–૪૧૪

આ જગતમાં પૂર્વાદિ દિશાઓમાં ગૃહપતિ યાવત્ નોકરાણી જેવા કેટલાક શ્રદ્ધાળુઓ હોય છે, તેઓએ સાધુના આચાર–વિચાર સારી રીતે સાંભળેલા હોતા નથી. તે ગૃહસ્થો સાધુ પ્રત્યે શ્રદ્ધા, પ્રીતિ, રુચિ રાખતા ઘણા પ્રકારના શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વનીપકને આશ્રીને રહેવા સ્થાનાદિ તૈયાર કરાવે છે. જેવા કે– લુહારશાળા, આયતન, દેવકુલ, સભાઓ, પરબો, દુકાન, વખાર, વાહનઘર, યાનશાળાઓ, ચૂનાનું કારખાનું, દર્ભશાળા, ચર્માલય, વલ્કલશાળા, કોલસાના કારખાના, લાકડાના કારખાના, સ્મશાનગૃહ, શૂન્યગૃહ, પર્વતીયગૃહ, પર્વતગુફાગૃહ, પાષાણ મંડપ કે ભવનગૃહો. જે સાધુ તેવા પ્રકારની લુહારશાળા યાવત્ ભવનગૃહોમાં નિવાસ કરે છે, હે આયુષ્યમાન્ ! આવા તૈયા કરેલા સ્થાનોમાં જો શાક્યાદિ કે બીજા શ્રમણ બ્રાહ્મણ આદિ પહેલા આવીને રહી જાય ત્યાર પછી સાધુ ત્યાં નિવાસ આદિ કરે તેને અભિકાંત ક્રિયા વસતી કહેવાય છે.

સૂત્ર–૪૧૫

આ જગતમાં પૂર્વ આદિ દિશામાં રહેતા ગૃહસ્થ યાવત્ ઘણા શ્રમણ, આદિને ઉદ્દેશીને વિશાળ મકાન બનાવે. જેમ કે લુહાર શાળા યાવત્ ભવનગૃહ. જે સાધુ આવા ગૃહોમાં ઊતરે કે જ્યાં ચરકાદિ પરિવ્રાજક વગેરે કોઈ પહેલાં રહ્યા ન હોય, તો તે અનભિક્રાંત ક્રિયા વસતી કહેવાય. આવા પ્રકારની વસ્તીમાં રહેવું સાધુને કલ્પનીય નહિ.

સૂત્ર–૪૧૬

આ જગતમાં પૂર્વ આદિ દિશામાં ગૃહસ્થ યાવત્ નોકરાણી રહે છે, તેઓને પહેલાંથી એ જ્ઞાત હોય છે કે આ શ્રમણ ભગવંતો યાવત્ મૈથુન કર્મથી વિરમેલા છે. આ મુનિઓને આધાકર્મિક ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી, તેથી આપણે આપણા માટે જે લુહારશાળા યાવત્ ભવનગૃહ બનાવેલ છે, તે બધાં આ મુનિઓને રહેવા આપીશું, પછી આપણે આપણા માટે બીજી લુહારશાળા યાવત્ ગૃહો બનાવીશું. આવા તેમના વાર્તાલાપને સાંભળીને, સમજીને જે સાધુ તેવા પ્રકારની લુહારશાળા યાવત્ ગૃહોમાં નિવાસ કરે કે તેવી રીતે બીજાના આપેલા મકાનમાં રહે તો હે શિષ્ય! તે વર્જ્યક્રિયા વસતી છે. આવા પ્રકારની વસ્તીમાં રહેવું સાધુને કલ્પનીય નહિ.

સૂત્ર–૪૧૭

આ જગતમાં પૂર્વાદિ ચારે દિશામાં કેટલાક શ્રદ્ધાળુ હોય છે. તેઓને સાધુના આચાર ગોચરનું જ્ઞાન હોતું નથી યાવત્ શ્રદ્ધાથી ઘણા શ્રમણ, બ્રાહ્મણ યાવત્ વનીપકની ગણના કરીને તેમના માટે તે ગૃહસ્થો મકાનો બનાવે છે – જેવા કે લુહારશાળા યાવત્ ભવનગૃહ. જે સાધુ તેવા પ્રકારના ગૃહોમાં નિવાસ કરે છે કે એક બીજાના આપેલા ગૃહોમાં રહે છે, તે મહાવર્જ્યક્રિયા વસતી છે. આવા પ્રકારની વસ્તીમાં રહેવું સાધુને કલ્પનીય નહિ.

સૂત્ર–૪૧૮

આ સંસારમાં પૂર્વાદિ દિશામાં કેટલાક શ્રદ્ધાળુ રહે છે, જે શ્રદ્ધા, પ્રીતિ અને રુચિથી ઘણા શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વનીપક ને ગણી–ગણીને તેમના માટે લુહારશાળા યાવત્ ભવનગૃહો બનાવે છે. જે સાધુ આવી લુહારશાળાદિમાં નિવાસ કરે કે એક બીજાના આપેલા ગૃહોમાં રહે છે તે હે આયુષ્યમાન્ ! સાવદ્યક્રિયા વસતી છે.

સૂત્ર–૪૧૯

આ જગતમાં પૂર્વાદિ દિશામાં શ્રદ્ધાળુ રહે છે યાવત્ કેવળ રુચિ માત્રથી કોઈ એક શ્રમણવર્ગને ઉદ્દેશીને ગૃહસ્થો લુહારશાળા યાવત્ ગૃહો બનાવે છે. તેઓ ઘણા જ પૃથ્વીકાય યાવત્ ત્રસકાયનો આરંભ કરીને, વિવિધ પ્રકારના ઘણા પાપકર્મો કરીને જેવા કે– આચ્છાદન, લેપન, બેઠક કે દ્વાર બંધ કરવા, શીતજળ નાંખવુ, અગ્નિકાયને પૂર્વે પ્રગટાવવો આદિ. જે સાધુ આવા પ્રકારની લુહારશાળા આદિમાં રહે કે એક બીજાના આપેલા ગૃહોમાં રહે છે તે દ્વિપક્ષ કર્મને સેવે છે. હે આયુષ્યમાન્ ! તે મહાસાવદ્યક્રિયા વસતી છે.

સૂત્ર–૪૨૦

આ જગતમાં પૂર્વાદિ દિશામાં યાવત્ રુચિથી પોતાના માટે ગૃહસ્થો પૃથ્વીકાય–અપ્કાય આદિનો સમારંભ કરી મકાન બનાવે છે. જે મુનિ તેવા પ્રકારના લુહારશાળાદિ સ્થાનમાં રહે છે કે અન્યાન્ય પ્રદત્ત સ્વીકારે છે, તેઓ એકપક્ષી કર્મનું સેવન કરે છે. હે આયુષ્યમાન્ ! આ અલ્પ–સાવદ્ય ક્રિયા વસતી છે, સાધુ ત્યાં નિવાસ આદિ કરી શકે છે. આ તે સાધુ–સાધ્વીનો સમગ્ર ભિક્ષુભાવ અર્થાત્ આચાર છે. તેનું મુનિ યથાવિધિ પૂર્ણરૂપે પાલન કરે.

**ચૂલિકા–૧ અધ્યયન–૨ 'શય્યૈષણા'ના ઉદ્દેશક–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## ચૂલિકા–૧, અધ્યયન–૨, ઉદ્દેશક–૩

સૂત્ર–૪૨૧

તે પ્રાસુક, ઉંછ અર્થાત્ લીંપણ આદિ દોષ રહિત, એષણીય ઉપાશ્રય સુલભ નથી અને આ સાવદ્યકર્મોના કારણે નિર્દોષ વસતી દુર્લભ છે. જેમ કે – આચ્છાદન, લેપન, સંથારાભૂમિને દ્વાર લગાવવા, કદાચ ઉક્ત દોષરહિત ઉપાશ્રય મળી પણ જાય, તો પણ આવશ્યક ક્રિયા યોગ્ય ઉપાશ્રય મળવો મુશ્કેલ છે. કેમ કે તે સાધુ ચર્યારત, કાયોત્સર્ગસ્થ, શય્યા સંસ્તારક અને પિંડપાત આહાર–પાણી) ગવેષણારત હોય છે. આ પ્રકારે મોક્ષપથ સ્વીકારેલ કેટલાક સરળ અને નિષ્કપટ સાધુ માયા ન કરતા ઉપાશ્રયના યથાવસ્થિત ગુણ–દોષ ગૃહસ્થોને બતાવી દે છે.

કેટલાક ગૃહસ્થો ઉત્ક્ષિપ્તપૂર્વા અર્થાત્ ગૃહસ્થોએ કોઈપણ વ્યક્તિના નિમિત્ત વિના મકાન બનાવી સંગ્રહરૂપે રાખેલ હોય, નિક્ષિપ્તપૂર્વા અર્થાત્ ભાવિમાં પોતાના રહેવા માટે બનાવીને રાખ્યા હોય, પરિભાઈયપૂર્વા અર્થાત્ ભાવિમાં પોતાના સ્વજનોનને ભાગ પાડીને આપવા માટે રાખેલ હોય, પરિભૂત્તપૂર્વા અર્થાત્ ગૃહસ્થ ત્યાં રહેતા હોય અન મકાન મોટું હોવાથી સાધુને રહેવા જગ્યા આપી શકે તેમ હોય કે પરિટ્ઠવિયપૂર્વા અર્થાત્ ગૃહસ્થે પોતા માટે નવું મકાન બનાવેલ હોય તેથી જુનું મકાન ખાલી પડેલ હોય. સાધુ આવા છળ–કપટને જાણીને તે દોષો ગૃહસ્થને સારી રીતે બતાવે. શું આમ કહેનાર મુનિ સમ્યક્ વક્તા છે ? હા, તે મુનિ સમ્યક્ વક્તા છે.

સૂત્ર–૪૨૨

તે સાધુ–સાધ્વી એવા ઉપાશ્રયને જાણે કે, જે નાનો છે, નાના દ્વારવાળો છે, નીચો છે, સંનિરુદ્ધ છે, તો તેવા પ્રકારના ઉપાશ્રયમાં રાત્રે કે વિકાલે નીકળતા કે પ્રવેશતા પહેલાં હાથ પ્રસારીને પછી સાવધાનીથી પગ મૂકી બહાર નીકળે. કેવળી કહે છે કે આવો ઉપાશ્રય કર્મબંધનું કારણ છે. જેમ કે ત્યાં શ્રમણ, બ્રાહ્મણ આદિના છત્ર, પાત્ર, દંડ, લાકડી, આસન, નાલિકા, વસ્ત્ર, મૃગચર્મ, પડદો, ચર્મકોશ, ચર્મ–છેદનક અવ્યવસ્થિત, વિખરાયેલ અનિષ્કંપ અને ચલાચલ હોય છે. રાત્રિના કે વિકાલે ત્યાંથી નીકળતા કે પ્રવેશતા સાધુ ત્યાં લપસે કે પડે. લપસતા કે પડતા તેના હાથ–પગ ભાંગે અને જીવ આદિની યાવત્ હિંસા થાય. તેથી સાધુની આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે તેવા પ્રકારના ઉપાશ્રયમાં પહેલાં હાથ પ્રસારી પછી પગ સંભાળીને યતનાપૂર્વક પ્રવેશવું કે નીકળવું.

સૂત્ર–૪૨૩

તે સાધુ સારી રીતે વિચારી ધર્મશાળાદિમાં સ્થાનની યાચના કરે, જે તે સ્થાનનો સ્વામી હોય કે અધિકારી હોય

તેમની પાસે અનુજ્ઞા માંગતા કહે કે, હે આયુષ્યમાન્ ! આપ જેટલો કાળ અને ઉપાશ્રયના જેટલા ભાગની આજ્ઞા આપો તેટલો અમે નિવાસ કરીશું. આજ્ઞા આપનાર કહે કે, હે આયુષ્યમાન્ ! યાવત્ આપ રહો. ત્યારે મુનિ કહે કે, જેટલા સ્વધર્મી સાધુ આવશે તે પણ અહીં રહેશે, પછી અમે બધા વિહાર કરીશું.

સૂત્ર–૪૨૪

તે સાધુ–સાધ્વી જેના મકાનમાં રહે તેના નામ ગોત્ર પહેલાં જાણી લે. પછી તેમના ઘેર નિમંત્રણ મળે કે ન મળે તો પણ અશનાદિ આહાર જો અપ્રાસુક અને અનેષણીય જાણે તો યાવત્ ગ્રહણ ન કરે.

સૂત્ર–૪૨૫

સાધુ સાધ્વી જો એવો ઉપાશ્રય જાણે કે, આ ગૃહસ્થના સંસર્ગવાળો છે, અગ્નિ, જળથી યુક્ત છે, તો પ્રજ્ઞાવાન સાધુ નિષ્ક્રમણ, પ્રવેશ યાવત્ ધર્મ અનુચિંતાર્થે આવા ઉપાશ્રયમાં સ્થાન, શય્યાદિ ન કરે.

સૂત્ર–૪૨૬

સાધુ–સાધ્વી એવો ઉપાશ્રય જાણે કે – ગૃહસ્થના ઘર વચ્ચે આવાગમનનો માર્ગ છે કે આવવા–જવામાં પ્રતિબંધ છે, તો પ્રજ્ઞાવાન સાધુ યાવત્ તેવા ઉપાશ્રયમાં સ્થાનાદિ ન કરે.

સૂત્ર–૪૨૭

સાધુ–સાધ્વી જે ઉપાશ્રય વિશે એમ જાણે કે અહીં ગૃહસ્થ યાવત્ નોકરાણી આદિ તેઓ પરસ્પર ઝઘડા યાવત્ મારપીટ કરે છે અને ધર્મચિંતનમાં વિઘ્ન થાય છે. તો બુદ્ધિમાન સાધુ ત્યાં નિવાસ આદિ ન કરે.

સૂત્ર–૪૨૮

સાધુ–સાધ્વી જે ઉપાશ્રય વિશે એમ જાણે કે અહીં ગૃહસ્થ યાવત્ નોકરાણી આદિ પરસ્પર તેલ, માખણ, ઘી કે ચરબીથી શરીરનું માલીશ–મર્દન કરે છે તેથી ધર્મચિંતનમાં વિઘ્ન થાય છે. તો બુદ્ધિમાન સાધુ ત્યાં નિવાસ ન કરે.

સૂત્ર–૪૨૯

સાધુ–સાધ્વી જે ઉપાશ્રય વિશે એમ જાણે કે અહીં ગૃહસ્થ યાવત્ નોકરાણી આદિ પરસ્પર સ્નાન કરાવે છે. કર્ક–લોધ્ર–ચૂર્ણ–પદ્મ આદિથી મસળે છે, રગડે છે, મેલ ઊતારે છે, પીઠી ચોળે છે અથવા એવી બીજી કોઈ પ્રવૃત્તિ કરે છે જેથી ધર્મધ્યાનમાં બાધા પડે છે, તો બુદ્ધિમાન સાધુ એવા ઉપાશ્રયમાં નિવાસ, શય્યા, સ્વાધ્યાયાદિ ન કરે.

સૂત્ર–૪૩૦

સાધુ–સાધ્વી જે ઉપાશ્રય વિશે એમ જાણે કે અહીં ગૃહસ્થ યાવત્ નોકરાણી આદિ પરસ્પર શીતળ કે ઉષ્ણ જળથી સાફ કરે છે, ધૂએ છે, સીંચે છે, સ્નાન કરાવે છે તેવા ઉપાશ્રયને ધર્મધ્યાનમાં બાધક જાણી બુદ્ધિમાન સાધુ એવા ઉપાશ્રયમાં નિવાસ, શય્યા, સ્વાધ્યાય આદિ ન કરે.

સૂત્ર–૪૩૧

સાધુ–સાધ્વી જે ઉપાશ્રય વિશે એમ જાણે કે અહીં ગૃહસ્થ યાવત્ નોકરાણી આદિ નગ્ન થઈને સ્થિત છે, નગ્ન છૂપાયેલ છે, એકાંતમાં મૈથુન સેવન કરે છે કે કોઈ ગુપ્ત વિચાર કરે છે તેવા ઉપાશ્રયને ધર્મધ્યાનમાં બાધક જાણી બુદ્ધિમાન સાધુ એવા ઉપાશ્રયમાં નિવાસ, શય્યા, સ્વાધ્યાય આદિ ન કરે.

સૂત્ર–૪૩૨

સાધુ–સાધ્વી જે ઉપાશ્રયને ગૃહસ્થ સ્ત્રી–પુરુષ આદિના ચિત્રોવાળો જાણે, તે ચિત્રોમાં સ્ત્રી આદિને જોઈનેપૂર્વે કરેલ વિષય–ક્રીદાનું સ્મરણ થાય, તેથી ધર્મધ્યાનમાં વિઘ્ન પડે એમ સમજીને ત્યાં પ્રાજ્ઞ સાધુ યાવત્ નિવાસ ન કરે.

સૂત્ર–૪૩૩

કોઈ સાધુ–સાધ્વી સંથારાની ગવેષણા કરવા ઇચ્છે અને જે સંસ્તારકને ઇંડા યાવત્ કરોળીયાના જાળાથી

યુક્ત જાણે, તેવા પ્રકારનો સંસ્તારક મળવા છતાં ગ્રહણ ન કરે.

૧) જો સાધુ–સાધ્વી તે સંસ્તારકને ઇંડા આદિથી રહિત જાણે પણ તે ભારે હોય તો પણ ગ્રહણ ન કરે.

૨) સાધુ–સાધ્વી સંથારાને ઇંડાદિથી રહિત અને હલકો જાણે તો પણ અપ્રાતિહારિક હોય તો ગ્રહણ ન કરે.

૩) સાધુ–સાધ્વી સંથારાને ઇંડાદિથી રહિત, હલકો, પ્રાતિહારિક જાણે તો પણ યોગ્ય રીતે બાંધેલ ન હોય તો ગ્રહણ ન કરે.

૪) પરંતુ જો સાધુસાધ્વી જાણે કે ઉક્ત ચારે દોષ નથી તો મળે ત્યારે ગ્રહણ કરે.

સૂત્ર–૪૩૪

ઉક્ત વસતીગત અને સંસ્તારકગત દોષોને ત્યાગીને સાધુ આ ચાર પ્રતિજ્ઞા વડે સંસ્તારકની એષણા કરવાનું જાણે – જેમાં પહેલી પ્રતિજ્ઞા આ છે –

સાધુ કે સાધ્વી જો સંથારાનો નામ ઉલ્લેખ કરી યાચના કરે, જેમ કે – ઇક્કડ નામના ઘાસનો સંથારો, કઢિણ–વાંસની છાલથી બનેલ સંથારો, જંતુક–તૃણમાંથી બનેલ સંથારો, પરગ–એક એવું ઘાસ, જેનાથી ફૂલ આદિ ગૂંથાય છે, મોરગ–મોરપિંછનો સંથારો, તૃણક–ઘાસ વિશેષ, સૌરગ–કોમલ ઘાસ વિશેષ, કુશ–દુર્વામાથી બનેલ સંથારો, કુર્ચક–ઘાસ વિશેષ, પિપ્પલક–પીપળાના પાનનો સંથારો કે પલાલગ–પરાળનો સંથારો; સાધુ આમાંનો જે સંથારો લેવો હોય તે પહેલાં વિચારી લે અને કહે કે, હે આયુષ્યમાન્ ! મને આમાંનો કોઈ એક સંથારો આપો. આવા સંથારાની સ્વયં યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો પ્રાસુક–એષણીય જાણી લે.

સૂત્ર–૪૩૫

હવે બીજી પ્રતિજ્ઞા – સાધુ–સાધ્વી સંસ્તારકને જોઈને યાચના કરે. ગૃહસ્થ યાવત્ નોકરાણીને પહેલાંથી વિચારીને કહે, હે આયુષ્યમાન્ ! કે બહેન ! આમાંથી મને કોઈ સંથારો આપશો ? જો આપે તો યાવત્ ગ્રહણ કરે.

હવે ત્રીજી પ્રતિજ્ઞા – સાધુ–સાધ્વી જે ઉપાશ્રયમાં રહ્યા હોય, ત્યાં જેવા સંથારા હશે, તેવા લઈશ. બીજાને ત્યાંથી નહીં. જેમ કે ઇક્કડ યાવત્ પલાલ. તે મળે તો ગ્રહણ કરીશ નહીં મળે તો ઉત્કટુક આદિ આસને રહીશ.

સૂત્ર–૪૩૬

આ ચોથી પ્રતિજ્ઞા – સાધુ કે સાધ્વી પહેલાથી જ બીછાવેલા સંથારાની યાચના કરે. જેમ કે પૃથ્વીશિલા કે કાષ્ઠશિલા. એવો સંથારો મળે તો ગ્રહણ કરે, ન મળે તો ઉત્કટુક આસને કે પદ્માસને બેસે.

સૂત્ર–૪૩૭

આ ચારમાંની કોઈપણ પ્રતિજ્ઞા ગ્રહણ કરનાર યાવત્ અન્યોન્ય સમાધિપૂર્વક વિચરે. બીજાની નિંદા ન કરે.)

સૂત્ર–૪૩૮

સાધુ–સાધ્વી સંથારો પાછો આપવા ઇચ્છે, પણ તે જાણે કે સંથારો ઇંડા યાવત્ જાળવાળો છે, તો તેવો સંથારો પાછો ન આપે.

સૂત્ર–૪૩૯

સાધુ–સાધ્વી સંથારો પાછો આપવા ઇચ્છે અને તેને ઇંડાદિથી રહિત જાણે તો પડિલેહણ–પ્રમાર્જન કરી, તપાવી, ખંખેરી જયણા–પૂર્વક આપે.

સૂત્ર–૪૪૦

સાધુ–સાધ્વી સ્થિરવાસ હોય, માસકલ્પી હોય કે ગામ ગામ વિચરતા હોય, તે પ્રાજ્ઞ સાધુ પહેલાંથી મળ–મૂત્ર ત્યાગ–ભૂમિ જોઈ રાખે. કેવલીનું કથન છે કે અપ્રતિલેખિત ઉચ્ચાર પ્રસ્રવણ ભૂમિ કર્મબંધનું કારણ છે.

સાધુ–સાધ્વીએ રાત્રે કે વિકાલે મળ–મૂત્ર પરઠવતા લપસે કે પડે. તે રીતે લપસતા કે પડતા હાથ–પગ આદિ ભાંગે અથવા પ્રાણી આદિની હિંસા થાય. તેથી તેમનો પૂર્વોપદિષ્ટ આચાર છે કે ભૂમિ પડિલેહવી.

સૂત્ર–૪૪૧

સાધુ–સાધ્વી શય્યા–સંસ્તારક ભૂમિની પ્રતિલેખના કરવા ઇચ્છે તો આચાર્ય, ઉપાધ્યાય યાવત્ ગણાવચ્છેદક, બાળ, વૃદ્ધ, શૈક્ષ, ગ્લાન કે અતિથિ સાધુ દ્વારા સ્વીકૃત ભૂમિ છોડીને કિનારે કે મધ્યસ્થાને, સમ કે વિષમ, હવાવાળી કે નિર્વાત ભૂમિમાં યતનાપૂર્વક પડિલેહણ –પ્રમાર્જન કરી–કરીને અત્યંત પ્રાસુક શય્યા–સંસ્તારકને બીછાવે.

સૂત્ર–૪૪૨

સાધુ–સાધ્વી સૂવા ઇચ્છે તો અત્યંત પ્રાસુક શય્યા–સંસ્તારકે આરૂઢ થાય. તે સાધુ–સાધ્વી આરૂઢ થતા પૂર્વે મસ્તકથી પગ સુધી પૂંજીને યતનાપૂર્વક આરૂઢ થઈને પછી યતનાપૂર્વક શયન કરે.

સૂત્ર–૪૪૩

સાધુ કે સાધ્વી પ્રાસુક સંથારા પર શયન કરતા સમયે એ રીતે શયન કરે કે પરસ્પર હાથથી હાથ, પગથી પગ, શરીરથી શરીર ન અડકે. એવી રીતે બીજાની આશાતના ન કરતા યતનાપૂર્વક પ્રાસુક સંથારા પર સૂવું જોઈએ.

સાધુ કે સાધ્વી ઉચ્છ્વાસ લેતા કે નિઃશ્વાસ મૂકતા, છીંક ખાતા, બગાસુ ખાતા, ઓડકાર ખાતા, વાયુનિસર્ગ કરતા પહેલેથી મુખ કે ગુદાને હાથ વડે ઢાંકે પછી યતનાપૂર્વક શ્વાસ લે યાવત્ વાતનિસર્ગ કરે.

સૂત્ર–૪૪૪

સાધુ કે સાધ્વી કોઈ સમયે સમ કે વિષમ, પવનવાળી કે નિર્વાત, ધૂળવાળી કે ધૂળ વિનાની, ડાંસ મચ્છરવાળી કે ડાંસ મચ્છર વિનાની, જીર્ણશીર્ણ કે નવી સુદૃઢ, ઉપસર્ગવાળી કે ઉપસર્ગરહિત કે કોઈ સમયે તેવા પ્રકારની શય્યા પ્રાપ્ત થાય તો પણ તેમાં રાગરહિત –સમભાવ ધારણ કરી રહેવું પણ લેશમાત્ર ગ્લાનિ લાવવી નહીં. આ જ સાધુનો સંપૂર્ણ ભિક્ષુભાવ છે, માટે તેઓ સદા જયણાથી વર્તે.

ચૂલિકા–૧ અધ્યયન–૨ 'શય્યૈષણા'ના ઉદ્દેશક–૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૨–નો અનુવાદ પૂર્ણ

# શ્રુતસ્કંધ-૨, અધ્યયન-૩

## ચૂલિકા-૧, અધ્યયન-૩/[૧૨] "ઈર્યા"

### ઉદ્દેશક-૧

સૂત્ર-૪૭૫

સાધુ-સ્વામી જાણે કે વર્ષાકાળ આવ્યો, ઘણી વર્ષા થઈ, ઘણા જીવજંતુ ઉત્પન્ન થયા છે, ઘણા બીજો ઊગ્યા છે, તે માર્ગ મધ્યે ઘણા પ્રાણી, ઘણા બીજ યાવત્ કરોળીયાના જાળા થયા છે, માર્ગે ચાલવું કઠિન છે, માર્ગ બરાબર દેખાતો નથી. એમ જાણીને ગામ-ગામ વિહાર ન કરવો, જયણાપૂર્વક એક સ્થાને વર્ષાવાસ વ્યતીત કરવું જોઈએ.

સૂત્ર-૪૭૬

સાધુ-સાધ્વી જે ગામ યાવત્ રાજધાની વિશે એમ જાણે કે આ ગામ યાવત્ રાજધાનીમાં વિશાળ સ્થંડિલ ભૂમિ કે સ્વાધ્યાય ભૂમિ નથી, પીઠ, ફલક, શય્યા, સંસ્તારક આદિ સુલભ નથી, પ્રાસુક-એષણીય આહાર-પાણી સુલભ નથી, ઘણા શ્રમણ, બ્રાહ્મણાદિ આવ્યા છે અને આવવાના છે, વસ્તી સઘન છે, સાધુ માટે ભિક્ષાટન, સ્વાધ્યાયાદિ માટે આવાગમન સુગમ નથી. તે જાણીને તે ગામ યાવત્ રાજધાનીમાં ચોમાસું ન કરવું. પરંતુ સાધુ એમ જાણે કે આ ગામમાં વિશાળ સ્થંડિલ ભૂમિ અને સ્વાધ્યાય ભૂમિ છે, પીઠ-ફલકાદિ સુલભ છે, ભિક્ષા પ્રાસુક મળે છે, શ્રમણ-બ્રાહ્મણાદિની ભીડ નથી, આવાગમન સરળ છે. તો તેવા ગામ યાવત્ રાજધાનીમાં ચોમાસું રહે.

સૂત્ર-૪૭૭

સાધુ-સાધ્વી જાણે કે વર્ષાવાસના ચાર માસ વીતી ગયા છે, હેમંત ઋતુના પણ પાંચ-દસ દિવસ વીતી ગયા છે, પણ માર્ગમાં ઘણા પ્રાણી યાવત્ જાળા છે, ઘણા શ્રમણ-બ્રાહ્મણનું આવાગમન થયું નથી, એમ જાણીને સાધુ ગામ-ગામ વિહાર ન કરે, પરંતુ જો એમ જાણે કે ચાર માસ પૂરા થયા છે યાવત્ માર્ગમાં ઇંડા યાવત્ જાળા નથી, ઘણા શ્રમણ-બ્રાહ્મણનું આવાગમન થયું છે તેમ જાણે તો ગામ-ગામ વિહાર કરે.

સૂત્ર-૪૭૮

તે સાધુ-સાધ્વી ગામથી ગામ જતાં આગળ યુગમાત્ર અર્થાત્ ગાડાના ધુંસરા આકારે ભૂમિ દેખાય તે રીતે એટલે કે સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિ જોઈને ચાલે, માર્ગમાં ત્રસ આદિ પ્રાણીને જોઈને પગનો અગ્રભાગ ઊઠાવીને ચાલે કે પગ પાછો હટાવીને કે પગ તીરછા કરીને ચાલે. બીજો માર્ગ હોય તો યતનાપૂર્વક બીજા માર્ગે જાય, સીધા માર્ગે ન જાય. એ જ પ્રમાણે યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.

તે સાધુ-સાધ્વી ગામથી ગામ જતાં હોય અને માર્ગમાં પ્રાણી, બીજ, હરિતકાય, સચિત્ત પાણી કે માટી હોય તો બીજો માર્ગ મળતો હોય ત્યાં સુધી સીધા માર્ગે ન જાય. એ રીતે જયણાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.

સૂત્ર-૪૭૯

સાધુ-સાધ્વી એકથી બીજે ગામ જતા માર્ગમાં જુદા જુદા સીમાવર્તી આદિ સ્થળોમાં બનેલા ચોરના સ્થાનો, મ્લેચ્છો, અનાર્યોના સ્થાનો મળે તથા મુશ્કેલીથી આર્યોના આચાર સમજાવી શકાય, મુશ્કેલીથી અનાર્ય કર્મોથી હટાવી શકાય એવા અકાળે જાગવાવાળા અને અકાળે ખાવાવાળા પ્રદેશમાં થઈને જતા હોય ત્યારે અન્ય ગ્રામાદિમાં વિહાર થઈ શકે કે અન્ય જનપદ મળે તો તેવા મ્લેચ્છાદિ સ્થાનોમાં સાધુ ન વિચરે.

કેવલી કહે છે કે, તે કર્મબંધનું કારણ છે. અનાર્ય અજ્ઞાની લોક મુનિને આ ચોર છે, ચોરનો સહાયક છે, શત્રુ ગામથી આવે છે એમ કહીને સાધુને આક્રોશ કરશે યાવત્ મારશે અથવા તેના વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ છીનવી લેશે કે તોડી નાંખશે કે લૂંટી લેશે કે ફેંકી દેશે. તેથી સાધુ-સાધ્વીનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે કે જ્યાં ચોર, અનાર્ય આદિના સ્થાન હોય ત્યાં થઈ વિહાર કરવાની ઇચ્છા ન કરે, પણ તે છોડીને યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.

સૂત્ર–૪૫૦

સાધુ–સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરતા માર્ગમાં એમ જાણે કે આ પ્રદેશ રાજા વગરનો, ઘણા રાજાવાળો, યુવરાજ જ હોય તેવો, બે રાજાવાળો, બે રાજ્યોમાં વેર હોય કે વિરોધીનું રાજ્ય હોય તેવો છે તો બીજા માર્ગેથી જાય પણ આવા પ્રદેશની વચ્ચેથી ન જાય. કેવલી કહે છે કે તે કર્મબંધનું કારણ છે, ત્યાંના અજ્ઞાની લોકો 'આ ચોર છે' ઇત્યાદિ સૂત્ર ૪૪૯ મુજબ જાણવું, તેથી મુનિ તે દેશ છોડી નિરુપદ્રવ માર્ગે જાય.

સૂત્ર–૪૫૧

એક ગામથી બીજે ગામ જતાં સાધુ–સાધ્વીને માર્ગમાં લાંબી અટવી આવે તો તેણે જાણવું જોઈએ કે આ અટવી એક–બે–ત્રણ–ચાર કે પાંચ દિવસમાં પાર કરી શકાશે કે નહીં ? જો બીજો માર્ગ હોય તો આવી અનેક દિવસે પાર કરી શકાય તેવી અટવીમાં થઈને ન જાય. કેવલી કહે છે કે ત્યાંથી જવું તે કર્મબંધનું કારણ છે, ત્યાં જતાં વચ્ચે વાસ કરવો પડે તો પ્રાણી, લીલ–ફૂગ, બીજ, હરિત, સચિત્ત પાણી–માટી આદિથી વિરાધના થાય. સાધુનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે કે યાવત્ આવી અટવીમાં વિહાર ન કરે, પણ બીજા માર્ગોથી યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.

સૂત્ર–૪૫૨

સાધુ–સાધ્વી ગ્રામાનુગ્રામ જતા જાણે કે માર્ગમાં નૌકાથી પાર કરી શકાય તેટલું પાણી છે, પણ જો તે નૌકા ગૃહસ્થે સાધુના નિમિત્તે ખરીદેલી, ઉધાર લીધેલી કે નૌકાના બદલે નૌકા લીધી છે. સ્થળમાંથી જળમાં ઊતારેલી છે કે જલમાંથી સ્થળમાં કાઢી છે, ભરેલી નૌકાનું પાણી ઉલેચી ખાલી કરી છે કે ફસાયીને બહાર ખેંચી કાઢી છે; એવા પ્રકારની નૌકા ઉપર, નીચે કે તીરછી ચાલવાવાળી હોય, તે પછી એક યોજન–અર્ધયોજન કે તેનાથી ઓછી–વધુ જવાવાળી હોય તો પણ સાધુ–સાધ્વી તે નૌકામાં ન બેસે.

સાધુ–સાધ્વી એમ જાણે કે આ નૌકા સામે પાર જવાની છે, તો પોતાના ઉપકરણ લઈને એકાંતમાં જાય, જઈને ઉપકરણોનું પડિલેહણ કરે, કરીને તે એકત્ર કરે, એકત્ર કરીને મસ્તકથી પગ સુધી સંપૂર્ણ શરીરનું પ્રમાર્જન કરે, પછી આહારના સાગારી પચ્ચક્ખાણ કરે, પછી એક પગ જલમાં અને એક પગ સ્થળમાં રાખી યતનાપૂર્વક નૌકા પર ચઢે.

સૂત્ર–૪૫૩

સાધુ–સાધ્વી નૌકા પર ચઢે ત્યારે નૌકાના આગલા ભાગમાં ન બેસે, પાછલા ભાગમાં ન બેસે, મધ્ય ભાગે ન બેસે, નૌકાના બાજુના ભાગને પકડી–પકડીને, આંગળી ચીંધી–ચીંધીને, શરીરને ઊંચું–નીચું કરીને ન જુએ.

જો નાવિક નૌકામાં ચઢેલ સાધુને કહે કે, હે આયુષ્માન્ શ્રમણ ! આ નૌકાને આગળ ખેંચો કે પાછળ ખેંચો, ચલાવો કે દોરડાઓ ખેંચો. આ સાંભળી મુનિ લક્ષ ન આપે પણ ઉપેક્ષા ભાવ ધરી મૌન રહે.

નૌકામાં બેઠેલ મુનિને નાવિક કહે કે, હે આયુષ્માન્ શ્રમણ ! નૌકાને આગળ પાછળ ખેંચવામાં કે દોરડાથી નૌકાને સારી રીતે બાંધવામાં કે દોરડાથી ખેંચવામાં સમર્થ ન હોય તો નૌકાનું દોરડું લાવી આપો, અમે પોતે જ નૌકાને આગળ–પાછળ ખેંચી લેશું, દોરડાથી સારી રીતે બાંધીશું અને પછી ખેંચીશું. સાધુ નાવિકના આ વચનને ન સ્વીકારે પણ મૌન રહે.

નૌકામાં બેઠેલ મુનિને નાવિક કહે કે, હે આયુષ્માન્ શ્રમણ ! આ નાવને તમે હલેસા–પાટીયા–વાંસ–વળી–ચાટવા આદિથી ચલાવો. સાધુ નાવિકના આ વચનને ન સ્વીકારે પણ ઉપેક્ષા ભાવે મૌન રહે.

નૌકામાં બેઠેલ મુનિને નાવિક કહે કે, નાવમાં ભરાયેલ પાણીને હાથ–પગ–વાસણ કે પાત્રથી નૌકાના પાણીને ઉલેચીને બહાર કાઢો. સાધુ નાવિકના તે કથનને ન સ્વીકારે પણ ઉપેક્ષા ભાવે મૌન રહે.

નૌકામાં બેઠેલ મુનિને નાવિક કહે, આ નાવમાં થયેલ છિદ્રને હાથ, પગ, ભૂજા, જાંઘ, પેટ, મસ્તક, કાયા, ઉપકરણ, વસ્ત્ર, માટી, કુશપત્ર કે કમલપત્રથી બંધ કરી દો; સાધુ તેના આ કથનને ન સ્વીકારે, મૌન રહે.

સાધુ–સાધ્વી નૌકાના છિદ્રમાંથી પાણી ભરાતું જોઈને, તે પાણીથી નૌકાને હાલકડોલક થતી જોઈને નાવિક કે કોઈની પાસે જઈને એમ ન કહે કે, હે આયુષ્માન્ ગાથાપતિ ! તારી આ નાવના છિદ્રમાંથી પાણી ભરાઈ રહ્યું છે, નાવ ડૂબી રહી છે, આ પ્રકારે મન કે વચનને આગળ–પાછળ ન કરીને સાધુ વિચરણ કરે. પોતાના શરીર કે ઉપકરણની મૂર્ચ્છા ન કરીને તથા પોતાની લેશ્યાને સંયમ બાહ્ય પ્રવૃત્તિમાં ન રોકીને, પોતાના આત્માને એકત્વ ભાવમાં લીન કરીને સમાધિ સ્થિત થઈ, વ્યુત્સર્ગ કરે.

નૌકામાં બેઠેલ મુનિનો આ આચાર બતાવ્યો, તેનું સમ્યક્ પાલન કરી પછી યતનાપૂર્વક નૌકામાંથી ઊતરે. મુનિ આ વિધિનું સારી રીતે પાલન કરતો વિચરે. તેમ હું કહું છું.

ચૂલિકા–૧ અધ્યયન–૩ 'ઈર્યા'ના ઉદ્દેશક–૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૩, ઉદ્દેશક–૨

### સૂત્ર–૪૫૪

નૌકામાં રહેલ કોઈ નૌકારૂઢ મુનિને કહે, હે આયુષ્માન્ શ્રમણ ! તમે આ છત્ર યાવત્ ચર્મછેદનકને પકડો, આ વિવિધ પ્રકારના શસ્ત્રોને ધારણ કરો અથવા આ બાળકને પાણી આપો. મુનિ તેમ ન કરે, મૌન રહે.

### સૂત્ર–૪૫૫

નૌકામાં રહેલ કોઈ વ્યક્તિ, નૌકામાં બેઠેલ કોઈ બીજાને કહે કે, આ શ્રમણ નાવનો ભાર વધારનાર છે, તેને બાહુથી પકડી પાણીમાં ફેંકી દો, આવા શબ્દ સાંભળીને–સમજીને તે જો વસ્ત્રધારી હોય તો શીઘ્ર ભારે વસ્ત્ર અલગ કરી હળવા વસ્ત્રો ધારણ કરે, તેમજ મસ્તકાદિ પર લપેટી લે. હવે જો મુનિ જાણે કે આ અજ્ઞાની ક્રૂરકર્મા લોકો અવશ્ય મને બાહુથી પકડીને પાણીમાં ફેંકશે, તો મુનિ પહેલાં જ કહી દે, હે આયુષ્માન્ ગૃહસ્થો ! મને બાહુથી પકડી નાવમાંથી પાણીમાં ન ફેંકો, હું જાતે જ નાવથી પાણીમાં ઊતરી જઉં છું. મુનિ એમ કહે તો પણ જલદીથી બળપૂર્વક બાહુ પકડી પાણીમાં ફેંકી દે તો મુનિ હર્ષ કે શોક ન કરે, સંકલ્પ–વિકલ્પ ન કરે, તે અજ્ઞાનીજનોનો વધ કે ઘાત કરવા તૈયાર ન થાય, શાંત ચિત્તે ગભરાયા વિના સમાધિપૂર્વક યતનાથી પાણીમાં પ્રવેશ કરે.

### સૂત્ર–૪૫૬

સાધુ–સાધ્વી પાણીમાં તણાતા હોય ત્યારે હાથથી હાથ, પગથી પગ કે શરીરથી શરીરનો સ્પર્શ ન કરે. પરસ્પર ન સ્પર્શતા યતનાપૂર્વક પાણીમાં તણાય. તે સાધુ પાણીમાં તણાતા ઉપર–નીચે જવાની ક્રિયા ન કરે. એમ પણ ન વિચારે કે આ પાણી મારા કાન–આંખ–નાક–મુખમાં પ્રવેશ ન કરે. પણ યતનાપૂર્વક પાણીમાં તણાય. સાધુ જો પાણીમાં તણાતા થાકી જાય તો જલદીથી વસ્ત્ર પાત્રાદિ ઉપધિ છોડી દે કે નિસ્સારને ફેંકી દે–આસક્તિ ન રાખે. જો જળાશયના કિનારે પહોંચી જાય તો જ્યાં સુધી શરીર પાણીથી ભીંજાયેલ રહે ત્યાં સુધી યતના–પૂર્વક કિનારે સ્થિર રહે. તે સાધુ પાણીથી ભીંજાયેલ શરીરને લૂંછે નહીં, પૂંજે નહીં, દબાવે નહીં, સૂકાવે નહીં, મસળે નહીં, ઘસે નહીં, તપાવે નહીં પરંતુ જ્યારે સાધુને પ્રતીતિ થાય કે હવે શરીર સૂકાઈ ગયું છે ત્યારે શરીર લૂંછે–પૂંજે યાવત્ તડકામાં તપાવે અને ત્યારબાદ યતના–પૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.

### સૂત્ર–૪૫૭

સાધુ–સાધ્વી ગ્રામાનુગ્રામ જતાં બીજા સાથે વાતો કરતા ન જાય. પણ યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.

### સૂત્ર–૪૫૮

સાધુ–સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરતા માર્ગમાં જાંઘ સુધીના પાણીમાં ઊતરવાનું હોય તો પહેલા માથાથી પગ સુધી શરીરને પ્રમાર્જે. પ્રમાર્જીને એક પગ જળમાં અને એક પગ સ્થળમાં રાખી યતનાપૂર્વક સાધુજનોચિત વિધિથી જળમાં ચાલે. આ રીતે ચાલતા તે સાધુ હાથથી હાથને યાવત્ ન સ્પર્શતા અપ્કાયની વિરાધના ન કરી યતનાપૂર્વક

જંઘા સુધીના પાણીમાં ચાલે. સાધુ–સાધ્વી એ રીતે ચાલતા શરીરની સાતાને માટે કે દાહ ઉપશાંત કરવા માટે ઊંડા અને વિશાળ જળમાં શરીરને ન ઝબોળે પણ યતનાપૂર્વક જંઘા સુધીના પાણીમાં ચાલે. જ્યારે એમ જાણે કે કિનારો આવી ગયો છે ત્યારે યતનાપૂર્વક પાણીમાંથી નીકળી શરીર ભીનું હોય ત્યાં સુધી કિનારે રહે. તે સાધુ ભીંજાયેલા શરીરને સ્પર્શે નહીં, રગડે નહીં, પૂંજે નહીં, મસળે નહીં ઇત્યાદિ, પણ જ્યારે શરીર સૂકાયું છે તેમ જાણે પછી સ્પર્શે યાવત્ તાપમાં ઊભા રહીને શરીરને તપાવે. પછી યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.

સૂત્ર–૪૫૯

સાધુ–સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરતા હોય અને પગ કીચડથી ખરડાઈ જાય તો તેને સાફ કરવા ઉન્માર્ગમાં જઈ સચિત્ત વનસ્પતિ છેદન કે લીલા પાન ભેગા કરી કે કચડીને, ઉખેડીને, મસળીને પગ સાફ ન કરે. જે આ રીતે જલ્દીથી વનસ્પતિ વડે પગની માટી સાફ કરે છે, તે માયાસ્થાનને સ્પર્શે છે, માટે સાધુએ તેમ ન કરવું. તે પહેલાંથી જ વનસ્પતિરહિત માર્ગ જુએ શોધે). તે માર્ગે જ યતનાપૂર્વક વિચરે.

સાધુ–સાધ્વી ગ્રામાનુગ્રામ જતાં જાણે કે માર્ગમાં ટેકરા, ખાઈ, કિલ્લો, તોરણ, અર્ગલા, ખાડા, ગુફા, દરાદિ હોય અને બીજો માર્ગ સારો હોય તો સીધા માર્ગે ન જાય, પણ તે માર્ગે યતનાપૂર્વક જાય, કેવલી ભગવંતે વિષમ માર્ગે જતાં કર્મબંધનનું કારણ બતાવેલ છે. વિષમ માર્ગે જતાં લપસી કે પડી જવાથી તે વૃક્ષો, ગુચ્છો, ગુલ્મો, લતા, વેલ કે ઘાસને પકડીને કે તેનું અવલંબન લઈને ઊતરશે. જે યોગ્ય નથી. વિશેષ કારણે તે જ માર્ગે જવું પડે તો યતનાપૂર્વક વૃક્ષ, વેલ આદિનો સહારો લેતો અથવા કોઈ પથિક જતો હોય તો તેના હાથનો સહારો લઈ યતનાપૂર્વક ચાલે એ રીતે સાધુ–સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરે.

સાધુ–સાધ્વી ગ્રામાનુગ્રામ જતા હોય ત્યારે માર્ગમાં જવ, ઘઉં આદિ ધાન્યોના ઢેર હોય, ગાડાં કે રથ હોય, સ્વ કે પર શાસકની સેનાના વિવિધ પડાવથી માર્ગ રોકાયેલો હોય તો બીજા માર્ગે યતનાપૂર્વક જાય પણ સીધા માર્ગે ન જાય. કેમ કે સેનામાંથી કોઈ કહે કે, હે આયુષ્યમાન્ ! આ સાધુ સેનાના ગુપ્ત ભેદ લઈ રહ્યા છે માટે હાથ પકડી તેને હટાવો અને કોઈ બીજા હાથ પકડી ખસેડી મૂકે, તો મુનિ પ્રસન્ન કે અપ્રસન્ન ન થાય યાવત્ પોતાના ચિત્તને સમાધિયુક્ત રાખી ગ્રામાનુગ્રામ વિચરે.

સૂત્ર–૪૬૦

સાધુ–સાધ્વી ગ્રામાનુગ્રામ જતા હોય ત્યારે માર્ગમાં કોઈ પથિક મળે અને સાધુને પૂછે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! આ ગામ યાવત્ રાજધાની કેવા છે ? અહીં ઘોડા, હાથી, ભિક્ષાજીવી મનુષ્યો કેટલા છે ? અહીં ભોજન, પાણી, મનુષ્યો, ઘઉં આદિની પ્રચૂરતા છે કે અલ્પતા છે ? આવા પ્રશ્નો પૂછે તો સાધુ તેનો ઉત્તર ન આપે. વગર પૂછ્યે કંઈ ન કહે. આ સાધુ–સાધ્વીનો આચાર છે, તેનું યતનાપૂર્વક પાલન કરે.

**ચૂલિકા–૧ અધ્યયન–૩ 'ઈર્યા'ના ઉદ્દેશક–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## ચૂલિકા–૧, અધ્યયન–૩, ઉદ્દેશક–૩

સૂત્ર–૪૬૧

ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ–સાધ્વી માર્ગમાં કોઈ ટેકરા યાવત્ ભૂમિગૃહ, કૂટાગાર કે પ્રાસાદ, ભૂગૃહ, વૃક્ષ નીચે બનેલ ઘર, પર્વત ગૃહ, વૃક્ષ, ચૈત્યસ્તૂપ, ચૈત્યસ્થળ, લુહારશાળા યાવત્ ભવનગૃહને હાથ ઊંચા–નીચા કરી, આંગળી ચીંધી, નીચે ઝૂકી કે ઊંચા થઈને ન જુએ પણ યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.

સાધુ–સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરતા હોય ત્યારે માર્ગમાં કચ્છ–નદી કિનારાનો પ્રદેશ), ઘાસની વીડ, તળેટી, નદી આદિથી ઘેરાયેલ પ્રદેશ, નિર્જલ પ્રદેશ, નિર્જન ભૂમિમાં રહેલ કિલ્લો, ગહન દુર્ગમ વન, ગહન દુર્ગમ પર્વત, પર્વત પરનું દુર્ગમ સ્થાન, કૂવો, તળાવ, દ્રહ, નદી, વાવડી, પુષ્કરિણી–કમળ સહિતની વાવડી), દીર્ઘિકા–લાંબી વાવડી),

ગુંજાલિકા–ઊંડી વાવડી), સરોવર, સારપંક્તિ–પંક્તિબદ્ધ સરોવરો), સરસરપંક્તિ–પરસ્પર જોડાયેલ પંક્તિબદ્ધ સરોવરો), આદિને હાથ ઊંચા કરી કરીને યાવત્ તાકી–તાકીને ન જુએ.

કેવલજ્ઞાનીનું કથન છે કે એ કર્મબંધનું કારણ છે. પૂર્વોક્ત સ્થળોને આ રીતે જોવાથી ત્યાં રહેલા મૃગ, પશુ, પક્ષી, સાપ, સિંહ, જલચર, સ્થલચર, ખેચર કે સત્વો ત્રાસ પામશે. રક્ષા માટે ખેતરની વાડી કે ઝાડીનો આશ્રય લેવા ઈચ્છશે, આ શ્રમણ અમને ભગાડવા ઈચ્છે છે એમ સમજશે. માટે સાધુનો પૂર્વોલ્લેખિત આચાર છે કે હાથ ફેલાવી–ફેલાવી ન જુએ ઈત્યાદિ. પરંતુ યતનાપૂર્વક આચાર્ય–ઉપાધ્યાય સાથે ગ્રામાનુગ્રામ વિચરે.

સૂત્ર–૪૬૨

આચાર્ય ઉપાધ્યાય સાથે ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ હાથ વડે હાથની યાવત્ આશાતના ન કરતા યતના–પૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.

આચાર્ય ઉપાધ્યાય સાથે ગ્રામાનુગ્રામ વિચરતા સાધુને માર્ગમાં પથિક મળે અને પથિક એમ કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? ક્યાં જઈ રહ્યા છો ? ત્યારે આચાર્ય કે ઉપાધ્યાય સામાન્ય કે વિશેષથી ઉત્તર આપે અને આચાર્ય ઉપાધ્યાય ઉત્તર આપતા હોય ત્યારે વચ્ચે સાધુએ ન બોલવું પણ યતનાપૂર્વક દીક્ષામાં વડીલોના ક્રમથી તેમની સાથે વિચરણ કરે.

રત્નાધિક દીક્ષા પર્યાય આદિથી વડીલ) સાથે ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ તેમની સાથે હાથ વડે હાથથી યાવત્ આશાતના ન કરતા યતનાપૂર્વક વિચરે કોઈ પથિક મળે અને ઉક્ત પ્રશ્નો પૂછે તો રત્નાધિક ઉત્તર આપે અને રત્નાધિક ઉત્તર આપતા હોય ત્યારે સાધુ વચ્ચે ન બોલતા વિચરે.

સૂત્ર–૪૬૩

ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ–સાધ્વીને માર્ગમાં કોઈ પથિક મળે અને તે પથિક એમ પૂછે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! તમે માર્ગમાં કોઈ મનુષ્ય, સાંઢ, પાડો, પશુ, પક્ષી, સર્પ કે જલચર જોયા છે ? તો કહો–દેખાડો. ત્યારે સાધુ ન ઉત્તર આપે, ન દેખાડે. તેના કથનનું સમર્થન ન કરતા મૌન રહે. જાણવા છતાં હું જાણું છું એમ ન કહે. એ રીતે યતનાપૂર્વક વિચરે.

ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ–સાધ્વીને માર્ગમાં કોઈ પથિક મળે અને તે પથિક એમ પૂછે કે માર્ગમાં તમે જળમાં ઉત્પન્ન થતા કંદ, મૂળ, છાલ, પત્ર, પુષ્પ, ફળ, બીજ, લીલોતરી કે એકત્ર કરાયેલ જળ અથવા અગ્નિ જોયા છે? સાધુ તેનો ઉત્તર ન આપે, મૌન રહે યાવત્ ગ્રામાનુગ્રામ વિચરે.

ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ–સાધ્વીને માર્ગમાં કોઈ પથિક મળે અને એમ પૂછે કે માર્ગમાં તમે ઘઉં, જવ આદિના ઢેર યાવત્ સૈન્યના પડાવ જોયા ? સાધુ તેનો ઉત્તર ન આપતા યાવત્ ગ્રામાનુગ્રામ વિચરે.

ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ–સાધ્વીને માર્ગમાં કોઈ પથિક મળે અને પૂછે કે આ ગામ યાવત્ રાજધાની કેટલા મોટા છે ? તો સાધુ તેનો ઉત્તર ન આપતા મૌન રહે યાવત્ યતનાપૂર્વક વિચરે.

ગ્રામાનુગ્રામ જતા સાધુ–સાધ્વીને કોઈ પથિક મળે અને પૂછે કે આ ગામ યાવત્ રાજધાની કેટલા દૂર છે ? સાધુ ઉત્તર ન આપતા યાવત્ વિચરે.

સૂત્ર–૪૬૪

ગ્રામાનુગ્રામ વિચરણ કરતા સાધુ–સાધ્વીને માર્ગમાં ઉન્મત્ત સાંઢ, સાપ યાવત્ ચિત્તા આદિ હિંસક પશુ સામે આવતા દેખાય તો તેમનાથી ડરીને બીજા માર્ગે ન જાય, માર્ગ છોડી ઉન્માર્ગે ન ચાલે, ગહન વન કે દુર્ગમાં પ્રવેશ ન કરે, વૃક્ષ પર ન ચડે, મોટા–વિશાળ જળાશયમાં શરીર ન છૂપાવે, વાડમાં ન છૂપાય, સેનાદિ કોઈ શરણ કે શસ્ત્રની ઈચ્છા ન કરે. પરંતુ આત્મએકત્વ ભાવમાં લીન બની, સમાધિમાં સ્થિર રહી યાવત્ યતનાપૂર્વક એક ગામથી બીજે ગામ વિચરણ કરે.

ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ–સાધ્વી જાણે કે માર્ગમાં લાંબી અટવી છે અને આ લાંબી અટવીમાં ઘણા ચોર એકઠા થઈને ઉપકરણ ચોરવાની બુદ્ધિથી આવે–જાય છે, ત્યારે તેમનાથી ડરીને ઉન્માર્ગે ન જાય – યાવત્ સમાધિ ભાવમાં સ્થિર રહે પછી યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.

સૂત્ર–૪૬૫

સાધુ કે સાધ્વી એક ગામથી બીજે ગામ જતા હોય ત્યારે માર્ગમાં ચોરો એકઠા થઈને આવે અને તેઓ કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! આ વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ અમને આપી દો કે અહીં રાખી દો. ત્યારે સાધુ તે ન આપે, ન મૂકે. જો તે બળપૂર્વક લઈ લે તો સાધુ તેને પાછા લેવા તેઓની સ્તૂતિ કરી યાચના ન કરે, હાથ જોડીને ન માંગે, કરુણતાથી ન માંગે, પણ ધર્મનો ઉપદેશ આપી યાચના કરે અથવા મૌન કરી ઊભા રહે. ચોરોને જે કરવું હોય તે કરે. ચોરો આક્રોશ કરે યાવત્ મારી નાંખવા પ્રયાસ કરે અથવા સાધુના વસ્ત્ર આદિ છીનવી લે યાવત્ તોડી–ફોડીને ફેંકી દે તો પણ ચોરોના આ કાર્યની ગામમાં ચર્ચા ન કરે, રાજાને ફરિયાદ ન કરે કે બીજા કોઈ પાસે જઈને પણ ન કહે કે, હે આયુષ્યમાન્ ગાથાપતિ ! આ ચોરોએ અમારા ઉપકરણાદિ આક્રોશાદિ કરીને લૂંટી લીધા છે અથવા યાવત્ તોડીફોડીને ફેંકી દીધા છે.

આવા કુવિચારો સાધુ મનથી પણ ન કરે કે વચનથી ન બોલે, પણ નિર્ભય, નિર્દ્વન્દ્વ અને અનાસક્ત થઈ યાવત્ સમાધિમાં સ્થિર રહે અને પછી યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.

આ જ સાધુ–સાધ્વીનો ઈર્યા સંબંધી આચાર છે, સમતાયુક્ત થઈ, સાવધાની સહિત તેમાં પ્રવૃત્તિ કરે. એ પ્રમાણે તીર્થંકરોએ કહેલ છે, તે હું તમને હું કહું છું.

ચૂલિકા–૧ અધ્યયન–૩ 'ઈર્યા'ના ઉદ્દેશક–૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૩–નો અનુવાદ પૂર્ણ

# શ્રુતસ્કંધ-૨, અધ્યયન-૪

## ચૂલિકા-૧, અધ્યયન-૪/[૧૩] "ભાષાજાત"

### ઉદ્દેશક-૧

સૂત્ર-૪૬૬

સાધુ-સાધ્વી આ વચનના આચાર સાંભળી અને સમજીને, પૂર્વ મુનિ દ્વારા અનાચીર્ણ અનાચારોને જાણે, જે ક્રોધથી, માનથી, માયાથી, લોભથી વાણી પ્રયોગ કરે છે, જાણીને કે જાણ્યા વિના કઠોર વચનો બોલે છે, આવી ભાષા ને સાવદ્ય કહે છે. વિવેકપૂર્વક સાવદ્ય ભાષાનો ત્યાગ કરે. મુનિ ધ્રુવ અને અધ્રુવ ભાષાને જાણે અને તેનો ત્યાગ કરે.

અશન આદિ મળ્યું છે કે નથી મળ્યું, આહાર વાપર્યો છે કે નથી વાપર્યો. તે આવ્યો છે અથવા નથી આવ્યો, તે આવે છે અથવા નથી આવતો, તે આવશે કે નહીં આવે, તે અહીં આવ્યો હતો કે આવ્યો ન હતો, તે અહીં અવશ્ય આવે છે કે કદી નથી આવતો, તે અહીં અવશ્ય આવશે કે કદી નહીં આવે આવી ધ્રુવ ભાષાનો ત્યાગ કરવો.)

મુનિ સારી રીતે વિચારી ભાષાસમિતિયુક્ત નિષ્ઠાભાષી-નિષ્ઠાપૂર્વક સમ્યક્ ભાષાનો પ્રયોગ કરે) બની, સંયત થઈને ભાષાપ્રયોગ કરે, જેમ કે – એકવચન, દ્વિવચન, બહુવચન, સ્ત્રીલિંગ, પુલિંગ, નપુંસકલિંગ-વચન, અધ્યાત્મ કથન, ઉપનીત વચન-પ્રશંસાત્મક વચન), અપનીત વચન-નિંદાત્મક વાચન), ઉપનીત-અપનીત વચન-પ્રશંસા પૂર્વક નિંદા વચન), અપનીત-ઉપનીત વચન-નિંદા પૂર્વક પ્રશંસા વચન), અતીત વચન, વર્તમાન વચન, અનાગત_ભાવિ) વચન, પ્રત્યક્ષ વચન, પરોક્ષ વચન.

ઉક્ત સોળ વચનોને જાણીને મુનિ જ્યાં એકવચન બોલવા યોગ્ય હોય ત્યાં એક વચન જ બોલે યાવત્ પરોક્ષ વચન બોલવાનું હોય તો પરોક્ષ વચન જ બોલે. એ પ્રમાણે આ પુરૂષ છે, આ સ્ત્રી છે, આ નપુંસક છે, આ તે છે કે કોઈ અન્ય છે એવી રીતે વિચારપૂર્વક નિશ્ચય થઈ જાય પછી ભાષાદોષ ટાળી સમિતિયુક્ત થઈને સંયત ભાષા બોલે.

મુનિએ ચાર પ્રકારની ભાષા જાણવી જોઈએ – સત્યા, મૃષા, સત્યામૃષા અને જે સત્ય નથી-મૃષા નથી-સત્યામૃષા નથી તે) અસત્યા મૃષા નામની ચોથી ભાષાજાત છે. હવે હું કહું છું કે જે અતીત-વર્તમાન-અનાગત કાલીન અરિહંત ભગવંતો છે, તે બધાએ આ જ ચાર ભાષાના ભેદ કહ્યા છે – કહે છે અને કહેશે. પ્રરૂપ્યા છે – પ્રરૂપે છે અને પ્રરૂપશે. આ બધાં ભાષા-દ્રવ્ય અચિત્ત છે, વર્ણયુક્ત-ગંધયુક્ત-રસયુક્ત-સ્પર્શયુક્ત છે, ચય ઉપચય અને વિવિધ પરિણામધર્મી છે.

સૂત્ર-૪૬૭

સાધુ-સાધ્વીએ જાણવું જોઈએ કે બોલ્યા પહેલાંની ભાષા અભાષા છે, બોલાતી ભાષા ભાષા છે, બોલ્યા પછીની ભાષા અભાષા છે.

સાધુ-સાધ્વી જાણે કે – આ જે ભાષા સત્યા, મૃષા, સત્યામૃષા, અસત્યામૃષા છે, તેમાંથી પણ સાવદ્ય, સક્રિય, કર્કશ, કટુ, નિષ્ઠુર, કઠોર, આસ્રવજનક, છેદનકારી, ભેદનકારી, પરિતાપનકારી, ઉપદ્રવકારી, ભૂતોપઘાતિક-પ્રાણી નો ઉપઘાત કરનારી) ભાષા સત્ય હોવા છતાં બોલવાની ઈચ્છા ન કરે.

સાધુ-સાધ્વીએ જાણવું જોઈએ કે સૂક્ષ્મ બુદ્ધિથી વિચારતા જે ભાષા સત્ય હોય અને જે ભાષા અસત્યામૃષા હોય એવી ભાષા અસાવદ્ય યાવત્ પ્રાણીઓનો ઘાત કરનારી ન હોય, તેવી જ ભાષા બોલવા ઈચ્છે.

સૂત્ર-૪૬૮

સાધુ-સાધ્વી કોઈ પુરુષને બોલાવે ત્યારે બોલાવવા છતાં તે ન સાંભળે તો આમ ન કહે, હે હોલ !, ગોલ, ચાંડાલ, કુજાતિ, દાસીપુત્ર, કૂતરા, ચોર, વ્યભિચારી, કપટી કે હે જૂઠા ! અથવા તું આવો છે, તારા મા-બાપ આવા છે. આવા પ્રકારની ભાષા સાવદ્ય, સક્રિય યાવત્ ભૂતોપઘાતિક છે તેથી વિચારી સમજી સાધુ આવી ભાષા ન બોલે.

સાધુ કોઈ પુરુષને બોલાવે ત્યારે અને બોલાવવા છતાં તે ન સાંભળે ત્યારે એમ કહે કે, હે અમુક !, હે આયુષ્યમાન્ !, આયુષ્યમાનો, શ્રાવક, ઉપાસક, ધાર્મિક કે હે ધર્મપ્રિય ! આ પ્રકારની અસાવદ્ય યાવત્ અહિંસક ભાષા વિચારપૂર્વક બોલે.

સાધુ–સાધ્વી કોઈ સ્ત્રીને બોલાવે ત્યારે કે બોલાવતા ન સાંભળે ત્યારે આમ ન કહે, હે હોલી ! હે ગોલી ! આદિ પૂર્વવત્.

સાધુ–સાધ્વી કોઈ સ્ત્રીને બોલાવે ત્યારે કે બોલાવતા ન સાંભળે ત્યારે આમ કહે, હે આયુષ્મતી ! હે ભગિની ! ભવતી, ભગવતી, શ્રાવિકા, ઉપાસિકા, ધાર્મિકા કે હે ધર્મપ્રિયા ! આવી અસાવદ્ય ભાષા બોલે.

સૂત્ર–૪૬૯

સાધુ–સાધ્વી આ પ્રમાણે ભાષા પ્રયોગ ન કરે– હે આકાશ દેવ છે, વાદળ દેવ છે, વિદ્યુત્ દેવ છે, પ્રવૃષ્ટ દેવ–દેવ વરસે છે), નિવૃષ્ટ દેવ–દેવ નિરંતર વરસે છે), વરસાદ વરસે તો સારું, વરસાદ ન વરસે, ધાન્ય નીપજે– ધાન્ય ન નીપજે, રાત્રિ પ્રકાશવાળી થાઓ કે રાત્રી પ્રકાશવાળી ન થાઓ, સૂર્ય ઊગે કે ન સૂર્ય ઊગે, રાજા જય પામો કે ન પામો; આવી ભાષા સાધુ ન બોલે. કેમ કે તેમાં લોક–મૂઢતા છે અથવા આરંભ વચન છે).

સાધુ–સાધ્વી બોલવાનું પ્રયોજન હોય તો આકાશને અંતરીક્ષ કહે, ગુહ્યાનુચરિત અર્થાત્ દેવોનો ગમન આગમનનો માર્ગ, સંમૂર્છિમ–વાદળા બંધાઈ રહ્યા છે), જલ વરસે છે કે મેઘ વરસે છે કે વાદળા વરસી ચૂક્યા છે એવી ભાષા બોલે). આ તે સાધુ–સાધ્વીનો ભાષા સંબંધી આચાર છે, જે સર્વ અર્થ વડે, સમિત થઈ, સહિત થઈ સદા યતનાપૂર્વક પાળે. તેમ હું કહું છું.

ચૂલિકા–૧ અધ્યયન–૪ 'ભાષાજાત'ના ઉદ્દેશક–૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૪, ઉદ્દેશક–૨

સૂત્ર–૪૭૦

સાધુ–સાધ્વી જેવા પ્રકારનું રૂપ જુએ ત્યાં તેને એવું જ ન કહે, જેમ કે – ગંડરોગીને ગંડી, કુષ્ઠને કોઢીયો, યાવત્ મધુમેહના રોગીને મધુમેહી કહેવો. હાથ કપાયેલાને હાથકટ્ટો, એ રીતે લંગડો, નકટો, કાનકટો, હોઠકટો ઇત્યાદિ. આવા જેટલા પ્રકાર છે તેમને એવા જ પ્રકારે બોલાવતા તે વ્યક્તિ દુઃખી કે કુપિત થાય છે. તેથી આવા પ્રકારની ભાષાથી તેમને બોલાવવાનો વિચાર પણ ન કરે.

સાધુ–સાધ્વી કોઈ પ્રકારના રૂપ જુએ અને બોલવાનું પ્રયોજન હોય તો ઓજસ્વીને ઓજસ્વી, તેજસ્વીને તેજસ્વી, યશસ્વીને યશસ્વી એ રીતે વર્ચસ્વી, અભિરૂપ, પ્રતિરૂપ, પ્રાસાદીય કે દર્શનીય કહે; આ પ્રમાણે જે જેવા છે તેને તેવા પ્રકારે સૌમ્ય ભાષાથી સંબોધિત કરે તો તે કુપિત ન થાય, તેથી સાધુ–સાધ્વીએ આવા પ્રકારની સૌમ્ય ભાષા બોલવી જોઈએ.

સાધુ–સાધ્વી કોઈ પ્રકારના રૂપને જુએ, જેમ કે – કોટ યાવત્ ગૃહાદિ, તો પણ તે એમ ન કહે – સારું બનાવ્યું, સુષ્ઠુકૃત, સાધુકૃત, કલ્યાણકારી, કરણીય, આવા પ્રકારની સાવદ્યભાષા યાવત્ ન બોલે.

સાધુ–સાધ્વી કોઈ પ્રકારના રૂપ જુએ, જેમ કે – કોટ યાવત્ ગૃહાદિ. ત્યારે પ્રયોજનવશાત્ એમ કહે કે, આરંભ, સાવદ્ય કે પ્રયત્ન કરીને બનાવેલ છે. તે પ્રસાદયુક્ત હોય તો પ્રાસાદિક, એ રીતે દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ કે આવા પ્રકારની અસાવદ્ય ભાષા યાવત્ સાધુ બોલે.

સૂત્ર–૪૭૧

સાધુ–સાધ્વી અશનાદિ આહાર તૈયાર જોઈને એમ ન કહે કે, સુંદર બનેલ છે, સારી રીતે બનેલ છે, શોભન બનેલ છે, કલ્યાણકર છે, કરણીય છે. સાધુ આવી સાવદ્ય ભાષા યાવત્ ન બોલે. પણ સાધુ અશનાદિ આહાર જોઈ

આ રીતે બોલે કે, આરંભ કરી, સાવદ્ય વ્યાપાર કરી, પ્રયત્ન કરી બનાવેલ છે, તે ભદ્ર હોય તો ભદ્ર કહે, તાજા હોય તો તાજો કહે એ રીતે રસવાળો, મનોજ્ઞ, આવા પ્રકારે અસાવદ્ય ભાષા બોલે.

સૂત્ર–૪૭૨

સાધુ–સાધ્વી કોઈ મનુષ્ય, બળદ, પાડો, મૃગ, પશુ, પક્ષી, સર્પ કે જલચરને પુષ્ટકાય જોઈને એમ ન બોલે કે આ પુષ્ટ, મેદવાળો, ગોળમટોળ, વધ્ય કે પકાવવા યોગ્ય છે, આ પ્રકારની સાવદ્યભાષા યાવત્ ન બોલે.

સાધુ–સાધ્વી મનુષ્ય યાવત્ જલચરને પુષ્ટકાય જોઈને પ્રયોજન હોય તો એમ કહે કે, આ પુષ્ટકાય–પરિપુષ્ટ શરીરવાળા) છે, ઉપચિતકાય અર્થાત્ વધી ગયેલ શરીરવાળા છે, સ્થિર સંઘયણી અર્થાત જેનું શરીર સુગઠિત છે તે, માંસ–લોહી સંચિત છે, ઇન્દ્રિય પરિપૂર્ણ છે. આવી અસાવદ્ય ભાષા યાવત્ બોલે.

સાધુ–સાધ્વી વિવિધ પ્રકારની ગાયો જોઈને એમ ન કહે કે, આ ગાયો દોહવા યોગ્ય છે, વાછડા દમન યોગ્ય છે, નાના છે, વાહ્ય છે, રથ યોગ્ય છે આવા પ્રકારની સાવદ્ય ભાષા યાવત્ ન બોલે. પરંતુ તે સાધુ વિવિધ પ્રકારની ગાયો જોઈને એમ કહે કે, આ બળદ યુવાન છે, આ ધેનુ દુઝણી છે, આ વાછરડો નાનો છે–મોટો છે, મોટા શરીર–વાળો છે, ભારવહન યોગ્ય છે. આવા પ્રકારની નિરવદ્ય ભાષા વિચાર–પૂર્વક બોલે.

સાધુ–સાધ્વી ઉદ્યાન, પર્વત કે વનમાં જઈને મોટા વૃક્ષો જોઈ એમ ન કહે કે, તે પ્રાસાદ યોગ્ય છે અથવા તોરણ, ગૃહ, પાટ, અર્ગલા, નાવ, હોડી, દ્રોણ, બાજોઠ, છાબડા, હળ, કુલિય–નાનું હળ), એરણ કે આસન બનાવવા યોગ્ય છે. શય્યા, યાન કે ઉપાશ્રય બનાવવા યોગ્ય છે. આવા પ્રકારની સાવદ્ય યાવત્ જીવોપઘાતી ભાષા ન બોલે.

સાધુ–સાધ્વી ઉદ્યાનાદિમાં જઈને પ્રયોજનવશાત્ બોલવું પડે તો એમ બોલે કે, આ વૃક્ષો જાતિવંત છે, લાંબા, ગોળ, વિસ્તારવાળા, શાખા–પ્રશાખાવાળા, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે. આવી અસાવદ્ય ભાષા બોલે.

સાધુ–સાધ્વી અતિ માત્રામાં લાગેલ, વન્યફળોને જોઈને એમ ન બોલે કે, આ ફળ પાકી ગયા છે, પકાવીને ખાવા યોગ્ય, તોડવા યોગ્ય, કોમળ કે વિદારણ યોગ્ય છે. આવા પ્રકારની સાવદ્યભાષા યાવત્ ન બોલે.

સાધુ–સાધ્વી અતિ માત્રામાં લાગેલ વન્યફળ–આંબાને જોઈને એમ કહે કે, આ વૃક્ષ ફળોનો ભાર સહન કરવા અસમર્થ છે, પ્રાયઃ નિષ્પન્ન થઈ ચૂક્યા છે, ઘણા ફળો થયા છે, પૂરા પાક્યા નથી, એવી અસાવદ્ય ભાષા બોલે.

સાધુ–સાધ્વી ઘણી માત્રામાં ઉત્પન્ન ધાન્યાદિ વનસ્પતિ જોઈને એમ ન બોલે કે, પાકી ગઈ છે, કાચી છે, છાલવાળી છે, લણવા યોગ્ય છે, ભૂંજવા યોગ્ય છે, ખાવા યોગ્ય છે, એમ ન બોલે. પરંતુ તેને જોઈને એમ બોલે કે, અંકુરિત થઈ છે, સ્થિર થયેલ છે, વધી ગઈ છે, બીજ પડેલ છે, બહાર નીકળી આવી છે, કણયુક્ત થઈ છે. આવા પ્રકારની અસાવદ્ય ભાષા યાવત્ બોલે.

સૂત્ર–૪૭૩

સાધુ–સાધ્વી તેવા પ્રકારના શબ્દોને સાંભળીને પણ તે વિષયમાં એમ ન બોલે કે, આ માંગલિક છે અથવા આ અમાંગલિક છે. આ ભાષા સાવદ્ય છે, યાવત સાધુ–સાધ્વી ન બોલે.

સાધુ–સાધ્વી તેવા શબ્દો સાંભળીને બોલવું પડે તો સુશબ્દને સુશબ્દ અને દુઃશબ્દને દુઃશબ્દ એવા પ્રકારે અસાવદ્ય ભાષા યાવત્ બોલે.

એ જ પ્રમાણે રૂપના વિષયમાં આ કૃષ્ણ આદિ જેવા હોય તેવા કહે, ગંધમાં આ સુગંધ છે, રસમાં આ તિક્ત છે, સ્પર્શમાં આ કર્કશ છે ઇત્યાદિ જે પ્રમાણે હોય તેમ કહે. તાત્પર્ય એ કે રૂપ આદિના વિષયમાં રાગ–દ્વેષની બુદ્ધિથી ભાષાનો પ્રયોગ ન કરે તેમ જાણવુ.

સૂત્ર–૪૭૪

સાધુ–સાધ્વી ક્રોધ, માન, માયા, લોભનો ત્યાગ કરી, વિચારપૂર્વક, એકાંત અસાવદ્યવચન સાંભળી–સમજીને બોલે. તે નિષ્ઠાભાષી–નિશ્ચયપૂર્વક બોલવું), નિસમ્મભાષી–સમજી–વિચારીને બોલવું) , અતુરિયભાષી–

જલ્દી–જલ્દી કે અસ્પષ્ટ ભાષા ન બોલે), વિવેકભાષી–વિવેકપૂર્વક બોલે) અને સમિત–ભાષાસમિતિ જાળવીને બોલે) થઈ સંયત ભાષા–સંયમભાવથી પરિમિત શબ્દોમાં બોલે) બોલે. આ સાધુ–સાધ્વીનો ભાષા સંબંધી આચાર છે, તેમાં યત્ન કરે તેમ તીર્થંકરોએ કહેલ છે, તે હું તમને કહું છું.

**ચૂલિકા–૧ અધ્યયન–૪ 'ભાષાજાત'ના ઉદ્દેશક–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## ચૂલિકા–૧, અધ્યયન–૪નો અનુવાદ પૂર્ણ

# શ્રુતસ્કંધ–૨, અધ્યયન–૫

## ચૂલિકા–૧, અધ્યયન–૫/[૧૪] "વસ્ત્રૈષણા"

### ઉદ્દેશક–૧

સૂત્ર–૪૭૫

સાધુ–સાધ્વી વસ્ત્ર ગ્રહણ કરવા ઇચ્છે તો તે વસ્ત્ર વિશે જાણે કે, આ વસ્ત્ર–જંગિક–ઊંટ આદિના ઉનનું બનેલ), ભંગિક–વિકલેન્દ્રિયની લાળનું બનેલ), સાણિક–શણ વૃક્ષની છાલનું બનેલ), પોત્રક–તાડ આદિના પત્રનું બનેલ), ક્ષૌમિક–કપાસમાંથી બનેલ) કે તૂલકૃત્–આકડાના તૂલનું બનેલ) અથવા તેવા પ્રકારનું અન્ય વસ્ત્ર મુનિ ગ્રહણ કરે. જો સાધુ તરૂણ, યુગવાન–યુગલિકના યુગના), બળવાન, નિરોગી, સ્થિર સંઘયણી હોય તો એક જ વસ્ત્ર ગ્રહણ કરે, બીજું નહીં પણ સાધ્વી ચાર સંઘાટી ધારણ કરે. તે– એક બે હાથ પહોળી, બે ત્રણ–ત્રણ હાથ પહોળી, એક ચાર હાથ પહોળી. એવા પ્રકારનું વસ્ત્ર ન મળે તો ગ્રહણ કર્યા પછી સીવી લે.

સૂત્ર–૪૭૬

સાધુ–સાધ્વી વસ્ત્ર યાચના માટે અર્ધયોજન ઉપરાંત જાય નહીં.

સૂત્ર–૪૭૭

સાધુ–સાધ્વી જો વસ્ત્રના સંબંધે એમ જાણે કે આ વસ્ત્ર એક સાધુને ઉદ્દેશીને પ્રાણ આદિ હિંસા કરીને બનાવેલ છે તો ન લે. ઇત્યાદિ પિંડૈષણા અધ્યયન મુજબ જાણવુ, એ જ રીતે ઘણા સાધુ, એક સાધ્વી, ઘણા સાધ્વી તથા ઘણા શ્રમણ–બ્રાહ્મણ સંબંધી સૂત્રો 'પિંડૈષણા' મુજબ જાણવા.

સૂત્ર–૪૭૮

સાધુ–સાધ્વી એમ જાણે કે આ વસ્ત્ર ગૃહસ્થે સાધુ નિમિત્તે ખરીદેલ, ધોયેલ, રંગેલ, સાફસૂફ કરેલ, મુલાયમ કરેલ કે ધૂપિત કરેલ છે; તે પ્રકારનું વસ્ત્ર પુરુષાંતરકૃત ન થયું હોય તો યાવત્ ગ્રહણ ન કરે. પરંતુ જો તે પુરુષાંતરકૃત્ હોય તો યાવત્ સાધુ ગ્રહણ કરે.

સૂત્ર–૪૭૯

સાધુ–સાધ્વી એવા વિવિધ પ્રકારના વસ્ત્રોને જાણે જે બહુ–મૂલ્ય હોય, જેવા કે – આજિનક–ચર્મથી બનાવેલ), શ્લક્ષ્ણ–સુંવાળા), શ્લક્ષ્ણકલ્યાણક–સુંવાળા બારીક), આજક–બકરા નાં વાળમાંથી બનેલ), કાચક–કપાસ વિશેષ–માંથી બનેલ), ક્ષૌમિક–સામાન્ય કપાસમાંથી બનેલ), દુકુલ–ગૌડદેશના કપાસમાંથી બનેલ), પટ્ટ–રેશમમાંથી બનેલ), મલય–મલ્ય દેશના કપાસમાંથી બનેલ), પત્તુન્ન–વલ્કલનાં તંતુમાંથી બનેલ), અંશુક–દેશ વિશેષમાં બનેલ રેશમી વસ્ત્ર), ચીનાંશુક–ચીની રેશમ), દેશરાગ–રંગેલ વિશિષ્ટ વસ્ત્ર), અમિલ–એક કપાસ વિશેષ), ગર્જલ–ગજ્જલ દેશ વિશેષનું વસ્ત્ર), સ્ફટિક–ફાલિક દેશ–વિશેષમાં બનેલ), કોયબ–કોયબ દેશનું વસ્ત્ર) , કંબલ–રત્ન કંબલ) તથા અન્ય પ્રકારના તેવા બહુમૂલ્ય વસ્ત્ર પ્રાપ્ત થવા છતાં પણ પ્રાપ્ત થાય ત્યારે વિચારશીલ સાધુ તે ગ્રહણ ન કરે.

સાધુ–સાધ્વી ચર્મનિષ્પન્ન ઓઢવાના વસ્ત્ર વિશે જાણે, જેમ કે – ઔદ્ર–ઉદ્ર મત્સ્યના ચામડામાંથી બનેલ), પેષ–પાતળા ચર્મમાંથી બનેલ), પેષલ–રૂંવાટીમાંથી બનેલ), કૃષ્ણ–નીલ–ગૌર હરણના ચામડાના બનેલા, સ્વર્ણ ખચિત સ્વર્ણ જેવી કાંતિવાળા, સ્વર્ણપટ્ટયુક્ત, સ્વર્ણતાર જડીત, સ્વર્ણ સ્પર્શીત, વાઘ કે ચિત્તાના ચર્મથી મઢેલ, વરુના ચર્મમાંથી બનેલ, આભરણમંડિત કે ચમકદર આભરણ વડે ચિત્રિત કે જડિત અથવા તેવા પ્રકારના અન્ય કોઈ ચર્મના ઓઢવાના વસ્ત્રો મળે તો તેવા બહુ મૂલ્યવાન વસ્ત્રોના ગ્રહણ કે ધારણમાં અનેક પ્રકારના દોષનો સંભવ હોવાથી, સાધુ તેવા વસ્ત્ર ગ્રહણ ન કરે.

સૂત્ર–૪૮૦

ઉપરોક્ત દોષના સ્થાનો તજીને સંયમશીલ સાધુ–સાધ્વી આ ચાર પ્રતિજ્ઞાથી વસ્ત્ર યાચે–

૧. પહેલી પ્રતિજ્ઞા – સાધુ–સાધ્વી જાંગિક યાવત્ તૂલકૃત્ અર્થાત ઉનના વસ્ત્રથી લઈને સુતરાઉ વસ્ત્રોમાંથી કોઈ એક પ્રકારના વસ્ત્રનો સંકલ્પ કરે, તે જ પ્રકારના વસ્ત્રની યાચના કરે અથવા ગૃહસ્થ સ્વયં આપે તો પ્રાસુક હોય તો ગ્રહણ કરે.

૨. બીજી પ્રતિજ્ઞા – સાધુ–સાધ્વી વસ્ત્ર જોઈને યાચના કરે. ગૃહસ્થથી માંડીને દાસી આદિને ત્યાં વસ્ત્ર જોઈને કહે, હે આયુષ્યમાન્ ! આ વસ્ત્રોમાંથી મને કોઈ વસ્ત્ર આપશો ? તેવા વસ્ત્રને સ્વયં માંગે અથવા ગૃહસ્થ આપમેળે આપે તો પ્રાસુક, એષણીય જાણી ગ્રહણ કરે.

૩. ત્રીજી પ્રતિજ્ઞા – સાધુ–સાધ્વી મનમાં એવી ધારણા કરે કે મને ગૃહસ્થનું પહેરેલું કે ઓઢેલું) અંતરિજ્જ કે ઉત્તરિજ્જ વસ્ત્ર પ્રાપ્ત થશે તો લઈશ, તેવા પ્રકારના વસ્ત્રની માંગણી પોતે કરે કે માગ્યા વિના ગૃહસ્થ સ્વયં આપે તો નિર્દોષ જાણી ગ્રહણ કરે.

૪. ચોથી પ્રતિજ્ઞા – સાધુ–સાધ્વી એવી ધારણા કરે કે નકામું વસ્ત્ર પ્રાપ્ત થશે તો લઈશ. જેને અન્ય ઘણા શ્રમણ યાવત્ વનીપક પણ લેવા ન ઈચ્છે, તેવા ફેંકી દેવા યોગ્ય વસ્ત્રની સ્વયં યાચના કરે અથવા ગૃહસ્થ સ્વયં આપે તો નિર્દોષ જાણી ગ્રહણ કરે.

આ ચારે પ્રતિજ્ઞા પિંડૈષણા અધ્યયન મુજબ જાણવી.

પૂર્વોક્ત એષણાનુસાર વસ્ત્ર યાચનાકર્તા મુનિને કદાચ કોઈ ગૃહસ્થ કહે, હે આયુષ્માન્ શ્રમણ ! તમે જાઓ, એક માસ કે દશ કે પાંચ દિવસ બાદ કે કાલે અથવા પરમ દિવસે પધારજો, ત્યારે અમે કોઈ વસ્ત્ર આપશું. આવા શબ્દો સાંભળીને, સાધુ પહેલાથી વિચાર કરીને કહી દે કે, અમને આવા સંકેત વચન સ્વીકારવા ન કલ્પે જો તમે વસ્ત્ર આપવા ઈચ્છતા હો તો હમણા જ આપી દો.

તે સાધુ આમ કહે તો પણ તે ગૃહસ્થ એમ કહે, હમણા જાઓ. પછી તમને કોઈ વસ્ત્ર આપીશું, ત્યારે મુનિ તુરંત કહી દે કે, આ પ્રકારની અવધિ પણ અમારે ન કલ્પે. આમ સાંભળી જો તે ગૃહસ્થ ઘરના કોઈ સભ્યને કહે કે, લાવો–આ વસ્ત્ર આપણે શ્રમણને આપીએ, આપણા માટે પ્રાણી આદિનો આરંભ કરી નવું બનાવી લઈશું. આવા શબ્દો સાંભળી વિચારી તે વસ્ત્રને અપ્રાસુક યાવત્ જાણી ગ્રહણ ન કરે.

કદાચ ગૃહસ્વામી એમ કહે કે, તે વસ્ત્ર લાવો, તેને સ્નાનાદિકમાં વપરાતા સુગંધિત દ્રવ્યો વડે સુગંધિત કરીને સાધુને આપીશું. આવા શબ્દો સાંભળી, વિચારી સાધુ પહેલાં જ કહી દે કે, આ વસ્ત્રને સ્નાનીય પદાર્થથી યાવત્ પ્રઘર્ષિત ન કરો, આપવું હોય તો સીધું આપો. તેમ છતાં ગૃહસ્થ સ્નાન દ્રવ્યોથી યાવત્ સુગંધિત કરીને આપે તો સાધુ તે પ્રકારના વસ્ત્રને અપ્રાસુક જાણી યાવત્ ગ્રહણ ન કરે.

કદાચ ગૃહસ્વામી કહે કે, લાવો આ વસ્ત્રને ઠંડા કે ગરમ પાણીથી ધોઈને આ શ્રમણને આપીએ. આ શબ્દો સાંભળીને સાધુ કહી દે કે, તમે આ વસ્ત્ર ઠંડા કે ગરમ પાણીથી ધોશો નહીં, આપવું હોય તો એમ જ આપો ઇત્યાદિ યાવત્ સાધુ તે ગ્રહણ ન કરે.

કદાચ ગૃહસ્વામી કહે કે, વસ્ત્ર લાવો, આપણે તેમાંથી કંદ કે યાવત્ લીલોતરી કાઢીને સાધુને આપીશું. આ શબ્દ સાંભળીને યાવત્ સાધુ કહે કે, તમે કંદને યાવત્ દૂર ન કરો, મને આવું વસ્ત્ર લેવું ન કલ્પે. સાધુ એમ કહે તો પણ જો ગૃહસ્થ યાવત્ સાફ કરીને આપે તો તેવા પ્રકારનું વસ્ત્ર અપ્રાસુક જાણીને યાવત્ સાધુ ગ્રહણ ન કરે.

કદાચ ગૃહસ્વામી સાધુને વસ્ત્ર કાઢીને આપે તો સાધુ લેતા પહેલાં કહે કે, હું તમારી સમક્ષ આ વસ્ત્રને ચારે બાજુથી જોઈ લેવું કેમ કે કેવલીએ પ્રતિલેખન કર્યા વિના વસ્ત્ર લેવું તે કર્મબંધનું કારણ કહ્યું છે. કદાચ વસ્ત્રના છેડે કુંડલ, સૂત્ર, ચાંદી, સોનું, મણી યાવત્ રત્નાવલી અથવા પ્રાણી, બીજ કે લીલોતરી હોય તો સાધુનો આ પૂર્વોક્ત

આચાર છે કે વસ્ત્ર પડિલેહવું.

સૂત્ર–૪૮૧

સાધુ–સાધ્વી જે વસ્ત્રને ઇંડા યાવત્ જાળા સહિત જુએ તો તેવા વસ્ત્રને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે. સાધુ–સાધ્વી જે વસ્ત્રને ઇંડા યાવત્ જાળારહિત જાણે પણ પ્રમાણમાં પર્યાપ્ત ન હોય, અસ્થિર, અધ્રુવ, અધારણીય, દાતાની રુચિરહિત જાણે, તો અપ્રાસુક હોવાથી ગ્રહણ ન કરે.

સાધુ–સાધ્વી તે વસ્ત્રને ઇંડા યાવત્ જાળારહિત, પ્રમાણયુક્ત, સ્થિર, ધ્રુવ, ધારણીય, દાતાની દેવાની ઇચ્છાયુક્ત અને અનુકૂળ જાણી તે પ્રકારના વસ્ત્રને પ્રાસુક જાણી ગ્રહણ કરે. સાધુ–સાધ્વી મારું વસ્ત્ર નવું નથી એમ વિચારી – ૧) બહુ કે થોડા સુગંધિત દ્રવ્યથી યાવત્ પ્રઘર્ષિત ન કરે. ૨) બહુ કે થોડા ઠંડા અથવા ગરમ પાણીથી યાવત્ ધોવે નહીં. ૩) મારા વસ્ત્ર દુર્ગંધી છે એમ વિચારીને બહુ કે થોડા સુગંધી દ્રવ્યોથી કે ઠંડા–ગરમ પાણીથી તે વસ્ત્રોને ધોવું જોઇએ નહીં.

સૂત્ર–૪૮૨

સાધુ–સાધ્વી વસ્ત્ર સૂકવવા ઇચ્છે તો તે વસ્ત્રને જીવજંતુવાળી યાવત્ સચિત્ત ભૂમિ પર સૂકવે નહીં. સાધુ–સાધ્વી વસ્ત્ર સૂકવવા ઇચ્છે તો વસ્ત્રને સ્તંભ, દરવાજા, ઉખલ, સ્નાન–ચોકી કે કોઈ બીજા ઊંચા સ્થાન ઉપર કે જે બરાબર બાંધેલ ન હોય, સારી રીતે ગોઠવાયેલ ન હોય, અનિષ્કંપ, ચલાચલ હોય તો યાવત્ ત્યાં ન સૂકવે. સાધુ–સાધ્વી વસ્ત્ર સૂકવવા ઇચ્છે તો દીવાલ, નદીતટ, શિલા, ઢેફા કે તેવા કોઈ સ્થાને યાવત્ ન સૂકવે. સાધુ–સાધ્વી વસ્ત્રને સ્તંભ, મંચ, માળા, પ્રાસાદ, હર્મ્યતલ કે તેવા કોઈ ઊંચા સ્થાને યાવત્ ન સૂકવે.

સાધુ–સાધ્વી તે વસ્ત્રને લઈને એકાંતમાં જાય, જઈને દગ્ધ યાવત્ બીજી કોઈ અચિત્ત ભૂમિનું પડિલેહણ તથા પ્રમાર્જન કરી–કરીને વસ્ત્રને થોડું કે વધુ સૂકવે. આ તે સાધુ–સાધ્વીનો સંપૂર્ણ આચાર છે, તેનું પાલન કરીને સંયમમાં યતનાવાન બને.

ચૂલિકા–૧ અધ્યયન–૫ 'વસ્ત્રૈષણા'ના ઉદ્દેશક–૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૫, ઉદ્દેશક–૨

સૂત્ર–૪૮૩

સાધુ–સાધ્વી યથાયોગ્ય ઉપયોગમાં આવે તેવા એષણીય વસ્ત્રની યાચના કરે, જેવા ગ્રહણ કર્યા હોય તેવા જ વસ્ત્રોને ધારણ કરે, તેને ધૂએ નહીં કે રંગે નહીં કે ન ધોએલ–રંગેલ વસ્ત્ર ધારણ કરે, વસ્ત્રોને ગોપન ન કરીને ગ્રામ આદિમાં વિચરે. તે નિસ્સાર વસ્ત્રધારી કહેવાય. આ જ વસ્ત્રધારી મુનિનો સંપૂર્ણ આચાર છે.

સાધુ–સાધ્વી ગૃહસ્થના ઘેર જવા ઇચ્છે તો બધા કપડા સાથે ગૃહસ્થના ઘેર પ્રવેશે કે નીકળે. એ જ રીતે સ્થંડિલ ભૂમિ કે સ્વાધ્યાય ભૂમિમાં જતા કે ગામ–ગામ વિચરતા બધાં વસ્ત્રો સાથે રાખે. ઘણો વરસાદ વરસતો જોઈ સાધુ તેવું જ આચરણ કરે જેવું 'પિંડૈષણા' અધ્યયનમાં કહ્યું છે. વિશેષતા એ જ છે કે ત્યાં બધી ઉપધી લઇ જવા કહ્યું હતું, અહીં બધાં વસ્ત્ર સાથે લઈ જાય તેમ સમજવું.

સૂત્ર–૪૮૪

કોઈ સાધુ મુહૂર્ત આદિ બે કે ત્રણ દિવસનાનિયત કાલ માટે પ્રાતિહારિક–નિયત કાલ પછી પાછું દેવાના) વસ્ત્રની યાચના કરે યાવત્ એક, બે, ત્રણ, ચાર, પાંચ દિવસ રહી પાછો ફરે ત્યારે કદાચ તે વસ્ત્ર ફાટી જાય, તો જેણે તે વસ્ત્ર આપેલ છે તે સાધુ આ ફાટેલા વસ્ત્રને ગ્રહણ ન કરે, લઈને બીજાને ન આપે, ઉધાર ન આપે, અદલાબદલી ન કરે, બીજા પાસે જઈને એમ પણ ન કહે કે, હે શ્રમણ ! તમે આ વસ્ત્રને ગ્રહણ કરવા કે પહેરવા ઇચ્છો છો ? તે દૃઢ વસ્ત્રને ટૂકડા કરી પરઠવે નહીં તેવું વસ્ત્ર સાંધેલું પણ પોતે ગ્રહણ ન કરે, પણ લઈ જનાર મુનિને જ આપી દે.

તે એકાકી સાધુ ઉપરોક્ત વાત સાંભળીને વિચારે કે જે સાધુઓ તેવા પ્રકારના વસ્ત્રોને મુહૂર્તકાળ યાવત્ એકાદિ પાંચ દિવસ સુધી લઈ જઈ કોઈ ગામ આદિથી પાછા ફરે ત્યારે તે ફાટેલ વસ્ત્ર ન પોતે લે યાવત્ તે વસ્ત્ર લઈ જનારને જ પરત કરી દે. આ રીતે બહુવચનનો આલાવો જાણવો.

કોઈ મુનિ એમ વિચારે કે હું મુહૂર્ત આદિનું કહી વસ્ત્રની યાચના કરીશ, એક, બે યાવત્ પાંચ દિવસ ગ્રામાંતર જઈને આવીશ. વસ્ત્ર બગાડી દઈશ તેથી તે લેશે નહીં, વસ્ત્ર મારું થશે, તે માયા કપટ છે, સાધુ તેમ ન કરે.

સૂત્ર–૪૮૫

સાધુ–સાધ્વી સુંદર વર્ણવાળા વસ્ત્રને વિવર્ણ કે વિવર્ણ વસ્ત્રને સુંદર વર્ણવાળુ ન કરે. મને બીજું વસ્ત્ર મળશે એમ વિચારી પોતાના જૂના વસ્ત્ર બીજાને આપે, ન ઉધાર લે કે વસ્ત્રની પરસ્પર અદલા–બદલી ન કરે. કોઈ બીજા સાધુને એમ પણ ન કહે કે હે શ્રમણ ! તમે મારું વસ્ત્ર લેવા કે પહેરવા ઇચ્છો છો ? તે વસ્ત્ર ટકાઉ હોય તો એ વસ્ત્ર બીજાને સારુ નથી દેખાતું એમ વિચારી ટૂકડા કરી પરઠવે નહીં.

માર્ગમાં સામે આવતા ચોરોને દેખીને તે વસ્ત્રની રક્ષા માટે તેમનાથી ડરીને ઉન્માર્ગે ન જાય. પણ નીડરતાપૂર્વક ધીરજથી યતના સહિત એક ગામથી બીજે ગામ તે જ માર્ગે જાય.

સાધુ–સાધ્વી એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હોય અને જાણે કે માર્ગમાં અટવીમાં ઘણા ચોરો વસ્ત્ર લૂંટવા એકઠા થઈ રહ્યા છે. તો તેનાથી ભયભીત થઈ ઉન્માર્ગે ન જતા યાવત્ ગામ–ગામ વિચરે.

ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ–સાધ્વીને માર્ગમાં લૂંટારા સામે મળે અને કહે કે, આ વસ્ત્ર લાવો, મને આપી દો, મૂકી દો ઇત્યાદિ ઈર્યા અધ્યયનમાં કહ્યા મુજબ જાણવું. ફરક એ કે અહીં તે વસ્ત્રના વિષયમાં જાણવું.

આ સાધુ–સાધ્વીનો વસ્ત્ર સંબંધી આચાર છે, તેના પાલનમાં તેઓ સદા યતનાવાન થઈ વિચરે, તેમ તીર્થંકર ભગવંતે જે કહ્યું છે, તે હું તમને કહું છું.

**ચૂલિકા–૧ અધ્યયન–૫ 'વસ્ત્રૈષણા'ના ઉદ્દેશક–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## ચૂલિકા–૧, અધ્યયન–૫–નો અનુવાદ પૂર્ણ

# શ્રુતસ્કંધ–૨, અધ્યયન–૬

## ચૂલિકા–૧, અધ્યયન–૬/[૧૫] "પાત્રૈષણા"

### ઉદ્દેશક–૧

સૂત્ર–૪૮૬

સાધુ–સાધ્વી પાત્ર ગ્રહણ કરવા ઇચ્છે તો આ ત્રણ પ્રકારના પાત્ર સ્વીકારે. તુંબ પાત્ર, કાષ્ઠ પાત્ર, માટી પાત્ર. આ પ્રકારનું કોઈ એક પાત્ર તરુણ યાવત્ દૃઢ સંઘયણવાળો સાધક રાખે–બીજું નહીં. તે સાધુ અર્ધયોજનથી આગળ પાત્ર લેવા જવાનો મનથી પણ વિચાર ન કરે.

સાધુ–સાધ્વી એમ જાણે કે એક સાધર્મિક સાધુને ઉદ્દેશીને પ્રાણી આદિની હિંસા કરીને આ પાત્ર બનાવેલ છે. ઇત્યાદિ ચાર આલાવા 'પિંડૈષણા' અધ્યયન મુજબ જાણવા. પાંચમાં આલાવામાં ઘણા શ્રમણ, બ્રાહ્મણ આદિને ગણી–ગણીને બનાવવામાં આવેલ હોય ઇત્યાદિ. આવું પાત્ર ગ્રહણ ન કરે.

સાધુ–સાધ્વી જાણે કે ગૃહસ્થે ભિક્ષુ નિમિત્તે ઘણા શ્રમણ–બ્રાહ્મણને ઉદ્દેશીને પાત્ર બનાવેલ છે ઇત્યાદિ વસ્ત્રૈષણા અધ્યયનથી જાણવુ.

સાધુ–સાધ્વી જાણે કે આ પાત્ર વિવિધ પ્રકારના અને મહામૂલ્યવાન છે, જેમ કે – લોઢુ, રાંગ, તાંબુ, શીશુ, ચાંદી, સોનું, પિત્તળ, પોલાદ, મણિ, કાચ, કાંસુ, શંખ, શૃંગ, દાંત, વસ્ત્ર, પાષાણ કે ચર્મના પાત્ર છે અથવા તેવા વિવિધ પ્રકારના મૂલ્યવાન પાત્ર છે તો તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને ગ્રહણ ન કરે.

સાધુ–સાધ્વી જાણે કે આ પાત્રાને મૂલ્યવાન લોખંડ યાવત્ ચામડાનું બંધન કે તેવું મૂલ્યવાન અન્ય કોઈ બંધન હોય તો યાવત્ ગ્રહણ ન કરે.

સાધુ – આ દોષ સ્થાનોને ત્યાગી પાત્ર ગ્રહણની ચાર પ્રતિજ્ઞા જાણે.

૧. સાધુ તુંબ, કાષ્ઠ કે માટીમાંથી કોઈ એક પ્રકારનું પાત્ર નામોલ્લેખ કરીને સ્વયં યાચે અથવા ગૃહસ્થ આપે તો યાવત્ ગ્રહણ કરે.

૨. સાધુ પાત્રને જોઈને યાચના કરે. ગૃહસ્થના ઘેર જઈને ગૃહસ્થથી દાસીપર્યંત પહેલાં કોઈ પાસે પાત્ર જોઈને કહે કે, હે આયુષ્યમાન્ ! શું મને આમાંથી એક પાત્ર આપશો ? જેવું કે તુંબ, કાષ્ઠ કે માટીપાત્ર. તે પાત્ર સ્વયં યાચે અથવા ગૃહસ્થ આપે તો યાવત્ ગ્રહણ કરે.

૩. સાધુ જો એવું પાત્ર જાણે કે તે ગૃહસ્થ દ્વારા વપરાયેલ છે અથવા તેમાં ભોજન કરાઈ રહ્યું છે. તે પાત્ર સ્વયં યાચે અથવા ગૃહસ્થ આપે તો યાવત્ ગ્રહણ કરે.

૪. સાધુ જો ઉજ્ઝિતધર્મ અર્થાત ફેંકી દેવા યોગ્ય પાત્ર યાચે યાવત્ જે અન્ય ઘણા શ્રમણાદિ લેવા પણ ન ઇચ્છે તો તેવું પાત્ર સ્વયં યાચે યાવત્ ગ્રહણ કરે.

આ ચારમાંથી કોઈ એક પ્રતિજ્ઞા લે. શેષ 'પિંડૈષણા' મુજબ જાણવુ.

આ રીતે પાત્રૈષણાપૂર્વક યાચના કરતા જોઈને કોઈ ગૃહસ્થ કહે કે, હે શ્રમણ ! તમે એક માસ પછી આવજો ઇત્યાદિ કથન વસ્ત્રૈષણા મુજબ જાણવુ. વળી કોઈ ગૃહસ્થ કહે કે, હે આયુષ્યમાન્ ! બહેન ! તે પાત્ર લાવો આપણે તેના પર તેલ, ઘી, માખણ કે ચરબીથી લેપન કરીને આપીએ કે શીતલ જળ વડે ધોઈને કે કંદાદિ ખાલી કરીને આપીએ ઇત્યાદિ સર્વ કથન વસ્ત્રૈષણા મુજબ જાણવુ યાવત્ સાધુ તે ગ્રહણ ન કરે.

કોઈ ગૃહસ્વામી સાધુને એમ કહે, હે શ્રમણ ! તમે મુહૂર્ત માત્ર ઊભા રહો. અમે ત્યાં સુધી અશનાદિ તૈયાર કરીને પાત્ર ભરીને આપીએ. કેમ કે ખાલી પાત્ર આપવું ઠીક નથી. ત્યારે તે સાધુ પહેલાથી જ કહી દે કે, હે આયુષ્યમાન્ ! હે બહેન ! મને આધાકર્મી અશનાદિ લેવું કલ્પે નહીં. માટે તમે સામગ્રી ભેગી કરશો નહીં કે અશનાદિ

પકાવશો નહીં. આપવું હોય તો મને ખાલી પાત્ર જ આપો. આવું કહેવા છતાં ગૃહસ્થ અશનાદિ સામગ્રી એકઠી કરી, તૈયાર કરી ભોજન–પાન સહિત પાત્ર આપે તો તેવા પ્રકારના પાત્રને અપ્રાસુક અને અનેષણીય જાણી યાવત્ ગ્રહણ ન કરે.

કદાચ કોઈ ગૃહસ્થ પાત્રને લાવીને આપે તો પહેલાં સાધુ કહે કે, તમારી સામે આ પાત્ર અંદર–બહારથી હું પડિલેહીશ. પડિલેહ્યા વિના પાત્ર લેવું તેને કેવલીએ કર્મબંધનું કારણ કહ્યું છે. સંભવ છે કે પાત્રમાં પ્રાણી, બીજ, હરિત હોય માટે સાધુનો પૂર્વોપદિષ્ટ આચાર છે કે પાત્ર પડિલેહવું. ઇત્યાદિ સર્વે આલાવા વસ્ત્રૈષણા મુજબ જાણવા. ફરક માત્ર એ કે જો પાત્ર તેલ, ઘી, માખણ, ચરબી, સુગંધિત દ્રવ્ય કે અન્ય તેવા પ્રકારના દ્રવ્યથી લિપ્ત હોય તો એકાંતમાં જાય. નિર્દોષ સ્થંડિલ ભૂમિનું પ્રતિલેખન–પ્રમાર્જન કરે અને ત્યાં યતનાપૂર્વક પાત્રને સાફ કરે. આ સાધુ–સાધ્વીનો પાત્ર સંબંધી આચાર છે. જેને સદા યતનાવાન થઈ પાળે. તેમ હું કહું છું.

ચૂલિકા–૧ અધ્યયન–૬ 'પાત્રૈષણા'ના ઉદ્દેશક–૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૬, ઉદ્દેશક–૨

### સૂત્ર–૪૮૭

ગૃહસ્થને ઘેર આહાર–પાણી લેવા જતાં પહેલાં સાધુ–સાધ્વી પાત્રને બરાબર જુએ, તેમાં કોઈ જીવજંતુ હોય તો સાવધાનીથી એક બાજુ મૂકી દે. ધૂળની પ્રમાર્જના કરે. પછી આહારાદિ નીકળે કે ગૃહસ્થના ઘેર પ્રવેશે. કેવલી કહે છે કે, તેમ ન કરવું તે કર્મબંધનું કારણ છે, કેમ કે પાત્રમાં પ્રાણી, બીજ, હરિતકાય હોય તો તે પરિતાપ પામે. તેથી મુનિનો પૂર્વોપદિષ્ટ આચાર છે કે પહેલાંથી પાત્રને જોઈને, રજ પ્રમાર્જીને યતનાપૂર્વક ભિક્ષાર્થે નીકળે.

### સૂત્ર–૪૮૮

ગૃહસ્થને ઘેર ગયેલ સાધુ–સાધ્વી પાત્રની યાચના કરે ત્યારે ગૃહસ્થ, ઘરમાંથી સચિત્ત પાણી પાત્રમાં લઈને સાધુને આપવા આવે ત્યારે તે પાત્ર તેના હાથમાં કે પાત્રમાં હોય તો અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે. કદાચ અસાવધાનીથી ગ્રહણ કરી લે તો જલદીથી તે પાણીને પાછું આપી દે. અથવા સ્નિગ્ધ ભૂમિમાં તે પાણીને પરઠવી પાત્રને એક તરફ મૂકી દે. તે સાધુ ભીના અને સ્નિગ્ધ પાત્રને લૂંછે કે સૂકાવે નહીં. જ્યારે પાત્ર સ્વયં નીતરી જાય પછી તે પાત્રને યતનાપૂર્વક સાફ કરે યાવત્ સૂકાવે.

સાધુ–સાધ્વી ગૃહસ્થના ઘેર જાય તથા સ્થંડીલ કે સ્વાધ્યાય ભૂમિ જાય અથવા ગ્રામાનુગ્રામ વિચરે ત્યારે પાત્ર સાથે રાખે.

તીવ્ર કે થોડો વરસાદ થતો હોય ઇત્યાદિ વસ્ત્રૈષણામાં જણાવ્યા મુજબ પાત્ર સંબંધે પણ જાણવુ. વિશેષ એ કે અહીં પાત્ર કહેવું. આ તે સાધુ–સાધ્વીનો આચાર છે. તેનું સર્વ અર્થથી પાલન કરે, તેમ હું કહું છું.

ચૂલિકા–૧ અધ્યયન–૬ 'પાત્રૈષણા'ના ઉદ્દેશક–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૬નો અનુવાદ પૂર્ણ

# શ્રુતસ્કંધ–૨, અધ્યયન–૭

## ચૂલિકા–૧, અધ્યયન–૭/[૧૬] "અવગ્રહ પ્રતિમા"

### ઉદ્દેશક–૧

સૂત્ર–૪૮૯

દીક્ષા લેતી વખતે સંયમાર્થી કહે છે, હું સ્વજન–પરજન આદિ શ્રમણ થઈશ, ગૃહ–ત્યાગ કરી અનગાર બનીશ, પરિગ્રહ છોડી અકિંચન થઈશ, અપુત્ર, અ–પશુ અને પરદત્તભોજી થઈ પાપકર્મ કરીશ નહીં. એ રીતે સંયમ પાલન માટેઉદ્યત થઈ કહે છે, હે ભદંત ! હું સર્વ પ્રકારના અદત્તાદાનનો ત્યાગ કરું છું. તે શ્રમણ ગામ યાવત્ રાજધાનીમાં પ્રવેશ કરે ત્યારે સ્વયં અદત્ત ગ્રહણ ન કરે, બીજા પાસે અદત્ત ગ્રહણ ન કરાવે, અદત્ત ગ્રહણ કરવાવાળાની અનુમોદના ન કરે. જેમની સાથે પ્રવ્રજિત થઈને રહે છે, તેઓના છત્ર યાવત્ ચર્મ છેદનકને તેમની પહેલાં અવગ્રહ–અનુજ્ઞા લીધા વિના, પડિલેહણ–પ્રમાર્જન કર્યા વિના સામાન્ય કે વિશેષથી ગ્રહણ ન કરે. પૂર્વેથી તેમનો અવગ્રહ યાચી અનુજ્ઞાપૂર્વક પૂંજી–પ્રમાર્જીને યતનાપૂર્વક લે.

સૂત્ર–૪૯૦

સાધુ–સાધ્વી જોઈ–વિચારીને ધર્મશાળા આદિમાં અવગ્રહની યાચના કરે. તે સ્થાનના સ્વામી કે અધિષ્ઠાતાની આજ્ઞા લે, હે આયુષ્યમાન્ ! આપની ઇચ્છાનુસાર જેટલો સમય અને જેટલા ક્ષેત્રમાં રહેવા આજ્ઞા આપો તે પ્રમાણે રહીશું યાવત્ તે અવધિમાં અમારા કોઈ સાધર્મિક આવશે તો તે પણ રહેશે ત્યાર પછી વિહાર કરીશું. તે સ્થાનમાં રહ્યા પછી જે કોઈ સંભોગી અર્થાત એક માંડલીમાં બેસી સાથે આહાર કરનારા કે સમાન સામાચારીવાળા સાધુ વિહાર કરીને પધાર્યા હોય ત્યારે પોતાના લાવેલ અશનાદિ માટે તેઓને નિમંત્રણ કરે, પણ બીજા મુનિ દ્વારા કે મુનિ માટે લાવેલ અશનાદિ માટે નિમંત્રણ ન કરે.

સૂત્ર–૪૯૧

આજ્ઞા પ્રાપ્ત કરી ધર્મશાળા આદિમાં રહેલ સાધુ ત્યાં રહેલા કે આવતા સાધર્મિક, અન્ય સાંભોગિકને પોતે લાવેલ પીઠ, ફલક, શય્યા–સંસ્તારકાદિ માટે તેઓને આમંત્રિત કરે. પરંતુ બીજા મુનિ દ્વારા કે મુનિએ લાવેલા પીઠ, ફલક આદિ માટે આમંત્રિત ન કરે.

ધર્મશાળાદિમાં યાવત્ અનુજ્ઞા લઈને રહેલ હોય અને તે સ્થાનમાં કોઈ ગૃહસ્થ કે ગૃહસ્થપુત્ર આદિ પાસેથી સોય, કાતર, કાન ખોતરણી, નેરણી આદિ ઉપકરણ પોતા માટે યાચીને લાવેલ હોય તો તે અન્ય સાધુને ન આપે – ન લે. પણ કાર્ય પૂર્ણ થયે જ્યાંથી લાવેલ હોય તે ગૃહસ્થને ત્યાં જાય અને હાથ લાંબો કરી તે વસ્તુ ભૂમિ પર રાખે અને કહે કે, આ વસ્તુ તમારી છે. પરંતુ તે વસ્તુ પોતાના હાથે ગૃહસ્થના હાથ પર ન રાખે.

સૂત્ર–૪૯૨

સાધુ–સાધ્વી એવા અવગ્રહને જાણે – ૧) જે સચિત્ત પૃથ્વી યાવત્ જાળાથી યુક્ત હોય તો તેવા પ્રકારનો અવગ્રહ ગ્રહણ ન કરે. ૨) જે સ્થાન સ્થંભ આદિ પર ઊંચે હોય અને બરાબર બાંધેલ હોય તો યાવત્ ન યાચે. ૩) જે સ્થાન કાચી દીવાલ આદિ ઉપર હોય તો યાવત્ ન યાચે. ૪) જે સ્થાન સ્થંભ આદિ પર કે તેવા અન્ય ઉચ્ચસ્થાને હોય તો યાવત્ ન યાચે. ૫) જે સ્થાન ગૃહસ્થયુક્ત, અગ્નિ કે જલયુક્ત, સ્ત્રી–બાળક–પશુના ભોજન પાનથી યુક્ત હોય, બુદ્ધિમાન સાધુ માટે ત્યાં આવાગમન યાવત્ ધર્માનુયોગ ચિંતન માટે યોગ્ય ન હોય તો આવા સ્થાનને યાવત્ ન યાચે.

સાધુ–સાધ્વી એવા સ્થાનને જાણે કે, ૬) જેમાં આવાગમનનો માર્ગ ગૃહસ્થના મકાનની વચ્ચોવચ્ચ થઈને નીકળે છે, તો પ્રાજ્ઞ સાધુ યાવત્ તેવા સ્થાનને ન યાચે. ૭) જે સ્થાને ગૃહપતિ યાવત્ દાસી પરસ્પર આક્રોશ કરતા

હોય, તેલ આદિ મર્દન, સ્નાનાદિ, ઠંડા કે ગરમ પાણીથી ગાત્રસિંચન કરતા હોય કે નગ્ન થઈ ક્રીડા કરતા હોય ઇત્યાદિ કથન શય્યા–અધ્યયન માફક જાણવુ. માત્ર શય્યાને સ્થાને અવગ્રહ કહેવું. ૮) જે સ્થાન વિકૃતિકારક ચિત્રોથી ચિત્રિત હોય યાવત્ આવા સ્થાનથી પ્રાજ્ઞ સાધુ યાચના ન કરે. આ સાધુ–સાધ્વીનો અવગ્રહ સંબંધી આચાર છે, તેનું સંપૂર્ણ પાલન કરી સાધુ સંયમમાં યતનાવાન બને.

ચૂલિકા–૧ અધ્યયન–૭ ‘અવગ્રહ પ્રતિમા’ના ઉદ્દેશક–૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૭, ઉદ્દેશક–૨

સૂત્ર–૪૯૩

સાધુ ધર્મશાળાદિ સ્થાનમાં અવગ્રહ યાચે, તે સ્થાનના સ્વામીને યાચના કરતા કહે કે, હે આયુષ્યમાન્ ! આપની ઇચ્છાનુસાર જેટલો સમય–જેટલા ક્ષેત્રમાં રહેવાની આપ અનુજ્ઞા આપો તેમ રહીશું. યાવત્ અમારા સાધર્મિક સાધુ આવશે તો યાવત્ તે પણ આ અવધિમાં રહેશે. ત્યાર પછી અમે વિહાર કરીશું. અવગ્રહ લીધા પછી શું કરે ? ત્યાં જે શ્રમણ, બ્રાહ્મણ આદિના છત્ર યાવત્ ચર્મછેદનક આદિ હોય તેને અંદરથી બહાર ન કાઢે કે કે બહારથી અંદર ન લઈ જાય. સૂતેલા શ્રમણાદિને જગાડે નહીં કે તેઓની સાથે અપ્રીતિજનક કે પ્રતિકૂળ વર્તન કરે નહીં.

સૂત્ર–૪૯૪

તે સાધુ–સાધ્વી આમ્રવનમાં રહેવા ઇચ્છે તો ત્યાંના જે સ્વામી કે વનપાલ હોય, તેની પાસે અવગ્રહ યાચતા કહે, આપની ઇચ્છા હોય યાવત્ ત્યાં સુધી અહીં રહીશું. આ રીતે અનુજ્ઞા મેળવી નિવાસ કર્યા પછી શું કરે ? –

૧- જો સાધુ કેરી ખાવા ઇચ્છે, પણ તે. એમ જાણે કે આ કેરીઓ ઇંડા યાવત્ જીવજંતુ યુક્ત છે, તો તેવી કેરીને અપ્રાસુક જાણી ન લે.

૨- સાધુ–સાધ્વી એમ જાણે કે આ કેરી ઇંડા યાવત્ જીવજંતુથી રહિત છે પણ તે તીરછી કાપેલ નથી, ટૂકડા કરેલ નથી તો તેને અપ્રાસુક જાણી ન લે.

૩- સાધુ–સાધ્વી જાણે કે આ કેરી ઇંડા યાવત્ જીવજંતુથી રહિત છે અને તીરછી કાપેલ તથા ટૂકડા કરેલ છે તો તેને પ્રાસુક જાણી ગ્રહણ કરે.

૪- સાધુ–સાધ્વીને કેરીનો અડધો ભાગ, ચીર, છાલ, રસ, ટૂકડા આદિ ખાવા કે પીવાની ઇચ્છા થાય પણ તે ઇંડા યાવત્ જાળાથી યુક્ત હોય તો ન લે; જો તે ઇંડા યાવત્ જાળાથી યુક્ત ન હોય પણ છોલેલ કે સુધારેલ ન હોય તો તેને ગ્રહણ ન કરે પરંતુ તે ઇંડા યાવત્ જાળાથી યુક્ત ન હોય, છોલેલ તથા સુધારેલ પણ હોય તો અપ્રાસુક અને અનેષણીય જાણી ગ્રહણ કરે.

તે સાધુ–સાધ્વી શેરડીના વનમાં રહેવા ઇચ્છે તો તેના માલિકની અનુજ્ઞા લઈને યાવત્ ત્યાં રહે. ત્યાં રહ્યા પછી શેરડી ખાવા કે પીવા ઇચ્છે તો પહેલાં જાણી લે કે શેરડી ઇંડા યાવત્ જાળાથી યુક્ત નથી ને ? તીરછી આદિ છેદાયેલ છે કે નહીં ? ઇત્યાદિ ત્રણે સૂત્રો ઉપર મુજબ જાણવા.

તે સાધુ–સાધ્વી શેરડીનો મધ્યભાગ, તેની ગાંઠ, છાલ, રસ, ટૂકડા ખાવા કે પીવા ઇચ્છે તો ઇંડાદિ યુક્ત અશુદ્ધ જાણે તો ગ્રહણ ન કરે, શેરડીનો મધ્યભાગ આદિ ઇંડાદિ યુક્ત ન હોય પણ તીરછુ છેદેલ ન હોય તો પણ ગ્રહણ ન કરે. પરંતુ જો ઇંડારહિત હોય, તીરછી છેદાયેલ હોય તો અપ્રાસુક જાણી ગ્રહણ કરે.

તે સાધુ–સાધ્વી લસણના વનમાં જાય તો ઉક્ત ત્રણે આલાવા જાણવા. વિશેષ એ કે ત્યાં ‘લસણ’ કહેવું. કોઈ સાધુ–સાધ્વીને લસણ, લસણનો કંદ, લસણની છાલ કે ટૂકડા, લસણના પાન, લસણનો રસ આદિ ખાવા કે પીવાની ઇચ્છા થાય યાવત્ તે જાણે કે તે ઇંડાદિથી યુક્ત છે તો ગ્રહણ ન કરે. એ રીતે ઇંડાદિ યુક્ત ન હોય પણ ટૂકડા કે છેદન કર્યા વિનાનું હોય તો પણ ગ્રહણ ન કરે પણ ઇંડાદિ રહિત હોય, છેદન–ભેદન થયેલ હોય તો પ્રાસુક

અને એષણીય જાણી ગ્રહણ કરે. લસણ અનંતકાય છે, તે વર્જ્ય છે, અહી ઔષધ નિમિત્તના ગ્રહણનું વિધાન જણાય છે)

સૂત્ર–૪૯૫

સાધુ–સાધ્વી ધર્મશાળાદિમાં અવગ્રહ ગ્રહણ કરીને ગૃહસ્થ કે ગૃહસ્થ–પુત્રાદિના સંબંધ ઉત્પન્ન થતા દોષોથી બચે અને સાધુ આ સાત પ્રતિજ્ઞા થકી અવગ્રહ ગ્રહણ કરવાનું જાણે. તેમાં પહેલી પ્રતિજ્ઞા આ પ્રમાણે–

૧. સાધુ ધર્મશાળાદિમાં વિચાર કરીને અવગ્રહ યાચે યાવત્ વિચરે.

૨. હું બીજા ભિક્ષુઓ માટે ઉપાશ્રયની આજ્ઞા માંગીશ અને તેઓ દ્વારા યાચેલા ઉપાશ્રયમાં રહીશ, તે બીજી પ્રતિજ્ઞા.

૩. હું બીજા ભિક્ષુ માટે અવગ્રહ યાચીશ, પણ તેઓએ યાચેલા સ્થાનમાં રહીશ નહીં, તેમ કોઈ ભિક્ષુ અભિગ્રહ કરે તે ત્રીજી પ્રતિજ્ઞા.

૪. હું કોઈ સાધુ માટે અવગ્રહ યાચીશ નહીં, પણ તેમના યાચેલા સ્થાનોમાં રહીશ તેવો કોઈ સાધુ અભિગ્રહ કરે એ ચોથી પ્રતિજ્ઞા.

૫. કોઈ સાધુ અભિગ્રહ કરે કે હું મારા માટે અવગ્રહ યાચીશ, પણ બીજા બે, ત્રણ, ચાર, પાંચ સાધુ માટે યાચના નહીં કરું, તે પાંચમી પ્રતિજ્ઞા.

૬. કોઈ સાધુ અભિગ્રહ કરે કે હું જેના અવગ્રહની યાચના કરીશ તેના જ અવગ્રહમાં જો તૃણ વિશેષ સંસ્તારક મળી જશે તો ઉપયોગ કરીશ નહીં તો ઉત્કટુક આસનાદિ દ્વારા રાત્રિ વ્યતીત કરીશ, તે છટ્ઠી પ્રતિજ્ઞા.

૭. સાધુ જે સ્થાનની અનુજ્ઞા લે તે સ્થાનમાં પૃથ્વીશિલા, કાષ્ઠશિલા, પરાળાદિ આસનો હશે તેના પર આસન કરીશ, અન્યથા ઉત્કટુક આસન દ્વારા રાત્રિ વ્યતીત કરીશ એ સાતમી પ્રતિજ્ઞા.

આ સાતમાંથી કોઈપણ પ્રતિજ્ઞા સ્વીકારે આદિ 'પિંડૈષણા' મુજબ જાણો.

સૂત્ર–૪૯૬

મેં સાંભળેલ છે કે આયુષ્યમાન્ ભગવંતે આમ કહ્યું છે, અહીં સ્થવિર ભગવંતે પાંચ પ્રકારના અવગ્રહ કહ્યા છે. દેવેન્દ્ર, રાજા, ગૃહપતિ, સાગારિક અને સાધર્મિકનો. આ સાધુ–સાધ્વીનો સમગ્ર આચાર છે.

ચૂલિકા–૧ અધ્યયન–૭ 'અવગ્રહ પ્રતિમા'ના ઉદ્દેશક–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૧, અધ્યયન–૭નો અનુવાદ પૂર્ણ

## શ્રુતસ્કંધ-૨, ચૂલિકા-૧-નો અનુવાદ પૂર્ણ

# શ્રુતસ્કંધ–૨, ચૂલિકા–૨ 'સાત સપ્તિકા'

## ચૂલિકા–૨, અધ્યયન–૧/[૧૭] "સ્થાન સપ્તિકા"

સૂત્ર–૪૯૭

સાધુ–સાધ્વી કોઈ સ્થાનમાં રહેવા ઇચ્છે તો ગામ યાવત્ રાજધાનીમાં પ્રવેશીને જે સ્થાનને જાણે કે, તે સ્થાન ઇંડા યાવત્ કરોળીયા ના જાળાથી યુક્ત છે, તે પ્રકારના સ્થાનને અપ્રાસુક અને અનેષણીય જાણી ગ્રહણ ન કરે. શેષ વર્ણન જલોત્પન્ન કંદ પર્યન્ત શય્યા અધ્યયન સમાન જાણવુ.

સાધુઓએ સ્થાનના દોષો ત્યાગી ગવેષણા કરવી જોઈએ અને તે સ્થાનમાં રહી ચાર પ્રતિજ્ઞાઓ જાણવી જોઈએ. કોઈ સ્થાનમાં રહેવાની ઈચ્છા કરે ત્યારે કરાતી ચાર પ્રતિજ્ઞા આ પ્રમાણે–

૧. હું અચિત્ત સ્થાનમાં રહીશ, અચિત્ત દિવાલ આદિનો સહારો લઈશ, હાથ–પગનું આકુંચન–પ્રસારણ કરીશ. મર્યાદિત ભૂમિમાં ભ્રમણ કરીશ.

૨. હું અચિત્ત સ્થાનમાં રહીશ, કાયાથી અચિત્ત દિવાલ આદિનો સહારો લઈશ, હાથ–પગનું પ્રસારણાદિ કરીશ, પણ ભ્રમણ નહીં કરું.

૩. હું અચિત્ત સ્થાનમાં રહીશ, અચિત્ત દિવાલ આદિનો સહારો લઈશ નહીં. હાથ–પગનું સંકોચન–પ્રસારણ કરીશ પણ ભ્રમણ નહીં કરું.

૪. હું અચિત્ત સ્થાનમાં રહીશ પણ દિવાલ આદિનું અવલંબન, હાથ–પગનું પ્રસારણાદિ કે મર્યાદિત ભૂમિમાં ભ્રમણ નહીં કરું.

તથા કાયોત્સર્ગ દ્વારા શરીરનો સારી રીતે નિરોધ કરીશ, કાયાનું મમત્વ તજીશ. કેશ–દાઢી–નખ–મૂછને વોસિરાવી દઈશ, એ રીતે એક સ્થાને રહીશ.

આ ચારમાંથી કોઈ એક પ્રતિજ્ઞાને સ્વીકારીને યાવત્ બધા પ્રત્યે સમાન ભાવ રાખી વિચરીશ. કોઈને કાંઈ કહીશ નહીં.

એ જ સંયમશીલ સાધુ–સાધ્વીનો સમગ્ર આચાર છે, તેનું પાલન કરી સંયમમાં યતના રાખે.

ચૂલિકા–૨ સપ્તિકા–૧ 'સ્થાન'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ચૂલિકા–૨, સપ્તિકા–૨/[૧૮] "નિષિધિકા"

સૂત્ર–૪૯૮

તે સાધુ–સાધ્વી પ્રાસુક સ્વાધ્યાય ભૂમિમાં જવા ઇચ્છે અને તે નિષિધિકા સ્વાધ્યાય ભૂમિ)ને જાણે કે તે જીવજંતુ યુક્ત છે તો તેવી ભૂમિને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે પણ જો તે પ્રાણ, બીજ યાવત્ જાળા વગરની ભૂમિ જાણે તો પ્રાસુક સમજી ગ્રહણ કરે. ઇત્યાદિ શય્યા અધ્યયન મુજબ ઉદગપ્રસૂત–પાણીમાં ઉત્પન્ન કંદ આદિ) પર્યન્ત જાણી લેવુ.

સ્વાધ્યાય ભૂમિમાં બે ત્રણ ચાર કે પાંચના સમૂહમાં સાધુઓ જવા ઇચ્છે તો, ત્યાં પરસ્પર કાયાને આલિંગન આદિ તથા ચુંબન કે દાંત અને નખથી છેદન ન કરે. આ સાધુ સાધ્વીનો આચાર છે. જે જ્ઞાન આદિ ગુણોથી સહિત થઈ, સમિતિ યુક્ત થઈ, સદા પ્રયત્નપૂર્વક સંયમને પાળે અને પોતાના માટે શ્રેયસ્કર–કલ્યાણકારી માને. તીર્થંકરોએ એ પ્રમાણે કહ્યું છે તે હું તમને કહું છું.

ચૂલિકા–૨ સપ્તિકા–૨ 'નિષિધિકા'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# ચૂલિકા–૨, સપ્તિકા–૩ / [ ૧૯ ] "ઉચ્ચારપ્રસ્રવણ"

સૂત્ર–૪૯૯

તે સાધુ–સાધ્વી મળ–મૂત્રની તીવ્ર બાધા ઉત્પન્ન થાય ત્યારે પોતા પાસે પાદપ્રૌંછનક અર્થાત જિર્ણ વસ્ત્રખંડ ન હોય તો બીજા સાધુ પાસે માંગી મળ–મૂત્ર ત્યાગે.

સાધુ–સાધ્વી જો જીવજંતુવાળી આદિ ભૂમિ જાણે તો યાવત્ તેવી ભૂમિમાં મળ–મૂત્ર વિસર્જન ન કરે. પણ સાધુ–સાધ્વી એમ જાણે કે આ સ્થંડિલ ભૂમિ જીવજંતુ આદિથી રહિત છે તો ભૂમિમાં મળમૂત્ર ત્યાગે.

સાધુ–સાધ્વી એમ જાણે કે –આ સ્થંડિલભૂમિ કોઈ ગૃહસ્થે એક સાધુને ઉદ્દેશીને અથવા અનેક સાધુ એક સાધ્વી કે અનેક સાધ્વીને ઉદ્દેશીને અથવા ઘણા શ્રમણાદિને ગણી ગણીને તેમને આશ્રીને પ્રાણી આદિનો સમારંભ કરીને યાવત્ બનાવેલી છે, તો તેવી સ્થંડિલ ભૂમિ પુરુષાંતરકૃત્ કરાઈ નથી અર્થાત હજુ અન્ય લોકોએ તેનો ઉપયોગ કર્યો નથી યાવત્ અન્ય તેવા કોઈ દોષથી યુક્ત હોય તો તેવા પ્રકારની સ્થંડિલ ભૂમિમાં મળ–મૂત્ર વિસર્જન ન કરે.

સાધુ–સાધ્વી એવી સ્થંડિલ ભૂમિને જાણે કે જે ઘણા શ્રમણ, બ્રાહ્મણ, કૃપણ, વનીપક, અતિથિને ઉદ્દેશીને પ્રાણ–ભૂત–જીવ–સત્ત્વનો આરંભ કરી યાવત્ બનાવી છે, તે ભૂમિ પુરુષાંતરકૃત્ કરાઈ નથી યાવત્ કામમાં લેવાઈ નથી તો તે કે તેવા પ્રકારની અન્ય ભૂમિમાં મળ–મૂત્ર ત્યાગ ન કરે. પણ જો એમ જાણે કે પુરુષાંતરકૃત્ યાવત્ ઉપભુક્ત છે તો ત્યાં મળ–મૂત્ર ત્યાગે.

સાધુ–સાધ્વી એમ જાણે કે તે ભૂમિ સાધુ માટે કરેલ, કરાવેલ, ઉધાર લીધેલ, છત કરેલ, ઘસેલ, કોમળ કરેલ, લીંપેલ, ધૂપેલ કે અન્ય કોઈ આરંભ કરેલ છે તો તેવા પ્રકારની સ્થંડિલ ભૂમિમાં મળ–મૂત્ર વિસર્જન ન કરે.

સાધુ–સાધ્વી જાણે કે ગૃહસ્થ અથવા તેના પુત્રો કંદ યાવત્ વનસ્પતિને અંદરથી બહાર અને બહારથી અંદર લઈ જાય છે તો તેવી કે તેવા અન્ય પ્રકારની ભૂમિમાં મળ–મૂત્ર ન ત્યાગે.

સાધુ–સાધ્વી એમ જાણે કે તે સ્થંડિલ ભૂમિ પીઠ, મંચ, માળા, અગાસી કે પ્રાસાદ પર છે તો તે ભૂમિમાં યાવત્ મળમૂત્ર ન ત્યાગે.

સાધુ–સાધ્વી સચિત્ત–સ્નિગ્ધ–સરજસ્ક પૃથ્વી પર, સચિત્ત શિલા–ઢેફું–ઉધઈવાળા કાષ્ઠ કે જીવ પ્રતિષ્ઠિત ભૂમિ યાવત્ કરોળીયાના જાળાવાળી ભૂમિ પર કે તેવી અન્ય ભૂમિ પર મળ–મૂત્ર ન ત્યાગે.

સૂત્ર–૫૦૦

સાધુ–સાધ્વી એવી સ્થંડિલ ભૂમિને જાણે કે ગૃહસ્થ કે તેના પુત્રોએ–

૧– કંદ યાવત્ બીજને અહીં ફેંક્યા છે, ફેંકે છે કે ફેંકશે તો તેવી કે તેવા પ્રકારની બીજી ભૂમિમાં મળ–મૂત્રનો ત્યાગ ન કરે.

૨– શાલી, ઘઉં, મગ, અડદ, કુલત્થા, જવ, જવારા આદિ વાવ્યા છે, વાવે છે કે વાવશે તો તેવી ભૂમિમાં મળ–મૂત્ર ત્યાગ ન કરે.

૩– સાધુ–સાધ્વી જાણે કે આ સ્થંડિલ ભૂમિ પર ઉકરડો છે, ઘણી ફાટેલી કે પોલી જમીન છે, ઠુંઠા કે ખીલા ગાડેલા છે, કિલ્લો છે, ઊંચી–નીચી ભૂમિ છે ત્યાં તેમજ તેવા પ્રકારની અન્ય ભૂમિમાં મળ–મૂત્ર ન ત્યાગે.

૪– જ્યાં મનુષ્યને રાંધવાના સ્થાન હોય, ભેંસ–બળદ–અશ્વ–કુકડા–મરઘા–લાવક–બતક–તેતર–કબૂતર–કપિંજલના સ્થાન છે, તો તે કે તેવા અન્ય પ્રકારની સ્થંડિલ ભૂમિમાં સાધુ–સાધ્વી મળ–મૂત્ર ન ત્યાગે.

૫– જ્યાં વેહાયસ–ફાંસી વડે મરવું,, ગૃદ્ધપૃષ્ઠ–ગીધ પાસે શરીર ભક્ષણ કરાવવું, વૃક્ષપતન–વૃક્ષ પરથી પડીને મરવું, પર્વતપતન, વિષભક્ષણ, અગ્નિપતન કે તેવા અન્ય પ્રકારના મૃત્યુ સ્થાન હોય ત્યાં મળાદિ ન ત્યાગે.

૬– જ્યાં બગીચો, ઉદ્યાન, વન, વનખંડ, દેવકુલ, સભા કે પરબ હોય ત્યાં કે તેવા અન્ય સ્થાનમાં સાધુ–સાધ્વી મળ–મૂત્ર વિસર્જન ન કરે.

૭– જ્યાં અટારી, કિલ્લા અને નગરની વચ્ચેનો માર્ગ, દ્વાર, ગોપુર કે અન્ય તેવા પ્રકારની સ્થંડિલ ભૂમિમાં સાધુ–સાધ્વી મળ–મૂત્ર વિસર્જન ન કરે.

૮– જ્યાં ત્રણ કે ચાર માર્ગ મળતા હોય, ચોરો–ચૌટો કે ચતુર્મુખાદિ હોય, તેવા પ્રકારની અન્ય સ્થંડિલ ભૂમિમાં સાધુ–સાધ્વી મળત્યાગ ન કરે. આચારાંગ ચૂર્ણિમાં અહીં દક્‌માર્ગ, દક્‌પથ ઇત્યાદિ શબ્દો પણ છે.)

જ્યાં કોલસા પાડવાની, સાજીખાર પકવવાની, મૃતકને બાળવાની, મૃતકની સ્તૂપિકા, મૃતક ચૈત્યની કે તેવા પ્રકારની અન્ય સ્થંડિલ ભૂમિમાં સાધુ–સાધ્વી મળ–મૂત્રનો ત્યાગ ન કરે.

જ્યાં નદીના તટસ્થાન, કાદવના સ્થાન, પવિત્ર જલપ્રવાહસ્થાન, પાણીની ક્યારીઓ કે તેવા પ્રકારના અન્ય સ્થાને મળ–મૂત્ર ન ત્યાગે.

જ્યાં માટીની નવી ખાણ, નવી ગોચરભૂમિ, નવી ચરગાહ, ખાણ કે તેવા પ્રકારની અન્ય સ્થંડિલ ભૂમિમાં સાધુ મળ ત્યાગ ન કરે.

જ્યાં ડાળપ્રધાન શાકના ખેતર, પાનપ્રધાન ભાજીના ખેતર, ગાજરના ખેતર, હસ્તાંકુર વનસ્પતિ કે તેવી અન્ય ભૂમિમાં મળત્યાગ ન કરે.

અશન–શણ–ધાવડી–કેતકી–આમ્ર–અશોક–નાગ–પુન્નાગ કે ચૂલક વનમાં કે તેવા અન્ય પત્ર–પુષ્પ–ફળ–બીજ કે વનસ્પતિયુક્ત સ્થંડિલ ભૂમિમાં સાધુ–સાધ્વી મળ–મૂત્રનું વિસર્જન ન કરે.

સૂત્ર–૫૦૧

તે સાધુ–સાધ્વી સ્વપાત્ર કે પરપાત્ર લઈને એકાંત સ્થાનમાં જાય, જ્યાં કોઈનું આવાગમન ન હોય, કોઈ જોતુ ન હોય, પ્રાણી કે કરોળીયાના જાળા ન હોય એવા બગીચા કે ઉપાશ્રયમાં જઈને યતનાપૂર્વક મળમૂત્ર વિસર્જન કરે. ત્યારપછી તે પાત્ર લઈને જ્યાં કોઈ જોતું ન હોય યાવત્ આવાગમન ન હોય તેવા એકાંત સ્થાનમાં જઈને તેવા બગીચા કે દગ્ધ સ્થંડિલ ભૂમિ કે તેવી અન્ય અચિત્ત સ્થંડિલ ભૂમિમાં યતનાપૂર્વક મળ–મૂત્ર વોસીરાવે. આ તે સાધુનો આચાર છે, તેને સંયમપૂર્વક સદા પાલન કરે એ પ્રમાણે તીર્થંકરોએ કહેલ છે, તેમ હું તમને કહું છું.

ચૂલિકા–૨ સપ્તિકા–૩ 'ઉચ્ચાર પ્રસ્રવણ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

----------o----------o----------o----------o----------

## ચૂલિકા–૨, સપ્તિકા–૪/[૨૦] "શબ્દસપ્તક"

સૂત્ર–૫૦૨

સાધુ–સાધ્વીએ કોઈ સ્થાને મૃદંગ, નંદી, ઝલ્લરીના કે તેવા કોઈ પ્રકારના શબ્દોને તથા વિતત આદિ શબ્દોને કાનથી સાંભળવાના ઉદ્દેશથી જવાનો વિચાર પણ ન કરે.

સાધુ–સાધ્વી કાનમાં પડતા શબ્દોને સાંભળે છે. જેવા કે – વીણા, સિતાર, શરણાઈ, તુનક, ઢોલ, તંબૂરો, ઢંકુણ કે તેવા અન્ય તત. આ શબ્દોને સાંભળવા તે સ્થાને જવા ન વિચારે.

સાધુ–સાધ્વીને કાનમાં પડતા શબ્દો જેવા કે – તાલ, કંસતાલ, મંજિરા, ગોધિકા, વાંસની ખપાટનું વાજિંત્ર તથા તેવા પ્રકારના બીજા શબ્દો. આ શબ્દો સાંભળવાની ઈચ્છાથી ત્યાં જવા ન વિચારે.

એ જ રીતે શંખ, વેણુ, વાંસડી, ખરમુખી, પિરિપિરિકાના શબ્દો કે તેવા બીજા શુષિર શબ્દો થતા હોય ત્યાં સાંભળવાની ઈચ્છાથી સાધુ–સાધ્વી ન જાય.

સૂત્ર–૫૦૩

સાધુ–સાધ્વી ક્યારી, ખાઈ, સરોવર, સાગર, સરોવર પંક્તિ આદિ કે તેવી જ બીજી જગ્યા પર થતી તેવા પ્રકારના કલકલ આદિ શબ્દોની ધ્વની વગેરે સાંભળવાની ઈચ્છાથી તે સ્થાને ન જાય.

સાધુ–સાધ્વી જળાશય, ગુફા, ગહન ઝાડી, વન, વનદુર્ગ, પર્વત, પર્વતદુર્ગ કે તેવા પ્રકારના અન્ય સ્થળોમાં થતા શબ્દો સાંભળવાની ઈચ્છાથી તે સ્થાને ન જાય.

સાધુ–સાધ્વી ગામ, નગર, રાજધાની, આશ્રમ, પટ્ટણ, સંનિવેશ કે તેવા પ્રકારના અન્ય સ્થાનોમાં થતા શબ્દો સાંભળવાની ઈચ્છાથી તે સ્થાને ન જાય.

સાધુ–સાધ્વી આરામ, ઉદ્યાન, વન, વનખંડ, દેવકુલ, સભા, પાણીની પરબ અથવા તેવા બીજા સ્થાને થતા શબ્દ સાંભળવાની ઈચ્છાથી તે સ્થાને ન જાય

સાધુ–સાધ્વી અગાસીમાં, અટ્ટાલકમાં, ફરવાના માર્ગોમાં, ચરિકામાં, દ્વારમાં, ગોપુરમાં અથવા તેવા પ્રકારના વિવિધ સ્થાનોમાં થતા શબ્દો સાંભળવાની ઈચ્છાથી તે સ્થાને ન જાય

સાધુ–સાધ્વી ત્રિક, ચતુષ્ક, ચૌટા, ચતુર્મુખ કે તેવા અન્ય સ્થાનોમાં કે તેવા પ્રકારના વિવિધ સ્થાનોમાં થતા શબ્દો સાંભળવાની ઈચ્છાથી તે સ્થાને ન જાય

સાધુ–સાધ્વી પાડા–બળદ–અશ્વ કે હાથી બાંધવાનાસ્થાને, ચાતક પક્ષીના સ્થાને કે અન્ય તેવા પ્રકારના સ્થાને થતા શબ્દો સાંભળવાની ઈચ્છાથી તે સ્થાને ન જાય

સાધુ–સાધ્વી પાડા–બળદ–અશ્વ–હાથી કે કપિંજલ વગેરેના યુદ્ધથી થતા શબ્દો અથવા તેવા પ્રકારના વિવિધ શબ્દો સાંભળવાની ઈચ્છાથી તે સ્થાને ન જાય.

સાધુ–સાધ્વી લગ્નાદિના ગીતો સાંભળવા માટે તથા અશ્વ કે હસ્તિશાળામાં થતા શબ્દો અથવા જ્યાં વર–વધુ–હાથી–ઘોડા આદિનું વર્ણન થતું હોય ત્યાં તે સાંભળવાની ઈચ્છાથી ન જાય.

સૂત્ર–૫૦૪

સાધુ–સાધ્વી કથા–કથન, તોલ–માપ, ઘોડા–દોડ, મહાન નૃત્ય–ગીત, વાજિંત્ર–તંત્રી–તલ–તાલ–ત્રુટિત–તુરી આદિ શબ્દો થતાં હોય અથવા એવા જ પ્રકારના બીજા શબ્દો થતા હોય તેવા સ્થાનોમાં સાંભળવાની ઈચ્છાથી ન જાય.

સાધુ–સાધ્વી ઝઘડો, બળવાના શબ્દો, રાષ્ટ્રના વિપ્લવ, બે રાજ્યના વિરોધથી થતાં શબ્દો, ઉપદ્રવના શબ્દો, બે રાજ્યોની યુદ્ધ ભૂમિના શબ્દો કે અન્ય તેવા પ્રકારના સ્થળે થતા શબ્દો સાંભળવાની ઈચ્છાથી ન જાય.

સાધુ–સાધ્વી વસ્ત્રાભૂષણોથી અલંકૃત, ઘણા લોકોથી ઘેરાયેલી બાલિકાને લઈ જવાતી જોઈને કે કોઈ

પુરુષને વધ માટે લઈ જવાતો જોઈને કે અન્ય તેવા પ્રકારની કોઈ યાત્રાદિના થતા શબ્દો સાંભળવાની ઈચ્છાથી ન જાય.

સાધુ–સાધ્વી વિવિધ પ્રકારના મહાશ્રવના સ્થાનો જેવા કે ઘણા – ગાડી, રથો, મ્લેચ્છો, સીમાવર્તી લોકો તથા તેવા બીજા આશ્રવ સ્થાનોના શબ્દો સાંભળવાની ઈચ્છાથી તે સ્થાને ન જાય.

સાધુ–સાધ્વી વિવિધ પ્રકારના ઉત્સવો કે જ્યાં સ્ત્રીઓ, પુરુષો, વૃદ્ધો, બાળકો કે તરુણો આભૂષણોથી વિભૂષિત થઈ ગાતા–વગાડતા–નાચતા–હસતા–રમતા–ક્રીડા કરતા–વિપુલ અશનાદિ ખાતા કે વહેંચતા, આપ–લે કરતા, સાંભળતા કે તેવા પ્રકારના મહોત્સવમાં થતા શબ્દો સાંભળવાની ઈચ્છાથી તે સ્થાને ન જાય.

સાધુ–સાધ્વી આ લોક કે પરલોક સંબંધી, શ્રુત કે અશ્રુત, દૃષ્ટ કે અદૃષ્ટ, ઈષ્ટ કે કાંત શબ્દોમાં આસક્ત ન થાય, રાગ ન કરે. મોહિત ન થાય કે લોલૂપતા ધારણ ન કરે, તે સાધુનો સમગ્ર આચાર છે, તેને યતનાપૂર્વક પાળે.

ચૂલિકા–૨ સપ્તિકા–૪ 'શબ્દ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

----------o----------o----------o----------o----------

## ચૂલિકા–૨, સપ્તિકા–૫/[૨૧] "રૂપ"

સૂત્ર–૫૦૫

સાધુ–સાધ્વી કદાચ કોઈ રૂપને જુએ, જેમ કે – ગ્રથિત, વેષ્ટિમ, પૂરિમ, સંઘાતિમ, કાષ્ઠકર્મ, પુસ્તકર્મ, ચિત્રકર્મ, મણિકર્મ, દંતકર્મ, પત્રછેદનકર્મ અથવા વિવિધ વેષ્ટિમરૂપ કે તેવા અન્ય પ્રકારના વિવિધ પદાર્થના રૂપોને જોવા માટે જવાનો વિચાર મનથી પણ ન કરે. બાકી બધું 'શબ્દ'ના વિષયમાં જે કહેવાયું છે, તે અહીં પણ સમજી લેવું. તેમાં ચાર આતોદ્ય વાદ્ય ન લેવા.

ચૂલિકા–૨ સપ્તિકા–૫ 'રૂપ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

----------o----------o----------o----------o----------

# ચૂલિકા–૨, સપ્તિકા–૬ /[૨૨] "પરક્રિયા"

સૂત્ર–૫૦૬

સાધુ–સાધ્વી બીજા દ્વારા પોતા માટે કરાતી કર્મજનક ક્રિયાની ઈચ્છા ન કરે, બીજા પાસે કહીને ન કરાવે.

કદાચ કોઈ ગૃહસ્થ સાધુના પગને થોડા કે વિશેષથી સાફ કરે તો મુનિ તે સાફ કરાવવાની ઈચ્છા ન કરે. તેમજ સાફ કરવાનું પણ ન કહે.

કદાચ કોઈ ગૃહસ્થ સાધુના પગ દબાવે કે તેલ આદિથી મર્દન કરે તો મુનિ તે ક્રિયા કરાવવાની ન ઈચ્છા કરે કે ન તેમ કરવાનું કહે

કદાચ કોઈ ગૃહસ્થ સાધુના પગને ફૂંક મારવા માટે સ્પર્શે કે રંગે. કોઈ સાધુના પગને તેલ, ઘી કે ચરબી ચોપડે, મસળે કે મર્દન કરે તો મુનિ તે ક્રિયા કરાવવા ન ઈચ્છા કરે કે ન તેમ કરવાનું કહે.

કદાચ કોઈ ગૃહસ્થ સાધુના પગને લોધ્ર, કર્ક–સુગંધિત ચૂર્ણ અથવા વર્ણથી ઉબટન કે લેપ કરે તો મુનિ તે ક્રિયા કરાવવા ન ઈચ્છા કરે કે ન તેમ કરવાનું કહે

કદાચ કોઈ ગૃહસ્થ સાધુના પગને ઠંડા કે ગરમ પાણીથી પખાળે કે ધોવે તો મુનિ તે ક્રિયા કરાવવા ન ઈચ્છા કરે કે ન તેમ કરવાનું કહે.

કદાચ કોઈ ગૃહસ્થ સાધુના પગને કોઈ વિલેપન દ્રવ્યથી આલેપન–વિલેપન કરે, કોઈ સાધુના પગને કોઈ પ્રકારના ધૂપથી ધૂપિત કે સુવાસિત કરે તો મુનિ તે ક્રિયા કરાવવા ન ઈચ્છા કરે કે ન તેમ કરવાનું કહે.

કદાચ કોઈ ગૃહસ્થ કોઈ સાધુના પગમાં લાગેલ કાંટાને કાઢે કે શુદ્ધ કરે. કોઈ સાધુના પગમાં લાગેલ લોહી કે પરુ કાઢે કે શુદ્ધ કરે તો મુનિ તે ક્રિયા કરાવવા ન ઈચ્છા કરે કે ન તેમ કરવાનું કહે

કદાચ કોઈ ગૃહસ્થ કોઈ સાધુના શરીરને– થોડુ કે વધુ સાફ કરે, માલીશ કરે, દબાવે કે મર્દન કરે, તેલ, ઘી આદિ ચોપડે કે મસળે, લોધ્ર, કર્કાદિથી ઉબટન કે લેપન કરે, ઠંડા કે ગરમ જળથી પખાળે કે ધોવે, વિશિષ્ટ વિલેપનથી આલેપન–વિલેપન કરે, કોઈ પ્રકારના ધૂપથી ધૂપિત કરે કે સુવાસિત કરે. તો સાધુ મનથી તે સઘળી ક્રિયાને ન ઈચ્છે કે ન બીજાને તેમ કરવાનું કહે.

આ જ પ્રમાણે હવે કાયાના ઘાવના સંબંધમાં સાત સૂત્રો છે, તે આ પ્રમાણે–

કદાચ કોઈ ગૃહસ્થ કોઈ સાધુના શરીરના ઘાવને– થોડો કે વધુ સાફ કરે, ઘાવને દબાવે કે મર્દન કરે, ઘાવ પર તેલ, ઘી આદિ ચોપડે કે મસળે, ઘાવ પર લોધ્ર, કર્કાદિથી ઉબટન કે લેપન કરે, ઘાવને ઠંડા કે ગરમ જળથી પખાળે કે ધોવે, ઘાવનું શસ્ત્રથી થોડું કે વધુ છેદન કરે, ઘાવમાંથી લોહી કે પરુ કાઢે. સાધુ મનથી તે સઘળી ક્રિયાને ન ઈચ્છે કે ન બીજાને તેમ કરવાનું કહે.

કદાચ કોઈ ગૃહસ્થ સાધુના શરીરમાં થયેલ ગુમડું, વ્રણ, ગંડ, અર્શ, પુલક કે ભગંદરને–થોડું કે વધુ સાફ કરે, માલીશ કરે, દબાવે, મર્દન કરે, તેલ, ઘી આદિ ચોપડે, લોધ્ર, કર્કાદિથી ઉબટન કે લેપન કરે, ઠંડા કે ગરમ જળથી પખાળે કે ધોવે, શસ્ત્રથી થોડું કે વધુ છેદન કરી લોહી કે પરુ કાઢે તે સાધુ મનથી તે સઘળી ક્રિયાને ન ઈચ્છે કે ન બીજાને તેમ કરવાનું કહે.

કોઈ ગૃહસ્થ સાધુના શરીરનો મેલ ઊતારે, પરસેવો સાફ કરે તથા આંખ–કાન–દાંત–નખનો મેલ કાઢે કે સાફ કરે તથા લાંબા વાળ, રોમ, ભ્રમર, કાંખ કે ગુહ્ય ભાગના વાળ કાપે કે સંવારે, વાળમાંથી જૂ કે લીખ કાઢે કે શોધે તો સાધુ તેવું મનથી ન ઈચ્છે, ન બીજાને કહીને તેમ કરાવે.

કોઈ ગૃહસ્થ સાધુને ખોળામાં કે પલંગમાં સૂવડાવીને તેના પગને સાફ કરે, લૂંછે ઈત્યાદિ પૂર્વોક્ત કોઈ પણ ક્રિયા કરે, અથવા કોઈ ગૃહસ્થ સાધુને ખોળામાં કે પલંગમાં સૂવડાવી હાર, અર્ધહાર, વક્ષસ્થળનું આભરણ, ગ્રીવાનું આભરણ, મુગટ, માળા, સૂવર્ણ સૂત્ર આદિ પહેરાવે તેને સાધુ મનથી ન ઈચ્છે, ન કહીને તેમ કરાવે.

કોઈ ગૃહસ્થ સાધુને આરામ કે ઉદ્યાનમાં લઈ જઈને તેના પગને સાફ કરે વગેરે, ઉપર કહેલી સઘળી ક્રિયા સાધુ મનથી ન ઈચ્છે, વચનથી તેમ કરવાનું ન કહે અને કાયાથી તેવું આચરણ ન કરે.

આ જ પ્રમાણે સાધુઓ સાધુઓ દ્વારા પરસ્પર કરવામાં આવતી પૂર્વોક્ત બધી જ ક્રિયાઓના વિષયમાં પણ આ પ્રમાણે જ સૂત્રો જાણી લેવા જોઈએ.

સૂત્ર–૫૦૭

કદાચ કોઈ ગૃહસ્થ શુદ્ધ વચનબળથી અર્થાત વિદ્યા કે મંત્રશક્તિથી અથવા અશુદ્ધ વચનબળથી સાધુની ચિકિત્સા કરે; કોઈ ગૃહસ્થ બીમાર સાધુની ચિકિત્સા સચિત્ત કંદ, મૂળ, છાલ કે હરિતકાય ખોદી કાઢીને કે ખોદી કઢાવીને કરવા ઈચ્છે તો સાધુ તેને મન–વચન–કાયાથી ન ઈચ્છે – ન બીજાને કહીને તેમ કરાવે. કેમ કે આવી કટુ વેદના પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વને હાનિ પહોંચાડેલ વેદનાનું ફળ છે.

આ જ સાધુ–સાધ્વીના આચારની પૂર્ણતા છે, તેને સમિતિયુક્ત થઈને જ્ઞાનાદિ સાથે હંમેશા પાળે, સંયમમાં યતનાવાન બને અને તેમાં જ પોતાનું શ્રેય માને. તેમ હું કહું છું.

ચૂલિકા–૨ સપ્તિકા–૬ 'પરક્રિયા'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

----------o----------o----------o----------o----------o

## ચૂલિકા–૨, સપ્તિકા–૭/[૨૩] "અન્યોન્યક્રિયા"

સૂત્ર–૫૦૮

સાધુ–સાધ્વી પરસ્પર પોતાના વિષયમાં કર્મબંધના કારણભૂત કરાતી ક્રિયાને મનથી પણ ન ઈચ્છે, વચન–કાયાથી ન કરાવે.

સાધુ પરસ્પર એકબીજા સાધુના પગની પ્રમાર્જનાદિ કરે તો જેના પગનું પ્રમાર્જન થઈ રહ્યું છે તે) સાધુ મનથી પણ તે ક્રિયાનું આસ્વાદન ન કરે કે વચન–કાયાથી કરવાનું ન કહે. શેષ વર્ણન સપ્તિકા–૬ 'પરક્રિયા' અનુસાર જાણવુ. આ સાધુ–સાધ્વીના આચારની પૂર્ણતા છે. સમિતિયુક્ત થઈને સાધુએ તેનું પાલન કરી સંયમમાં પરાક્રમ કરવું જોઈએ. તેમ હું કહું છું.

ચૂલિકા–૨ સપ્તિકા–૭ 'અન્યોન્યક્રિયા'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## સપ્તિકા–૧ થી ૭ રૂપ અધ્યયન (૮ થી ૧૪) ચૂલિકા બીજીનો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# શ્રુતસ્કંધ–૨, ચૂલિકા–૩/[૨૪] 'ભાવના'

સૂત્ર–૫૦૯

તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં પાંચ ઘટના થઈ. જેમ કે – ૧) ઉત્તરા–ફાલ્ગુની નક્ષત્રમાં–– ચ્યવ્યા, ચ્યવીને ગર્ભમાં ઉત્પન્ન થયા. ૨) એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં સંહરાયા. ૩) જન્મ્યા. ૪) મુંડ થઈ, ગૃહત્યાગી અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા. ૫) સંપૂર્ણ, પ્રતિપૂર્ણ, અવ્યાઘાત, નિરાવરણ, અનંત, અનુત્તર, શ્રેષ્ઠ કેવલજ્ઞાન અને કેવલદર્શન પામ્યા અને સ્વાતિ નક્ષત્રમાં પરિનિર્વાણ પામ્યા.

સૂત્ર–૫૧૦

શ્રમણ ભગવંત મહાવીર આ અવસર્પિણીમાં સુષમસુષમ આરો, સુષમ આરો અને સુષમદુષમ આરો વ્યતીત થયા પછી દુષમ–દુષમ આરો ઘણો વીત્યા પછી ૭૫ વર્ષ, સાડા આઠ માસ બાકી રહ્યા ત્યારે જે આ ગ્રીષ્મ ઋતુનો ચોથો માસ, આઠમો પક્ષ–અષાઢ સુદ, તે અષાઢ સુદ છટ્ઠી તિથિએ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ થયો ત્યારે મહાવિજય સિદ્ધાર્થ પુષ્પોત્તરવર પુંડરીક દિક્સ્વસ્તિક વર્ધમાન મહાવિમાનથી ૨૦ સાગરોપમ આયુ પાળીને આયુનો, સ્થિતિનો અને ભવનો ક્ષય કરી, આ જંબૂદ્વીપ દ્વીપમાં ભારતવર્ષમાં દક્ષિણાર્ધ ભરતમાં દક્ષિણબ્રાહ્મણકુંડપુર સંનિવેશમાં કોડાલગોત્રના ઋષભદત્તબ્રાહ્મણની જાલંધરગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં સિંહની માફક ગર્ભરૂપે ઉત્પન્ન થયા.

શ્રમણ ભગવંત મહાવીર ત્રણ જ્ઞાનથી યુક્ત હતા. હું ચ્યવીશ તે જાણે છે, હું ચ્યવ્યો તે જાણે છે પણ કાળની સૂક્ષ્મતાથી હું ચ્યવું છું તે જાણતા નથી. ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીર હિતાનુકંપક દેવે 'આ જીત આચાર છે' એમ વિચારી, જે તે વર્ષાકાળનો ત્રીજો માસ, પાંચમો પક્ષ–આસો વદ, તે આસો વદની તેરમી તિથિએ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ થયો ત્યારે ૮૨ રાત્રિ દિવસ વીત્યા બાદ ૮૩મી રાત્રિનો પર્યાય વર્તતા દક્ષિણબ્રાહ્મણકુંડપુર સંનિવેશથી ઉત્તરક્ષત્રિયકુંડપુર સંનિવેશમાં જ્ઞાતક્ષત્રિય કાશ્યપગોત્રીય સિદ્ધાર્થ ક્ષત્રિયની પત્ની વાશિષ્ઠગોત્રીયા ત્રિશલાક્ષત્રિયાણીના અશુભ પુદ્‌ગલોને હટાવીને, શુભ પુદ્‌ગલોનો પ્રક્ષેપ કરીને કુક્ષિમાં ગર્ભને સંહર્યો અને જે ત્રિશલાક્ષત્રિયાણીની કુક્ષિમાં ગર્ભ હતો તેને દક્ષિણમાહણકુંડપુર સંનિવેશમાં કોડાલગોત્રીય ઋષભદત્તની જાલંધર ગોત્રીયા દેવાનંદાની કુક્ષિમાં સંહર્યો.

શ્રમણ ભગવંત મહાવીર ત્રણ જ્ઞાનયુક્ત હતા. સંહરણ થશે તે જાણતા હતા, સંહરાઉં છું તે જાણતા ન હતા, સંહરાયો તે જાણતા હતા.

હે આયુષ્માન્ શ્રમણો ! તે કાળે તે સમયે સમયે ત્રિશલા ક્ષત્રિયાણીને નવ માસ પૂર્ણ થયા અને સાડા સાત રાત્રિ–દિવસ વ્યતીત થતા જે તે ગ્રીષ્મનો પહેલો માસ, બીજો પક્ષ–ચૈત્રસુદ, તે ચૈત્ર સુદ–૧૩ના ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના યોગે વિઘ્નરહિત આરોગ્ય પૂર્ણ એવા શ્રમણ ભગવંત મહાવીરને જન્મ આપ્યો.

જે રાત્રિએ ત્રિશલા ક્ષત્રિયાણીએ શ્રમણ ભગવંત મહાવીરને સુખપૂર્વક જન્મ આપ્યો, તે રાત્રિ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો અને દેવીઓના ઉપર નીચે આવાગમનથી એક મહાન દિવ્ય દૈવદ્યોત, દેવસંગમ, દેવ કોલાહલ, કલકલનાદ વ્યાપી ગયો.

જે રાત્રિએ ત્રિશલા ક્ષત્રિયાણીએ ભગવંત મહાવીરને જન્મ આપ્યો તે રાત્રિએ ઘણા દેવ–દેવીઓ એક મહાન અમૃત વર્ષા, ગંધ–ચૂર્ણ–પુષ્પ–હિરણ્ય–રત્નની વર્ષા કરી.

જે રાત્રે ત્રિશલા ક્ષત્રિયાણીએ ભગવંત મહાવીરને જન્મ આપ્યો તે રાત્રિએ ભવનપત્યાદિ દેવ–દેવીઓએ ભગવંત મહાવીરનું સૂચિકર્મ અને તીર્થંકર અભિષેક કર્યો.

જ્યારથી ભગવંત મહાવીર ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિમાં ગર્ભરૂપે પધાર્યા, ત્યારથી તે કુળ વિપુલ ચાંદી, સોનું, ધન, ધાન્ય, માણેક, મોતી, શંખ, શિલા, પ્રવાલથી અતિ અતિ વૃદ્ધિ પામ્યું. ત્યારે શ્રમણ ભગવંત મહાવીરના

માતા–પિતાએ આ વાત જાણીને ૧૦ દિવસ વીત્યા બાદ શૂચિભૂત થઈ વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવ્યા, કરાવીને મિત્રો, જ્ઞાતિજનો, સ્વજન, સંબંધીઓને આમંત્રણ આપ્યું. આપીને ઘણા શ્રમણ, બ્રાહ્મણ, કૃપણ, વનીપક, ભિક્ષુ, દુઃખીજન આદિને ભોજન કરાવ્યું – સુરક્ષિત રખાવ્યું – આપ્યું – વહેંચ્યું, યાચકોને દાન આપ્યું – વિતરીત કર્યું. તેમ કરીને મિત્ર, જ્ઞાતિજન આદિને જમાડ્યા. જમાડીને તેઓની સમક્ષ નામકરણ સંબંધે કહ્યું કે –

જયારથી આ બાળક ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિમાં ગર્ભરૂપે આવેલ છે ત્યારથી આ કુળ વિપુલ ચાંદી, સોનું, ધન, ધાન્ય, શંખ, શિલા, પ્રવાલ આદિથી અતિ અતિ વૃદ્ધિ પામેલ છે, તેથી આ બાળકનું 'વર્ધમાન' નામ થાઓ. એ રીતે 'વર્ધમાન' નામ રાખ્યું.

ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીર પાંચ ધાત્રી દ્વારા પાલન કરાવા લાગ્યા. તે આ પ્રમાણે – ક્ષીરધાત્રી, મજ્જન ધાત્રી, મંડન ધાત્રી, ખેલાવણ ધાત્રી, અંક ધાત્રી. એ રીતે તેઓ એક ખોળાથી બીજા ખોળામાં સંહૃત થતા રમ્ય મણિમંડિત આંગણમાં રમતા, પર્વતીય ગુફામાં રહેલ ચંપકવૃક્ષની જેમ ક્રમશઃ વૃદ્ધિ પામ્યા.

ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીરને વિજ્ઞાન થયું, બાલ્યભાવ છોડી યુવાન થયા. મનુષ્ય સંબંધી પાંચ પ્રકારના શબ્દ–સ્પર્શ–રૂપ–ગંધ–કામભોગોને ભોગવતા વિચરવા લાગ્યા.

**સૂત્ર–૫૧૧**

શ્રમણ ભગવંત મહાવીર કાશ્યપગોત્રીય હતા. તેના ત્રણ નામ આ પ્રમાણે હતા – ૧– માતાપિતાએ પાડેલ 'વર્ધમાન'. ૨– સહજ ગુણોને કારણે 'શ્રમણ'. ૩– ભયંકર ભય–ભૈરવ તથા અચેલાદિ પરીષહ સહેવાને કારણે દેવોએ રાખેલ નામ 'શ્રમણ ભગવંત મહાવીર.'

શ્રમણ ભગવંત મહાવીરના કાશ્યપગોત્રીય પિતાના ત્રણ નામ આ પ્રમાણે – સિદ્ધાર્થ, શ્રેયાંસ, યશસ્વી. શ્રમણ ભગવંત મહાવીરના વશિષ્ઠ ગોત્રીયા માતાના ત્રણ નામ આ પ્રમાણે – ત્રિશલા, વિદેહદિન્ના, પ્રિયકારિણી.

તેમના કાકા કાશ્યપગોત્રીય હતા તેનું નામ સુપાર્શ્વ. મોટાભાઈનું નામ નંદીવર્ધન મોટી બહેનનું નામ સુદર્શના.

ભગવાન મહાવીરના પત્ની કૌડીન્યગોત્રીયા હતા. તેનું નામ યશોદા હતું. તેમની પુત્રી કાશ્યપગોત્રીયા હતી તેના બે નામ પ્રસિદ્ધ હતા– અનવદ્યા અને પ્રિયદર્શના. ભગવંત મહાવીરની દોહિત્રી કૌશીક ગોત્રની હતી તેના બે નામ પ્રસિદ્ધ હતા– શેષવતી, યશસ્વતી.

**સૂત્ર–૫૧૨**

શ્રમણ ભગવંત મહાવીરના માતા–પિતા પાર્શ્વનાથના અનુયાયી શ્રમણોપાસક હતા. તેઓ ઘણા વર્ષો શ્રાવક પર્યાય પાળીને છ જીવનિકાયની રક્ષા માટે આલોચના, નિંદા, ગર્હા, પ્રતિક્રમણ કરીને યથાયોગ્ય ઉત્તરગુણ પ્રાયશ્ચિત્ત લઈને દર્ભના સંથારે બેસીને ભક્ત પ્રત્યાખ્યાન કરી, અંતિમ મારણાંતિક સંલેખના કરી શરીર કૃશ કરીને મૃત્યુ અવસરે કાળ કરી અચ્યુત સ્વર્ગે દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાંથી આયુ–ભવ–સ્થિતિનો ક્ષય કરી ચ્યવીને મહાવિદેહ વર્ષમાં ચરમ ઉચ્છ્વાસે સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિવૃત્ત થઈ બધા દુઃખોનો અંત કરશે.

**સૂત્ર–૫૧૩**

તે કાળે – તે સમયે જ્ઞાત, જ્ઞાતપુત્ર, જ્ઞાતકુલોત્પન્ન, વિ–દેહ, ત્રિશલા માતાના પુત્ર, વિદેહજાત્ય, વિદેહસૂમાલ એવા શ્રમણ ભગવંત મહાવીર ૩૦ વર્ષ સુધી ઉદાસીન ભાવે ગૃહ મધ્યે રહી, માતાપિતા આયુષ્ય પૂર્ણ કરી દેવલોકને પ્રાપ્ત થયા પછી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ જાણી હિરણ, સુવર્ણ, સેના, વાહનનો ત્યાગ કરી, ધન–ધાન્ય–કનક–રત્નાદિ બહુમૂલ્ય દ્રવ્યોનું દાન આપી, વહેંચણી કરી, પ્રગટરૂપે દાન દઈ, યાચકોને દાનનો વિભાગ કરી, વર્ષાદાન દઈ શીતઋતુના પ્રથમ માસના પ્રથમ પક્ષે– માગસર વદ દશમીએ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના યોગે ભગવંતે અભિનિષ્ક્રમણ–દીક્ષા ગ્રહણ કરવાની ઈચ્છા કરી.

સૂત્ર–૫૧૪

તીર્થંકર ભગવંત અભિનિષ્ક્રમણ–દીક્ષા પહેલા એક વર્ષ વર્ષીદાનનો પ્રારંભ કરે છે. તેઓ દરરોજ સૂર્યોદયથી જ્યાં સુધી પ્રાતરાશ અર્થાત નાસ્તો ન કરે ત્યાં સુધી એટલે કે એક પ્રહર દિવસ સુધી દાન આપે છે.

સૂત્ર–૫૧૫

તીર્થંકર ભગવંત પ્રતિદિન સૂર્યોદયથી એક પ્રહર દિવસ સુધી અન્યૂન એક કરોડ આઠ લાખ સુવર્ણ મુદ્રાનું દાન આપે છે.

સૂત્ર–૫૧૬

આ પ્રમાણે ભગવંતે એક વર્ષમાં ૩૮૮ કરોડ, ૮૦ લાખ સુવર્ણ મુદ્રાનું દાન આપ્યું.

સૂત્ર–૫૧૭

કુંડલધારી વૈશ્રમણ દેવ વર્ષીદાન માટેની ધનરાશિ એકઠી કરી આપે છે. મહાન ઋદ્ધિસંપન્ન લોકાંતિક દેવ પંદર કર્મભૂમિમાં થતા તીર્થંકરોને પ્રતિબોધ કરે છે.

સૂત્ર–૫૧૮

બ્રહ્મ નામક પાંચમાં દેવલોકમાં આઠ કૃષ્ણરાજિઓના મધ્યમાં આઠ પ્રકારના લોકાંતિક દેવોના અસંખ્યાત વિસ્તારવાળા વિમાનો છે.

સૂત્ર–૫૧૯

લોકાંતિક દેવો ભગવંત વીર જિનવરને બોધિત કરે છે – હે અર્હન્ દેવ ! સર્વ જગતના હિતને માટે આપ ધર્મરૂપ તીર્થની સ્થાપના કરો.

સૂત્ર–૫૨૦

ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીરનો અભિનિષ્ક્રમણ અર્થાત સંયમગ્રહણનો અભિપ્રાય જાણીને ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવ–દેવીઓ પોતપોતાના રૂપ–વેશ અને ચિહ્નોથી યુક્ત થઈ, સર્વ ઋદ્ધિ–ધ્યુતિ–સેના સમૂહની સાથે પોત–પોતાના યાન વિમાનો પર આરૂઢ થાય છે, થઈને બાદર પુદ્‌ગલોનો ત્યાગ કરી, સૂક્ષ્મ પુદ્‌ગલો ગ્રહણ કરી ઊંચે ઊડે છે, ઊડીને ઉત્કૃષ્ટ, શીઘ્ર, ચપળ, ત્વરિત દિવ્ય દેવગતિથી નીચે ઊતરતા ઊતરતા તિર્છા લોકમાં દ્વીપ–સમુદ્રોને ઓળંગતા જમ્બૂદ્વીપ નામક દ્વીપે આવ્યા. આવીને ઉત્તર ક્ષત્રિયકુંડપુર સંનિવેશે આવ્યા. ઉત્તર ક્ષત્રિયકુંડપુર સંનિવેશના ઈશાન ખૂણાની દિશામાં વેગપૂર્વક ઊતર્યા.

ત્યાર પછી દેવેન્દ્ર દેવરાજ શક્રે ધીમે–ધીમે યાન વિમાનને રોક્યું. રોકીને ધીમે–ધીમે વિમાનથી નીચે ઊતર્યા, ધીમે–ધીમે એકાંતમાં ગયા, જઈને મહાન વૈક્રિય સમુદ્‌ઘાત કર્યો. સમુદ્‌ઘાત કરીને એક મહાન વિવિધ મણિ, કનક, રત્નોથી જડિત, શુભ–સુંદર–મનોહર દેવચ્છંદક વિકુર્વ્યું.

તે દેવચ્છંદકના મધ્ય ભાગે એક મહાન પાદપીઠ યુક્ત વિવિધ મણિ–રત્ન–સુવર્ણ જડેલ શુભ–સુંદર–કમનીય સિંહાસન વિકુર્વ્યું. વિકુર્વીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આ–દક્ષિણ પ્રદક્ષિણા કરી. કરીને ભગવંતને વંદન–નમસ્કાર કર્યા.

ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીરને લઈને જ્યાં દેવચ્છંદક છે ત્યાં આવ્યા. ધીમે–ધીમે સિંહાસનમાં પૂર્વાભિમુખ બેસાડ્યા. બેસાડીને ધીમે–ધીમે શતપાક, સહસ્રપાક તેલથી ભગવંતના શરીરને માલીશ કર્યો, ગંધયુક્ત કાષાયિક વસ્ત્રથી શરીરને લૂછ્યુ. લૂંછીને સ્નાન કરાવ્યું, કરાવીને શરીર પર એક લાખ મૂલ્યવાળા ત્રણ પટને લપેટીને સાધેલ ગોશીર્ષ રક્ત ચંદનનું લેપન કર્યું. કરીને ધીમા શ્વાસના વાયરે ઊડી જાય તેવા, શ્રેષ્ઠ નગર–પાટણમાં નિર્મિત, કુશળ નર પ્રશંસિત, ઘોડાના મુખના ફીણ સમાન સ્વચ્છ, મનોહર, ચતુર કારીગરો દ્વારા સુવર્ણ તારોથી ખચિત, હંસલક્ષણ બે વસ્ત્રો પહેરાવ્યા. પહેરાવીને હાર, અર્ધહાર, વક્ષસ્થળ–આભૂષણ, એકાવલી, લટકતી માળા, કંદોરો,

મુગટ, રત્નમાલાદિ પહેરાવ્યા. પહેરાવીને ગ્રંથિમ, વેષ્ટિમ, પૂરિમ, સંઘાતિમ માળા વડે કલ્પવૃક્ષ સમાન શૃંગાર કર્યો. શણગારીને–

શક્રેન્દ્રએ બીજી વખત મહાન વૈક્રિય સમુદ્‌ઘાત કર્યો, કરીને એક મહાન ચંદ્રપ્રભા નામક અને હજાર પુરુષ દ્વારા વહન કરવા યોગ્ય શિબિકાની રચના કરી. તે શિબિકા ઇહામૃગ, વૃષભ, અશ્વ, નર, મગર, પક્ષી, વાનર, હાથી, રુરુ, સરભ, ચમરી, ગાય, વાઘ, સિંહ, વનલતા ઇત્યાદિ વિવિધ ચિત્રોથી ચિત્રિત હતી.

વિદ્યાધર યુગલના યંત્ર યોગે કરી યુક્ત હતી. તેમાંથી હજારો તેજરાશિઓમાં ઝળહળતા કિરણો રોશની ફેલાવી રહ્યા હતા. રમણીય સુંદર રૂપથી અદ્‌ભૂત બની હતી. ઝગમગતી, હજારો રૂપોથી સંપન્ન, દેદીપ્યમાન, અત્યંત દેદીપ્યમાન અને અનિમેષ દૃષ્ટિથી દેખવા લાયક હતી. તે શિબિકામાં મોતીના ઝુમરો ઝૂલી રહ્યા હતા. તપનીય સુવર્ણના તોરણો લટકી રહ્યા હતા. મોતીઓની માળા, હાર, અર્ધહાર આદિ આભૂષણોથી શોભિત અને અતિ દર્શનીય હતી.

તેના પર પદ્મલતા, અશોકલતા, કુંદલતાના ચિત્રો હતા તથા અન્યોન્ય વિવિધ લતાઓના ચિત્રોથી શોભિત હતી. શુભ, સુંદર, કાંતરૂપ હતી. તેનો અગ્રભાગ અનેક પ્રકારની પંચવર્ણી મણિયુક્ત ઘંટાઓ અને પતાકાઓથી શોભિત હતી. પ્રાસાદીય, દર્શનીય, સુરૂપ હતી.

સૂત્ર–૫૨૧

જરા મરણથી મુક્ત જિનેશ્વર ભગવંત માટે શિબિકા લાવવામાં આવી. તે શિબિકા જલ અને સ્થળમાં ઉત્પન્ન દિવ્ય ફૂલોની અને વૈક્રિય લબ્ધિથી બનેલ પુષ્પમાળાઓથી સુશોભિત હતી.

સૂત્ર–૫૨૨

તે શિબિકાના મધ્યભાગમાં જિનેશ્વર ભગવંત માટે પાદપીઠ સહિત એક મહામૂલ્ય સિંહાસન બનાવ્યું હતું. તે સિંહાસન દિવ્ય ઉત્તમ રત્નોથી ચમકતું હતું.

સૂત્ર–૫૨૩

તે સમયે ભગવંત મહાવીરે શ્રેષ્ઠ આભૂષણ ધારણ કરેલા. યથાસ્થાને દિવ્યમાળા અને મુગટ પહેરેલા હતા, લાખ સુવર્ણમુદ્રાવાળુ વસ્ત્રયુગલ પહેરેલ હતું. જેનાથી પ્રભુ દેદીપ્યમાન શરીરવાળા લાગતા હતા.

સૂત્ર–૫૨૪

તે ભગવંત છટ્ઠ ભક્તની તપસ્યાથી યુક્ત, સુંદર અધ્યવસાયવાળા, વિશુદ્ધ લેશ્યાવાળા હતા. તેઓ ઉક્ત શિબિકામાં આરૂઢ થયા.

સૂત્ર–૫૨૫

જ્યારે ભગવંત સિંહાસને બિરાજિત થયા પછી શક્રેન્દ્ર અને ઇશાનેન્દ્ર ભગવંતને બન્ને બાજુ ઊભા રહી મણિ અને રત્નોથી યુક્ત વિચિત્ર દંડવાળા ચામર ભગવાનને ઢોળવા લાગ્યા.

સૂત્ર–૫૨૬

જેમના રોમકૂપ હર્ષથી વિકસિત થતા હતા તેવા મનુષ્યોએ ઉલ્લાસવશ થઈ શિબિકા વહન કરી. ત્યાર પછી સુર, અસુર, ગરુડ અને નાગેન્દ્ર આદિ દેવો તેને ઉપાડીને ચાલવા લાગ્યા.

સૂત્ર–૫૨૭

તે શિબિકાને પૂર્વ તરફ વૈમાનિક દેવે, દક્ષિણ તરફ અસુર દેવોએ, પશ્ચિમે ગરૂડ દેવોએ અને ઉત્તરે નાગેન્દ્ર દેવોએ ઉપાડીને વહન કર્યું.

સૂત્ર–૫૨૮

જેમ પુષ્પોથી વનખંડ અને શરદઋતુમાં કમળોથી સરોવર શોભે તેમ દેવગણોથી ગગનતલ શોભતું હતું.

સૂત્ર–૫૨૯

જેમ સરસવ વન, કણેર વન કે ચંપક વન, ફૂલોના સમૂહથી શોભે તેમ દેવગણથી આકાશ શોભતું હતું.

સૂત્ર–૫૩૦

ઉત્તમ ઢોલ, ભેરી, ઝલ્લરી, શંખાદિ લાખો વાદ્યોથી આકાશ અને પૃથ્વીમાં અતિરમણીય ધ્વનિ થવા લાગ્યો.

સૂત્ર–૫૩૧

દેવો તત, વિતત, ધન, શુષિર એ ચાર પ્રકારના વાજિંત્રો વગાડવા લાગ્યા અને સેંકડો પ્રકારના નૃત્યો કરવા લાગ્યા.

સૂત્ર–૫૩૨

તે કાળે તે સમયે હેમંતઋતુનો પહેલો માસ પહેલો પક્ષ–માગસર વદની દસમી તિથિએ સુવ્રત નામના દિવસે, વિજય મુહૂર્તે, ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રના યોગે પૂર્વગામિની છાયા થતા, બીજી પોરીસી વીતતા, નિર્જલ છઠ્ઠ ભક્ત સહિત, એક વસ્ત્ર ધારણ કરી, સહસ્રપુરુષ–વાહિની ચંદ્રપ્રભા શિબિકામાં દેવ–મનુષ્ય–અસુરની પર્ષદા દ્વારા લઈ જવાતા ઉત્તર ક્ષત્રિય કુંડપુર સંનિવેશની ઠીક મધ્યમાંથી થઈને જ્યાં જ્ઞાતખંડ ઉદ્યાન હતું ત્યાં આવ્યા. આવીને ભૂમિથી હાથ પ્રમાણ ઊંચે ધીમે–ધીમે સહસ્રવાહિની ચંદ્રપ્રભા શિબિકા સ્થિર કરી.

ભગવંત તેમાંથી ધીમે–ધીમે નીચે ઊતર્યા. ઊતરીને ધીમે–ધીમે પૂર્વ દિશામાં મુખ કરી સિંહાસને બેઠા આભરણ–અલંકાર ઊતાર્યા. ત્યારે વૈશ્રમણ દેવ ઘૂંટણીયે ઝૂકી ભગવંત મહાવીરના આભરણાદિને હંસલક્ષણ વસ્ત્રમાં આભૂષણ–અલંકાર ગ્રહણ કરે છે.

ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીર ડાબા હાથે ડાબી તરફના, જમણા હાથે જમણી તરફના વાળનો પંચમુષ્ટિક લોચ કરે છે, તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્ર ભગવંત મહાવીર સમક્ષ ગૌદોહિક આસને બેસીને હીરમય થાળમાં કેશ ગ્રહણ કરે છે, કરીને 'ભગવન્ ! આપની આજ્ઞા હોજો' એમ કહીને તે કેશને ક્ષીર સમુદ્રમાં પધરાવે છે.

ત્યારે શ્રમણ ભગવંતે યાવત્ લોચ કરીને સિદ્ધોને નમસ્કાર કર્યા. કરીને 'આજથી મારે સર્વ પાપકર્મ અકરણીય છે.' એમ પ્રતિજ્ઞા કરી સામાયિક ચારિત્ર અંગીકાર કર્યું. તે સમયે દેવો અને મનુષ્યોની પર્ષદા ચિત્રવત્ બની ગઈ.

સૂત્ર–૫૩૩

જે સમયે ભગવંત મહાવીરે ચારિત્ર ગ્રહણ કર્યું. તે સમયે શક્રેન્દ્રની આજ્ઞાથી દેવોના દિવ્ય સ્વર, મનુષ્યોના, શબ્દ અનેવાદ્યોના અવાજ શીઘ્ર બંધ થઈ ગયા.

સૂત્ર–૫૩૪

ભગવંતે સમસ્ત પ્રાણી અને ભૂતોને સદા હિતકારી ચારિત્ર અંગીકાર કર્યું. ત્યારે બધા મનુષ્યો અને દેવો એ હર્ષથી રોમાંચિત થઈને પ્રભુની પ્રતિજ્ઞાના શબ્દો સાંભળ્યા.

સૂત્ર–૫૩૫

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરને ક્ષાયોપશમિક સામાયિક ચારિત્ર સ્વીકારતા મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. જેનાથી અઢીદ્વીપ અને બે સમુદ્રમાં રહેલા પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય વ્યક્ત મનવાળા જીવોના મનોગત ભાવ જાણવા લાગ્યા.

ત્યારપછી દીક્ષિત થયેલા શ્રમણ ભગવંત મહાવીરે મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધી આદિને વિસર્જિત કર્યા. કરીને આવા પ્રકારે અભિગ્રહ ગ્રહણ કર્યો – બાર વર્ષ સુધી શરીરની મમતા ત્યાગી, દેહાસક્તિ છોડી, દેવ–મનુષ્ય–તિર્યંચ સંબંધી જે કોઈ ઉપસર્ગો આવશે તે સર્વેને હું સમ્યક્ રીતે સહન કરીશ, ખમીશ, અધ્યાસિત કરીશ.

આ પ્રતિજ્ઞા અંગિકાર કરીને શ્રમણ ભગવંત મહાવીર દેહનું મમત્વ ત્યાગી, એક મુહૂર્ત દિવસ શેષ રહેતા કુમારગ્રામ પહોંચ્યા, ત્યાર પછી શરીર મમતાના ત્યાગી ભગવંત અનુત્તર આલય અને વિહાર વડે ઉત્કૃષ્ટ સંયમ–

તપ–બ્રહ્મચર્ય–ક્ષમા–મુક્તિ–ગુપ્તિ–સમિતિ–સ્થિતિ–સ્થાન–ક્રિયાથી સુચરિત ફલ નિર્વાણ અને મુક્તિ માર્ગ વડે પોતાના આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

એ રીતે વિચરતા દેવ–મનુષ્ય–તિર્યંચ સંબંધી જે કોઈ ઉપસર્ગો ઉત્પન્ન થયા તે સર્વે ઉપસર્ગોને અનાકુળ, અવ્યથિત, અદીન મનથી, મન–વચન–કાય ગુપ્ત થઈ સમ્યક્ સહન કર્યા, ખમ્યા, શાંતિ અને ધૈર્યથી ઝેલ્યા.

ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીરને આ રીતે વિચરણ કરતા બાર વર્ષ વીત્યા. તેરમું વર્ષ ચાલી રહ્યું હતું. તેમાં ગ્રીષ્મઋતુનો બીજો માસ, ચોથો પક્ષ...વૈશાખ સુદની દશમીને દિને સુવ્રત નામના દિવસે, વિજય મુહૂર્તમાં ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રના યોગે પૂર્વગામિની છાયા થતા અંતિમ પ્રહરે જૃંભિક ગામ નગરની બહાર ઋજુવાલિકા નદીના ઉત્તરપટ્ટ પર શ્યામાક ગાથાપતિના કાષ્ઠકરણ ક્ષેત્રમાં ઉપર જાનુ અને નીચે મસ્તક રાખીને ધ્યાનરૂપી કોઠામાં રહેતા ભગવંતને વૈયાવૃત્ય ચૈત્યના ઈશાન ખૂણામાં શાલ વૃક્ષની સમીપે ઉક્કુડુ ગોદોહિક આસને આતાપના લેતા નિર્જળ છઠ્ઠ ભક્ત સહિત, શુક્લ ધ્યાનમાં વર્તતા, નિવૃત્તિ અપાવનાર, સંપૂર્ણ, પ્રતિપૂર્ણ, અવ્યાઘાત, નિરાવરણ, અનંત, અનુત્તર કેવલજ્ઞાન દર્શન ઉત્પન્ન થયા.

તે ભગવંત હવે અર્હન્, જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વભાવદર્શી, દેવ–મનુષ્ય–અસુરના પર્યાયોને જાણવા લાગ્યા. જેવા કે – આગતિ, ગતિ, સ્થિતિ, ચ્યવન, ઉપપાત, ભુક્ત, પીત, કૃત, પ્રતિસેવિત, પ્રકટ કર્મ, ગુપ્તકર્મ, બોલેલું, કહેલું, મનો માનસિક ભાવો તથા સર્વલોકમાં સર્વ જીવોના સર્વ ભાવોને જોતા અને જાણતા વિહરવા લાગ્યા.

જે દિવસે શ્રમણ ભગવંત મહાવીરને નિવૃત્તિ આપનાર સંપૂર્ણ યાવત્ જ્ઞાન ઉત્પન્ન થયું તે દિવસે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવ–દેવીઓના આવવા–જવાથી યાવત્ કોલાહલ મચી ગયો.

ત્યાર પછી ઉત્પન્ન શ્રેષ્ઠ જ્ઞાન–દર્શન ધર શ્રમણ ભગવંત મહાવીર પોતાના આત્મા અને લોકને જાણીને પહેલાં દેવોને ધર્મ કહ્યો, પછી મનુષ્યોએ કહ્યો.

ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમાદિ શ્રમણોને ભાવના સહિત પાંચ મહાવ્રત અને છ જીવનિકાયનું સ્વરૂપ સમજાવ્યું. કહ્યું. પ્રરૂપણા કરી.

સૂત્ર–૫૩૬

હે ભગવંત ! પહેલા મહાવ્રતમાં હું સર્વ પ્રાણાતિપાતનો ત્યાગ કરું છું. તે સૂક્ષ્મ, બાદર, ત્રસ કે સ્થાવર કોઈ પણ જીવની) જીવન પર્યંત મન, વચન, કાયાથી સ્વયં હિંસા કરીશ નહીં, બીજા પાસે કરાવીશ નહીં કે હિંસા કરનારની અનુમોદના કરીશ નહીં. હે ભગવંત ! હું તેનું પ્રતિક્રમણ–નિંદા–ગર્હા કરું છું. તે પાપાત્માને વોસીરાવું છું. આ વ્રતની પાંચ ભાવનાઓ છે–

૧– મુનિએ ઈર્યાસમિતિ યુક્ત રહેવું જોઈએ, ઈર્યાસમિતિથી રહિત નહીં. કેવલી ભગવંત કહે છે કે ઈર્યા–સમિતિ રહિત મુનિ પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વોને હણે છે. ધૂળથી ઢાંકે છે. પરિતાપ આપે છે. કચળે છે. નિષ્પ્રાણ કરી દે છે તેથી મુનિએ ઈર્યાસમિતિ યુક્ત રહેવું. ઈર્યા સમિતિ રહિત નહીં.

૨– જે મનને જાણે છે તે મુનિ છે, જે મનને પાપકારી, સાવદ્ય, ક્રિયાયુક્ત, આસ્રવકારી, છેદકારી, ભેદકારી, દ્વેષકારી, પરિતાપકારી, પ્રાણાતિપાત અને ભૂત ઉપઘાતકારી છે તેવું મન કરવું નહીં. મનને સારી રીતે જાણી પાપરહિત રાખે તે નિર્ગ્રન્થ છે.

૩– જે વચનને જાણે તે નિર્ગ્રન્થ. જે વચન પાપકારી, સાવદ્ય યાવત્ ભૂત ઉપઘાતિક હોય તે ન બોલવું. જે વચનના દોષોને જાણી પાપરહિત વચન બોલે તે નિર્ગ્રન્થ છે.

૪– આદાન–ભાંડ–માત્ર નિક્ષેપ સમિતિયુક્ત છે તે નિર્ગ્રન્થ છે. કેવલી કહે છે કે જે આદાન ભાંડ માત્ર નિક્ષેપણા સમિતિરહિત હોય છે, તે નિર્ગ્રન્થ પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વોનો ઘાત યાવત્ પીડા કરે છે. તેથી જે આદાન–ભાંડ–માત્ર–નિક્ષેપણા સમિતિથી યુક્ત છે, તે જ નિર્ગ્રન્થ છે. સમિતિથી રહિત નહીં.

૫– જે આલોકિત પાન ભોજન ભોજી છે તે જ નિર્ગ્રન્થ છે અનાલોકિત પાન ભોજન ભોજી નહીં. કેવલી ભગવંત કહે છે કે જોયા વિના આહાર પાણી વાપરનાર સાધુ પ્રાણાદિનો ઘાત કરે છે યાવત્ પીડા કરે છે. તેથી આલોકિત પાન ભોજન ભોજી છે તે જ નિર્ગ્રન્થ છે, અનાલોકિતપાન ભોજન ભોજી નહીં.

આ ભાવનાઓથી પહેલાં મહાવ્રતને સમ્યક્ રીતે કાયા વડે સ્પર્શ કરવાથી, તેનું પાલન કરવાથી, ગ્રહણ કરેલ મહાવ્રતને સારી રીતે પાર પામવાથી, કીર્તન કરવાથી, તેમાં સ્થિર રહેવાથી અને ભગવંતની આજ્ઞાની આરાધના થાય છે. હે ભગવન્ ! આ પ્રાણાતિપાત વિરમણરૂપ  પહેલુ મહાવ્રત છે.

સૂત્ર–૫૩૭

હવે બીજા મહાવ્રતનો સ્વીકાર કરું છું – સર્વ મૃષાવાદરૂપ વચનદોષનો ત્યાગ કરું છું. તે ક્રોધ, લોભ, ભય કે હાસ્યથી સ્વયં જૂઠ ન બોલે, બીજાને જૂઠ ન બોલાવે, જૂઠ બોલનારને અનુમોદે નહીં. ત્રણ કરણ અને મન, વચન, કાયારૂપ ત્રણ યોગથી હે ભગવંત ! તેને હું પ્રતિક્રમું છું યાવત્ વોસીરાવું છું. તેની આ પ્રમાણે પાંચ ભાવનાઓ છે. તે આ પ્રમાણે–

૧. વિચારીને બોલે તે નિર્ગ્રન્થ, વગર વિચાર્યે બોલે તે નહીં. કેવલીએ કહ્યું છે કે – વગર વિચાર્યે બોલનાર સાધુ મૃષાવાદના દોષને પામે છે. તેથી વિચારીને બોલનાર તે નિર્ગ્રન્થ છે, વણવિચાર્યુ બોલનાર નહીં.

૨. ક્રોધને જાણનાર મુનિ ક્રોધશીલ ન હોય. કેવળી કહે છે ક્રોધ પ્રાપ્ત ક્રોધી મૃષા વચન બોલે છે, માટે ક્રોધને જાણે તે નિર્ગ્રન્થ ક્રોધી ન થાય.

૩. લોભને જાણે તે નિર્ગ્રન્થ છે, તેથી સાધુ લોભી ન બને. કેવલી કહે છે કે લોભ પ્રાપ્ત લોભી અસત્ય બોલે છે. તેથી મુનિએ લોભના સ્વરૂપને સમજી અને લોભી ન બનવું.

૪. ભયને જાણે તે નિર્ગ્રન્થ છે, તેથી સાધુએ ભયભીત ન થવું. કેવળી કહે છે કે, ભય પ્રાપ્ત બીકણ મૃષા વચન બોલે છે. જે ભયના સ્વરૂપને જાણે તે નિર્ગ્રન્થ છે, ભયભીત થયેલો નહીં.

૫. હાસ્યને જાણે તે નિર્ગ્રન્થ છે માટે સાધુએ હાસ્ય કરનાર ન થવું. કેવલી કહે છે કે હાસ્યપ્રાપ્ત મૃષાવાદ સેવે છે. હાસ્યના સ્વરૂપને જાણનાર નિર્ગ્રન્થ છે, હંસી–મજાક કરનારો નહીં.

આ ભાવનાઓથી બીજા મહાવ્રતને સમ્યક્ રીતે કાયા વડે સ્પર્શ કરવાથી, તેનું પાલન કરવાથી, ગ્રહણ કરેલ મહાવ્રતને સારી રીતે પાર પામવાથી, કીર્તન કરવાથી, તેમાં સ્થિર રહેવાથી અને ભગવંતની આજ્ઞાની આરાધના થાય છે. હે ભગવન્ ! આ મૃષાવાદ વિરમણરૂપ  બીજું મહાવ્રત છે

સૂત્ર–૫૩૮

હે ભગવંત ! ત્રીજા મહાવ્રતના સ્વીકારમાં હું સમસ્ત અદત્તાદાનનો ત્યાગ કરું છું. તે અદત્તાદાન, ગામ, નગર કે અરણ્યમાં હોય, અલ્પ કે બહુ, અણુ કે સ્થૂલ, સચિત્ત કે અચિત્ત હોય; હું સ્વયં આદત્ત લઈશ નહીં, બીજા પાસે અદત્ત લેવડાવીશ નહીં, અદત્ત લેનારની અનુમોદના કરીશ નહીં. જીવનપર્યન્ત યાવત્ તે વોસીરાવું છું. તેની પાંચ ભાવનાઓ આ પ્રમાણે–

૧. વિચારીને મિત અવગ્રહ યાચે તે નિર્ગ્રન્થ, વિચાર્યા વિના સાધુ અવગ્રહની યાચના ન કરે. કેવળી કહે છે – વિચાર્યા વિના અવગ્રહ યાચક મુનિ અદત્તનો ગ્રાહક થાય. અણવિચાર્યો અવગ્રહ યાચવો નહીં.

૨. અનુજ્ઞાપૂર્વક પાન–ભોજન ભોજી નિર્ગ્રન્થ કહેવાય, અનુજ્ઞારહિત પાન–ભોજન કરનાર નહીં. કેવલી કહે છે – અનુજ્ઞારહિત પાન–ભોજન ભોજી નિર્ગ્રન્થ અદત્તભોજી છે. તેથી તે આજ્ઞાયુક્ત પાન–ભોજન ભોજી નિર્ગ્રન્થ કહેવાય છે, આજ્ઞારહિત આહાર–પાણી કરનાર નહીં.

૩. નિર્ગ્રન્થ ક્ષેત્ર અને કાળના પ્રમાણપૂર્વક અવગ્રહ ગ્રહે. કેવળી કહે છે – મર્યાદાપૂર્વક અવગ્રહની યાચના ન કરનાર અદત્ત સેવી છે, તેથી નિર્ગ્રન્થ ક્ષેત્ર, કાળની મર્યાદાપૂર્વક અવગ્રહ ગ્રહણ કરે.

૪. સાધુ વારંવાર પરિમાણનું ધ્યાન રાખી અવગ્રહ ગ્રહણ કરનારા હોય. કેવલી કહે છે – નિર્ગ્રન્થ વારંવાર પરિમાણનું ધ્યાન રાખીને અવગ્રહ ન ગ્રહે તો અદત્તાદાનનો દોષ લાગે. તેથી નિર્ગ્રન્થે એક વખત અવગ્રહ અનુજ્ઞા ગ્રહ્યા પછી વારંવાર અવગ્રહાનુજ્ઞા ગ્રહણશીલ થવું જોઈએ.

૫. સાધર્મિક પાસે વિચારપૂર્વક અવગ્રહ યાચે તે નિર્ગ્રન્થ છે, વિના વિચારે યાચનાર નહીં. કેવલી કહે છે – સાધર્મિક પાસે વિચાર્યા વિના મિત અવગ્રહ યાચનાર અદત્ત ગ્રહણ કરે છે. તેથી સાધર્મિક પાસે પણ વિચારીને પરિમિત અવગ્રહ યાચે તે નિર્ગ્રન્થ છે, વિના વિચારે નહીં.

આ ભાવનાઓથી ત્રીજા મહાવ્રતને સમ્યક્ રીતે કાયા વડે સ્પર્શ કરવાથી, તેનું પાલન કરવાથી, ગ્રહણ કરેલ મહાવ્રતને સારી રીતે પાર પામવાથી, કીર્તન કરવાથી, તેમાં સ્થિર રહેવાથી અને ભગવંતની આજ્ઞાની આરાધના થાય છે. હે ભગવન્ ! આ અદત્તાદાન વિરમણરૂપ ત્રીજું મહાવ્રત છે.

સૂત્ર–૫૩૯

હું ચોથા મહાવ્રતમાં સર્વ મૈથુનનો ત્યાગ કરું છું. દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી મૈથુનને હું સ્વયં સેવું નહીં ઇત્યાદિ સર્વે અદત્તાદાન મુજબ કહેવું યાવત્ હું વોસીરાવું છું. તેની આ પાંચ ભાવનાઓ છે–

૧. મુનિએ વારંવાર સ્ત્રી સંબંધી કથા કરવી ન જોઈએ. કેવલી કહે છે – વારંવાર સ્ત્રી કથા કરવાથી સાધુની શાંતિમાં ભંગ, શાંતિમાં વ્યાઘાત અને શાંતિરૂપ કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે. માટે સાધુએ વારંવાર સ્ત્રીઓ સંબંધી વાર્તાલાપ ન કરવો.

૨. સાધુએ સ્ત્રીઓની મનોહર, મનોરમ ઇન્દ્રિયોને સામાન્ય કે વિશેષથી જોવી નહીં. કેવલી કહે છે કે સ્ત્રીઓની મનોહર ઇન્દ્રિયોને જોવાથી–નિહાળવાથી સાધુની શાંતિમાં બાધા થાય છે, શાંતિનો ભંગ થાય છે યાવત્ ધર્મથી ભ્રષ્ટ થાય છે. તેથી સાધુ સ્ત્રીઓની મનોહર ઇન્દ્રિયો ન જુએ, ન તેનો વિચાર કરે.

૩. મુનિએ સ્ત્રીઓ સાથે પહેલા કરેલી રતિ કે કામક્રીડાનું સ્મરણ કરવું ન જોઈએ. કેવલી કહે છે – નિર્ગ્રન્થને સ્ત્રીઓ સાથે પૂર્વે કરેલ રતિ કે ક્રીડાના સ્મરણથી તેની શાંતિનો ભંગ યાવત્ ધર્મથી ભ્રંશ થાય છે માટે સાધુ સ્ત્રીઓ સાથેની પૂર્વરત કે પૂર્વક્રીડાનું સ્મરણ ન કરે.

૪. સાધુ અતિમાત્રામાં પાન–ભોજન ભોજી ન બને, પ્રણિતરસ ભોજન ભોજી ન બને. કેવલી કહે છે કે અતિ માત્રામાં પાન–ભોજન કરનાર અને પ્રણિતરસ ભોજન કરનાર સાધુની શાંતિનો ભંગ યાવત્ ધર્મથી ભ્રંશ થાય છે. માટે જે અતિમાત્રામાં ભોજન કે પ્રણિતરસ ભોજન નથી કરતો તે જ નિર્ગ્રન્થ છે.

૫. મુનિએ સ્ત્રી, પશુ, નપુંસકના સંસર્ગવાળા શય્યા, આસનનું સેવન ન કરવું જોઈએ. કેવલી કહે છે – સ્ત્રી, પશુ, નપુંસકવાળા શયન, આસનનું સેવન કરનાર મુનિ શાંતિનો ભંગ યાવત્ ધર્મ ભ્રંશ કરે છે. માટે નિર્ગ્રન્થ સ્ત્રી–પશુ–નપુંસકયુક્ત શય્યા અને આસન સેવે નહીં.

આ ભાવનાઓથી ચોથા મહાવ્રતને સમ્યક્ રીતે કાયા વડે સ્પર્શ કરવાથી, તેનું પાલન કરવાથી, ગ્રહણ કરેલ મહાવ્રતને સારી રીતે પાર પામવાથી, કીર્તન કરવાથી, તેમાં સ્થિર રહેવાથી અને ભગવંતની આજ્ઞાની આરાધના થાય છે. હે ભગવન્ ! આ મૈથુન વિરમણરૂપ ચોથું મહાવ્રત છે.

સૂત્ર–૫૪૦

હવે પાંચમાં મહાવ્રતમાં સર્વ પરિગ્રહનો ત્યાગ કરું છું. તે પરિગ્રહ થોડો કે બહુ, સ્થૂળ કે સૂક્ષ્મ, સચિત્ત કે અચિત્ત હોય તે સ્વયં ગ્રહણ કરું નહીં, બીજા પાસે ગ્રહણ કરાવું નહીં કે પરિગ્રહ ગ્રહણ કરતા બીજાનું અનુમોદન કરું નહીં યાવત્ તેને વોસીરાવું છું. તેની પાંચ ભાવનાઓ આ પ્રમાણે–

૧. કાનથી જીવ મનોજ્ઞ, અમનોજ્ઞ શબ્દો સાંભળે છે, પણ તે મનોજ્ઞ–અમનોજ્ઞ શબ્દોમાં આસક્ત ન થાય, રાગ ન કરે, મોહિત ન થાય, ગૃદ્ધ ન થાય, તલ્લીન ન થાય, વિવેકનો ત્યાગ ન કરે. કેવલી કહે છે – નિર્ગ્રન્થનો મનોજ્ઞ,

અમનોજ્ઞ શબ્દોમાં આસક્તિ યાવત્ વિવેક ભૂલવાથી પોતાની શાંતિને નષ્ટ કરે છે, ભંગ કરે છે અને કેવલી પ્રજ્ઞપ્ત ધર્મથી ભ્રષ્ટ થાય છે. કાનમાં પડતા શબ્દો ન સાંભળવા શક્ય નથી, પણ તેના શ્રવણથી ઉત્પન્ન થતા રાગ–દ્વેષનો ભિક્ષુ ત્યાગ કરે. તેથી જીવ મનોજ્ઞ, અમનોજ્ઞ શબ્દો સાંભળી તેમાં રાગ ન કરે.

૨. ચક્ષુ વડે જીવ મનોજ્ઞ, અમનોજ્ઞ રૂપને જુએ છે. સાધુ આ મનોજ્ઞ, અમનોજ્ઞ રૂપમાં આસક્ત ન થાય યાવત્ વિવેકનો ત્યાગ ન કરે, જેથી તેને શાંતિભંગ યાવત્ ધર્મભ્રંશ ન થાય. ચક્ષુના વિષયમાં આવતા રૂપને ન જોવું શક્ય નથી, પણ ભિક્ષુ તે વિષયમાં રાગદ્વેષ ન કરે. બાકી પૂર્વવત્.

૩. જીવ નાસિકા દ્વારા મનોજ્ઞ–અમનોજ્ઞ ગંધ ગ્રહણ કરે છે. તે મનોજ્ઞ, અમનોજ્ઞ ગંધમાં આસક્ત ન થાય, યાવત્ વિવેક ત્યાગ ન કરે. કેવલી કહે છે કે મનોજ્ઞ–અમનોજ્ઞ ગંધમાં આસક્ત થનાર યાવત્ વિવેક ભૂલનાર સાધુ પોતાની શાંતિનો ભંગ કરે છે યાવત્ ધર્મભ્રષ્ટ થાય છે. નાકના વિષયમાં આવેલ ગંધ ગ્રહણ ન કરવી તે શક્ય નથી. પણ ભિક્ષુ તેમાં થતા રાગદ્વેષનો ત્યાગ કરે. બાકી પૂર્વવત્.

૪. જીભથી જીવ મનોજ્ઞ, અમનોજ્ઞ રસને આસ્વાદે છે. આ મનોજ્ઞ, અમનોજ્ઞ રસમાં આસક્ત યાવત્ વિવેક ભ્રષ્ટ ન થાય. કેવલી કહે છે – સાધુ મનોજ્ઞ, અમનોજ્ઞ રસમાં આસક્ત યાવત્ વિવેકભ્રષ્ટ થતા શાંતિનો ભંગ યાવત્ ધર્મભ્રષ્ટ કરે છે. જીભના વિષયમાં આવતા રસનું આસ્વાદન ન કરે તે શક્ય નથી, પણ તેમાં થતા રાગ–દ્વેષનો ભિક્ષુ ત્યાગ કરે. બાકી પૂર્વવત્.

૫. સ્પર્શથી જીવ મનોજ્ઞ, અમનોજ્ઞ સ્પર્શને સેવે છે, આ મનોજ્ઞામનોજ્ઞ સ્પર્શમાં આસક્ત ન થાય યાવત્ વિવેક ત્યાગ ન કરે. કેવલી કહે છે – સાધુ મનોજ્ઞ, અમનોજ્ઞ સ્પર્શમાં આસક્ત આદિ થતા શાંતિનો ભંગ, શાંતિમાં બાધા અને કેવલી પ્રરૂપિત ધર્મનો ભંજક થાય છે. સ્પર્શના વિષયમાં આવેલા સ્પર્શોનો અનુભવ ન થવો શક્ય નથી પણ તેમાં રાગદ્વેષ ન કરવો. બાકી પૂર્વવત્.

આ ભાવનાઓથી પાંચમાં મહાવ્રતને સમ્યક્ રીતે કાયા વડે સ્પર્શ કરવાથી, તેનું પાલન કરવાથી, ગ્રહણ કરેલ મહાવ્રતને સારી રીતે પાર પામવાથી, કીર્તન કરવાથી, તેમાં સ્થિર રહેવાથી અને ભગવંતની આજ્ઞાની આરાધના થાય છે. હે ભગવન્ ! આ પરિગ્રહ વિરમણરૂપ પાંચમું મહાવ્રત છે.

આ પાંચ મહાવ્રતની પચ્ચીશ ભાવનાથી સંપન્ન અણગાર યથાશ્રુત, યથાકલ્પ, યથામાર્ગ તેનો કાયાથી સમ્યક્ પ્રકારે સ્પર્શ કરી, પાલન કરી, પાર પમાડી, કીર્તન કરી આજ્ઞાનો આરાધક થાય છે.

## શ્રુતસ્કંધ–૨ 'ભાવના' નામક અધ્યયન–૧૫ રૂપ ચૂલિકા–૩–નો
## મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# શ્રુતસ્કંધ–૨, ચૂલિકા–૪/[૨૫]– 'વિમુક્તિ'

સૂત્ર–૫૪૧

સંસારના પ્રાણીઓને અનિત્ય આવાસ–(શરીર પર્યાય આદિ)ની જ પ્રાપ્તિ થાય છે, સર્વશ્રેષ્ઠ આ પ્રવચન સાંભળી–વિચારીને જ્ઞાની ગૃહ–બંધનને વોસિરાવે તથા અભીરુ બની આરંભ પરિગ્રહનો ત્યાગ કરે.

સૂત્ર–૫૪૨

જેમ રણભૂમિમાં અગ્રેસર હાથીને શત્રુસેના પીડે છે તેમ ગૃહ–બંધન અને આરંભ પરિગ્રહનો ત્યાગી, સંયમવાન, અનુપમજ્ઞાનવાન તથા નિર્દોષ આહારાદિની એષણા કરનાર મુનિને કોઈકોઈ મિથ્યાદષ્ટિ અનાર્ય અસભ્ય વચન કહીને પીડા પહોંચાડે છે,

સૂત્ર–૫૪૩

અસંસ્કૃત તેમજ અસભ્ય લોકો દ્વારા કઠોર શબ્દો તથા અનુકુળ–પ્રતિકુળ સ્પર્શોથી પીડિત થયેલ જ્ઞાની ભિક્ષુ, પરિષહ–ઉપસર્ગને પ્રશાંત ચિત્તથી સહન કરે. જેમ વાયુના વેગથી પર્વત કંપતો નથી, તેમ સંયમી મુનિ પરીષહ ઉપસર્ગોથી ચલિત ન થાય.

સૂત્ર–૫૪૪

અજ્ઞાનીજનો દ્વારા અપાતા કષ્ટોને સમભાવે સહેતા મુનિ ગીતાર્થ સાધુ સાથે નિવાસ કરે. ત્રસ–સ્થાવર બધા પ્રાણીનઓને દુઃખ અપ્રિય છે, તેમ જાણીને કોઈ જીવોને સંતાપ ન આપે. બધું સહે તે મુનિને સુશ્રમણ કહે છે.

સૂત્ર–૫૪૫

અવસરજ્ઞ, ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મો પ્રતિ વિનમ્ર, તૃષ્ણાના ત્યાગી, ધર્મધ્યાની, હંમેશા સાવધાન રહેનાર, તપ–તેજથી અગ્નિશિખા સમાન તેજસ્વી મુનિના તપ, બુદ્ધિ અને યશની વૃદ્ધિ થાય છે.

સૂત્ર–૫૪૬

પ્રાણી માત્રના રક્ષક, અનંત જિનેશ્વરોએ સર્વદિશામાં સ્થિત જીવોની રક્ષાના સ્થાનરૂપ મહાવ્રતોની પ્રરૂપણા કરી છે, તે મહાવ્રતો ઘણા કઠિન છતાં કર્મનાશક છે, જેમ પ્રકાશ અંધકારનો નાશ કરે છે તેમ આ મહાવ્રત ઉર્ધ્વ–અધો–તિરછી દિશાને પ્રકાશિત કરે છે.

સૂત્ર–૫૪૭

સાધુએ કર્મપાશથી બંધાયેલા તથા રાગ–દ્વેષના બંધનમાં બદ્ધ ગૃહસ્થાદિ સાથે સંસર્ગ ન રાખવો, સ્ત્રીઓમાં આસક્ત ન થવું. પૂજા પ્રતિષ્ઠાની કામના ન કરવી.

સૂત્ર–૫૪૮

જેમ સમ્યગરીતે પ્રેરિત અગ્નિ ચાંદીના મેલને બાળીને શુદ્ધ કરે છે, તેમ સર્વ સંગથી રહિત, જ્ઞાનપૂર્વક આચરણ કરનાર, ધૈર્યવાન અને દુખ–સહિષ્ણુ ભિક્ષુ પોતાની સાધના દ્વારા આત્મા પર લાગેલ કર્મ–મલને દૂર કરે છે

સૂત્ર–૫૪૯

જેમ સર્પ શરીર ઉપરની જૂની કાંચળીને ત્યજે તેમ સાધુ જ્ઞ પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞારૂપ શાસ્ત્રોક્ત કથાન અનુસાર પ્રવૃત્તિ કરે. આલોક–પરલોક સંબંધી આશંસારહિત અને મૈથુન વિરત થઈ વિચરે, તે દુઃખશય્યાથી એટલે કર્મબંધનથી અને સંસાર પરિભ્રમણથી મુક્ત થાય છે.

સૂત્ર–૫૫૦

અપાર જળ પ્રવાહવાળા સમુદ્રને ભૂજા વડે પાર કરવો દુસ્તર છે તેમ સંસાર સમુદ્રને પાર કરવો દુસ્તર છે, તેથી સંસારના સ્વરૂપને જાણીને, ત્યાગ કરનાર પંડિત મુનિ કર્મોનો અંત કરનાર કહેવાય છે.

સૂત્ર–૫૫૧

જે પ્રકારે મનુષ્યે કર્મ બાંધેલ છે, જે પ્રકારે તેમાંથી મુક્તિ કહી છે. તે રીતે બંધ–મોક્ષને જે જાણે છે, તે જ મુનિ કર્મોનો અંત કરનાર કહેવાય.

સૂત્ર–૫૫૨

આ લોક અને પરલોકમાં કે બંનેમાં જેને કોઈ પણ બંધન નથી તથા જે નિરાલંબી છે અને ક્યાંય પ્રતિબદ્ધ નથી, તે સાધુ સંસારમાં ગર્ભાદિ પર્યટનથી મુક્ત થાય છે. તેમ હું કહું છું.

ચૂલિકા–૪ 'વિમુક્તિ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

**(૧) "આચાર" નામક પહેલા અંગસૂત્રનો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–1 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि-मूलं** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ અનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र-सटीकं** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति-1** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति-2** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–2 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि-1** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि-2** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** (Printed)<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** (Printed)<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** (Printed)<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–3 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम-मूल** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम-सटीक** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र-गाथा अनुक्रम** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

## મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | | | | |
|---|---|---|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય | [કુલ પુસ્તક 518] | તેના કુલ પાના | [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય | [કુલ પુસ્તક 85] | તેના કુલ પાના | [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર' ની વિશિષ્ટ DVD | | તેના કુલ પાના | [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
**Post: -** ઠેબા, **Dis:**–જામનગર, ગુજરાત, **India. [Pin- 361120]**

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# આગમ- ૧

## આચાર

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

'વેબ સાઈટ:- (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397